


ગુરૂ શિષ્ય સંવાદ
સબ ધરતી કાગજ કરૂં,
લિખની સબ બનરાઇ ।
સાત સમુદ્રકી મસિ કરૂં,
ગુરૂ ગુન લીખા ન જાય ॥
realpatidar.com


realpatidar.com
ગુરૂ શિષ્ય સંવાદ
સબ ધરતી કાગજ કરૂં,
લિખની સબ બનરાઇ ।
સાત સમુદ્રકી મસિ કરૂં,
ગુરુ ગુન લીખા ન જાય ॥
realpatidar.com


ॐ
સત
પંથ
સદ્દગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ

realpatidar.com

realpatidar.com

જય ગુરૂદેવ

ૐ

ગુરૂ શિષ્ય સંવાદ

-: પ્રકાશક :-
આચાર્યશ્રી સવગણદાસજી
ગુરૂશ્રી માવજીદાસજી મહારાજ
શ્રી અથર્વવેદી સતપંથ સેવાશ્રમ
કાદિયા (મોટા) તા. નખત્રાણા,
જી. કચ્છ.
દૂ.ર.નં. : ૧૪૨૭,
તા. ૨૨/૩/૧૯૯૦.

જય ગુરૂદેવ

-: **સંપાદક** :-
આચાર્યશ્રી સવગણદાસજી મહારાજ
(અદ્યક્ષશ્રી)
શ્રી અથર્વવેદી સતપંથ સેવાશ્રમ

પ્રથમ આવૃત્તિ : તા. ૫/૭/૨૦૦૧ ગુરૂવાર.

કિંમત : ૬૦ રૂપિયા.

-: **પ્રકાશન** :-
શ્રી અથર્વવેદી સતપંથ સેવાશ્રમ
કાદિયા (મોટા) તા. નખત્રાણા, જી. કચ્છ.
ટ્ર.ર.નં. : ૧૪૨૭, તા. ૨૨/૩/૧૯૯૦.

-: **કોમ્પ્યુટર ટાઇપ સેટીંગ અને પ્રિન્ટીંગ** :-
ઓરનેટ ગ્રાફીક્સ
હીમજા તલાવડી પાસે, મંગલેશ્વર મહાદેવની સામે,
માંજલપુર, વડોદરા. ફોન : (૦૨૬૫) ૬૬૧૨૮૮.

અનુક્રમણિકા

લેખકના બે બોલ

ઘણા ભાવિકોની માંગ હોવાથી આ એક પુસ્તિકા લખવાનું સાહસ કરેલ છે અને તેમાં ઘણા ભાવિકોનો સાથ સહકારની મદદ મળેલ છે.

વાચક બંધુઓ આ પવિત્ર પુસ્તકનું વાંચન કરી પોતાના જીવનને સદ્‌ભાગી બનાવે એ જ પ્રભુ પ્રાર્થના.

આ લખાણમાં મારી અલ્પ બુધ્ધિથી કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો મને ક્ષમા આપશોજી.

લી.

આચાર્યશ્રી સવગણદાસ ગુરૂ માવજી મહારાજ

ના જય ગુરૂદેવ



પ્રસ્તાવના

સાખી:- સબ ધરતી કાગજ કરું, કલમ કરું બનરાય
સાત સમુદ્રકી શાહી કરું, ગુરૂ ગુણ લીખા ના જાય.

આ પવિત્ર ગુરૂ મુખ વાણી ઘણા પ્રાચીન સમયથી જગતમાં ઋષિ મુનિ સંતોના મુખારવિંદનાથી ઘણા ગ્રંથોમાં પ્રચલિત છે. ગુરૂ શિષ્ય સંવાદ નામનું આ પુસ્તક વાંચવાથી સાધક પોતાના જીવનને ભક્તિમય બનાવી શકે છે, અને મનોદશા પલટાવી શકે છે. મનના ભાવોને પલટવા માટે સાત્વિક શુધ્ધ આહારમાં રહી સંયમી જીવન દ્વારા પ્રાણાયામની રીત-રસમની નિયમ મર્યાદા દ્વારા મનના ચંચળ સ્વભાવોને રોકવાની ગતિ મેળવી શકે છે, અને જન્મ મરણના ચક્રમાંથી છૂટવાનો માર્ગ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. સંતોના હૃદયમાં પરમાત્માએ પ્રેમ જગાડવાની કળા મૂકેલી હોય છે. સંત સમાગમથી મનુષ્ય આ માયાના ચક્રમાંથી છૂટવા માટે સરળ માર્ગ મેળવી શકે છે. મનુષ્ય દેહ મહા મૂલ્યવાન છે, પણ તે તત્વજ્ઞાન થવાથી સમજાય છે. મનુષ્ય પોત પોતાના સંસારની અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં ગુંચવાયેલો હોઇ આત્માના કલ્યાણનાં માર્ગને ભૂલતો જાય છે. તેને સંત સમાગમથી ચૈતન્ય શક્તિ સચેત બને છે, અને મોહ નિદ્રામાંથી જાગી પોતાનું અસલી ઘરનું ભાન થતાં નિજ

સ્વરૂપને જાણી અખંડ આનંદ પ્રાપ્ત કરી શકે છે. આ દૃષ્ટિ ગોચર થતાં માયાવી પદાર્થો મન તથા બુધ્ધિને વાસના તરફ ખેંચી જાય છે, ત્યારે ચારે ખાણીમાં ભટકતા જીવને અનેક યાતનાઓ સહન કરી મહાન દુઃખ ભોગવવા પડે છે. તો આવા પવિત્ર ગ્રંથનું વાંચન, મનન અને ચિંતન કરવાથી પોતાનું સ્વરૂપ પોતે સમજી શકે છે, અને સંતોની મહાનતા તેના સદ્દગુણોથી જાણી શકાય છે.

સરોવર તરૂવર સંતજન, ચોથા વરસે મેહ;
પરમાર્થના કારણે, ચારો ધરીયા દેહ.
તરૂવર કદીનાં ફળ ભખે, સરિતા સંચે ના નીર;
પરમાર્થને કારણે, મારા સંતો ઘસે શરીર.
સંત બડે પરમાર્થી, શીતલ ઉન કે અંગ;
પ્યાસ બુઝા દે ઔર કી, દે દે અપનો રંગ.

\- પ્રકાશક

ૐ શ્રી સદ્‌ગુરૂ ઇમામશાહ મહારાજની જય...
ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની જય...




॥ જય ગુરૂદેવ ॥
અ. નિ. પ. પૂજ્ય
આચાર્યશ્રી માવજીદાસજી મહારાજ
જન્મ વિ. સં. ૧૯૬૨, અષાઢ સુદ ૭ સોમવાર
અ.નિ.વિ.સં. ૨૦૩૧, માગસર વદ ૯ સોમવાર



શ્રી અથર્વવેદી સતપંથ સેવાશ્રમ



સાધના કુટીર

પ. પૂ. સંત શ્રી માવજીબાપાના જીવનની આછી રૂપરેખા

સંત પ્રગટ પરમાત્મા, પૂરણ પરમાનંદ
આઠેય પ્રહર આનંદમાં, શુધ્ધ ચેતન પરિબ્રહ્મ

આવા મહાન પવિત્ર આત્માઓ હંસ સ્વરૂપ આદરણીય શ્રી ૧૦૦૮ સંત શિરોમણી આચાર્ય માવજીબાપા કચ્છની ધરામાં શ્રેષ્ઠતમ દેહ ધરી પધાર્યા. આ મહાન સંતશ્રીએ કચ્છ, સૌરાષ્ટ્ર તેમજ અન્ય પ્રાંતોને પોતાના સતસંગ ભજન ભાવના હેતુએ ફરી પાવન કર્યા. સૌંદર્યને પાવનકારી ભૂમિમાં નખત્રાણા તાલુકાના ગામ રસલીયાના સાંખલા પરિવારમાં મહાન બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેતા શ્રોત્રિય સંતશ્રી માવજી બાપાનો કડવા પાટીદાર શ્રી માનણબાપાને ઘેર વિ. સંવત ૧૯૬૨ ની સાલમાં અષાઢ સુદ ૭ ને સોમવારના દિને પૂજ્ય શ્રી માતાજી રામબાઇના પવિત્ર કુખે આ મહાન સંતનો જન્મ થયો.

પ.પૂજ્ય શ્રીમાન માવજીબાપાનાં માતા પિતા નાની ઉંમરે દેવલોક પામ્યા, થોડું ભણ્યા, ગરીબીમાં ઉછર્યા અને શરીરે અપંગ અવસ્થા આવતાં પ્રભુ ભજનમાં લાગી ગયા. પોતાનું જીવન ભક્તિમય બનાવ્યું અને પરિપક્વ થતાં સંન્યાસ ધારણ કરી કાદિયા મુકામે તપસ્યા કરી પોતે મહાન તપસ્વી તેજસ્વી બન્યા.

તેઓનું સમાધિ સ્થળ કચ્છ કાદિયા મોટા સ્થળે બન્યું. જે હાલ પણ પ્રચલિત બન્યું છે. ઘણા ભાવિકો સમાધિ સ્થળે ભજનભાવ કરી પોતાના જીવનને ધન્ય બનાવે છે.




realpatidar.com
|| જય ગુરૂદેવ ||
આચાર્યશ્રી સવગણદાસજી મહારાજ
realpatidar.com



આશ્રમનો પ્રવેશદ્વાર



અતિથિ ગૃહ

આચાર્યશ્રી સવગણદાસ મહારાજના જીવનની તથા પ્રેમની પ્રવૃત્તિ ની આછી રૂપરેખા

આચાર્ય શ્રી સવગણદાસ મહારાજ નો જન્મ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સાંયરા - યક્ષ મુકામે પાટીદાર કુળમાં પવિત્ર આત્મા શ્રીમાન દેવજીભાઇ ના ઘરે સંવત ૧૯૮૬ ના મહાસુદ અગિયારસ ના શુભ દિને પૂજ્ય શ્રી માતાજી માનબાઇ ના પવિત્ર કુંખે થયો હતો.

તેઓ અગીયાર વર્ષની ઉંમરે આચાર્યશ્રી માવજીદાસ મહારાજની સેવામાં જોડાયા અને તેમની સાથે જીવન પૂર્ણ કરવાનું મનોમન નક્કી કર્યું. સમર્થ સદ્‌ગુરૂ ના શરણમાં જઇ તેમણે આચાર્ય શ્રી માવજીદાસ મહારાજ પાસે ગુરૂ-દીક્ષા લીધી.

ગુરૂએ અમરમંત્રનાદ કુવો પાયો, એને પચાવી સાર્થક કર્યો. ગુરૂ પાસે ગુરૂ-દિક્ષા લીધા બાદ ગુરૂ દક્ષિણામાં તેમણે પોતાનું જીવન આજીવન આચાર્યશ્રી ની સેવામાં તથા આશ્રમના વિકાસ માટે સોપી દીધું. તેઓ આચાર્યશ્રી માવજીદાસ મહારાજના સાનિધ્યમાં રહીને તેમની સાથે ગામો-ગામ ધર્મનો પ્રચાર કરવા લાગ્યા. આચાર્યશ્રી માવજીદાસની સેવામાં અગીયાર વર્ષ સુધી રહ્યા બાદ તેમણે ગુરૂના આદેશથી સતપંથ પ્રેરણાપીઠ પીરાણા, તા. દસકોઇ, જી. અમદાવાદના સમર્થ શ્રી સદ્‌ગુરૂ ઇમામશાહ મહારાજની જગ્યા ના તત્કાલીન ગાદીપતિ શ્રી સવજીદાસ મહારાજના હાથે ભગવા વસ્ત્ર પરિધાન કર્યા અને સંન્યાસી તરીકેનું જીવન શરૂ થયું.

બંને ગુરૂ-શિષ્યની જોડી એટલે જાણે અષ્ટાવક અને જનકરાજાની ગુરૂ-શિષ્યની જોડી જોઇ લો. સાક્ષાત્ વ્યાસજીમુનિ તથા શુકદેવજીની માફક તેઓ દેદિપ્યમાન રીતે શોભવા લાગ્યા. ગુરૂ-શિષ્ય ના કર્મના બંધન તથા ઋણનું બંધન પણ એક સરખા છે. તેમ એક બે ઘટનાથી ફલિત થાય છે. જીવનમાં ચડતી-પડતી પણ સરખી છે. જે એક નિર્વિવાદ છે.

આચાર્યશ્રી માવજીદાસ મહારાજના દેહાંતબાદ અથર્વવેદી આશ્રમના ગાદીપતિ તરીકે આચાર્યશ્રી સવગણદાસ મહારાજની નિમણૂંક કરવામાં આવી જે આજદીન સુધી નિર્વિઘ્ને આશ્રમનો વિકાસ અવિરત વધારતા જાય છે.

આશ્રમના ટ્રસ્ટીઓની સુઝ-બુઝ અને સાથ-સહકારથી આશ્રમ અત્યારે ઉત્તરોત્તર પ્રગતિ કરતો જાય છે. આશ્રમના યાત્રિઓને કોઇપણ અગવડ ના પડે તે માટે તેઓ સતત ચિંતિત છે. યાત્રિકોને રહેવા, જમવા,ન્હાવા-ધોવા માટે આશ્રમમાં ઉત્તમ સગવડ છે. આશ્રમમાં બે માળનું વિશાળ રૂમો ધરાવતું મકાન છે. આશ્રમ પટાંગણામાં યાત્રિકો માટે વન ફળોના સુંદર વૃક્ષોનો બગીચો છે.

આચાર્યશ્રી સવગણદાસજી મહારાજની આંતરિક સુઝ અને વિચક્ષણ બુધ્ધિના પ્રતાપે આશ્રમની પ્રવૃત્તિમાં દિન-પ્રતિદિન વધારો થતો જ જાય છે.



ૐ

જય ગુરુદેવ

ગુરૂ શિષ્ય સંવાદ

સત્સંગ

સ્તુતિ

અહો દેવના દેવ હો વિશ્વસ્વામી,
કરું હું સ્તુતિ આપને શીષ નમી.
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો,
દીનાનાથ તું એક આધાર મારો.
પ્રભુ માતને તાત છો આપ મારા,
તમે છો સદા સંકટો ટાળનારા.
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ તું એક આધાર મારો.
નથી કીધી મેં આપની કાંઈ ભક્તિ,
નથી આપના ગુણ ગાવાની શક્તિ.
દયા લાવીને દાસનાં દુઃખ નિવારો,
દીનાનાથ તું એક આધાર મારો.
હું છું રંકનો રંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તમથી અજાણી.
દયા લાવીને પ્રાર્થના ઉર ધારો,

દીનાનાથ તું એક આધાર મારો.
અમે ને કુટુંબીજનો જે અમારાં,
રહીએ શરીરે સૌં સંપે સારા.
સદા આપજો સર્વને સારા વિચારો,
દીનાનાથ તું એક આધાર મારો.
અમો બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ છે પ્રભુ છેક થોડી.
સદાને માટે ધરીએ ધ્યાન તારું,
દીનાનાથ તું એક આધાર મારો.
ઓ ઈશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ,
ગુણ તારા નીત ગાઈએ,
થાય અમારાં કામ,
હેત લાવી હસાવતું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમો,
તો પ્રભુ કરજે માફ.
મૌઝ કરી ગુરૂદેવ દયા કરી,
શબ્દ સુનાયો કીયો હરી નેહરો,
જ્યું રવિ કે પ્રગટે નિશી જાત,
શું દૂર કીયાં ભ્રમ ભાનુ અંધેરો.
કાયક, વાચક, માનસ,
યું કરી હય ગુરૂ દેવકી વંદન મેરો.
સુંદરદાસ કહે કરજોડી,
દાદુ, દયાર કો હું નીત ચેરો (ચેલો).

જે દેવતા અગ્નિમાં, જળમાં, ઔષધિમાં અને આખા વિશ્વમાં વ્યાપક છે, એવા સર્વેશ્વર, સર્વજ્ઞ, નિરાકાર, આત્મા રૂપી પરમાત્મા પ્રભુને હુ વારંવાર અહંતા મમતાનો ત્યાગ કરી શુદ્ધ અંત:કરણપૂર્વક નમસ્કાર કરું છું.

પ્રભુ સર્વેશ્વરની લીલા અકળિત અને આનંદદાયિની છે. હેમંત ઋતુનો પ્રાત: સૂર્ય પૂર્ણ પ્રકાશી જનનેત્રોને અજવાળતો ઉત્સાહ રેડી રહ્યો છે. વાયુદેવ પોતાની શીતળ લહરીઓ મંદમંદ આમથી તેમ ફેલાવી રહ્યા છે. વાજીંત્રોની સ્પર્ધા કરતાં હોય તેમ રંગબેરંગી પક્ષીઓનાં કિલકિલાટ કરતાં ગાન ચોમેર કર્ણગોચર થાય છે. આ દૈવી વહેવારને આલેખનારા દૈવી જીવોનો જ્યાં અને ત્યાં આનંદ આનંદનાં જ દર્શન થાય છે. સાગરની ઉપમા પામેલાં સરિતા શ્રી મહીસાગર દેવીનાં પવિત્ર અને નિર્મળ જળ પૂર્વપશ્ચિમ ખળખળાટ કરતાં વહ્યા કરે છે.

આ પવિત્ર સરિતા તટે ભદ્રપુર (ભાદરવા) રાજધાની આવેલી છે. નાના પ્રકારનાં બજારોથી, દેવાલયોથી અને ગૃહસ્થોનાં રંગબેરંગી મકાનોથી નગર ખરેખર નાનકડું તોય સુશોભિત શહેરની સરખામણી કરે તેવું છે. એવી આ ગુણગ્રાહ્ય નગરીનો એક ઉત્સુક યુવાન સ્હેજ ફરતો ફરતો સરિતા તટે આવેલા મહાત્માશ્રી સત્યાનંદના શ્રી યોગાશ્રમે જઇ ચઢયો. યોગાશ્રમની રમ્યતાથી, તેમજ ત્યાંના મધુર સુગંધીદાર પવનથી યુવાન હરખાયો અને ચોતરફ નિહાળતાં મંદમંદ હસવા લાગ્યો. એટલામાં જ યોગાભ્યાસી મહાત્મા હરિ ૐ જય ગુરૂ એ દ્વનિથી સમાધિ ત્યાગી કે તરત જ પેલા યુવાને સમીપ આવી સાધુજીને સાષ્ટાંગ દંડવત્ કર્યા. મહાત્માએ તે યુવાનને આદર કરી ત્યાં આવવાનું પ્રયોજન

પૂછયું. યુવાન પોતે ત્યાં આવવાનું પ્રયોજન બતાવતા, અને આશ્રમની સુંદરતા વર્ણવતાં સાધુજીનાં વખાણ કરવા લાગ્યો અને વિશેષમાં જણાવ્યું કે મહાત્માજી મને અત્રે આવવાથી ઘણોજ આનંદ થયો છે. સંત કહે ભાઈ આ એક દૈવીભૂમિ છે અને અત્રે દૈવી જીવોને આનંદ થાય છે. ભાઈ, તું નજરે બધું જુએ છે. મને તો આટલામાં આવી જગ્યા-સ્થાન ક્યાંએ નજરે પડતું નથી. યુવાન તો આશ્રમની સુંદરતા જોઈ સ્તબ્ધ જ બની ગયો અને મહાત્માજી સાથે પ્રશ્નની પરંપરા ચલાવી :-

પ્રશ્ન :- મહારાજ, આપ અત્રે રહીને શું કરો છો ? જો જણાવવાને કંઈ હરકત ના હોય તો મને તે જણાવવા કૃપા કરશો ?

મહાત્મા :- ભાઈ ! અમને યોગીજનોને કાંઈ ગુપ્ત હોતું નથી. હરકત-દુ:ખ અને સુખ બન્નેય અમારે સમાન જ છે. તારા પૂછેલ પ્રશ્નો ના જવાબ હું આપવા એ અમારી ફરજ છે. તારા પૂછેલ પ્રશ્નો જવાબ હું નીચે પ્રમાણે આપું છું. ઉપરાંત તારે તારું દિલ ખોલીને જે પ્રશ્ન કરવો હોય તે સુખેથી કરજે. મારાથી બનતા પ્રયત્ને જવાબ આપીશ.

ઉત્તર:- આ નાશવંત, ક્ષણભંગુર, પાણીના પરપોટા જેવા, વરઘોડાની આતશબાજી જેવા સ્વપ્નાની દોલત જેવા મનુષ્યનેદેહની સાર્થકતા સાધું છું.

પ્રશ્ન:- મહારાજ! અવિવેક થાય તો ક્ષમા કરજો. આપે પ્રથમથી કહ્યું છે ત્યારે હવે હું મારા ખરા દિલના દરેક પ્રશ્ન આપને પૂછવાને ઈન્તેજાર છું. આપનો રાત્રિ દિવસનો વાસો અત્રે જ છે? આપ એકલા જ અહીયાં છો કે કોઈ શિષ્ય છે ? આપ શિષ્ય છો કે શિક્ષક છો? આપ સંસારી છો કે સંન્યાસી ? આપ ગૃહસ્થાશ્રમી

હો તો આપના કુટુંબથી વિમુખ રહો છો કે કેમ?

મહાત્મા - વત્સ! તારા પ્રશ્નોથી હું ઘણો જ ખુશી થયો છું. હું પૂરેપૂરો ગૃહસ્થાશ્રમી છું અને ગૃહસ્થ તરીકેની મારી ફરજો સારી રીતે બજાવતાં બજાવતાં મારા મનુષ્યદેહની સાર્થકતા પણ સાધું છું, એ બન્ને ગુંચો ઉકેલવાને માટે હું વારંવાર આ આશ્રમનો આધાર લઉં છું. ઘણું કરીને દુનિયાના વહેવારથી પરવારી બાકીનો સમય હું અત્રે જ ગાળું છું, મારે કોઇપણ શિષ્ય નથી, તેમજ હું કોઇનો શિક્ષક પણ નથી. હું મારા ગુરૂજીનો આદેશ માથે ચઢાવી મારૂં નિત્ય નૈમિત્તિક કાર્ય કરે જાઉં છું. મારૂં કુટુંબ મારી સાથે જ છે. કુટુંબ મને જંજાળ રૂપ નથી. પણ શિક્ષકના શિક્ષણ રૂપ છે.

યુવક - મહારાજ, આપ આવા જંજાળી થઇને દેહની સાર્થકતા શી રીતે સાધો છો તે હું સમજી શકતો નથી.

મહાત્મા - ભાઈ, સંસારી થઇને દેહની સાર્થકતા ન સધાય એવું કોણ કહે છે? તારા મનમાં એવો પ્રશ્ન શાથી ઉદ્‌ભવ્યો કે ગૃહસ્થાશ્રમી પોતાના જીવનની સાર્થકતા નથી કરી શકતો?

યુવક - મહારાજ રામાયણના ગ્રંથમાં જ મેં વાંચેલું કે:-

ચોપાઇ

સુખ સમ્પત્તિ પરિવાર બડાઇ, સબ પરિહરિ કરિહૌં સેવકાઇ
યહ સબ રામભક્તિ કે બાધક, કહ હિ સન્ત તવ પદ અવરાધક.
(કી. કાં)

માટે મહારાજ, હું પણ માનું છું કે આ બધી માયાની જંજાળ છોડીને એકાન્તમાં એટલે કે ગંગા, યમુના કે નર્મદા જેવી પવિત્ર નદીઓના કાંઠે કે અરણ્યમા કે પર્વતની ગુફામાં જ નિશ્ચિતપણે

રહીને જ પ્રભુનું ભજન થાય અને સાર્થકતા સધાય. બાકી આમ તો હું નથી માની શકતો કે આપ, આપે કહ્યું તેવી રીતે રહીને આત્માનું કલ્યાણ કરી શકો.

મહાત્મા - ભાઈ, મહાત્મા તુલસીદાસજીની એ સુંદર વાણીનું ગૂઢ રહસ્ય હજી તું સમજ્યો નથી. સાંભળ, જેને વાસના યા મનના વિચારો કહે છે તેને મનુષ્યે જ્યાં સુધી તજ્યા નથી ત્યાં સુધી તે ચાહે ત્યાં જાય, તો પણ પોતાના આત્માનું કલ્યાણ કરી શકતો નથી. એટલે કે વાસના રહિત હોય તો જ તે પોતાનું ધાર્યું કરી શકે.

યુવક - પ્રભો! એ વાસના મનુષ્યને કેવી રીતે બંધન કરે છે તે સમજાવવા કૃપા કરશો.

મહાત્મા - ભાઈ, એના માટે ઘણાએ સંતજનોએ મોટા મોટા ગ્રંથ રચેલા છે. તેમાંથી જો હું એક દ્રષ્ટાંત કહું છું, તે સાંભળ.

એક સ્વામી પોતાના બે શિષ્યો સાથે ગંગાતટ ઉપર રહેતા હતા. સ્વામીજી પોતે બ્રહ્મવિદ્યામાં નિપૂણ હતા. તેથી કરીને કેટલાએ સંતપુરૂષો તેમના દર્શને આવતા અને તેમનું જ્ઞાનમૃત પીને પોતાની જ્ઞાનતૃષા મટાડતા. એક દિવસ કથા કરતાં કરતાં પોતાના શિષ્યોને જણાવ્યું કે આ મનુષ્ય દેહ સર્વ દેહોમાં ઉત્તમ છે; અને તે દેહે પ્રાણી પ્રયત્ન કરે તો પરમજ્ઞાની થઈને પરમપદને પ્રાપ્ત થાય છે. આ મનુષ્યદેહનું સાર્થક ત્યારે જ ગણાય કે આત્માને પુન: બીજો દેહ ધારણ કરવો ન પડે. એ સાર્થકતા મેળવવા માટે જે પ્રયત્ન કરવો પડે તેનું નામ જ બ્રહ્મજ્ઞાન. એ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થવાથી નિશ્ચે આત્મા પરમપદને પામે છે. આ સાંભળી એક શિષ્યે સહેજ વિનોદાર્થે પૂછ્યું, ગુરૂદેવ! એ કેમ જાણી શકાય કે જ્ઞાની પરમ પદને પામ્યો? સ્વામી કહે, ભાઈ, જ્ઞાન થયા પછી તો પોતાને

અથવા પરને કશું જાણવા-જણાવવાનું રહેતું જ નથી. એ જીવ તો સ્વરૂપને જોઇને આત્માસ્વરૂપમાં લીન થઇ જાય છે, અને આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ થઇ જાય છે. તેને કોઇ જાણી શકતું જ નથી. પણ જો તારે જાણવાની જરૂર હશે તો અન્ય દિવસે હું તને કહીશ. થોડાક દિવસો વીત્યા બાદ સ્વામીજીની આયુષ્યની દોરી તુટવાનો સમય આવી પહોંચ્યો અને મૃત્યુશૈયા પર સુતા. આ જોઈ બન્ને શિષ્યો બહુ જ હૃદયભેદી કલ્પાંત કરવા લાગ્યા. આથી સ્વામીજીએ કહ્યું, ભાઇઓ! આવી રીતે કલ્પાંત કરવું, રડવું એ તમને શોભતું નથી. પ્રાણી માત્રનો જ્યારે ત્યારે નાશ તો છે જ. એ નાશ એટલે દેહના તત્ત્વોનું રૂપાંતર અને આત્માનું પરમાત્મામાં લીન થવું. વાસનાના બળે કરીને અન્ય દેહે પ્રગટ થવું. તો આ દેહના આકારનું રૂપાંતર થાય એમાં શોક શો અને હર્ષ શો ! જગતમાં દેહ માત્ર ક્ષણભંગુર છે; એ પળે પળે તમારા જીવનમાં તમે જોતા આવો છો તો પછી આવી સત્ય ઘટનાના શોક શા? સચ્ચિદાનંદ સ્વરૂપ જે દેહી (દેહમાં રહેનારો આત્મા) છે તેનો તો કોઈ કાળે કોઈ રીતે નાશ જ નથી. તે તો અવિનાશી, અજર, અમર, નિત્ય અને શુદ્ધ છે. તે કર્માનુસાર એક દેહ છોડીને બીજો ધારણ કરે છે અથવા કોઈપણ જાતની વાસના રહિત બન્યો હોય તો પરમ પદને પામે છે. તેનો પુન:જન્મ થતો નથી. આ છેલ્લું વાકય સાંભળી પેલા શિષ્યને યાદ આવ્યું તેથી પૂછયું:

શિષ્ય:- હે ગુરૂજી! આ જીવ પરમ પદ કેવી રીતે પામે છે તે અમને આપ હવે કયારે જણાવશો. હે ભાઇ! પરમપદને પામનાર અથવા નિજ સ્વરૂપને પ્રાપ્ત થનાર આત્મા કેવળ નિર્ગુણી અને નિરાકાર થઇ જાય છે, તો પછી તેને જાણી શકનાર કોણ? પણ તને નિશ્ચય થવાને માટે આત્માએ બીજો કોઇ દેહ ધારણ કર્યો છે

તે મુકત થઈને પરમપદને પામ્યો છે; એની નિશાની ખાસ મારા પોતાના સંબંધમાં હું તને બતાવું છું તે સાંભળ. મારી ઈચ્છા હવે આ જગતની કોઈપણ દશ્ય વા અદશ્ય વસ્તુ પર નથી. માત્ર હું પરમાત્મા સ્વરૂપને જ સત્ય જાણું છું અને તેમાં મેં મારા આત્માની લીનતા મેળવી છે, તેથી જ્યારે એ આત્મા આ કલેવરથી છુટશે ત્યારે થોડીક વારમાં આકાશ માર્ગે ઘંટા, દુદુંભી, વેણુ, વીણા ઈત્યાદિ દિવ્ય વાજીંત્રોનો ઘોષ તમારા સાંભળવામાં આવશે. તે ઉપરથી તમારે જાણવું કે મારો આત્મા પરમ પદ પામ્યો છે. તેમ ન બને તો નકકી જાણજો કે તેણે બીજો કોઈ દેહ ધારણ કર્યો છે, આ વાતને એક બે દિવસ વિત્યા બાદ પોતાનો અંતકાળ પાસે આવ્યો જાણી સ્વામીએ શિષ્યો પાસે સઘળી તૈયારીઓ કરાવીને મધ્યાહ્ન સમયે તેમણે પોતાનો દેહ છોડયો. તુરત જ ઘણા મનુષ્યો સાથે શિષ્યોએ સ્વામીના દેહની શાસ્ત્રોકતપૂજા કરી અને એક પાલખીમાં બેસાડી ગુરૂના દેહને પવિત્ર ગંગાજીમાં પધરાવ્યો અને શોક કરતા કરતા શિષ્યો પોતાના આશ્રમે આવ્યા. એમાંના એક શિષ્યને પોતાના ગુરૂની મરતાં અગાઉની વાત યાદ આવી. તેથી તેને અત્યંત શોક થવા લાગ્યો અને પોતાના સહાધ્યાયી બંધુને કહેવા લાગ્યો ભાઈ, આપણા ગુરૂદેવની અસદ્ગતિ થઈ કે શું? તેમના કહેવા મુજબ આકાશમાં કોઈપણ જાતનો અવાજ હજુ સુધી આપણને સંભળાતો નથી. આવી શંકાસ્પદ વાતથી લોકોને પણ આશ્ચર્ય થયું અને એક બીજા વાતો કરવા લાગ્યા. આમ કેમ બન્યું? આવા મહાત્માની દુર્ગતિ સંભવે જ કેમ? એ તો સાક્ષાત જીવનમુકત જ હતા. એમણે કહેલું વચન પણ મિથ્યા કેમ હોય? આવી અનેક જાતની શંકાઓ શિષ્યોને તેમજ ત્યાં આવનાર મનુષ્યોને થયા કરતી હતી. એમ કેટલાએ દિવસ વીત્યા હશે. ત્યારબાદ એક દિવસે

મર્હુમ સ્વામીની પાસે ઘણી વખત સત્સંગાર્થે આવનાર એક મહાત્મા તે આશ્રમે આવી પહોંચ્યા અને સ્વામીજીનું અવસાન સાંભળી શોક કરવા લાગ્યા, કે હે પ્રભો! નિરંતર મારા હૃદયમાં બ્રહ્મજ્યોતિ રેડનાર એ સ્વામીનાં દર્શન હવે હું કયાં કરી શકીશ? અંતે શિષ્યોનું તથા પોતાના મનનું સાંત્વન કર્યું. શિષ્યોએ તે આવનાર સાધુજી પાસે પોતાના મનની શંકા જાહેર કરી અને ખુલાસો ઇચ્છયો. ગુરૂજીએ કહ્યું હતું તેમ અંતરિક્ષમાં વાજીંત્રો વાગ્યાં નહિ, તેથી તેમની અસદ્‌ગતિ થઇ એમ ધારી અમોને ઘણો જ ખેદ થાય છે. એ સાંભળીને સાધુજીએ સર્વ વિચારો કરીને ધાર્યું કે સ્વામીજી તો કેવળ પરમજ્ઞાની હતા. તેમની દુર્ગતિ તો ન જ થાય. પણ કોણ જાણે! પ્રાણીને કેવળ અસાવધ કરી નાખનાર મરણાવસ્થા-અંતકાળ સમયે કદાચ કોઇ વસ્તુમાં તેમની વાસના રહી ગઇ હોય તો તેમ બને પણ ખરું! પછી તે સાધુજીએ શિષ્યોને કહ્યું કે મને એક ઉપાય સૂઝયો છે; અને હું ધારું છું કે તે વડે આપણે સ્વામીજીની ગતિનો નિર્ણય કરી શકીશું. તમે મને બતાવશો કે મરણ સમયે સ્વામીજી કયાં અને કેવી સ્થિતિમાં સૂતા હતા? શિષ્યોએ પર્ણકુટીમાં જઇ તે દેહમુકત સ્વામીના મરણનું સ્થળ બતાવ્યું, જેટલા સ્થળમાં સ્વામીજીની પથારી હતી તેટલા સ્થળમાં એક પથારી બિછાવી અને જે સ્થિતિમાં અંત સમયે સ્વામીજી સૂતા હતા તે સ્થિતિ બતાવી. આવનાર સાધુજી તે જ સ્થિતિમાં એ પથારીમાં સૂઇ ગયા. સૂતા સૂતા સાધુજીએ શિષ્યોને પૂછયું:- તમોને યાદ છે કે એ સમયે સ્વામીજીની દષ્ટિ કયાં હતી? શિષ્યોએ કહ્યું: “તેમની દષ્ટિ પ્રથમ તો નાસિકા તરફ હતી પણ પછીથી સહેજ ઝોબો આવતાં જમણી બાજુની આંખ થરડાઇ હતી.” સાધુએ તે જ પ્રમાણે પોતાના દેહની સ્થિતિ કરી તો આખરે પોતાની

જમણી આંખની દૃષ્ટિ એક બોરડીના ફલિતવૃક્ષ ઉપર પડી. તેમાં પોતાની દૃષ્ટિની બરોબર લાઇનમાં તે બોરડી ઉપરનું એક સુંદર પાકું બોર દેખાયું, એટલે તુરત સાધુજી પથારીમાંથી ઊઠયા અને શિષ્યો પાસે તેમણે તે બોરને તોડી મંગાવ્યું. બંને શિષ્યોને પાસે રાખીને તે બોરને બારીકાઇથી નિહાળવા લાગ્યા. બોરના ઉપરનું પાતળું ફોતરૂં જ માત્ર બાકી રહેલું હતું. અંદરનો મિઠાશવાળો સઘળો ગર્ભ ખવાઇ ગયો હતો. તે બોરના ઠળીયાની બાજુમાં એક મોટો કીડો ખુબ ખાઇ પીને મસ્ત બનેલો જણાયો. અને જાણે દુનિયા પર યત્‌કિંચિત ભોગની તેને ઇચ્છા જ ન હોય તેમ સમાધિસ્થ લાગ્યો. અહા તે એક જંતુ હતો પણ તેના શરીરની દિવ્યપ્રભાથી બોરના પોલાણનો સઘળો ભાગ દેદીપ્યમાન થઇ રહ્યો હતો. આ ચમત્કાર પેલા શિષ્યોને પ્રત્યક્ષ દેખાડીને તે સાધુ પુરૂષે કહ્યું, ભાઇઓ, તમે અન્ય સર્વ કામ છોડીને બોર સહિત આ કીડાને ગંગાના પ્રવાહમાં પધરાવો; કેમ કે આ કીડાનું આયુષ્ય હવે બહુજ ટુંકું છે માટે તેને મરતા પહેલાં તેના શરીરને ગંગાજળનો સ્પર્શ થાય તો સારું. એ વાતનો પૂરો મર્મ ન સમજવા છતાં શિષ્યોએ ત્વરિત્ તે બોરને ગંગાના પરમ પવિત્ર પ્રવાહની અંદર ઝોકાવી દીધું. થોડીક ક્ષણ થઇ નહિ એટલામાં તો આકાશ માર્ગે જતો કોઇ દિવ્ય તેજનો પ્રકાશ તે શિષ્યોને તેમજ અન્યજનોને દેખાયો. અંતરિક્ષમાં જોશભેર ઘંટનાદ તથા દુદુંભી, વીણા, વેણું, શંખ ઇત્યાદિ વાદ્યોના એક સામટા નાદ થવા લાગ્યા. સૌ મનુષ્યો ઘણું જ આશ્ચર્ય પામ્યા. શીષ્યો તો આ ચમત્કારથી સ્તબ્ધ જ થઇ ગયા, અને આ બધું શાથી બન્યું તેનો વિચાર પણ કરી શક્યા નહિ. પછી આનંદમાં મગ્ન થતાં પોતાના આશ્રમે આવ્યા. એટલે પેલા સાધુ પુરૂષે કહ્યું કે કાં ભાઇ, હવે તો તમારા ગુરૂદેવ દેવ્યગતિને

એટલે કે દેવલોકને પામ્યાને? હવે તો એમને એમનું પરમ પદ પ્રાપ્ત થયું જ. આ કથનથી તો શિષ્યોની વિસ્મયતા ઉલટી વધી. એકે કહ્યું, મહાત્માજી, આપ આ શું બોલો છો? શું અમારા ગરૂ હતા અને તે પરમ પદને પામ્યા તેથી જ અંતરિક્ષમાં વાજાં વાગ્યાં? મહાત્મા કહે - હા ભાઇ, એ જ તમારા ગુરૂજી. એમને શું જંતુની યોનિ પ્રાપ્ત થઇ હતી? એટલી બધી અસંભવિત વાત કેમ બને? શિષ્યોએ આશ્ચર્ય સાથે પૂછયું. મહાત્મા બોલ્યા, ભાઇ, એમની અંતકાળ વખતની થરડાયેલી દૃષ્ટિ તે સુંદર બોર ઉપર પડી હતી; તેથી તેમના તે ઘડીના અવ્યવસ્થિત ચિત્તને લીધે તે બોરમાં વાસના પેસી ગઇ. આત્મા જેવો એ મનુષ્ય દેહમાંથી નીકળ્યો કે તરત જ વાસના દેહ ધારણ કરીને તે બોરમાં પેઠો હતો; અને ઘણાક દિવસ સુધી તે કીડાનો દેહ ધારણ કરીને તેણે બોરમાંનું સઘળું સત્વ ભક્ષણ કરીને પોતાની વાસના તૃપ્ત કરી હતી. પણ હવે તેને બોરમાં કશી વાસના નહિ રહેવાથી પૂર્વજન્મના જ્ઞાનને બળે કીટકરૂપે મહાત્મા કેવળ શાંત થઇ દેહ છુટવાની આશાએ સમાધિસ્થ શાંત રીતે પડયા રહ્યા હતા. હમણાંજ તમે જોયું કે તેમને ગંગાજળનો સ્પર્શ થવાથી કીટક દેહ છુટી ગયો અને પોતે શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ બની ગયા. એટલે એમના કહેવા પ્રમાણે અંતરિક્ષમાં દિવ્ય વાજીંત્રો વાગ્યાં, એવી રીતે સ્વામીજીના કથનની સત્યતા સમજાવી પેલા સાધુ પુરૂષ પોતાના મુકામે પાછા ફર્યા. યોગાશ્રમના મહાત્માએ પેલા ઉત્સુક યુવાનને ઉપરોકત વાર્તા કહી અને કહ્યું કે ભાઇ, આ સંસાર એ વાસનાનું મૂળ છે. મનની જેમાં વાસના લાગી જાય છે તેવો દેહ તે જીવને ધારણ કરવો પડે છે. માટે મુમુક્ષએ જેમ બને તેમ વાસનાને નિર્મૂળ કરવી જોઇએ. એના માટે વિચાર દીપકમાં લખેલું છે કે:

श्लोक

यौऽनेक जन्मार्जित वासना पदः
संकल्प मूलोऽनु भवैक बिजकः

અર્થ :- દરેક જીવનો વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) માં અનુભવ થવો એ જ એક બીજરૂપ છે. બીજ વિના ઝાડ ઊગી શકતું જ નથી. પછી તેની ડાળીઓ, મૂળ, પાંદડા વગેરે નીકળે છે. એવી જ રીતે એક સંકલ્પરૂપી ઝાડ છે અને ***આ સંસારમાં જે નાના પ્રકારની ભોગની તૃષ્ણા છે, એનું નામ જ વાસના છે.*** એ વાસનારૂપી બીજ નષ્ટ કરવાને મોટા મોટા પર્વતોમાં અગર ગાઢ જંગલોમાં ક્યાંય જવાની જરૂર નથી. વળી જો ત્યાં જવાથી જ દરેકની સાર્થકતા થતી હોય, તો હાલમાં ઘણાક સાધુઓ ખભે ખડીઆ ભેરવીને ભટક્યા કરે છે, તો તમનું સંસારમાં આવાગમન મટી જવું જોઇએ; પણ તેમ બનતું જ નથી. ભાગવતમાં લખે છે કે જડભરત વનમાં રહેતા હતા છતાં એક હરણીના બચ્ચાનું લાલનપાલન કરતાં પોતાને હરણના દેહમાં જવું પડ્યું હતું. આવા કેટલાક દાખલાઓ છે કે, જેનો કહેતાં પાર આવે નહિ. જનક આદિ કેટલાક જીવો ગૃહસ્થાશ્રમમાં રહીને વાસનાનો લય કરી મુક્ત બની ગયા છે, એવા પ્રસંગો પણ બહુ જ છે.

માટે, હે ભાઇ ! વાસનારૂપી બીજ જેણે બાળી દીધું છે, તેને કોઈ ઠેકાણે જવાની જરૂર નથી, અને જેની વિષયોમાંથી વાસના ઊઠી નથી તે ભલેને ગમે ત્યાં જાય તો પણ તેને તો બંધન જ છે. જો તમે રામાયણના ચોપાઇઓથી જ માનતા હો તો જુવો રામ વિભિષણને શું કહે છે :-

ચોપાઇ

जननी जनकबंधु सुतदारा, तनधनभवन सुहृद परिवारा;
सबकी ममता ताग बटोरी, ममपद मनहि बांधि बटि डोरी;
समदर्शी इच्छा कछु नाहि, हर्ष शोक भय नाहि मनमांही,
अस सज्जन मम उर बस कैसे, लोभी हृदय बसत धन जैसे ।

(सु. कां.)

અર્થ - વાસના રહિત થયેલા જીવને ક્યાંય જવાનું કે ત્યાગવાનું કશુંય રહેતું નથી.

યુવક - વાહ મહાત્મા, આપના આ ઈતિહાસથી તેમજ દષ્ટાંત સિદ્ધાન્તથી મારી માન્યતા સુધરી ગઈ; ને મને બરાબર સમજાયું કે જીવમાત્રને વાસના જ સુધારવાની છે. હે મહારાજ ! હવેથી હું આપને ગુરૂ માનીશ. કેમકે આપે મને જે બોધ કર્યો તે તમામ મારા હૃદયમાં ઉતરી ગયો. આપના સમાગમથી આજે મને ઘણો જ આનંદ થયો છે. હું મારા મનને ચોક્કસ કહું છું કે શ્રીહરિની આજે મારા ઉપર કૃપા જ થઈ છે. જેથી આપનાં દર્શન થયાં. આજ સુધી ઘણી જગ્યાએ ભમ્યો પણ ક્યાંય મારા મનનું સમાધાન મેળવી શક્યો ન હતો. હું કેવળ અજ્ઞાની પામર જીવ છું. હવે આપ કૃપા કરીને મને સત્ય રસ્તે લઈ જાઓ એ જ મારી અંતરની પ્રાર્થના છે.

મહાત્મા : ભાઈ, તમારે અવશ્ય મન સાથે વિચારવું કે જેમ કોઈ ભુલા પડેલાને રસ્તો બતાવનારની જરૂર છે-તેમ આ સંસારરૂપી વિકટ અરણ્યમાં ઈશ્વરી માર્ગ દેખાડનાર ભોમિયા જ્ઞાની ગુરૂની જરૂર છે. જ્યાં સુધી ગુરૂ નથી, ત્યાં સુધી હૃદયચક્ષુ બંધ છે. એ નેત્રોને ખોલવાને બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મશ્રોતીય ગુરૂની જરૂર છે. બ્રહ્મનિષ્ઠ એ છે કે પોતે પૂર્ણ આચરણવાળો અને બ્રહ્મશ્રૌતીય

એ છે કે પૂર્ણ બ્રહ્મજ્ઞાની; બેમાંથી એક ન હોય તો તે કંઇ કામનું નથી. કારણ કે જે બીજાઓને જ્ઞાનનો બોધ કરે છે અને પોતે તે પ્રમાણે આચરતો નથી તે નકામું છે અને જે એકલો કર્મ કર્યે જાય છે અને શ્રદ્ધાળુ જીવોને તત્વબોધ કરતો નથી તે પણ નકામું છે. માટે બંને સાધનાવાળાને જ ગુરૂ કરવા.

મહાત્માજીની વાણી રસમય અને અનુભવી જાણી, યુવાનની જીજ્ઞાસા વધુ સતેજ થઇ અને નીચે મુજબ પ્રશ્નની પરંપરા ચલાવી.

પ્રશ્ન :- હે મહારાજ ! મારું મન એકદમ સમજી શકે તેવું નથી. માટે મને ધીરેથી ચોખ્ખી રીતે દૃષ્ટાંતોથી તેમજ સિદ્ધાંતોથી સમજાવશો. મારા માટે લગીરે કંટાળો ન લાવશો. કેમ કે આપનો સંત સ્વભાવ છે અને હું પૂર્ણ જીજ્ઞાસુ છું.

ઉત્તર :- ભાઇ, એ બધું ખરું, પણ કોઇ વસ્તુ વિશ્વાસ વિના મેળવી શકાતી નથી. મુખથી ગમે તેટલું કહીએ કે હું વિશ્વાસનું પાત્ર બની ગયો છું, પણ અંતર શ્રદ્ધાવિહિન હોય તેથી અર્થ સરતો નથી. આ જગતમાં ઘણે ઠેકાણે તું જોઇશ કે બે ઘડીવાર કોઇ સંતપુરુષની પાસે જઇ બેઠા કે સંતની વાણીથી ગરકાવ બની જઇ લોકો સંતનાં વખાણ કરવા લાગે છે અને હૃદયમાં સંતવાણીની જાણે એકતા અનુભવતા હોય તેમ ડોકું ધુણાવે છે. હૃદયના ઉભરા અનેરા છે. કોઇ કોઇ તો જાણે જ્ઞાનમૃત પીને ભેખના અંચળા ઓઢવાને જ તૈયાર થયા હોય તેવી વાણી ઉચારે છે. પણ ભાઇ, ત્યાંથી ઊભા થઇ ઘર તરફ આવ્યા કે એ બધો ક્ષણિક ભેખ તે સંતને જ પાછો આપી દે છે. ઘેર આવ્યા એટલે લાડી, વાડી અને ગાડીની ચઢ ઊતર કરવામાં અનેક સત્યાસત્ય આચરણ કરતા

થાકતા નથી. કહે ભાઇ, આ શું શ્રદ્ધા કહેવાય ? શું આ જીજ્ઞાસા કહેવાય ? નહિ જ, માટે વાણીના દરેક ઉચ્ચારણમાં અટલ શ્રદ્ધા, દ્રઢ પ્રેમ અને તન્મયતા હોવી જોઇએ.

પ્રશ્ન :- મહારાજ ! હું કહું છું કે મારામાં આવી શ્રદ્ધા છે છતાં મને એ ખરા વિશ્વાસનું સ્વરૂપ દેખાડશો ?

ઉત્તર :- હા. હું એક ઇતિહાસ તને કહું તે સાંભળ. તે ઉપરથી તું ખરા વિશ્વાસનું સ્વરૂપ સમજી શકીશ. તરણતારિણી યમુના નદીના કિનારા ઉપર એક સાધારણ મોટું ગામ હતું. નગરના કૃષ્ણ મંદિરમાં એક પવિત્ર પુરાણીજી નિત્ય ભાગવતની કથા વાંચતા હતા. તે સાંભળવાને ભાવિકજનોની એટલી બધી ભીડ થતી હતી કે બેસવાને માટે જગ્યા પણ ભાગ્યે જ મળતી. નદીના સામે કિનારે એક ગામડું હતું. તેમાંથી કેટલીક રબારણો દૂધ વેચવા અર્થે આ ગામમાં આવતી હતી. તેઓ રોજ હોડીથી આવતી જતી અને એમ નદી ઉતરતાં અમને જતાં આવતાનો એક આનો હોડીવાળાને આપવા પડતો. દૂધ વેચાઇ રહ્યા બાદ કૃષ્ણ મંદિરમાં દર્શન કરીને ગામ પાછી ફરતી. એવામાં એક દિવસ કથામાં શ્રી કૃષ્ણલીલાનો પ્રસંગ આવ્યો એટલે એ રબારણો પોતાના ઇષ્ટનું ચરિત્ર સાંભળવાને ત્યાં બેઠી. ભાગવતનો સ્કંધ પૂરો થતાં કથામાં આવ્યું કે આ સંસાર સમુદ્ર જેવો છે, જો કોઇ જીવ, શ્રી કૃષ્ણનું સાચા પ્રેમથી સ્મરણ કરે તો વિના હોડીએ તરી પેલી પાર જઇ શકે છે. આટલા શબ્દો પેલી રબારણોને બહુજ યાદ રહી ગયા, પછી કથાનું વિસર્જન થતાં સૌ સૌને મુકામે જવા લાગ્યાં. પેલી મૈયારીઓ નદીના ઘાટ ઉપર આવી અને માંહોમાંહે કહેવા લાગી કે, આ હોડીવાળો દરરોજ આપણી પાસેથી એક આનો લે છે તો આજે

આપણે એને પૈસા આપવા નથી અને એની હોડીમાં બેસવું પણ નથી. આજે આપણે કથામાં સાંભળ્યું છે કે સાચા પ્રેમથી શ્રી કૃષ્ણનું ભજન કરે તો મોટો સમુદ્ર તરી જવાય છે તો પછી આ તો એક નાની સરખી યમુના નદી છે એને પાર જરૂર જવાશે. પુરાણીજી કોઈ દિવસ ખોટું બોલે નહિ. એમ મન સાથે પૂર્ણ વિશ્વાસ લાવી દરેકે નીચે મુજબ ધૂન લગાવી ચાલવા માંડયું :-

ભજન(ગરબી તાલ મરસીયો)

બેન વાંસળી વહાલો વગાડે છે વનમાં.
વેણુ વગાડે છે વનમાં, નાદ લાગ્યો છે સહુના તનમાં; રે બેન.
મળી સરખી તે વયની સાહેલી, ચાલી જોવાને લોકલાજ મેલી;
હાંરે લાગ્યો મોહ તે દહાડાનો મનમાં; - રે બેન.
એ છે આનંદી નંદનો લાલો, લાગે સૌને અતીશે વહાલો,
હાંરે દિસે કામણ કંઈક મોહનમાં; - રે બેન.
લટકાળો છે ગિરિવરધારી, લઈએ વારણાં તે એનાં વાળી;
હાં રે ગુણ ગાઓને સત્યાનંદમાં; - રે બેન.

આવી રીતે જેને દેહનું ભાન પણ રહ્યું નથી કે અમો કોણ છીએ, ક્યાં જઈએ છીએ, પોતાના ઈષ્ટના પ્રેમમાં અને ગાવાના નાદમાં તે ગોવાલણો સુખપૂર્વક સામે કાંઠે ચાલી ગઈ. ભાન થતાં માંહોમાંહે વાતો કરવા લાગી કે આજે તો પુરાણી બાવાએ આપણું જન્મભરનું દુઃખ કાપી નાખ્યું છે. હવે આપણા બધા પૈસા બચ્યા એના બદલામાં આપણે કાલે પુરાણીજીને જમવા બોલાવી લાવીએ; અને એમની યથેચ્છ સેવા કરીએ. એવો નિશ્ચય કરી સૌ સૌને ગૃહે ગઈ. બીજે દિવસે પુરાણીજીની પધરામણીની ધામધુમ કરવા લાગી. એમાં એક જણી મહારાજને બોલાવવા ગઈ.

પુરાણીજીની પાસે જતા જ બોલી કે મહારાજ, આજે પ્રસાદી લેવા માટે અમારે ત્યાં પધારશો. પુરાણી કહે હા, બેન તમે કયાં રહો છો? રબારણ કહે, આ નદીની સામી બાજુએ જે નાનકડું ગામડું દેખાય છે તેમાં અમે રહીએ છીએ. આજ અમારો બધાનો મત થયો છે કે મહારાજને આપણે ઘેર તેડી લાવીએ; આથી હું આપને તેડવા આવી છું, માટે આપ પધારો. તે બાઈની સાથે પુરાણીજી ચાલ્યા. નદીના ઘાટ ઉપર જઇને એટલે પેલી બાઇ બોલી, ચાલો મહારાજ ! શ્રીકૃષ્ણના નામની ધુન મચાવો, આપણે સામી બાજુએ ચાલ્યા જઇએ. પુરાણીજી કહે, ભજન કરીએ પણ હોડી તો આવવા દો. બાઇએ કહ્યું, આપણને હોડીનું શું કામ છે? પુરાણીજી આશ્ચર્યમાં પડી ગયા અને કહ્યું કે બેન હોડી વિના તે નદી પાર ઉતરી શકાય? બાઇ કહે, અરે મહારાજ, આપના ઉપદેશ પ્રમાણે પ્રભુનું સ્મરણ કરતાં કરતાં સુખપૂર્વક અમે વિના હોડીએ સામે પાર ચાલ્યાં જઇએ છીએ; અને આપને તો ઉતરવાને હોડી જોઇએ છે એ શું નવાઈની વાત નથી? પુરાણીને પોતાના ઉપદેશનું સ્મરણ કયાંથી હોય? પુરાણીનો ઉપદેશ ફકત લોકોની વાહવાહ લેવાનો હતો. એ ઉપદેશ સ્વઆચરણયુક્ત નહોતો. એમણે ઉપદેશમાં એક દિવસ કહેલું કે, પ્રભુના સ્મરણથી ભવસાગર તરી જવાય છે! આ ઉપદેશ રબારણોએ અચાનક સાંભળેલો અને શ્રદ્ધા અને દઢતાથી સિદ્ધિ મેળવેલી. એ ઉપદેશનું ભાન મૈયારીઓએ અત્યારે પુરાણીજીને કરાવ્યું. તે સાંભળતાં જ પુરાણીજી તો આભા જ બની ગયા અને માથે આવેલ ધર્મસંકટ કેવી રીતે ટાળવું તેનો વિચાર કરવા લાગ્યા. પોતાના સ્વમુખે ગાયેલો ઉપદેશ પોતાના જ આચરણમાં નથી અને આ મૈયારીઓ કે જે અજ્ઞાન પ્રજા છે તેમનામાં "પ્રભુ સ્મરણની દઢતા" જોઇ પુરાણીજી વીલા પડી ગયા. પોતે વિચાર

કરવા લાગ્યા કે, હું એક વિદ્વાન બ્રાહ્મણ છું છતાં આ મૈયારીઓથી હાર પામ્યો છું, આમ પોતે પોતાના મનથી હાર કબુલ કરી, છતાં ઉપરથી પોતાની હાર ન દેખાય- ***"મીયાં પડયા પણ તંગડી અધ્ધરની અધ્ધર"***- તેટલાં માટે યુક્તિ લડાવી એક લાંબુ દોરડું મંગાવ્યું. દોરડાનો એક છેડો પોતાની કમ્મરે બાંધ્યો અને બીજો છેડો આર ઉપર ઊભેલા માણસોના હાથમાં આપ્યો, અને માણસોને સૂચના કરી કે હું સામે આરે પાણી ઉપર ચાલીને જાઉં છું પણ જો કદાચ અધવચ ડુબી જાઉં તો મને ખેંચી કાઢજો. પુરાણીજીનું કૌતુક જોવાને આરા ઉપર ઘણા લોક ભેગા થયા હતા પછી પુરાણીજી પાણીમાં ચાલ્યા અને મુખે ***"જય ગોવિંદ, જય માધવ, જય બંસીધર."*** વગેરે શબ્દોનો ઉચ્ચાર કરવા લાગ્યા. થોડેક ગયા એટલામાં પાણી વધારે આવ્યું અને પુરાણીજીના પગ ધ્રુજવા લાગ્યા છતાં પણ રૂઆબબંધ આગળ ચાલાવા માંડયું. વળી થોડેક છેટે ગયા ત્યાં તો બહુ જ ઊંડું પાણી આવ્યું એટલે તણાવા લાગ્યા; અને કાઢો કાઢોની બુમો પાડવા લાગ્યા. લોકોએ દોરડું ખેચ્યું અને પુરાણીજી બે ચાર લોટા પાણી પીને બહાર આવ્યા. આટલો ઈતિહાસ કહી મહાત્મા જીજ્ઞાસુને ઉદ્દેશીને બોલ્યા કે જોઈ આ અંધશ્રદ્ધા! આવી નમાલી શ્રદ્ધા કાર્યસિદ્ધિ કરાવતી જ નથી. ખરી શ્રદ્ધા તો પેલી ગોવાલણીઓની જ કહેવાય.

માટે આ નરદેહરત્ન પ્રાપ્ત કરી જરૂર પરમાર્થ સાધી આત્મોન્નતિ કરી લેવી જોઈએ. આટલી વાતચીત કરી તે સંત મૌન રહ્યા એટલે તે જીજ્ઞાસુ કહે, આજના દિવસને ધન્ય છે કે તમારા જેવા પવિત્ર પુરુષોનો સમાગમ થયો. મને ઘણું જ અવનવું જાણવાને મળ્યું. હે ગુરૂજી ! આપ જો કહેતા હો તો મને એક શંકા

થઇ છે તે વિષે પૂછું. મહાત્મા, કહે પૂછો ભાઇ.

પ્રશ્ન :- આપ પ્રથમ જ કહી ગયા કે આ દેહ ક્ષણભંગુર છે, પાણીના પરપોટા જેવો છે, વરઘોડાની આતસબાજી જેવો છે અને વળી હાલમાં કહો છો કે આ દેહ રત્ન જેવો છે એ શું ? પેલું સાચું કે આ સાચું ?

મહાત્મા :- ભાઇ એ બંને સાચા. એમાં એક પણ જૂઠું નથી. કેમ કે આ દેહમાં રહીને સદાચાર પાળે, સુકર્મ કરે તો દેહ જરૂર રત્ન જેવો અરે રત્ન કરતાં પણ મહા મોંઘા ચિંતામણી જેવો છે. જેવી રીતે ચિંતામણીથી કલ્પેલાં કાર્ય તરત બને છે તેવી જ રીતે આ મનુષ્ય દેહરૂપી ચિંતામણીથી જેવાં કર્મ કરવામાં આવે તેવાં ફળ તરત જ મળે છે.

જીજ્ઞાસુ - મહારાજ, એ વિષે મને કાંઇ પ્રમાણ બતાવવા કૃપા કરશો ?

મહાત્મા - ભાઇ, એ વિષે તને દરેક ધર્મગ્રંથમાંથી અનેક પ્રમાણો મળશે.

ગરૂડપુરાણમાં શ્રી વિષ્ણુ ભગવાન ગરૂડને કહે છે કે :-

અર્થ - હે ગરૂડજી ! આ જીવને અનેક યોનિયો વિષે ભમતાં ભમતાં કો કાળે મહાપુણ્યના પ્રતાપે મનુષ્ય દેહની પ્રાપ્તિ થાય છે. તેમાં એ ત્રિવેણીક (બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય) શરીરની પ્રાપ્તિ થવી બહુ જ કઠણ છે. તો એવો દેહ મળ્યા છતાં જીવ, ઇંદ્રિયોના જ લાલનપાલનમાં આખું આયુષ્ય ગુમાવી દે છે. તેના હાથમાંથી અમૃત ટપકી જાય છે. વળી રામાયણમાં લખે છે કે :-

ચોપાઇ

नर समान नहिं कवनउ, देही जीव चराचर याचत जेही ।
नरकस्वर्ग अपवर्ग निसेनी, ज्ञान विराग भक्ति सुखदेनी ।।
(उ. क.)

श्लोक

धर्मार्थ काम मोक्षार्णा शरीरं साधनं स्मृतम् ।

અર્થ :- આ શરીર વડે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે વસ્તુ મેળવી શકાય છે, વળી એક જગ્યાએ કહેલ છે કે :-

ભોજન કરવું, સુવું, દરેક વાતમાં ડરવું, સ્ત્રી સંગ કરવો, આ ચાર બાબતો દરેક દેહધારી જીવોમાં સરખી રીતે જોવામાં આવે છે. ફક્ત મનુષ્યમાં વિશેષતા એટલી જ છે કે પ્રભુએ મનુષ્યને સારાસારનો વિચાર કરવાને માટે તીવ્ર મન આપેલું છે જેથી મનના સદ્‌વિચાર વડે કરીને આત્માનું કલ્યાણ સાધી શકે. આત્મોન્નતિના કલ્યાણકારી વિચારો જેને નથી થતા તેનામાં અને પશુઓમાં કંઈ પણ ફેર રહેતો નથી. આટલાં પ્રમાણ બતાવી મહાત્માજીએ કહ્યું કે, કેમ ભાઈ, નરદેહ રત્ન સમાન ખરો કે નહિ?

પ્રશ્ન :- મહારાજ, અત્યાર સુધીના આપના સમાગમથી એટલું તો જરૂર સમજાયું કે મનુષ્યદેહ સૌથી ઉત્તમ છે. એવા ઉત્તમ દેહરત્નને મેળવ્યાની સાર્થક્તા શી રીતે સધાય ? અર્થાત્ મનુષ્યદેહ પામીને કેવાં કર્તવ્ય કરવાં જોઈએ તે આપ સ્પષ્ટ રીતે મને સમજાવવા કૃપા કરશો. હવે તો હું આપના સમાગમમાં જ રહીશ. આપનાં બોધ, વચનો મને બહુ જ પ્રેમ ઉપજાવે છે.

ઉત્તર :- હે ભાઈ, સારા માણસો સારાની આગળ જ પોતાનું હૃદય ખોલીને વાત કરે છે. જે પ્રભુતાના મદમાં મસ્ત બનેલા હોય

છે તેમની આગળ સંત પુરુષો હૃદય ખોલીને વાત કરતા જ નથી. મારા બોધ વચનોથી તને જે પ્રેમ ઉત્પન્ન થાય છે તે એક હૃદયમાં સ્ફુરતા સાત્વિક ભાવને લીધેજ. એ સાત્વિક ભાવ જેમ બને તેમ વધુ ખીલે એ અત્યુત્તમ છે. એ ભાવ સદ્‌બોધ વડે કરીને જ ખીલે છે. તે ભાવ મેળવવા માટે પ્રથમ તો આપણે દિનપ્રતિદિન સતસંગ સેવનનો વધારો કરવો જોઈએ. આ દેહનું મંગળસૂત્ર એવું છે કે પ્રથમ સતસંગ. મારા ગુરૂદેવ મને બોધ આપતા પહેલાં નીચેનું પદ મને વારંવાર ગાઈ સંભળાવતા હતા.

(રાગ-માઢ તાલ-દાદરો)

નર કર લે રે સતસંગ તેરા જન્મ સફળ હોય,
કાશી ગયા દુવારીકા રે, કોટીન તીરથ ના'ય,
બીન ગુરૂકે ઉપદેશસે રે, મનકી મૈલ ન જાય,
તેરા જન્મ સફળ હોય-નર કર લે રે.
શિર પર જટા રખાયકે રે, અંગ વિભૂતિ રમાય,
છાપ તિલક તનમેં કીયે રે, મોક્ષ કભી નહિ પાય.
તેરા જન્મ સફળ હોય-નર કર લે રે.
સદા રહે બનવાસમેં રે, કીનો તપ અપાર,
મનકી તૃષ્ણા ના મીટી રે, મીલે ન સર્જનહાર,
તેરા જન્મ સફળ હોય-નર કર લે રે.
તજકે મનકી ભટકના રે, સંતનકી કર સેવ,
બ્રહ્માનંદ મીટાયગા તેરા, ભવબંધન ગુરૂદેવ,
તેરા જન્મ સફળ હોય-નર કર લે રે.

જીજ્ઞાસુ, સતસંગ એ તો એક નિસરણીના પ્રથમ પગથિયાં જેવો છે. જેવી રીતે થડે થઇને ઝાડ ઉપર ચઢી શકાય છે, તેવી રીતે

મનુષ્ય દેહે સત્સંગ દ્વારા મોક્ષ માર્ગ મેળવી શકાય છે. જેવી રીતે મનુષ્ય દેહની ઉત્તમતા દરેક ઠેકાણે બતાવેલી છે, તેવી જ રીતે સત્સંગ વિષે પણ ઘણી જગ્યાએ પ્રમાણ બતાવેલા છે, રામાયણમાં પણ છે કે :

तात स्वर्ग आपवर्ग सुख धरिय तुलाइक अंग,
तुल न ताहि सकल मिलिजो सुख लव सतसंग.

પ્રશ્ન :- મહારાજ, આપે જે સત્સંગની પ્રશંસા કરી, વળી સત્સંગ વિષે જે પ્રમાણે બતાવ્યાં તે ઉપરથી મને માલુમ પડ્યું કે મનુષ્ય માત્રે સત્સંગ કરવો જ જોઇએ, છતાં મને એક શંકા થાય છે કે :-

આ સંસારમાં જેને શિર આખા ઘરનો બોજો હોય, પોતે એકલો કમાનારો હોય અને પાછળ બે ચાર માણસ ખાનાર હોય તો તે મનુષ્યે સત્સંગ ક્યારે કરવો ? કદી પોતાનો વ્યવસાય પડતો મૂકીને સતસંગ કરવા બેસે તો પાછળવાળાં તો રવડી જ મરે ને ?

ઉત્તર-ભાઈ, તારી આ શંકા ખરેખર ઘેલછા ભરેલી છે ! વત્સ, પ્રથમ એ જ કહો કે આખા ઘરનું નાવ ચલાવનારો કદાચ માંદો પડ્યો અગર ગુજરી ગયો તો પાછળનાની શી ગતિ ? ઘેલા ભાઈ, તારે એટલું તો ચોક્કસ ધારવું કે કોઈ કોઈનું પૂરૂં કરતું જ નથી. સૌ સૌનાં પ્રારબ્ધ પોતપોતાની પાસે જ છે. દરેકનું પોષણ કરનાર પરમ દયાળુ પરમેશ્વર જ છે; બાકી મનુષ્યો ખાલી પોતાને માથે ભાર ઉપાડીને ફરે છે. એ વિષે એક ઈતિહાસ મને યાદ છે. તે તું સાંભળ એટલે તારા મનથી સમજાશે કે કોઈ કોઈનું પૂરૂં કરતું નથી.

એક શહેરમાં હરિદાસ કરીને એક વાણીઓ રહેતો હતો. તે નિર્ધન અવસ્થામાં હોવાથી પોતાના કુટુંબનું પોષણ કરવા માટે

શહેરમાં કોથળો કરીને (હળદર, મરચું, મીઠું વગેરે મસાલો જે દરરોજ ઉપયોગમાં આવે છે તે કોથળીમાં લઈ ગામમાં ફેરી કરીને વેચવું તે) તેમાંથી જે કાંઇ મળતું તેનાથી કુટુંબનું ગુજરાન ચલાવતો હતો. તેને બે દીકરા અને એક દીકરી મળીને ત્રણ સંતાન હતાં. ઘરનો તમામ બોજો તેને શિરે જ હતો, જેથી તે મહામુશીબતે પોતાનું ગુજરાન ચલાવી શકતો. સવારના પહોરમાં ન્હાઈધોઈ, ક્ષણભર હરિસ્મરણ કરીને તુરત ખભે કોથળો ભેરવતો અને ત્રીજે પહોરે ઘેર આવીને ભોજન કરતો હતો. ગામમાં ફરતાં ફરતાં દેવ દેવાલયોમાં દર્શન પણ કરતો. કાંઇક કથા વાર્તા થતી હોય તો જરૂર ત્યાં જઇ ઘડી બે ઘડી કથા પણ સાંભળતો અને સાંભળેલી વસ્તુનું એક ચિત્તે મનન કરતો. એવામાં એક દિવસ ફરતાં ફરતાં એક વિષ્ણુ મંદિરમાં કથા હોવાથી ત્યાં તુર્ત જ ગયો. કથા પ્રસંગમાં તેના સાંભળવામાં આવ્યું કે - ***"મનુષ્ય માત્રે પ્રતિદિન અવશ્ય સત્સંગ કરવો."*** એટલું સાંભળી તુરત તે ત્યાંથી ચાલતો થયો. પણ એ વાત તેના હૃદયમાં ઠસી ગઈ એટલે તેણે નિશ્ચય કર્યો કે આપણે જરૂર સત્સંગ કરવો. બીજે દિવસથી તેણે તે મહાત્મા- કથાકાર પાસે જવા માંડયું અને અનેક પ્રકારનાં હિતવચનોનો પોતાનાં અંતરભંડારમાં સંગ્રહ કરવા માંડયો. ઘણાક દિવસ પર્યાત એમ સત્સંગ કર્યા પછી આખરે તે વૃદ્ધ થયો અને પોતાનાં બૈરાં છોકરાંની ચિંતાએ મનને વ્યગ્ર કર્યું. "અરેરે ! હું વૃદ્ધ થયો, છોકરાં મોટાં થયાં છે, તેઓને હજુ પરણાવ્યાં પણ નથી. વખતે મારો કાળ થયો તો તેમના ગુજરાન માટે મારી પાસે મૂકી જવાને માટે કંઈ ધન પણ નથી. હે હરિ, એ સર્વનો બેલી તું જ છે. એવા વિચારોમાં પ્રતિદિન તેનું મન બહુ જ ગુંચવાવા લાગ્યું અને તેથી સત્સંગમાં અંતરાય પડવા લાગ્યો. કીર્તનકારને તેની આવી સ્થિતિ માલમ

પડવાથી કહ્યું કે હે ભાઈ, આજ તારું મોં કેમ ઉદાસ લાગે છે ? શું તું હજુ સુધી તારાં બૈરાં છોકરાંમાં જ લપટાઈ રહ્યો છે ? હવે તારી વૃદ્ધાવસ્થા થઈ છતાં કેમ ચેતતો નથી ? તે સાંભળી વણિક બોલ્યો, મહારાજ, હું શું કરું ! જાતે નિર્ધન છું, આખો દિવસ ટાંટિયાતોડ કરી સાંજે બે આના લાવું છું, ત્યારે છોકરાં ખાવા પામે છે તો પછી ચિંતા કેમ ન થાય ? હું હમણાં ઘરબાર છોડીને વિરક્ત થઈ જાઉં તો પછી એમને ખાવા કોણ આપવાનું હતું ? પાકા ઝાડ તળે જઈને ભૂખે મરે એવી લાજાળ મારી સ્ત્રી છે અને છોકરાં તદ્દન નાનાં છે. જો બધું છોડી દઉં તો પછી એમની શી વલે થાય ? મારી ગેરહાજરીમાં તેઓ રવડી રખડીને જ મરી જાય. આવાં કેટલાંક કારણોને લીધે હે ગુરૂદેવ, આજ કેટલાક દિવસથી મારું મન ચિંતાતુર રહે છે. એ સાંભળી મહારાજે કહ્યું, શું એ બધાનું ખાવાનું તું જ પુરુ કરે છે ? તેઓ બધાં શું પોતપોતાનાં પ્રારબ્ધ ગીરો મૂકીને આવ્યાં હશે કે ? હે ભલા માણસ, સર્વનો રક્ષણકર્તા તે જ નિયંતા છે અને તેજ સૌને પુરું પાડે છે. તું કોનું પૂરું કરવાનો હતો. જો તને મારું કહેવું અસત્ય લાગતું હોય તો તને કેટલાંક શાસ્ત્રોના અને સંત મહાત્માનાં પ્રમાણ બતાવું. ગીતાજીમાં શ્રી કૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે:

(અ. ૯.)

श्लोक

अनन्याश्चित यंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभिर्युक्तानां योगक्षेमं वहाम्यहम् ।।

અર્થ - જે લોકો એકનિષ્ઠ બની મારું ચિંતન કરી મારી ઉપાસના કરે છે એવા સર્વદા મારી સાથે યુક્ત થયેલા નિષ્કામ

ભક્તોનો યોગક્ષેમ હું ચલાવું છું. વિચારદીપકમાં કહે છે કે:-

(પાન્ડવ ગીતા)

श्लोक

भोजनाच्छादने चिंतां वृथा कुर्वंति वैष्णवा:
याऽसौ विश्वंभरो देव: स भक्ता न् किमुपेक्षते

અર્થ - વૈષ્ણવ લોકોને અર્થાત્ જે ભાગવત્ પરાયણ જીવો છે તેમણે પોતાના ભોજન વસ્ત્રાદિકની ચિંતા કરવી તે વૃથા જ છે. કેમ કે જે વિશ્વંભર આખા વિશ્વનું ભરણ પોષણ કરી રહ્યા છે, તે પોતાના ભક્તજનોનું તો અવશ્ય કરશે જ.

એક મહાત્મા કહે છે કે:- હે વિશ્વંભર, તું મારું ભરણ પોષણ કર નહિ તો મને તારા વિશ્વમાંથી બહાર કાઢી મૂક. આ બેમાંથી એકપણ તું ન કરી શકે તો તારું ***"વિશ્વંભર"*** એવું નામ છોડી દે. માટે હે વણિક, આખા વિશ્વનું જે પોષણ કરી રહેલા છે, તે જ તારું, મારું અને બધાનું ગુજરાન નિભાવે છે. કવિ સુંદરદાસ કહે છે કે :-

(છંદ-મનહર)

काहेकु फिरत नर दीन भयो घर घर,
देखीत तेरी तो आहार इक शेर है
जाको देह सागरसो सुन्यो शत योजनको,
ताहुकुतौ देत प्रभुयामे नहि फेर है
भुख्यो कोउ रहत न जानिये जगतमांहि,
कीरी अरु कुंजर सबन हि को देत है
सुंदर कहत विश्वास क्युं न राखै शठ,
बेरबेर समुजाय केह्यो केती बेर है
जगतमे आइके विसार्यो जगतपति,

जगत कियो है सोइ जग भर तु है
तेरे नीशदिन चिंता और ही परी हे आई,
उद्यम अनेक भांति भांति के कर तु है
इत उत जाइके कमाइ करी लावुं कछु,
नेकुन अज्ञानी पर धीरज धरवुं है
सुंदर कहत एक प्रभुके विश्वास बिन,
वादहीकु वृथा शठ पचि के भरतु है

આટલું કહી સંતે-કથાકારે હરિદાસને કહ્યું કે ભાઈ જો આટલાથીયે તને વિશ્વાસ ન બેસતો હોય તો તને પ્રત્યક્ષ બતાવું. તું એક મહિનો એ બધાંને છોડીને બહારગામ ચાલ્યો જા. પછી આવીને જોજે કે એમની શી દશા થઈ છે. એ સાંભળી હરિદાસ સ્વગૃહે ગયો. બીજે દિવસે સવારમાં પોતાનાં બૈરી છોકરાંને કહ્યું કે, આ ગામમાં હવે કોથળાની પેદાશ કંઈ રહી નથી. માટે મારો વિચાર છે કે હવે બીજા ગામમાં જઈને ફેરી કરીશ અને ત્યાં ફાવી જવાશે તો હાટડી પણ માંડી દઈશ. એથી આજે કોથળો લઈ હું બહારગામ જાઉં છું, તમો કોઈ ફીકર કરશો નહિ. શ્રીહરિ સર્વ સહાય કરશે. થોડા દિવસમાં હું પાછો આવીશ. એમ સ્ત્રી પુત્રને આડુંઅવળું સમજાવી તે બહારગામ ચાલ્યો ગયો.

મહાત્માએ તે વાણીઆના ગયા પછી થોડેક દિવસે એક અપરિચિત માણસના નામે એક કાગળ લખીને તેને ઘેર મોકલ્યો. તેમાં એવું લખ્યું હતું કે "હરિદાસ શેઠ ગામ જતા હતા ત્યાં રસ્તામાંની ઝાડીમાં એક વાઘ મળ્યો તેણે તેમને મારી ખાધા. શું કરીએ જે પરમેશ્વરને ગમ્યું તે ખરું" આવા સમાચાર મળતાં તેનાં સ્ત્રી છોકરાં બહુ જ શોકાતુર થઈ રહવા લાગ્યાં, રડયાં, કુટયાં,

કાણ મોકાણ મંડાઈને દશા થયા પછી સુતક વગેરે કાઢી, જે કાંઈ બની શક્યું તે ક્રિયાખર્ચ પણ કરી દીધું. તેઓની ગરીબ સ્થિતિની તો આખા ગામમાં સૌને ખબર હતી, મહોલ્લાના તથા નાતના સૌ લોક એકઠા મળ્યા અને દયા લાવી તેઓએ વિચાર કરવા માંડ્યો કે વાણીઓ અંતરીયાળ ગુજરી ગયો ને છોકરાં નાનાં છે માટે શું ખાશે ? એમ વિચારી તેઓ માટે દસબાર મહિના ચાલે તેટલા દાણા ભરી આપ્યા ને છોકરાંને છુટક છુટક રોજ આનો બે આના આપવાના કરીને દુકાને રાખ્યા. આમ થવાથી તેઓ પ્રથમ હતાં તે કરતાં પણ વધુ સુખી અવસ્થામાં આવી ગયાં અને સુખથી ખાઈપીને દિવસ ગુજારવા લાગ્યાં.

મહિના દોઢ મહિના પછી વાણીઓ ગામમાં આવ્યો અને પ્રથમ મંદિરમાં જઈ ગુરૂને મળ્યો. ગુરૂએ કહ્યું કે રાત્રે છાનોમાનો તું મોડો તારે ઘેર જજે અને સઘળી વિગત જોઈ આવજે. હાલમાં અહી જ બેસ. પછી ગુરૂએ છાનામાંના એક તેલીઆ રાજાને કંઈક આપવાનું કરી તેને વાણીઆના ઘેર મોકલ્યો. તેણે જઈ તેની સ્ત્રીને કહ્યું કે બાઈ, તારો મરી ગયેલો ભરથાર આજે તારે ઘેર આવશે. તે ભૂત થયો છે. એ તમારા ધણીના જેવું જ રૂપ ધરીને આવશે અને કહેશે કે હરિદાસ જ છું. હું તો મરી જ નથી ગયો છતાં તમે તેને ઘરમાં પેસવા દેશો તો તે આખી જીંદગી સુધી તમો ને હેરાન કરશે. માટે તેને પેસવા નહિ દેતાં પથરા મારીને હાંકી કાઢજો. જો ઘરમાં પેસી જશે તો કેમે કર્યું નીકળશે નહિ. આમ સમજાવી તેલીઓ રાજા વિદાય થયો. જ્યારે રાત્રી પડી અને બધું શાંત થયું ત્યારે ગુરૂએ પેલા વાણીઆને ઘેર જવાને રજા આપી. વાણીઓ પોતાને ઘેર ગયો અને જઈ બારણાં ઠોક્યાં. તેલીયાએ કહ્યું હતું તેમજ બન્યું

જાણી છોકરાં ચમક્યાં ને ઘડોઘડ બારીએથી પથરા નાખવા લાગ્યા વાણીઓ કહે, અલ્યા મોહન ! સ્ત્રીને કહે છે કે અલી ! કેમ કોઇ સાંભળતાં નથી ! બારણાં ઉઘાડો, હું ક્યારનોએ બહાર ખોટી થાઉં છું. એ સાંભળીને તે છોકરાં ઉલટાં બમણાં જોરથી પથરા ફેંકવા લાગ્યા અને કહેવા લાગ્યાં કે ઓ બા, ઓ જી, પેલો ભૂત જ આવ્યો છે. બારણાં ઉઘાડીશ નહિ. સ્ત્રીએ પણ બારીએ આવીને કહ્યું, મારા રોયા ભૂત, શા માટે છોકરાને ડરાવવાને અહી આવ્યો છે, જા તારું કાળું કર, થુ:. તારી આંખોમાં રાઇને મીઠું. હે અંબા માં ! તમારું રખવાળું છે, હે મારી માં, તું આ ભૂતના દાંત પાડજે. એ સાંભળી વાણીઓ બોલ્યો, અરે હું મરી ગયો નથી. જીવતો જ છું. હું હરિદાસ પોતે જ છું. હું ગામથી આજે જ આવું છું. માટે બારણાં ઉઘાડો. મને દુ:ખી શા માટે કરો છો ? તમે મારું કહ્યું માનતાં નથી ને ખાલી ભ્રમણામાં પડયાં છો, પણ પછી મારા વિના દુ:ખી થશો. એટલે તો તેની સ્ત્રી ગુસ્સો કરીને બોલી કે જા, મારા પીટીયા, તું જીવતો હતો તે કરતાં તો હમણાં અમે બહુ જ સુખી છીએ. તારા જીવ્યા છતાં ખાવાનું પણ તાણીતોષીને મળતું હતું, હવે તો અમે પૂરું પેટ ભરીને ખાઇએ છીએ. માટે જા અહીંથી જતો રહે, નહિ તો પથરા મારી તારું માથું ભાગી નાખીશું. જો કે તું મરી ગયેલો છે પણ કદાચ તું જીવતો હોય તો પણ અમારે તારું કામ નથી. વાણીયો આશ્ચર્યમાં દિંગમૂઢ બની ગયો અને વિચાર કરવા લાગ્યો કે, આમ કેમ બન્યું હશે ? ગમે તેમ હો, પણ કુંટુંબ સુખી તો દીસે છે. લાવને પૂછી જોઉં કે કદાચ તેઓ એકલાં રહેવાને ખુશી હોય તો મારા માથેથી જંજાળ ઉતરી જાય. પછી તે બોલ્યો. અલી, હું તો જીવતો છું પણ તમારે મારા વિના રહેવાની મરજી છે ? તમે એકલા રહી શકશો ? સ્ત્રીએ કહ્યું, હા, જા મુવા પ્રેત-ભૂત થઇને અમને

ફોસલાવવા આવ્યો છે ? જા અહીંથી, ખબરદાર જો અહીં ફરીથી આવ્યો તો. હવે અમોને તારું કંઇ જ કામ નથી. આવાં વેણ સાંભળી હરિદાસ તુરત ત્યાંથી પાછો વળ્યો ને ગુરૂ પાસે જઇ સર્વ હકીકત કહી સંભળાવી. એટલે ગુરૂ બોલ્યા કે જોયું, તું કહેતો હતો કે "જો હું ન હોઉં તો રવડી રવડીને મરી જાય" હવે તને ખાત્રી થઇ હશે કે કોઇ કોઇનું પૂરું કરતો જ નથી. માટે હે ભાઇ, હવે સઘળી લોલુપતા મૂકી દે અને શ્રી પ્રભુના ચરણોમાં તારા ચિત્તને એકાગ્ર કર જો તને જગતના સ્વાર્થીપણા વિષે એક બે ભજન સંભળાવું.

ભજન (રાગ ટોડી)

જગતમેં સ્વારથકો વ્યવહાર, બીન સ્વારથ કોઇ બાત ન પુછે,
દેખા ખુબ બીચાર, જગતમેં સ્વારથકો વ્યવહાર.
પુત્ર કમાઇ કર ધન લાવે, માતા કરે પીયાર,
પિતા કહે યહ પુત્ર સપુતા, અકલમંદ હોશિયાર. જગતમેં.
નારી સુંદર વસ્ત્ર ભૂષણ, માંગત વારંવાર,
જો લાકર ઘરમેં નહિ દેવે, મુખડા લેત બિગાર. જગતમેં.
પુત્ર ભયે નારીકે વશમેં, નિત્ય કરે તકરાર,
આપો અપના ભાગ બટાકર, હોવેં ન્યારો ન્યાર. જગતમેં.
જીનકો જાનત મીત પીયારે, સબ મતલબકે યાર.
બ્રહ્માનંદ છોડકર મમતા, સુમરો સરજનહાર. જગતમેં.

આ ભજન હરિદાસને સંભળાવીને મહારાજ બોલ્યા, કેમ ભાઇ, જોયો આ સંસારનો સાર ?

આ સર્વે બનાવથી વાણીયાને ખરેખરો ચટકો લાગ્યો ને તરત ક્ષણભંગુર જગતની માયા પરથી મોહ ઉતારી દઇ ગુરૂદીક્ષા લઇ આત્માની ઉન્નતી કરવા લાગ્યો અને અંતે પરમ પદ પામ્યો.

ઉપરની કથા કહી યોગાશ્રમના મહાત્માએ કહ્યું કે "હા જીજ્ઞાસુ ! આ ઈતિહાસ તથા અંદર આપેલા પ્રમાણથી તને સમજાયું હશે કે કોણ કોનું પૂરું કરે છે. માટે દરેક મનુષ્યે વિચારવું જોઈએ કે, સત્ધર્મથી ધંધો, રોજગાર કરવો, પણ વધારે નહિ તો સાંજ સવાર બે વખત જરૂર સત્સંગાર્થે સતપુરુષો સાધુ પુરુષો પાસે જવું જોઈએ અને તેમના શુભ વચનોનું યથાર્થ માન કરી ઉપદેશવચનો આચરણમાં મૂકવાં જોઈએ. આ જ મનુષ્યજન્મની સાર્થકતાનું પ્રથમ પગથિયું છે." આટલી વાતચીત કરી તે મહાત્મા મૌન થયા.

જીજ્ઞાસુ - મહારાજ, આજના આપના સમાગમથી મને બહુ જ આનંદ થયો છે. આપના પ્રમાણોથી તથા દ્રષ્ટાંતોથી તો મારામાં જાણે નવું જ ચૈતન્ય આવ્યું ન હોય! હે મહારાજ, આપનો ઉપદેશ એક બાળક પણ સમજી શકે તેવો છે, હવે મને બરોબર સમજાયું કે આ જગતમાં કોઈ કોઈનું ભરણપોષણ જ કરતું નથી. શ્રીહરિ જ સૌ સૌનો નિર્વાહ ચલાવી રહ્યા છે. આટલા સમાગમથી મને આવો અનુભવ થયો તો લાંબા ગાળે શું નહિ થઈ શકે? માટે બસ હવે તો હું આપના સત્સંગમાં જ રહીશ.

મહાત્મા-હે ભાઈ, આ જગતમાં બધી વસ્તુઓ મળે છે, પણ સત્સંગ મળવો એ બહુ જ દુર્લભ છે. એના માટે સુંદરદાસજી કહે છે:

तात मिलै पुनी मात मिले सुतभ्रात मीलै युवती सुखदाइ,
राज मीलै गजवाजी, सबसाज मीलै मनवांछित पाइ;
लोक मीलै सरलोक मीलै वीधीलोक मीलै वैकुंठ ही जाइ,
सुंदर और मीलै सबही सुख संत समागम दुर्लभ भाइ.

જીજ્ઞાસુ-મહારાજ આપના અત્યાર સુધીના સમાગમ થી મને

સારી રીતે સમજાયું છે કે પ્રથમ આ દેહની સાર્થકતા કરવી. પછી ગૃહસ્થાશ્રમમાં રહીને જ વાસનામુક્ત બનવું અને પ્રભુ ઉપર દ્દઢ શ્રધ્ધા રાખવી. મનુષ્યદેહ સૌથી ઉત્તમ છે. એ દેહ મેળવી અહોનિશ આત્માની ઉન્નતિને માટે જરૂર પ્રયત્ન કરવો. અહીં સુધીની તમામ બાબતે આપનાં મુખકમળનાં દ્દષ્ટાંતોથી સિદ્ધાંતો સહિત સાંભળીને મને ખુબ આનંદ થયો છે. પણ આ મનુષ્યદેહે શાં કર્તવ્યો કરવાં તે વિષે મને બહુ વિચાર થાય છે તો તે કૃપા કરીને જણાવશો,

મહાત્મા-હે ભાઇ, તારા પ્રશ્નનો ઉત્તર કાલે આપીશ કેમ કે હવે મારે સાયંસંધ્યાનો વખત થયો છે. જો તને આ સત્‌સંગમાં વિશ્વાસ હોય તો કાલે આવજે. એમ કહી તે સંત પેલી ભેખડના પગથીયાવાળે રસ્તે નદી ઉપર ગયા અને આપણો યુવાન પોતાને સ્વગૃહે ગયો. ઘેર જતાં યુવાનને તેની સ્ત્રી કહેવા લાગી કે હે સ્વામીનાથ, આજે અટલો બધો વખત કયાં બેસી રહ્યાં હતાં

યુવાન- આજે હું આપણા અહીંના શ્રી સત્યાનંદજી મહારાજ પાસે ગયો હતો. તેમની પાસેથી ઊઠીને મને ઘેર જ આવવાનું મન થતું નહોતું. મહાત્મા પોતે જ ઊભા થઇને નદી તરફ ચાલ્યા અને મને કાલે આવવાનું કહ્યું ત્યારે ન છુટકે જ હું અત્યારે મોડો પણ ઘેર આવ્યો છું. એમનાં બોધવચનોથી મને બહુ જ લાભ થયો છું અને દુનિયાની અજાણ બાબતોથી વાકેફગાર થયો છે. માટે હવે તો હું રોજ એ મહાત્માની પાસે જઇશ અને તેમના સત્ સંગથી આત્માનું કલ્યાણ સાધીશ.

સ્ત્રી-વાહ! એવા જ્ઞાની પુરૂષ છે ત્યારે તો એમનો સત્‌સંગ કરવો જ જોઇએ. જો આપની આજ્ઞા હોય તો હું પણ એમના દર્શન

કરવા આવું. કાલે આપણે બન્ને જણ જઈએ. તમો એવા સત્પુરૂષ પાસે ગુરૂદીક્ષા લો કેમ કે જો શુદ્ધ, સુપાત્ર અને બ્રહ્મજ્ઞાની પુરૂષ મળે તો જરૂર તેમને ગુરૂ કરવા જોઈએ.

યુવાન-મેં મારા મનથી તો એમને ગુરૂ માન્યા છે.

સ્ત્રી-મનથી માનેલું કામ લાગતું જ નથી. માનીએ કે હમણાં જ લાડુ જમીને બેઠા છીએ પણ પેટમાં તો કશું ન હોય. માટે તમે ગુરૂદીક્ષા લ્યો. એ નિમિત્તે હું પણ ત્યાં આવું. એમ બન્ને દંપતી વાતો કરે છે એટલામાં યુવાન બોલી ઊઠયો કે અહા આજના આનંદનું તો સોમુખે પણ વર્ણન થાય તેવું નથી. એ મહાત્માના સંગથી મને સત્યજ્ઞાન થયું છે અમે કહી તેણે આનંદની ધૂનમાં નીચેનું પદ ગાયું.

(રૂડી શરદ પૂનમની રાત રે સુંદર વેણ વાગે,

વેણ વાગે-એ રાગ)

હાંરે હરિ ભજન કરો નરનારી રે નિત જઈ, સત્સંગમાં,
સત્સંગમાં હાંરે મન પ્રભુ ચરણે દો વાળી રે-નિત જઈ-હરિ.
સાખી- ઝાંકળ જળ આ જગતને, મન તું નિશ્ચય ધાર,
ઉડી જાશે રવિ ઉગતાં, પળ નહિ લાગે વાર,
હાં રે કામ,ક્રોધ,લોભ,મોહ દે ટાળી રે-નિત જઈ-હરિ.
સાખી- સુત દારા ને ધન તણો, જીવ તેં માન્યો પાસ;
વિખરાઈ તે તો જશે, જેમ પવને મેઘનો નાશ;
હાં રે મટી જાશે ભય મોતનો ભારી-નિત જઈ-હરિ.
સાખી-સુપના સમ સંસારને, માની લે મન સાથ,
જાગીને દેખીશ તો કાંઇ નહિ આવે હાથ;

હાંરે જુઠા સ્વાર્થને મેલ બાળી રે-નિત જઇ-હરિ.
સાખી-જગ માયાનું પુર છે, જીવ સહુ ડુબી જાય,
સંત સમાગમ જો કરે, તો સર્વેથી તરાય;
હાં રે કહે છે વેદ પુરાણ પોકારી રે-નિત જઇ-હરિ.
પ્રેમ વિના રીઝે નહિ, પોતે શ્રી જગન્નાથ,
શુભ આચાર વિચારને, રાખો મન સંગાથ;
હાં રે જુવો સત્યાનંદ બલિહારી રે-નિત જઇ-હરિ.

ગુરુ શિષ્ય સંવાદ સત્સંગપ્રકાર નિરુપણ
નામનો પ્રથમ વિશ્રામ સંપૂર્ણ.

જય ગુરૂદેવ

મનુષ્ય કર્તવ્ય

શ્રી ઇશ્વર પ્રાર્થના

લલિત છંદ

सकल विश्वना नाथ रे तमे शरण आव्रीने वंदीये अमे
मनुष्य अल्प ते शुं करे स्तुति गहन तारी छे प्रभु गती
नियम तें प्रभु जे कीधा हशे तदनुसार तो ते क्रीया थशे
नहीं कदी फरे ए करे रती गहन तारी छे रे प्रभु गती
जीव जनो घणा यत्नने करे तदपी आदर्युं तारु ना फरे
अती तमारी छे रे चमत्कृती गहन तारी छे रे प्रभु गति
क्षणज मात्रमां शुं थशे अहीं दीन अमें जीवो जाणीए नहीं
अनुग्रहो करो दास पर अति गहन तारी छे रे प्रभु गति
विकट पंथ छे विश्वमां घणो सकल आसरो छे दयातणो
सबल सत्य छो सर्वना पति गहन तारी छे रे प्रभु गति
धन जुवानीनो व्यर्थ गर्व छे तुज कृपा विशे अर्थ सर्ब छे
प्रभु सुणो तमें नम्र विनती गहन तारी छे रे प्रभु गती

બીજે દિવસે પ્રાતઃકાળમાં બન્ને પતિપત્ની શૌચ-સ્નાનાદિથી પરવારી યોગાશ્રમ તરફ મહાત્માના દર્શનાર્થે ચાલ્યાં.

એક સુગંધિત પુષ્પોનો હાર તથા ભેટને માટે શ્રીફળ લઇ ત્વરાથી તેઓ દૈવી ભૂમિ પર આવી ગયાં. ત્યાં આવીને જુએ છે તો મહાત્મા પ્રાણાયામનો અભ્યાસ કરતાં હતા. એટલે દંપતી તે જગ્યાની રમણિયતા નિહાળવા લાગ્યા.

સ્ત્રી - સ્વામીનાથ, હું કયાં ઊભી છું? અહા! સાક્ષાત દેવીભૂમિ કહેવામાં આવે છે તે આ જ હશે કે શું? તમારી દૃષ્ટિને ચોમેર એક સરખી રીતે ફેરવો. ધરતી મૈયાની વિશાળ પરસાળે કેવો સુંદર લીલછોયો ગાલીચો દેખાય છે અને જુઓ તેમાં નાના મોટાં ઝાડવા અને રંગબેરંગી પુષ્પો, કુણી વેલ સમાન ગુંથાઇ ગયાં છે. જોઇ પેલી સરિતા "અચકો મચકો કારેલી" નો પ્રત્યુત્તર દેતી, ગર્વ ભરી મલકાતા વદને પોતાના પતિગૃહે* સીધાવે છે. આણીગમ જુઓ, પેલા વનચરો અને જળચરો કેવો દુર્લભ આનંદ મેળવી રહ્યા છે?

આવી ઊંચી ટેકરી ચઢતાં મને બહુ જ થાક લાગ્યો હતો પણ ઉપર આવતાં એક ક્ષણ માત્રમાં મારો સર્વ થાક ચાલ્યો ગયો, શાંતિથી સાંભળો. પેલાં વનચરો અને આ સામા કાંઠાની આમ્રઘટામાં ટહુકતી કોયલડીઓ, પ્રકૃતિનું મધુર ગીત ગાઇ રહી છે. અહા, આવા રમ્ય સ્થાનમાં વસનારા આત્મા પણ સુવાસના, સુંદરતા અને પ્રભુતાથી ભરેલાં જ હશે! એટલામાં જ મહાત્માના મુખનો "ૐ જય ગુરૂદેવનો" દવનિ દંપતિના કર્ણે પડયો.

જીજ્ઞાસુ - યુવાને મહાત્માને પુષ્પહાર પહેરાવી શ્રીફળ આગળ મૂકી "જય શ્રી ગુરૂદેવ" બોલી દંડવત્ પ્રણામ કર્યા. તેની સ્ત્રીએ પણ "જય શ્રી સચ્ચિદાનંદ" ઉચ્ચારી પ્રણામ કર્યા.

* સમુદ્રમાં

મહાત્મા - "અખંડ સૌભાગ્યવતી સત પુત્રવતી ભવ." બેન તું શા માટે અત્રે આવી છે?

સ્ત્રી - મહારાજ, આપનાં દર્શનાર્થે, મારા પતિના આજથી આપ ગુરૂ બન્યા છો તેથી મને પણ કંઈક સદ્‌બોધ આપો.

મહાત્મા - પુત્રી, તારે તો पतिरेव गुएस्त्रीणां पतिरेव गति शुभा અર્થાત્ "પતિ એ જ તારા ગુરૂ છે અને પતિ એજ તારી શુભ ગતિ છે." તનથી, મનથી અને ધનથી પતિને જ પરાયણ રહેવું એ સ્ત્રીને મોક્ષ મેળવવાનું દ્વાર છે.

સ્ત્રી - મહારાજ! આપ કહો છો તે જ્ઞાનવાર્તા સાચી છે, પરંતુ શું મૂર્ખ પતિને પણ સ્ત્રીએ પરાયણ રહેવું.

મહાત્મા - હા બેન, તને મારું કહેવું અસત્ય લાગતું હોય તો હું તને ધર્મ ગ્રંથોના પુરાવા આપું. રામાયણમાં અનુસુયા સીતાજીને કહે છે કે:-

-:ચૌપાઇ:-

वृद्ध रोगवश जड धन होना, अंध, बधीर, क्रोधी, अतिदीना
अैसेहु पति कर किय अपमाना, नारी पाय यमपुर दुःखनाना.

સ્ત્રી - મહારાજ, પતિવ્રતા ધર્મ શાને કહેવામાં આવે છે?

મહાત્મા - હે દેવી, પતિના પહેલા ઊઠવું, પતિના સુવા પછી સુવું, પતિની આજ્ઞાનું ઉલ્લંઘન જીવ ગયે પણ કરવું નહિ; ગમે તેવા સંકટમાં પણ પતિને કઠોર વચનો કહેવાં નહિ; અને પતિનાથી છુપી વાત જીવ ગયે પણ રાખવી નહિ. પરપુરૂષ સાથે એક દ્રષ્ટિ જોડી વાત કરવી નહિ. ભાગવતમાં પણ કહેલું છે કે સ્ત્રીઓએ કેવળ પોતાના પતિને જ દેવરૂપ જાણીને તેની તન,મન,ધનથી

સેવા કરવી તથા તેનાં માત,પિતા,બંધુ વગેરે કુટુંબીજનોની પણ આજ્ઞાનું પાલન કરવું. જે સ્ત્રી પોતાનાં પતિને જ વિષ્ણુરૂપ માને છે તે અંતકાળે વૈકુંઠને પામે છે. મનુસ્મૃતિમાં કહેલું છે કે:-

સ્ત્રીઓને માટે પતિ સિવાય બીજો કોઈ યજ્ઞ,વ્રત કે ઉપાસનાદિ વિધાન આવશ્યક છે જ નહિ. પરંતુ કેવળ પતિની જ સેવા કરવી. સુશીલા સ્ત્રીએ કદી મકાનના ઝરૂખામાં બેસી લોકચર્ચા જોવી નહિ.

રજસ્વાલા સ્ત્રીએ ચાર દિવસ દૂર રહી ધાર્મિક પુસ્તક વાંચવા અગર સાંભળવા. તેવો સવડ ના બને તેણે પોતાના મકાનમાં એકાન્ત સેવી શુદ્ધ વિચારોનું પાલન કરવું. ચોથા દિવસે સ્નાન કીધા બાદ પ્રથમ સૂર્ય પૂજન કરવું પછી મકાનના ઊમરાને લીપી કંકુ, ફુલ, ચોખા વિગેરે ચડાવી પૂજન કરવું. પછી પોતાના ગૃહકાર્યમાં લાગવું. વિધવા સ્ત્રીઓએ જેમ બને તેમ એકાહાર કરવો. પૃથ્વી પર સુવું, માથે વાળ રાખવા નહિ, તેલ,અત્તર વગેરેનો કદી ઉપયોગ કરવો નહિ. જેમ બને તેમ પોતાનો ચહેરો બેડોળ રાખવો જોઈએ. કારણકે એથી પર પુરૂષની વિકારી દૃષ્ટિઓ પોતાના તરફ ખેંચાતી નથી અને એથી પોતાનું મન શુદ્ધ રહે છે. હે દેવી, હજુ પણ જો પ્રમાણના દાખલા આપવા બેસીએ તો પાર આવે તેમ નથી. હે દેવી, વળી પુરૂષોએ પણ જેમ બને તેમ પોતાની સ્ત્રીઓ સાથે પ્રેમભાવપૂર્વક વર્તવું. વિના કારણે ખોટા વાંધા ઊઠાવી તેમને કનડગત કરવી નહિ. જરૂર માનજો કે સ્ત્રી એ લક્ષ્મીનો અવતાર છે. જેના ઘેર સ્ત્રીઓ દુ:ખી છે તેમનો આખો સંસાર દુ:ખી જ માનવો. સ્ત્રીઓને તેના માબાપની કેળવણી પુરતી મળતી નથી પણ પરણ્યા કેડે તેના પતિએ જ પોતાને જોઈતી

કેળવણી આપી અને પોતાને ફાવતી બનાવી લેવાની જરૂર છે. પુરૂષ સ્ત્રી બન્ને મળી અરસપરસ પ્રેમભાવથી વરતવું અને સંસાર ચલાવવો. માટે સંક્ષેપમાં તારા પતિની સેવામાં કદી પ્રમાદ કરીશ નહિ. અને સદા સર્વ દોષોથી વિરક્ત રહેજે; એટલે તું અંતે મોક્ષ ગતિને પામીશ, બેટા જા, હવે તારા ગૃહકાર્યમાં પ્રવૃત્ત થા. એમ કહી મહાત્મા મૌન રહ્યા. સ્ત્રી વારંવાર ગુરૂદેવને નમસ્કાર કરી ચાલતી થઇ એટલે પુરુષ પોતાના ગુરૂદેવ પાસે જઇને બોલ્યો.

શિષ્ય - હે ગુરૂદેવ, ગઇ કાલે મેં આપને પ્રશ્ન કર્યો હતો કે આ મનુષ્ય દેહે શું શું કર્મ કરવાં? તે વિષે આપ કૃપા કરીને કહેશો?

ગુરૂ - હે શિષ્ય, જેમ બને તેમ સારા બ્રહ્મનિષ્ટ તથા બ્રહ્મશ્રોતિય ગુરૂ કરી તેમની પાસેથી અષ્ટાંગ યોગનો અભ્યાસ કરવો.

શિષ્ય - હે ગુરૂદેવ, અષ્ટાંગ યોગ શાને કહેવાય છે તે આપ સમજાવશો ?

ગુરૂ - હે શિષ્ય, જેના વડે પ્રાણ અને અપાનની એકતા થાય છે, ચિત્તની અને આત્માની એકતા થાય છે, જીવની અને ઈશ્વરની એકતા થાય છે એને યોગ કહેવામાં આવે છે. એનાં આઠ અંગ અર્થાત્ એના આઠ પ્રકારના ભેદ છે તેથી અષ્ટાંગ યોગ કહેવાય છે.

શિષ્ય - મહારાજ, એ આઠ અંગો કયાં કયાં છે તે મને કહો.

ગુરૂ - હે ભાઈ, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. તે પૈકી બે અંગોનું હું વર્ણન કરું છું. બાકીનાં છ અંગોને આગળ કહી બતાવીશ.

હે વત્સ, યમ પાંચ પ્રકારના છે અને નિયમના પાંચ પ્રકાર છે, તે તું લક્ષપૂર્વક સાંભળ. કેમ કે જેવી રીતે મેડા ઉપર ચઢનારને પ્રથમનાં પગથીઆં ખાસ જરૂરનાં છે તેમ આ મનુષ્યદેહના કર્તવ્યમાં યમ અને નિયમ એ ખાસ જરૂરના છે. યમ અને નિયમ પુરૂષે તથા સ્ત્રીએ દરેકને જાણવાના છે અને તેને બરોબર સમજી લઈ પોતાના નિત્યના આચારમાં મુકાવાના છે. યમના પાંચ પ્રકારમાં અહીંસા,સત્ય,અસ્તેય,બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. તેમાં મનથી,વાણીથી,શરીરથી કોઈપણ જીવને દુ:ખ નહિ દેવું, દરેકના ઉપર દયાભાવ રાખવો, દરેક જીવોને પોતાના જ ભાઈ ભાંડુ સમાન ગણવા. બની શકે તો પક્ષીઓને ચપટી દાણા નાખવા, તેમને પાણી પીવા કોઈ ઝાડે અથવા બીજી કોઈ જગ્યાએ કુંડા લટકાવી પાણી રેડવું; વિના કારણ કોઈ પક્ષી પોપટ આદિને બંધન નહિ કરવું. કેમ કે જેવી રીતે આપણને જેલમાં રહેવાથી દુ:ખ થાય છે એવી જ રીતે પક્ષી તથા પશુઓની સ્વતંત્ર ગતિ રોકી બંધન કરવાથી તેમને પણ દુ:ખ થાય છે. બની શકે તો કોઈએ બંધન કરેલા જીવને પણ શરીરથી અથવા પૈસાથી મુકત કરાવવો. શ્રીકૃષ્ણ પરમાત્માની પણ મુખ્ય આજ્ઞા એ જ છે કે તમે પશુ, પક્ષી, જીવજંતુ તમામ ઉપર દયાભાવ રાખો. જે કોઈ જીવને કશી વાતે દુ:ખ દેશે નહિ તે જ મને વહાલો છે. માટે હે શિષ્ય, બની શકે તેટલું અહીંસાનું પાલન કરવું; હવે સત્ય વિષે સાંભળ; પ્રથમ તો જીવ જાય વા ગમે તે થાય તો પણ અસત્ય બોલવું નહિ. સત્ય બોલવું, સત્ય ચાલવું, સત્યથી લેવું, સત્યથી દેવું, દરેક વહેવાર સત્યથી જ ચલાવવો. કેમકે સત્ય સમાન બીજું કોઈ તપ નથી. અર્થાત્ સત્ય એ જ તપરૂપ છે. મન, વાણી અને શરીર એ ત્રણ પ્રકારે સત્યનું પાલન કરવું. તેમ સર્વ પ્રાણીઓને હિતકારક ભાષણ

બોલવું કેમ કે કોઈ જીવને કલેશ વા દુ:ખ થાય નહિ એવું બોલવું એ સત્ય હોય તો પણ અસત્ય સમાન ગણાય. માટે હિતકારક અને કોઈ જીવના મનને દુ:ખ થાય નહિ એવું પ્રિય બોલવું આ વાચાનું સત્ય છે. ચિત્તથી કોઈ જીવનું અનિષ્ટ એટલે ખોટું થવાનું ચિન્તવન કરવું નહિ. તેમ દરેક જીવોનાથી પ્રીતિભાવ રાખવો એ મનનું સત્ય છે. પોતાના શરીર વડે કોઈ પ્રાણીને કલેશ કરવો નહિ તેમ વ્યભિચાર આદિ અશુભ કર્મોનો વ્યવહાર કરવો નહિ એ શરીરનું સત્ય છે. સત્યને માટે મહાભારતમાં લખ્યું છે કે :-

॥ श्लोक ॥

सत्यं स्वर्गस्य सोपानं पारावारस्य नौरिब ।
नच पावन तम किंचित् सत्यादध्यगमं कचित् ॥

અર્થ - પ્રજાપતિ એટલે બ્રહ્માજી દેવતાઓને કહે છે કે હે દેવો, સત્ય એ સ્વર્ગમાં જવાની સીડી છે અને સત્ય એ જ સંસાર સમુદ્રમાંથી તારનારી નૌકા છે, મેં ચૌદ ભુવનોમાં ફરીને જોયું તો પણ સત્યથી બીજી કોઈ પવિત્ર વસ્તુ મારા જોવામાં આવી જ નહિ. અથર્વવેદના મુંડક ઉપનિષદમાં લખેલું છે કે :-

॥ श्लोक ॥

सत्वमे विजयते नानृतं सत्येन पंथा विततो देवयानः ।

અર્થ - સત્યની સર્વત્ર જય થાય છે. અસત્યની નહિ. સત્યથી ઉપાસક લોકો દેવયાન માર્ગથી મોક્ષ સુખને પામે છે. આગળના ઈતિહાસો પુરાવા આપે છે. હરિશ્ચન્દ્ર આદિ કેટલાક રાજાઓએ શરીરે મહાન સંકટ વેઠીને પણ સત્યનું પાલન કરેલું છે. હવે અસ્તેય એ છે કે પરાઈ વસ્તુ માલિકને પૂછ્યા સિવાય લેવી નહિ અને સર્વ પ્રકારના મૈથુનોનો પરિત્યાગ કરવો એ બ્રહ્મચર્ય છે; અને જરૂર

ઉપરાંતની વસ્તુઓનો સંગ્રહ કરવો નહિ, તે અપરિગ્રહ. હે શિષ્ય, આ મેં તને યમના પાંચ પ્રકાર સમજાવ્યા.

હવે નિયમ વિષે સાંભળ. નિયમના પણ પાંચ પ્રકાર છે. શૌચ, સંતોષ, જપ, તપ અને ઈશ્વર આરાધન. તેમાં શૌચ બે પ્રકારનાં છે. એક બાહ્ય શૌચ બીજો અંતર શૌચ-બાહ્ય શૌચ એ છે કે દિશાએ જઈ માટીથી હાથપગ વગેરે ધોવાં. અને મનથી સદાય પવિત્ર વિચારો કરવા, કોઈનું બુરું ચાહવું નહિ, ઈશ્વરનું અહોનિશ રટણ કરવું: એ અંતર શૌચ છે. સંતોષ એ છે કે જે કાંઈ વિભૂતિ આપણને પ્રાપ્ત થઈ છે તેને ભોગવીને આનંદ માનવો. તૃષ્ણાને બિલકુલ વધવા દેવી નહિ, પ્રારબ્ધયોગે ધન, સ્ત્રી, પુત્ર વગેરે જે વસ્તુ મળી આવે તેમાં આનંદ માનવો અને એકાદશી, ચાંદ્રાયણ આદિ વિધિપૂવર્ક વ્રત કરવાં એ તપ છે. પોતાના ઈષ્ટ દેવનો મુખ્ય મંત્ર હોય તે અથવા ગાયત્રી, વા ૐકાર આદિ પવિત્ર મંત્રનો વારંવાર ઉચ્ચાર કરવો એ જપ છે. ઈશ્વર આરાધન બે પ્રકારથી થાય છે. પ્રથમ તો પોતાના ઈષ્ટદેવની અથવા ગુરૂની મૂર્તિ વ છબી કોઈ સારી પવિત્ર જગ્યાએ મૂકી તેને ધૂપ, દીપ, નૈવેદ્ય આદિ ધરાવી આરતી કરવી. પછી તે ઈષ્ટમૂર્તિ પ્રત્યે પ્રાર્થના કરવી કે પ્રભો ! મને સદ્‌બુદ્ધિ આપો, જેથી હું આગળ વધી શકું. એવી લાંબો વખત શુદ્ધ મનની પ્રાર્થના કરવાથી જરૂર તે ઈષ્ટદેવ યોગ્યતા મેળવી આપશે એટલે આ વ્યવહારી પ્રવૃત્તિમાંથી તેટલો વખત મન રોકાશે. મનની વૃત્તિમાં તેમાં બરોબર લાગી જાય એટલે પછી માનસિક પૂજાનો વિધિ શરૂ કરવો. માનસિક પૂજા શી રીતે થાય છે તે સંબંધે એક ઈતિહાસ મને યાદ છે, તે તું સાંભળ. પછી તેનું મનન કરી તે પ્રમાણે નિત્ય આચરણ કર્યે જજે.

શ્રી પતિતપાવન ગંગા નદીના કાંઠાના રમ્ય પ્રદેશમાં એક મહાત્મા પત્ની સહિત રહેતા હતા. તેમની પાસે એક શિષ્ય હતો તે ગુરૂભક્તિમાં શ્રેષ્ઠ પંક્તિનો ગણાતો. તે પોતાના ગુરૂની પિતા તરીકે અને ગુરૂપત્નીની માતા તરીકે શુદ્ધ પ્રેમથી સેવા બજાવતો હતો. ગુરૂએ તેને તમામ વિદ્યાથી નિપૂણ કર્યો. માત્ર એક બ્રહ્મવિદ્યા જ શીખવાડવાની બાકી રહી હતી. એવામાં એક વિઘ્ન આવી પડ્યું. ઋષિ અને ઋષિપત્ની બન્નેનાં શરીર અકાળે ઘણાં જ જર્જરીભૂત થઇ ગયાં હતાં. તેઓ ઘણાં કાળથી આ પૃથ્વી પર દીર્ઘાયુષ્ય ભોગવતાં હતાં અને સતકર્મથી દિવસ વ્યતિત કરતાં હતાં. આખરે ગમે તેટલું છતાં પણ પરિણામને પામનાર આ પંચભૂતમય શરીર તો નાશવંત જ છે. એટલે તેનો અવધિ આવ્યો. સમાધિ દ્વારા ઋષિએ જાણી લીધું કે હવે થોડા સમયમાં આ શરીર પડશે. એક દિવસ એ મહાત્મા એક પવિત્ર આસન પર સૂતા હતા. તેમની પત્ની એક બાજુ પર બેઠાં હતા. શિષ્ય તેમના ચરણની સેવા કરતો હતો, સર્વ તપોવન અને તેમનો આશ્રમ કેવળ શાંત પડી ગયાં હતાં, રાત્રી આશરે દોઢ એક પ્રહર વિતી ગઇ હશે એવામાં એ બ્રહ્મનિષ્ટ ગુરૂદેવ એકાએક બોલી ઉઠયા કે અયે સાધ્વી, તમને કાંઇ યાદ છે ? આજથી ત્રણેક માસ ઉપર મેં તમને કહ્યું હતું કે હવે થોડા કાળમાં આ સંસાર પ્રદેશ પ્રત્યેનો આપણો લાંબો પ્રવાસ સમાપ્ત થશે, તે દિવસ આજે આવ્યો છે. માટે શિઘ્રતાથી પ્રવૃત્ત થાવ અને ભવબંધનમાંથી સ્મરણ માત્રમાં મુકત કરનાર પરમાનંદદાયક શ્રી હરિના મંગળચરણનું અંતઃકરણમાં ધ્યાન ધરી લો અને કેવળ એક આત્માને જ હૃદયમાં ચિંતવી મનની સર્વ વૃત્તિઓને તેમાં લીન કરો, ઉતાવળથી સર્વ ઇન્દ્રિયો સહિત દેહને ગંગાસ્નાનથી શુદ્ધ કરી, દર્ભ, ગોમય ઇત્યાદિકથી આસન કરવા

યોગ્ય પૃથ્વીને પવિત્ર કરો અને આપણા હોત્રના અગ્નિને છેલ્લા નમસ્કાર કરો, તેનું પૂજન કરો અને આ દેહથી, વાણીથી કિંવા મનથી યત્કિંચિત્ પણ જાણે વા અજાણે થયેલા પાપને તદ્દન ભસ્મ કરવા માટે અગ્નિદેવને પ્રાર્થના કરો. પછી સ્વસ્થ, શાન્ત અને વસ્તુઓથી નિસ્પૃહ થઇ પરમાત્મા સાથે આત્માનું ઐક્ય કરી આ દેહના સંગથી સદાને માટે છુટાં થાવ. કેમકે હવે એ અજર, અમર, અવિનાશી આત્માને આ દેહનું કામ નથી, હવે એ આત્મા કોઇ અલૌકિક દેહ ધારણ કરશે અને થોડીવાર પછી કોઇ દિવસ નહિ જોયેલા એવા અદ્દભુત અને પુણ્યમય લોકોને એ જોશે. આટલું કહી ઋષિ તરત બેઠા થયા અને જાણે વિદેશ જવાને તૈયારી કરતા હોય તેમ ચાલો ચાલો હવે ઉતાવળ કરો. હમણાં મધ્યરાત્રી થશે એમ બોલતા હાથમાં કમંડલુ લઇને ગંગાસ્નાન કરવા ગયા. ઋષિપત્ની ઊઠયાં અને પતિના કહેવા પ્રમાણે સઘળી તૈયારી કરવા માંડી. એકાએક આવો પ્રકાર જોઇ ને શિષ્ય કે જે પૂર્ણ પ્રેમથી ગુરૂની અને ગુરૂપત્નીની સેવા કરતો હતો તે બહુ જ આશ્ચર્ય પામ્યો અને ગુરૂજી આ શું બોલ્યા, હજુ તો માત્ર દોઢ પ્રહર રાત્રી ગઇ છે અને સ્નાનાર્થે જવાને તો હજુ બે પ્રહરની વાર છે છતાં હમણાં તેઓ કયાં જવાની તૈયારી કરે છે ? એવો વિચાર કરે છે એવામાં વળી પાછા ગુરૂ જાણે કાંઇ ભૂલી જતા હોય તેમ એકાએક સ્મરણ કરીને બોલી ઊઠયા કે હે સુભગે, મને એક વાત યાદ આવી છે તેનો હાલને હાલ અમલ કરો. અપુત્ર મનુષ્યે જો તે વિવેકી હોય તો પોતાનું બ્રહ્મનિષ્ઠપણાનું જ્ઞાનરૂપી ધન કોઇ સુપાત્ર શિષ્યને અર્પણ કરવું જોઇએ માટે મને પણ આપણા પવિત્ર પુત્રરૂપ શિષ્યને તે દાન આપવાની જીજ્ઞાસા થઇ છે. આ સાંભળી તેમનાં પત્ની બોલ્યાં કે સ્વામીનાથ મારી પણ એજ માગણી હતી. કેમ કે

એણે પોતાના પિતા કરતાં પણ વધારે આપની અને માતા કરતાં પણ વધારે મારી સેવા કરેલી છે, માટે એને બ્રહ્મવિદ્યા શીખવાડો. પછી ઋષિજીએ શિષ્યને કહ્યું કે હે શિષ્ય, તું તારી માતૃરૂપ ગુરૂપત્નીની સાથે શિઘ્રતાથી ગંગાસ્નાન કરી આવ. એ સાંભળી બન્ને સ્નાન કરી આવ્યાં એટલે ગુરૂપત્ની અગ્નિદેવને ઔસાન આહુતિની તૈયારી કરવા લાગ્યાં. એટલામાં ગુરૂ બોલ્યા, હે વત્સ, તું અહીં આવ ને મારી ડાબી બાજુએ દર્ભાસન ઊપર પદ્માસન વાળી બેસ. શિષ્ય ગુરૂના કહેવા પ્રમાણે બેઠો, એટલે ગુરૂએ ઉપદેશ શરૂ કર્યો. ભાઇ, સૌ કરતાં શ્રેષ્ઠ વસ્તુ મારે તને આપવાની છે. તે શ્રી હરિની પૂર્ણ કૃપા સિવાય બીજા કોઇને મળી શકતી નથી. મને એમ સમજાયું છે કે તું કંઇક એ કૃપાને પાત્ર બન્યો છે. તારા જમણા પગને ડાબા પગની સાથળ પર મૂક અને ડાબાને જમણી સાથળના મૂળમાં મૂક એવી રીતે પદ્માસન વાળી બેસ. દ્રષ્ટિને નાસિકાની અણીપર જોડી દે, હાથ બન્ને ચત્તા કરી સાથળોના મૂળમાં મૂકી દે. મુખ બંધ કર પછી નાસિકાથી ધીરે ધીરે શ્વાસ લે, આ ચિત્તવૃત્તિ સ્થિર કરવાની ક્રિયા છે. તારા હૃદયની અંદર પ્રથમ દિવાની શિખાની કલ્પના કર પછી સૂર્ય જેવું તે તેજોમય બિંબને જો. તે બિંબના મધ્યમાં એક સુંદર સુકોમળ તથા રકતવર્ણની સહસ્ત્ર પાંખડીઓવાળું સંપૂર્ણ ખીલી રહેલું કમળ છે તે જો. એ કમળના મધ્યમાં એક ગોળાકાર તપોવન તને જણાશે તે જો. એ વનમાં નવીન તૃણોથી પૃથ્વી કેવી લીલી શોભાયમાન લાગે છે તે જો ને દિવ્ય ભૂમિપર અનેક પ્રકારના મંગલપુષ્પ, વૃક્ષો તથા આમ્રાદિક ફલ વૃક્ષોનું અવલોકન કરજે; તે વનની મધ્યમાં એક સુશોભિત પુષ્પથી ઝુકી રહેલું કદંબ વૃક્ષ તને જણાશે. પાનથી તથા ડાળીઓથી તથા ફૂલના ગોટાથી ઘટાવ થઇ રહેલું છે તે જો. એ

કદંબની છાયામાં ચારે બાજુ તૃણાંકુરોને ચરતી સુંદર યુવાન હૃષ્ટપુષ્ટ શરીર-વાલી ગૌર શ્વેત શ્યામરંગવાળી ગાયોને તું જો એ ધેનુના મધ્યમાં અને કદંબની પાસે એ સોડષ વર્ષના સુંદર બાળકનાં દર્શન કરજે. એ બાળકનું શરીર તેજોમય અને દિવ્ય છતાં તેનો રંગ આસાડ માસમાં ચઢી આવતાં જળ ભરેલાં વાદળાં જેવો ઘનશ્યામ તને જણાશે તે જો. સમય બરોબર મધ્યાનનો કલ્પજે. એ બાળકનાં સર્વઅંગ અતિ કોમળ અને ઘણી સુંદર આકૃતિવાળાં લલિત લાલિત્યથી ભરપૂર છે. એ મંગલમય બન્ને ચરણમાં રત્નજડીત નુપુરો શોભી રહ્યાં છે. કટિએ અતિ દિવ્ય પીતાંબર પહેરેલું છે. કાનના કંઠમાં મુકતાફળોની માળા બિરાજી રહેલી છે. કાનમાં મકરાકૃતિના મણિજડિત કુંડળો શોભી રહ્યા છે. માથે મોર પીછાંનો મણિજડિત મુકુટ શોભી રહ્યા છે. એ મનહર મૂર્તિ મંદ મંદ હાસ્ય કરે છે. મુખ કમળની શોભાનું દર્શન કરતાં જરા પણ ધરાઇશ નહિ. નખથી શિખાપર્યંત ધીમેથી એ મનહર મૂર્તિનાં દર્શન કરજે. પછી મનોમય જળ વડે એમના ચરણાર્વિંદને પ્રક્ષાલન કરજે. પછી અતિ સુંવાળા ને સ્વચ્છ વસ્ત્ર વડે એ ચરણકમળ લુછી નાંખજે. તે પર મનોમય કેસર કસ્તુરી આદિનો લેપ કરજે પછી તારા કલ્પેલા એ જંગલમાંથી જુઇ, જાઇ, કેતકી, ગુલાબ, મરવો, મોગરો, ચંપો આદિ પુષ્પો લાવી ચરણમાં ચડાવજે અને બાકીના ફુલોની એક સુંદર માળા બનાવી એ તેજસ્વી મૂર્તિને અર્પણ કરજે. પછી મનોમય ધૂપદિપ કરી કદળી,દાડમ,જમરૂખ,કેરી વગેરે સુંદર અને સ્વાદિષ્ટ મેવા લાવી નૈવેદ્ય ધરાવજે. મનોમય દીપક વડે તેમની આરતી ઉતારજે. મનોમય ખોબામાં પુષ્પ ભરી પૂર્ણ પ્રેમે તેમને વધાવી લેજે પછી બંને હાથ ભેગા કરી મુખેથી પ્રાર્થના કરજે કે, "હે પરબ્રહ્મ પરમ

તત્વરૂપ, શાન્ત, નિરંજન, આનંદઘન, સર્વેશ્વર, શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ, હે ગોપાલ, હે ગોવિંદ, હે શ્રીકૃષ્ણ, મુરારી, હે અંતર્યામી પરમાત્મા હું આપને પૂર્ણ પ્રેમસહ નમસ્કાર કરું છું, હે પ્રભુ, આપ એકલા જ અશરણના શરણ છો. આપ જ સર્વના અંતઃકરણમાં પ્રકાશી રહ્યા છો. હે પરમાત્મા, આપ જ સૌથી પર છો, હે જીવનના સાક્ષી, અતિ વારંવાર હું આપને સાષ્ટાંગ નમસ્કાર કરું છું. આપ મારાં કોટિક પાપો અને અપરાધોનો નાશ કરી આપની સાચી ભક્તિ આપો.

એ પ્રમાણે તે પરમાત્માની સ્તુતિ પૂજા કરી નખથી તે શિખા પર્યંત તે મહામંગળ મૂર્તિનાં દર્શન કરજે. કારણકે એજ આખા વિશ્વમાં વ્યાપી રહેલું ચૈતન્ય છે, સહસ્ત્ર હાથવાળું, સહસ્ત્ર શિરવાળું એ બ્રહ્મસ્વરૂપ છે. એને કાન નથી છતાં સર્વ સાંભળે છે, મુખ નથી છતાં મહાન વક્તા છે. આંખ નથી છતાં સર્વ દેખે છે. એવા એ વિશ્વવ્યાપી અંતરાત્માને પૂર્ણ પ્રેમસહ અનેકવાર નમસ્કાર કરજે. એટલું કહી ગુરૂદેવ સમય નજીક આવવાથી ઊભા થઈ ગયા અને પોતે તથા પોતાનાં ધર્મપત્ની બિછાવેલા દર્ભાસન પર પદ્માસનવાળી બેસી ગયાં, બંનેએ સાથે જ પ્રાણાયામ કરી પોતાના આત્માને બ્રહ્મરંધ્રમાં ચઢાવી દીધો. મધ્યરાત્રી વીતી ગઈ છે, સર્વ સ્થળે શાન્તિ પથરાઈ છે, પવન બંધ પડયો છે, આખું જગત શાન્ત બની ગયું છે. એવામાં એકદમ બન્ને દંપતીનાં બ્રહ્માંડ ફટોફટ ફાટયાં અને તેમાંથી એકદમ દિવ્ય પ્રકાશ આકાશમાર્ગે વાજીંત્રોના નાદથી ચાલતો થયો. આશ્રમમાં ચોતરફ અંધકાર ફેલાઈ ગયો. એટલામાં શિષ્ય નેત્રો ઉઘાડી અતિ હર્ષભેર પોતાના ગુરૂને નમસ્કાર કરવા જાય છે ત્યાં તો ગુરૂ તથા ગુરૂપત્ની બન્ને

શબવત્ બેઠેલાં જોયાં. આ વિલક્ષણતા જોઇ તે મહા ધાડુ રુદન કરવા લાગ્યો. પછી પ્રાત:કાળ થતાં બન્ને શબની યથાયોગ્ય વ્યવસ્થા કરી પોતે ગુરૂના ઉપદેશ મુજબ ફરી પાછો પહેલાંની માફક ધ્યાનમાં બેસી બ્રહ્માનંદ સુખ અનુભવવા લાગ્યો.

આટલો ઈતિહાસ કહી યોગાશ્રમવાળા મહાત્મા શિષ્ય પ્રત્યે કહેવા લાગ્યા કે હે ભાઇ, આનું નામ માનસિક ધ્યાન છે. આવી રીતે દરરોજ અભ્યાસ કરવો જોઈએ. પ્રથમ તો મૂર્તિની પૂજા કરતાં શીખવું, એ પૂજામાં બરોબર ચિત્ત દ્રઢ થઇ જાય ત્યારબાદ આ માનસિક ધ્યાન કરતાં શીખવું, માનસિક ધ્યાનમાં ચિત્ત, તેલ ધારાની માફક સ્થિર બની જાય તો પછી યોગાભ્યાસમાં લગાડી દેવું, અર્થાત્ નિર્વિકલ્પ સમાધિ કરવી. આટલી બાબતોનો અનાદર કરી અર્થાત્ છોડી દઈને પરભાર્યો યોગાભ્યાસ અથવા બ્રહ્મકાર વૃત્તિ કરવા જાય છે તે ઊંચા ઝાડના ફળને અદ્ધરથી લેવા પ્રયત્ન કરે એવું છે, અથવા તો જેમ મેડા ઉપર કુદકો મારીને ચઢે તેવું છે. માટે પૂર્ણ પ્રેમભાવથી મૂર્તિની સેવા કરવી. જો મૂર્તિમાં શ્રધ્ધા બેસે તો જ બહાર પણ પ્રેમ થશે. જો મૂર્તિમાં મન સ્થિર થશે તો જ આત્મધ્યાનમાં થશે. માટે મનનો વેગ અટકાવી તેને એક જગ્યાએ ઠરાવવા મૂર્તિ પૂજા એ એક સાધન છે. હા, માનસિક ધ્યાનવાળાને મૂર્તિ પૂજાની જરૂર નથી અને યોગાભ્યાસવાળાને માનસિક ધ્યાનની જરૂર નથી. પણ પ્રથમ ચઢતા જીવને તો બધાની જરૂર છે માટે સૌ સૌની હદમાં જ રહેવું. જો હદનો પરિત્યાગ થશે તો ત્રિશંકુના જેવી ગતિ થશે. " નહિ ભૂમિના અને સ્વર્ગના " હે શિષ્ય, આ મેં તને યમ અને નિયમ સંબંધે ચોખ્ખી રીતે સિદ્ધાંતથી તેમજ દ્દષ્ટાંતથી સમજાવ્યું. તે તો અહોનીશ પાળે જજે. ભૂલેચૂકે પણ

યમનિયમના પાલનમાં પ્રમાદ કરીશ નહિ. આટલું કહી તે મહાત્મા મૌન થયા.

શિષ્ય - અહા! હે ગુરૂદેવ! આજે આપે જ્ઞાનરૂપી અમૃતનો મારા ઉપર વરસાદ વરસાવ્યો છે. આજના આનંદનું વર્ણન થઇ શકે તેમ નથી. આપનો હું અત્યંત આભારી છું. આનો બદલો તો મારે આપની સેવા થકી જ વાળવો જોઇએ. હે મહારાજ, આપે જે યમનિયમ કહ્યા, તેનું બરાબર પાલન કરવાથી શો લાભ થાય છે તે કૃપા કરી કહેશો?

ગુરૂ- હે શિષ્ય! અહિંસાનું બરાબર પાલન કરવાથી આધિભૌતિક દુ:ખ થતું નથી અર્થાત્ સાપ, વીંછી, કૂતરા, શીયાળવાં, ઢોરાં વગેરે જીવો શરીરને પીડા કરી શકતાં નથી. બરોબર જો સત્યનું પાલન થાય, કદી અસત્ય ન બોલવામાં આવે, શુદ્ધ મને છ વરસ સારી રીતે અખંડિત સત્યનું પાલન કરે તો અમોઘ વાણી અર્થાત્ પોતે કહે તેમ થાય. જો અસ્તેયનું પાલન શુદ્ધ દીલથી કરાય તો લોકોમાં પ્રતિષ્ઠા બંધાય અને પોતે જે મેળવવા ધારે તે મેળવી શકે. જો કોઇ અખંડિત બ્રહ્મચર્યનું પાલન આઠ વરસ કરે તો બળ અને બુદ્ધિનો અગાધ વધારો થાય, શરીર દિવ્ય અને તેજસ્વી બની જાય. કોઇ ગૃહસ્થાશ્રમી હોય તે પણ પોતાની સ્ત્રી રજસ્વલા થઇને નહાય ત્યારે એક મહિનામાં એક વાર બ્રહ્મચર્યનું ખંડન કરી બાકીના દિવસોમાં રૂડી રીતે બ્રહ્મચર્યનું પાલન કરે, તો તેને પણ ઉપરની બાબતો ચિરકાળે જરૂર પ્રાપ્ત થાય. વળી જે પુરૂષ અહોનિશ બ્રહ્મચર્યનું પાલન કરીને પોતાની સ્ત્રી ઋતુથી ન્હાય ત્યારે પાંચમે દિવસે પોતાની જમણી નાડી અને સ્ત્રીની ડાબી નાડી ચાલે, તે વખતે જો ઋતુદાન આપે તો તે

અપુત્ર હોય તોપણ તેને લાંબા આયુષ્યવાળો મહાન ભાગ્યશાળી પુત્ર થાય, પણ કોને કે જે ગૃહસ્થાશ્રમી હોય છતાં પુરૂષ અને સ્ત્રી બન્ને સારી રીતે બ્રહ્મચર્યનું પાલન કરતાં હોય તેને જ. આટલો બ્રહ્મચર્યપાલનમાં મહાન ગુણ છે. જો એક મહિનામાં ન માલમ પડે તો બીજા, ત્રીજા, ચોથા એમ અનુક્રમવાર બાર મહિના સુધી પણ છોડી ન દેતાં ઉપર કહેલી વિધિ પ્રમાણે વર્તશે તો જરૂર તે પુત્રરૂપ સિદ્ધિને પામશે. હવે અપરિગ્રહનું પાલન કરવાથી તૃષ્ણા બિલકુલ રહેતી નથી, મન આનંદિત રહે છે. આ તને યમના પાલનના ગુણ બતાવ્યા.

હવે નિયમના ફળ વિષે સાંભળ. શોચનું પાલન કરવાથી પોતાના તથા પારકા શરીરની મલિનતા સમજવાથી ગ્લાનિ થાય છે, અર્થાત્ મોહ ઓછો થઈ જાય છે, એટલે વૈરાગ્ય થાય છે. સંતોષના પાલનથી અપરિગ્રહની માફક શાન્ત રહેવાથી પરમ આનંદ થાય છે. તપ કરવાથી અણિમાદિક અષ્ટમા સિદ્ધીઓની પ્રાપ્તિ થાય છે. અને જપ કરવાથી જે દેવના જપ કરતા હોય તે દેવનો સમાગમ થાય છે. ઈશ્વરના આરાધનથી સમાધિ દ્વારા મોક્ષ સુદ્ધાં મળે છે, હે શિષ્ય, આ તને યમ નિયમો ફળસહિત કહી બતાવ્યા તેનું સારી રીતે પાલન કરજે. એમ કહી મહાત્મા મૌન થયા.

શિષ્ય - હે ગુરૂદેવ! આપે બતાવેલા યમનિયમ વિષે મને ચોખ્ખી રીતે સમજ પડી. તેનું હું અહોકાળ રૂડી રીતે પાલન કરે જઈશ. પણ આપ જે કહી ગયા કે સમાધિ દ્વારા સુખ મળે છે તે સમાધિ શાને કહેવાય છે. તે આપ કહેશો?

ગુરૂ - વત્સ! જેને સમાધિ સુધીનું જ્ઞાન મેળવવું હોય તેણે

પ્રથમ પોતાનો દેહ એ શી વસ્તુ છે અને તે શાથી બનેલો છે એ વિષે પૂર્ણ માહિતી મેળવવી જોઇએ.

શિષ્ય - હે દયાવાન ગુરૂજી! તો મને તે શરીર વિષે સમજાવો. કેમ કે હવે મને એ સઘળું આપ જ નહિ શીખવાડો તો બીજું કોણ શીખવાડશે? હું આપને જ શરણ છું.

ગુરૂ - હે ભાઈ! હવે મને સમજાયું છે કે તારામાં કંઈ જ્ઞાન બોધનો પ્રકાશ થયો છે. તારું કલ્યાણ થાઓ. આ દેહ શાનો બનેલો છે. એ વિષે રામાયણમાં લખેલું છે:

(ચોપાઇ)

क्षिति जल पावक गगन समीरा, पंच रचित यह अधम शरीरा.

અર્થઃ- રામચંદ્રજી તારાને કહે છે કે, પૃથ્વી, પાણી, અગ્નિ, આકાશ અને વાયુ આ પંચ તત્વોનો દેહ બનેલો છે. તેમાં પ્રથમ આકાશ, પછી વાયુ, પછી અગ્નિ, પછી જળ, પછી પૃથ્વી. આ દેહમાં પાંચ ભાગ પૃથ્વીનાં છે. તેમાં હાડકાં, માંસ, ચામડી, નસો અને રૂંવાટાનો સમાવેશ થાય છે. પાંચ ભાગ જળના છે. વીર્ય, લોહી, લાળ, મૂત્ર અને પરસેવો. પાંચ ભાગ તેજના છે. ભૂખ, તરસ, આળસ, ઊંઘ અને રૂપ. પાંચ ભાગ વાયુના છે. ચાલવું, વળવું, દોડવું, પહોળું થવું અને સંકોચવું. પાંચ ભાગ આકાશના છે. કામ, ક્રોધ, શોક, મોહ અને ભય. આ બધાં મળી પચીસ તત્વોનો આ દેહ બનેલો છે. એમાં દશ ઈન્દ્રયો છે. પાંચ જ્ઞાનન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો. હે ભાઈ, આ જીવને જન્મ મરણના ચકડોળે ચઢાવનારી ઈન્દ્રયો જ છે. જેણે ઈન્દ્રિયોને જીતી તેણે આખું જગત જીત્યું.

શિષ્ય- હે ગુરૂજી! આપે જે પાંચ તત્ત્વો કહ્યા તથા દરેકના પાંચ પાંચ વિભાગો મળી પચીસ થયા તે બધું બરાબર હું સમજી શક્યો; પણ આપ કહો છો કે જેણે ઈન્દ્રિયોને જીતી તેણે આખું જગત જીતી લીધું. તે કેમ બની શકે? ઈન્દ્રિયો કયી અને કેવી રીતે જીતી શકાય?

ગુરૂ - હે જ્ઞાનેચ્છુ! આ ભૌતિક દેહમાં પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. તેને રહેવાની જગ્યા તથા તેના વિષયો અને તેના પ્રેરક દેવતાઓ સહિત હું તને કહી બતાવું છું તે લક્ષપૂર્વક સાંભળ. કર્મેન્દ્રિયોમાં વાણી એટલે જે બોલીએ છીએ તે; તેના દેવતા અગ્નિ છે. પાણી એટલે હાથ; એના દેવતા ઇંદ્ર છે. પાદ એટલે પગ એના દેવતા વિષ્ણુ છે. ગુદા; એના દેવતા યમરાજા છે. પાંચમી ઈન્દ્રિય ઉપસ્થ એટલે લિંગ છે એના દેવતા પ્રજાપતિ એટલે બ્રહ્માજી છે. જે હવે જ્ઞાનેન્દ્રિયો કહું છું. શ્રોત એટલે કાન એનો વિષય શબ્દ સાંભળવાનો છે; એના દેવતા દિગપાળ છે. ત્વચા એટલે ચામડી; એનો વિષય સ્પર્શ છે; એના દેવતા વાયુદેવ છે, ચક્ષુ એટલે આંખ એનો વિષય રૂપ છે. એટલે સારું યા નઠારું જોવું તે, એનો દેવતા અગ્નિ-સુર્ય છે. ચોથી ઈન્દ્રિય જીહ્વા એટલે જીભ છે; એનો વિષય રસાસ્વાદ છે; એના દેવતા વરુણદેવજી છે, પાંચમી ઈન્દ્રિય ઘ્રાણ એટલે નાસિકા છે; એનો વિષય ગંધ છે, એટલે સુગંધ દુર્ગંધનો પારેખ છે. એના દેવતા અશ્વિનીકુમાર છે. હે શિષ્ય, દશ ઈન્દ્રિયો અને એના દશ વિષયો મળીને વીસ અને ચાર અંત:કરણ મળીને ચોવીસ તત્ત્વો બને છે.

શિષ્ય - ગુરૂદેવ ! ઈન્દ્રિયો તથા તેના વિષયો અને દેવતાઓ સહિત હું બરાબર સમજી ગયો, પણ આપે ચાર અંત:કરણ કહ્યાં

તે શી રીતે તે સમવવા કૃપા કરશો.

ગુરૂ - હે પુત્રરૂપ શિષ્ય, પ્રથમ મન છે; એનો વિષય સંકલ્પ વિકલ્પ છે; એના દેવતા ચંદ્રમા છે. પછી બુદ્ધિ; એનો વિષય નિશ્ચય છે. એના દેવતા બ્રહ્મા છે. ત્રીજું ચિત્ત; એનો વિષય ચિન્ત્વન કરવાનો છે, એનો દેવતા નારાયણ છે. અને ચોથો અહંકાર છે; તેનો વિષય અભિમાન કરવાનો છે. એના દેવતા રુદ્ર છે. આ તને અંતઃકરણ ચતુષ્ટ વિષે સમજણ પાડી; હવે જે ઉપર પાંચ જ્ઞાનેન્દ્રિયો કહી ગયા તેના પાંચ વિષયો છે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આદિ છે. એમાંથી મનની આસક્તિ ઉઠાવી લેવી એને માટે ગીતાજીમાં લખેલું છે કે:-

॥ श्लोक ॥

यततोह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः
इन्द्रियाणी प्रमाथीनी हरंति प्रसभंमनः

(गीता. अ. र.)

અર્થ- શ્રી કૃષ્ણ ભગવાન કહે છે. હે અર્જુન, બળવાન ઈન્દ્રિયો તેનો નિગ્રહ કરવાને મથતા મનુષ્યના મનને પરાણે પોતાના વિષયો તરફ ખેંચી જાય છે. માટે હે શિષ્ય; મનુષ્ય માત્રે વિષયાધીન થવું નહિ.

શિષ્ય - હે ગુરૂજી ! આપના ઉપદેશથી અંતઃકરણ ચતુષ્ઠય, તેના અધિષ્ઠાતા દેવો સહિત હું સારી રીતે સમજી શક્યો. વળી આપ કહો છો કે મનુષ્ય માત્રે વિષયાધીન થવું નહિ તો એને આધીન થવાથી શું નુકશાન થાય છે એ વિષે આપ સમજાવશો.

ગુરૂ - હે વત્સ ! જે જીવ વિષયાધીન થઇ જાય છે તેની કેવી સ્થિતિ થાય છે તે વિષે સાંભળ. જગતમાં વિષય પાંચ છે અને

તેને ભોગવનારી ઈન્દ્રિયો પણ પાંચ છે. તેમાં શબ્દ, આકાશથી ઉત્પન્ન થયા છે, એની ઈન્દ્રિય કાન છે, સ્પર્શ વાયુથી ઉત્પન્ન થયો છે, એની ઈન્દ્રિય ત્વચા એટલે ચામડી છે. રસ વિષય જળથી ઉત્પન્ન થયો છે, એની ઈન્દ્રિય જીહ્વા છે. ગંધ પૃથ્વીથી ઉત્પન્ન થયો છે, એની ઈન્દ્રિય નાસિકા છે. રૂપ વિષય સુર્યનો છે, એની ઈન્દ્રિય નેત્ર છે. એ પ્રત્યેક વિષયો પોતાને આધીન થનારનો અવશ્ય નાશ કરે છે.

હે ભાઈ ! તારી માફક એક જણાએ પોતાના ગુરૂને પ્રશ્ન પૂછયો હતો. તે ગુરૂએ તેને મુખથી નહિ કહેતા પ્રત્યક્ષ અનુભવ કરાવી આપ્યો હતો. તે ગુરૂ અને શિષ્ય બંને સાંજના વખતે એક નદીના કિનારે ફરવા ગયા. આગળ જતાં એક વિશાળ વડનું વૃક્ષ આવ્યું એટલે ગુરૂદેવ તે વડ નીચે બેઠા અને શિષ્યને આજ્ઞા કરી કે તું પેલા પહાડની સપાટ ભીંત તરફ જ્યાંથી જળ પથરાતું ચાલ્યું આવે છે, ત્યાં આગળ એક મોટી ખીણ છે તેને જઈને જોઈ આવ કે ત્યાં શું બનાવ બને છે. ગુરૂની આજ્ઞા પ્રમાણે શિષ્ય જઈને જુએ છે તો એક સળંગ પથ્થર ઉપર પથરાતા જળથી શુદ્ધ સ્ફટિક શિલા ઉપર આખા વનનું પ્રતિબિંબ એક મોટા આયનામાં દેખાતું હોય તો તે પ્રમાણે જણાતું હતું, ત્યાં એક મદોન્મત્ત હાથી જળ પીવાને આવ્યો. પોતાનું પ્રતિબિંબ નિહાળતાં એના મન સાથે ભ્રમ થયો કે જાણે કોઈ સામી હાથણી છે. એવું માનીને એકદમ વિષયસુખની લાલચે પેલા દેખાતા પડછાયા તરફ દોડયો કે તરત મોટી ઊંડી ખીણમાં તે પડયો. પછી પેલો શિષ્ય ત્યાં જઈને જુએ છે તો બીજા કેટલાક હાથીઓ વિષયની લાલચે મહી પડી મરણ પામેલા તેના જોવામાં આવ્યા. પેલો હાથી બહાર નીકળવાને બહુ જ તરફડીયાં મારી રહ્યો

હતો, પણ તેનાથી બહાર નીકળાયું નહિ. આખરે પેલા બીજા હાથીઓની માફક તે પણ ભૂખે તરસે મહા-દુ:ખ પામી મરણ પામ્યો. આ બનાવથી પેલા શિષ્યને બહુ જ શોક થયો. તેણે સામે ઝાડી તરફ દૃષ્ટિ કરી, ત્યાં તો વળી બીજો એક વિલક્ષણ બનાવ તેના જોવામાં આવ્યો. એક પારધી કાંઇ યંત્ર જેવું મધુર વગાડી રહ્યો હતો. તેનો નાદ સાંભળવાને મૃગોનું ટોળું ભેગું થઇ નાદમાં તલ્લીન થઇ ગયું હતું એવામાં એ દુષ્ટ પારધીએ એક બાણ મારીને એક હરણને મારી ભોંય પર પાડી દીધું; એટલે બાકીનાં નાસી છૂટચાં, આ બનાવ જોઇને તે શિષ્ય ચાલ્યો જતો હતો એટલામાં એક ઢીમરને તેણે માછલાં મારતો દીઠો. તેની પાસે બારીક લોઢાનો કાંટો હતો. કાંટામાં માંસની ગોળી ભેળવીને તે અંદર નાખતો હતો. તે ખાવાને માછલું જેવું મોંમાં લેતું તેવો જ પેલો તિક્ષ્ણ કાંટો મોઢામાં ભોંકાઇ જતો તે નીકળતો જ નહિ ને તરત તે માછી તેને પકડી લેતો. આ બનાવ જોઇને તે વનમાં આગળ જવા લાગ્યો, ત્યાં કમળ પુષ્પોથી ભરેલું સરોવર તેના જોવામાં આવ્યું, આ વખતે સૂર્યાસ્તની તૈયારી હતી છતાં કમળસુગંધના લાલચુ ભમરાઓ તેમાંથી નીકળી શકતા નહિ. એટલામાં જ હાથીઓએ તે કમળોને તોડી ખાવા માંડચા એટલે અંદર પેઠેલા ભમરાઓનો પણ નાશ થઇ ગયો. પછી ત્યાંથી શિષ્ય પોતાના ગુરૂની પાસે આવતો હતો એવામાં એક મોટો મણીધર નાગ રાફડામાંથી બહાર આવીને નદીકાંઠે ફરવા લાગ્યો. તેના માથામાંના મણિના પ્રકાશને લીધે અનેક પતંગીઆં આવી તે સાપના મુખમાં પેસી જવા લાગ્યાં. તે સાપનું પેટ ભરાઇ ગયું કે તરત જ તે તાના રાફડામાં ભરાઇ ગયો. આ બધા બનાવોથી પેલો શિષ્ય બહુ જ ખેદ પામી તમામ હકીકત ગુરૂને કહી એટલે ગુરૂ બોલ્યા, હે ભાઇ; જ્યારે એક એક

વિષય ભોગવનારની આ દશા થાય છે ત્યારે પાંચે વિષયોને જે એક જ પુરુષ ભોગવે છે તેની તો વાત શી કહેવી ? આટલો ઈતિહાસ કહ્યા પછી યોગાશ્રમના મહાત્મા બોલ્યા ભાઈ, આથી તને બરોબર સમજાયું હશે કે વિષયો કેવી રીતે બંધન કરે છે એના માટે વિચારદિપકમાં લખેલું છે કે:-

જીહ્વા, નેત્ર, નાસિકા, આદિ જે ઈન્દ્રિયો છે તે સર્વ કાળ મારા શરીરમાં નિવાસ કરનારા ચોર છે, બલકે ચોરોથી પણ અધિક દુષ્ટ છે. કેમ કે ચોરો જેના આશ્રયે રહે છે તેની ચોરી નથી કરતા પણ આ ઈન્દ્રિયોરૂપી ચોર તો મારા આશ્રયે રહીને મારી જ ચોરી કરે છે. જેવી રીતે ચોરો ધનની ચોરી કરે છે તેવી રીતે આ ચોરો મારું સર્વોત્તમ ભાવરૂપી ધન છે તેને હરી લે છે, અર્થાત્ જે મારું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છે તેને તે દુર્જન ઈન્દ્રિઓરૂપી ચોરો ભૂલાવી દે છે અને પોતાના વિષયરૂપી કાદવમાં રગદોળે છે. એને માટે ભાગવતમાં પણ લખેલું છે કે જીહ્વા પોતાના રસ વિષય તરફ ખેંચે છે. પિપાસા પોતાના વિષય તરફ ખેંચે છે. એમ દરેક ઈન્દ્રિય પોતપોતાના વિષય તરફ ખેંચે છે. જેવી રીતે એક પુરુષને અધિક સ્ત્રીઓ હોય અને દરેક સ્ત્રી તે પુરુષને પોતપોતાના તરફ ખેંચ તેમ આ ઈન્દ્રિયોરૂપી સ્ત્રીઓ પુરુષને મહાન કલેશ આપે છે. તેથી જેમ બને તેમ એ કલેશથી બચવું. કેમ કે વિષયભોગ ક્ષણિક આનંદ આપે છે; પણ પરિણામે મહા દુ:ખરૂપ છે. માટે એના ઉપરથી આશક્તિ ઉઠાવી લેવી, જેથી કલેશનું અર્થાત્ દુ:ખનું જળમૂળ જ ઉખડી જશે.

શિષ્ય- હે ગુરૂદેવ ! આપના અમૂલ્ય ઉપદેશથી મને સારી રીતે સમજાયું છે કે વિષયોને આધીન થનારાની મહા દુર્દશા થાય

છે, માટે તેના ઉપરથી આશક્તિ ઓછી કરી નાખવી, એટલે દુ:ખનો નાશ થઇ જશે. હે ગુરૂદેવ, કૃપા કરીને તે વિષે મને સારી રીતે સમજાવો.

ગુરૂ- હે ભાઇ ! એ દુ:ખનો એવી રીતે નાશ થાય છે કે દરેક વિષયો મનથી તુચ્છ થઇ જવા જોઇએ. એ માટે કવિ સુંદરદાસજીએ કહ્યું છે કે:-

(મનહર છંદ)

धूली जैसौ धन जाके शूली सो संसार सुख,
भूमि जैसी भोग देखै अंतकसी यारी है
पाप जैसा प्रभुताइ साप जैसो सनमान,
दडाइ बिछुअन जैसी नागीनी सी नारी है;
अग्नि जैसो इंद्रलोक विघ्र जैसो विधिलोक,
कीर्ति कलंक जैसी सिद्धि शी ठगारी है;
वासना न कोयवाकी अैसी मति सदा जाकी,
सुंदर कहत ताको वंदना हमारी है;

માટે હે શિષ્ય ! આ જગતમાં પ્રથમ બંધનનું કારણ માત્ર “ હું અને મારું ” એ બે જ શબ્દો છે, જો એ મારું તારું મનમાંથી નીકળી જાય તો જીવને સુખ શાન્તિ મળે. એને માટે એક નાનો ઈતિહાસ છે:

એક શાહુકાર વેપાર અર્થે દેશાંતર ગયો હતો ત્યાં તેને વીસ વરસ થઇ ગયાં છતાં તે પોતાને ઘેર પાછો ફર્યો નહિ. માત્ર કાગળ પરથી ઘરના ખુશી ખબર મંગાવ્યા કરતો હતો. પોતાને ઘેર એક પુત્ર હતો તે નાનો હતો. તેવી સ્થિતિમાં મૂકીને જ તે દેશાંતર ગયો

હતો. ઘણાં વર્ષ વીતી ગયાં છતાં પોતાના પિતા ઘેર આવ્યા નહિ, તેથી તે છોકરે તથા તેની સ્ત્રી બન્ને તે પુરૂષને મળવા નીકળ્યાં. બીજી તરફ પેલા શેઠને પણ વિચાર થયો લાવ હવે તો ઘેર જાઉં, એમ વિચાર કરી તે પણ નીકળ્યો. રસ્તામાં આવતાં રાત પડવાથી પેલો છોકરો તથા તેની સ્ત્રી એક ગામની ધર્મશાળામાં રાત રહ્યાં. આ તરફ તેનો પિતા પણ આવીને તે જ ધર્મશાળામાં ઉતર્યો. બાપ અને દીકરો બન્ને ભેગા ઉતર્યા છે છતાં કોઇ કોઇને ઓળખતા નથી. દૈવેચ્છાથી તે છોકરાને એકદમ કોલેરા થયો આ વેળાએ તેની સ્ત્રી પેલા શેઠને કહેવા લાગી કે હે શેઠજી! જો તમે મારા પુત્રની અત્રે આવી જરા ખબર રાખો તો હું ગામમાં જઇને કોઇ ડોકટરને બોલાવી લાવું. શેઠજી કહે મારે તો થાડી વાર પછી અહીંથી ચાલ્યા જવું છે. કોલેરાવાળા માણસ પાસે કોણ બેસે? એ ચેપી રોગ વાટે જતાં અમને વળગે, તો અહીંયાં અમારું કોણ? મરી જઇએ તો અમારા જીવથી જઇએ, કાં તો અમારા છોકરાના જઇએ એમાં તમારું શું જાય? એમ કહી શેઠ પોતાની ઓરડીમાં પેસી જઇ રસોઇ જમવા બેસી ગયો. તરત જ તે છોકરો મરી ગયો એટલે બીજા કોઇ માણસે કહ્યું કે હે શેઠ! તમેં જમો છો અને સામે મરણ થયું છે, એથી તમને કેમ ખાવાનું ભાવે છે? શેઠ કહે મરી ગયો તો અળગો થયો. અહીં મારે શું નહાવું, નીચોવવું છે? એમ કહી આનંદથી શેઠ જમવા લાગ્યા. એટલામાં પેલી સ્ત્રી વિલાપ કરી રડવા લાગી. હાય, હાય મારું કેવું દુર્ભાગ્ય, મારા સસરાજીનો પણ મેળાપ થયો નહિ! એ અહીંથી ઘણા દૂર રહ્યા, નહિ તો એ જરૂર આવી સંભાળ લેત. હે સસરાજી! હવે તમારા પુત્રની ખબર લો. આવી અનેક બુમ પાડવા લાગી અને ખુબ રડવા લાગી. બીજા માણસે પુછી જોયું કે બાઇ! તમારો સસરો કોણ છે અને તે કયાં રહે છે? એટલે તેણે તમામ

હકીકત કહી સંભળાવી. આ બધી વાત પેલા શેઠે સાંભળી કે તરત જ ખાવાનું મૂકી ઊભો થઇ ગયો અને ધ્રુજવા લાગ્યો. તે સ્ત્રીને તમામ હકીકત પૂછી જોઇ તેથી જાણ્યું કે, આ તો મારો જ પુત્ર છે. એટલે તો પછી પૂછવું જ શું? હાય પુત્ર, હા વીર, એમ રડતો માથું કુટતો મૂર્છા ખાઇ જમીન ઉપર પડી ગયો.

હે શિષ્ય! આ ઉપરથી તારે જાણવું કે જ્યાં સુધી મારું એવી મમતા નથી ત્યાં સુધી શોક થતો નથી, તેમ ભય પણ લાગતો નથી. પણ "મારું" માન્યું અને "હું" એવો અહંકાર થયો કે તુરત તમામ આવીને વળગી પડે છે. હે શિષ્ય, હજુ પણ તને એક બીજું દૃષ્ટાંત કહું છું કે, એક શેઠ કેટલાક પૈસા પોતાની સ્ત્રીને સોંપીને પોતે કમાવા સારુ પરદેશ ચાલ્યો ગયો. કર્મયોગે તે સ્ત્રીના તમામ પૈસા જતા રહ્યા અને પોતાનું પેટ ભરવાને ભીખ માગવાનો પણ વખત આવ્યો. એવામાં શેઠ બહુ જ ધન કમાઈને પાછા ફર્યા અને મનમાં તરંગ કરવા લાગ્યા કે, ઘેર જઇને સ્ત્રીને અમુક દાગીના કરાવી આપીને તેના મનને સંતોષ આપીશ. હવે પોતાને ઘેર આવતાં રસ્તામાં પડોશના એક ગામની ધર્મશાળામાં તે શેઠે ઉતારો કર્યો. ત્યાં તેની સ્ત્રી કે જેની લાડકોડ પુરા પાડવાનો વિચાર કરતો હતો તેણે આવીને તે શેઠની પાસેથી એક પૈસો માગ્યો અને બોલી કે, હે મુસાફર! હું ચાર દિવસની ભુખી છું માટે મને એક પૈસો આપશો તો હું તેના ચણા લાવીને ખાઇશ; અને પછી પાણી પી તમોને આશીર્વાદ આપીશ. એટલે પોતાની સ્ત્રીના લાડકોડ પુરા પાડવાના વિચારમાં તલ્લીન થયેલા શેઠ બોલી ઊઠયા કે જા, રાંડ ભિખારડી, અહીં કયાંથી આવી છું? એક પાઇ પણ નહિ મળે. તે સ્ત્રી ફાટેલાં વસ્ત્ર વડે ખોળો પાથરીને દીન વચનથી પ્રાર્થના કરવા

લાગી, ત્યારે શેઠે ચિડાઇ જઇ એક ધક્કો મારી ધર્મશાળાની બહાર કાઢી મૂકી. અંધારી રાત્રિ હોવાને લીધે તે બાઇ બીજે કોઇ ઠેકાણે ન જતાં તે ધર્મશાળાના ઓટલે જઇ સૂઇ રહી. સવાર થયું અને શેઠ દાતણ કરવા ઓટલે બેઠા ત્યારે એક ભિખારણના વેશમાં પોતાની સ્ત્રીને જ જોઇ એટલે બહુ જ ખુશી થયા અને રાત્રે ધક્કા મારી જે અપમાન કર્યું હતું તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પછી તે બાઇએ બધી વાત કહી સંભળાવી કે તમે જે દ્રવ્ય મૂકીને ગયા હતા તે તમારા માંગતાવાળા લોકો લઇ ગયા, તેથી મારી આ દશા થઇ ગઇ છે. પુરૂષે કહ્યું, ફિકર નહિ, તારે માટે તો હુ ઘણું લાવ્યો છું.

હે ભાઇ! આ ઉપરથી પણ તારે જાણવું કે જેણે મારું માન્યું છે તેને જ શોક, હર્ષ થાય છે; કારણ માત્ર મનનું જ છે. તે શેઠે જ્યારે પોતાની સ્ત્રીને ઓળખી ત્યારે તેણે તેને બધું આપ્યું અને જ્યારે એ ભિખારણ માની હતી ત્યારે એક પાઇ પણ આપી ન હતી. કારણ કે રાતની ભિખારણ પોતાની ન હતી, એવી જ રીતે જ્યાં મમત્વભાવ રહે છે ત્યાં જ હર્ષ-શોક વગેરે થાય છે. જ્યાં મારું-તારું નથી ત્યાં મોહ નથી, શોક પણ નથી આટલી વાતચીત કરી ગુરૂ મૌન રહ્યા.

શિષ્ય-મહારાજ ! હું સમજ્યો કે સુખ કે દુ:ખ એ માત્ર મમત્વ ભાવનાં જ પરિણામ છે. આપ મને આ પ્રમાણે જ ઉપદેશ આપજો. મને આપની સાદી ભાષામાં બહુ જ મજા પડે છે અને સારી રીતે સમજી શકાય છે. હે મહાત્મા! આ દેહમાં "મારું" અને "તારું" એમ મનાવનારી કયી વસ્તુ હશે તે આપ કૃપા કરીને જણાવો.

ગુરૂ- ભાઇ, ધન્ય છે તારી બુદ્ધિને કે આવી ઝીણી બાબતો પણ જાણવાને તને જીજ્ઞાસા થાય છે. હે પુત્ર, "મારું" "તારું" એ મિથ્યા છે; છતાં સત્ય મનાવનારી ત્રિગુણમયી પ્રકૃતિ છે, વળી

એને માયા પણ કહેવામાં આવે છે. ભાઈ, એ માયાના પુરમાંથી તરીને પેલે પાર જવું એ બહુ કઠિન છે.

શિષ્ય- હે ગુરૂદેવ! શું માયા જીતવી કઠિન છે? તેને કોઈ નહિ જીતી શકતું હોય?

ગુરૂ- હે શિષ્ય, કોઈ મહા વૈરાગ્યવાન જીવો જ એ માયાના કઠિન પુરમાંથી તરીને પેલે પાર જઈ શકે છે. એવા જીવોની તમામ વાસનાઓ શાન્ત થઈ જાય છે, એમ ભર્તૃહરિ મહારાજ કહે છે કે-

॥ श्लोक ॥

भोगे रोग भयं कुले च्युतिभयं वित्ते नृपालादभयं ।
मौने दैन्यभयं बले रिपुमयं रुपे जरायां भयम् ॥
शास्त्रे वाद भयं गुणे खलुभयं काये कृतान्ताद्भियं ।
सर्व वस्तु भयान्वितं भुविनृणां वैराग्यमेवाभयम् ॥

(भर्तृहरि)

અર્થ- ભોગમાં રોગનો ભય, કુળમાં ભ્રષ્ટ થવાનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દીનતાનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં જરાનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં ખરનો ભય, કાયામાં કાળનો ભય એવી સર્વ વસ્તુઓ મનુષ્યને આ જગતમાં ભયવાળી છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે, માટે હે શિષ્ય, તારે પણ એવી વૈરાગ્યમય સ્થિતિ કરી દેવી કે જેથી તને આનંદની પ્રાપ્તિ થશે.

શિષ્ય- ગુરૂ મહારાજ, વૈરાગ્ય શાને કહેવાય છે ? કેવી સ્થિતિ થાય ત્યારે વૈરાગ્ય થયો એમ સમજાય તે આપ મને કૃપા કરીને સંપૂર્ણ રીતે કહો.

ગુરૂ- હે પ્રિય શિષ્ય, એ વૈરાગ્યનું સ્વરૂપ હું તને કાલે સમજાવીશ. કેમ કે હવે મારે સાયંસંધ્યા કરવાનો વખત થયો છે

માટે આપણે હવે એકાદ ભજન ગાઇને ઊઠીએ. એમ કહી ગુરૂ નીચેનું ભજન ગાવા લાગ્યા.

(ગઝલ તાલ-ધમાલ)

બિન હરિ નામકે સુમરે ગતિ નહિ હોયગી તેરી,
લાગા લે ભસ્મ ઇસ તનમેં, કરો તપ જાકે વા બનમેં;
સમજ લે ખૂબ યહ મનમેં, મીટે નહિ જન્મકી ફેરી-બિના.
ફીરો મથુરા વા કાશી, હૈ સદા તિરથ નિવાસી,
રહો સબસેં ઉદાસી, હૈ છૂટે નહિ આસ મન કેરી-બિના.
કરો વ્રત નેમ અરૂ દાના ફિરો જંગલમેં મસ્તાના,
જો પ્રભુકા રૂપ નહિ જાના, જલે નહિ કર્મકી ઢેરી-બિના.
જપો હરિ નામ સુખકારી, જુઠ દુનિયાકી હૈ યારી,
બ્રહ્માનંદ કાલ બલકારી, કરો મત ભુલ કર દેરી-બિના.

ભાઇ, કોઇ પણ ઉપાયે ઇશ્વર સાક્ષાત્કાર કરવો એ જ તારું ધ્યેય રાખી નિત્ય નિયમમાં તત્પર રહેજે. એમ કહી ગુરૂજી સ્નાનાર્થે નદી તરફ જવા લાગ્યા અને શિષ્ય પોતાના ગૃહ તરફ આવવા લાગ્યો.

હરિ ૐ જય ગુરૂદેવાય નમઃ

ગુરૂ શિષ્ય સંવાદ મનુષ્યકર્તવ્યનિરૂપણ નામનો

બીજો વિશ્રામ સમાપ્ત.

જય ગુરૂદેવ

વૈરાગ્યનિરૂપણમ્

શ્રી ઇશ્વરપાર્થના

ભુજંગી

पीता मात तुं मुक्ति दाता महेश
कृपादृष्टि तारी दिशे छे विशेष
खरो एक आधार तारो अमारे
दयानाम तारा विना कोण तारे.
करी तें कृपा मानवी जन्म दीघो
अमे लाभ तेनो न कांइ ज लीधो
गयो काल सर्वे अमारो वृथारे
दयानाथ तारा विना कोण तारे.
अमो जीवनां छे अती नींद्य कर्म
वीसारी दीधो छे अमे सत्यधर्म
तथापिदया तुं दीले नाथ धारे
दयानाथ तारा विना कोण तारे.
नथी सुजतुं शी वलेनाथ थाशे
प्रभु हाथ तारा विना कोण सहारो

पिता पुत्रना दोष ने ना विचारे
दयानाथ तारा विना कोण तारे.
हवे जे रह्यो शेष आयुष्यकाल सदा
काढीए सत क्रीयामा कृपाल
तमारा प्रत्ये नाथ संबंध भारे
दयानाथ तारा विना कोण तारे.
अजाणी नथी तुं थकी कांई वात
सदा सन्मति आपशो मात तात
वधु शुं कहीए अमे वारेवारे
दयानाथ तारा विना कोण तारे.

ત્રીજા દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠી શૌચ, દંતધાવન સ્નાનાદિક ત્વરાથી આટોપી લીધું અને તેને ભોજનની કાંઈ ફીકર ન હતી કેમ કે તે એક જ વેળા ફક્ત રાત્રે જ જમતો હતો. સુગંધીદાર જાઈ-જુઈના ફૂલનો એક હાર ગુરૂદેવને માટે બનાવી લીધો. પછી તાકીદે શ્રી યોગાશ્રમ તરફ આવી પહોંચ્યો. આવીને જુએ છે તો ગુરૂદેવ શારીરીક યોગ ક્રિયાથી પરવારી શ્રી સૂર્યનારાયણદેવના સામી અચલ દૃષ્ટિ કરી શ્રી હરિનું ધ્યાન ધરતા હતા.

પછી હરિસ્મરણ કરી રહ્યા કે તુરત પેલા શિષ્યે જઈને પુષ્પહાર ગુરૂદેવના કંઠે પહેરાવ્યો; અને જય શ્રી ગુરૂદેવ અવાજથી નમસ્કાર કર્યા. ભાઈ તારું કલ્યાણ થાવ એમ કહી સામે બેસવાને ગુરૂદેવે આજ્ઞા કરી.

શિષ્ય - હે પરમ દયાવાન ગુરૂદેવ, મેં જે આપને ગઈ કાલે પ્રશ્ન કર્યો હતો તે વિષે હવે સમજાવવા કૃપા કરશો; કેમકે વૈરાગ્ય વિષે જાણવાને મને બહુ જ ઉત્કંઠા થઈ. હે પ્યારા શિષ્ય, તારી

બુદ્ધિને હું ધન્યવાદ આપું છું કેમ કે તારો પ્રશ્ન દરેકને હિતકર છે. ગુરૂએ કહ્યું હે ભાઇ, ખરો વૈરાગ્ય શાને કહેવામાં આવે છે અને વૈરાગ્ય થતાં કેવી સ્થિતિ થઈ જાય છે વિગેરે હું તને દ્દષ્ટાંત, પ્રમાણ તથા સિદ્ધાંતથી સમજાવું છું તે બરાબર સાંભળ.

કોઇ એક રાજપુત્ર સરખી વયના મિત્રો સાથે શિકાર ખેલવા નીકળી ગયો હતો. અનેક રીતે અશ્વોને દોડાવતા બધા મિત્રો એકબીજાથી છૂટા પડી ગયા. ઘીચ ઝાડીમાં રાજપુત્ર એકલો પડી ગયો. તેને કયી દિશામાં જવું તે પણ યાદ રહ્યું નહિ. પોતાના સ્નેહીઓની ઘણી તપાસ કર્યા છતાં કોઇનો મેળાપ થયો નહિ, અન્તે મધ્યાહનકાળ થવા આવ્યો તેથી મધ્યાહ્ન સમયનું આહ્નિક કર્મ કરવા માટે કોઇ જળાશયની શોધ કરવા લાગ્યો. વનની ઝાડીમાં ફરતાં ફરતાં એક અતિ સુશોભિત વૃક્ષઘટાથી વિંટાયેલા તટવાળું નિર્મળ સરોવર તેની નજરે પડયું. ત્યાં ઘોડા ઉપરથી ઊતરી પડી અશ્વને જળ પાઇ એક વૃક્ષના થડે બાંધી દીધો પછી પોતે સ્નાન કરી, એક ચિત્તે સ્થિર મન વડે ઈશ્વરની ઉપાસના કરવા લાગ્યો. પોતાના નિયમ મુજબ હરિસ્મરણ કરી ઉભો થયો. ત્યારે તેની દ્દષ્ટિ તે જળાશયના સામે કિનારે પડી, તો ત્યાં એક ઘીચ ઝાડીમાં રમ્ય આશ્રમ તેના જોવામાં આવ્યો. એટલે પોતે વિચાર્યું કે ત્યાં કોઈ મહાત્મા રહેતા હશે, માટે લાવ દર્શન કરી આવું. એમ વિચારી અશ્વસહીત ત્યાં ગયો. આશ્રમની અંદર તથા આજુબાજુએ આંબા, કદમ, અશોક, જાંબુ, વડ ઈત્યાદિ ઊત્તમ વૃક્ષો અને ચંપા, ચમેલી, ગુલાબ, મોગરા, કેતકી, જુઇ, જાઈ, પારિજાતક વગેરે પુષ્પ વૃક્ષોથી નેત્રોને બહુ જ ઠંડક વળી તથા મનને એકદમ આનંદ થયો. વૃક્ષો ઉપર અનેક પક્ષીઓ મધુરા

મધુરા શબ્દોથી જાણે ઇશ્વરનાં ગુણાનુવાદ ગાતાં હોય એમ લાગતું. રાજપુત્ર તે આશ્રમમાં પેઠો તો ત્યાં એક વૃદ્ધ યોગેશ્વરને તેણે જોયા કે તુરત પોતે અશ્વ ઉપરથી ઊતરી પડયો. એક બાજુએ પોતાના ઘોડાને બાંધી તે યોગેશ્વરને નમસ્કાર કરી ઊભો રહ્યો, યોગેશ્વર હમણાં જ ધ્યાનમાંથી નિવૃત્ત થઇ બેઠા હતા. તે રાજપુત્રને જોઇને ઊભા થયા અને તેને આદર સહિત પોતાની સામે બેસવાને કહ્યું: હે મહાશય, તારું નામ શું? તારા પિતાનું નામ શું છે અને તારો દેશ કયો છે? રાજપુત્ર વંદન કરી બોલ્યો: મહારાજ! હું મોહજીત રાજાનો પુત્ર છું, અને મારું નામ મોહજીત છે. મારા પિતાની રાજધાની આ દક્ષિણે આવેલી નિર્મોહા નગરી છે તે જ. એ સાંભળી આશ્ચર્ય સાથે યોગીરાજ બોલ્યા, શું તારું નામ મોહજીત! મોહજીત એટલે તો મોહરૂપી શત્રુને જેણે જીત્યો હોય તે. પણ એ મોહ તો જગતમાંના પ્રાણીમાત્રનો પરમ શત્રુ અને માયા શકિતનો પરમ ભ્રાતા છે તેથી માયા વડે વ્યાપેલા જગતમાં મોહરહિત એવું કોણ હોય! કેમ કે જ્યાં માયા છે ત્યાં અવશ્ય મોહ હોય જ. એ મોહને જીતાયો એટલે તો સર્વ જીતાયું જાણવું. જેણે મોહને જીત્યો તેણે માનો કે આખું જગત જીત્યું. રામાયણમાં પણ તુલસીદાસજી લખે છે કે-

-: ચોપાઇ :-

नारद शिव बिरंचि सनकादीः जो मुनिनायक आतमवादी
मोह न अंध कीन्ह केहिं केही, को जगकाम नचावन जेही.
(ઉ.કાં.)

આ જગતમાં મોહે કોને અંધા નથી કર્યા! અને કામે કોને નચાવ્યા નથી? માટે હે રાજપુત્ર, આવા મોટા મોટાઓને જ્યારે

અંધ બનાવ્યા છે તો પછી તું તે શી વિસાતમાં છે? કેમ કે તારે તો બધા રાજ્યવૈભવો ભોગવવાના અને જે જીવ એવા મોહ માયાના દ્વંદમાં નથી તેને શ્રીહરિ સાંનિધ્ય જ છે, ત્યારે શું તું એવો મોહજીત છે? કે પછી માત્ર નામનો જ છે? કેમ કે યથાર્થ મોહને જીતે એવા જીવો તો આ વિશ્વમાં વિરલા જ હોય છે. યોગ, યજ્ઞ, તપ, વ્રત સર્વ ઉપાયો જો કે માત્ર એ મોહને જીતવાને જ મનુષ્ય માટે કલ્પેલા છે છતાં તેવાં સાધન સાધનારાઓમાંથી પણ કોઈક જ જીવ મોહને જીતી શકે છે. માટે હે રાજપુત્ર, તારા કહેવા પ્રમાણે કદાચ તું એકલો મોહજીત હોઈ શકે પણ તું તો તારા પિતાને પણ મોહજીત જણાવે છે. એ શું આશ્ચર્ય નથી? પાન કર્યા વિના ઔષધના નામથીજ વ્યાધી જતો નથી. પોતે જાતી અનુભવ મેળવ્યા વિના માત્ર નામથી બ્રહ્મજ્ઞાની થઈ શકાતું નથી. હે પુત્ર, એક ઠેકાણે અખા ભગતે કહ્યું છે કે:-

ચોપાઇ

ब्रह्मज्ञानी बहु भेगा थइ, ब्रह्मना देशनी बात ज कही
ब्रह्मविद्या रही ब्रह्मने देश, पोतामां नय आवी लेश
सुकुं ज्ञान ने व्यंढळ मुछ, करपी धन कुतरानुं पुच्छ
ए चारेथी अर्थ न थाय, सामुं एब उघाडे काय,
बहुमां निपजे कोई अेक जन, बाकी अखा रमाडे मन.

હે રાજકુમાર, જેવી રીતે ભોજન બનાવીને જમ્યા વિના ક્ષુધાની તૃપ્તિ થતી નથી એવી રીતે મોહ જીત્યા વિના માત્ર નામથી મોહજીત થવાતું નથી. એ સાંભળી રાજપુત્ર બોલ્યો: મહારાજ, એટલાથી જ આપ આશ્ચર્ય માનશો નહિ. મારી માતા, બેન, ભ્રાતાઓ, તેમની સ્ત્રીઓ મારી સ્ત્રી ઈત્યાદી મારું આખું કુટુંબ અને અમારાં દાસ

દાસીઓ પણ મોહજીત જ છે. એમ જાણશો ત્યારે આપને વધુ આશ્ચર્ય થશે. જેવી રીતે વિદેહ વંશના દરેક રાજાઓ વિદેહી હોય છે, તેવી રીતે અમારું આખું કુટુંબ મોહજીત છે. એ સાંભળી આશ્ચર્ય! આશ્ચર્ય ! એમ મુનિએ કહ્યું આખું કુટુંબ એવા એક સરખા અમુલ્ય ગુણવાળું હોવું એ તો કેવળ અસંભવિત જ છે અને જો કદી તેમજ હોય તો ખરેખર એ કુટુંબ સર્વ જગને પરમ દર્શનીય અને વંદનીય છે. એટલું કહીને તે રાજપુત્રને ખાવા સારુ ફળ ફૂલ લાવવા ઝોળી લીધી અને તેને કહ્યું કે હું આવું ત્યાં સુધી આપ અહીં જ બિરાજો. હું આપ વાસ્તે થોડાંક ફળફુલ લઇને તાકીદે આવું છું એમ કહીને તે યોગીરાજ વનમાં ગયા પણ તે કુંવરની કહેલી વાત એમના હૃદયમાં ઠસી નહિ. તેમને બહુ બહુ વિચાર થવા લાગ્યા. કે હજારો વર્ષ તપ કરીને ઈન્દ્રિઓનું દમન કરનાર અનેક કઠિન વ્રત આચરનાર તથા સંસારના તમામ સુખોનો ત્યાગ કરનાર આ નિર્જન અરણ્યમા એકલા વસનાર ઋષિમુનિઓનો મોહ હજુ સુધી દૂર થતો નથી અને આ ક્ષત્રિયપુત્ર તેનું આખું કુટુંબ મોહરહિત જણાવે છે તે શું ખરું હશે ? એના નગરનું નામ નિર્મોહા નગરી છે. તે ઉપરથી તો એ આખું નગર પણ મોહરહિત હોય એમ લાગે છે. શું એ સર્વ સત્ય હશે ? અને જો એમ જ હોય તો એ વાત મારે પ્રત્યક્ષ જોવી જોઇએ આવો નિશ્ચય કરતાં જ તે યોગેશ્વર પોતાની યોગક્રિયા વડે ક્ષણવારમાં તે નિર્મોહા નગરીની ભાગોળે આવી ઊભા. તે નગરીમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે છે એટલામાં દરવાજાની અંદર એક સવારી સામી આવતાં નજરે પડી. તે નજીક આવતાં તેમાં શણગારેલા હાથી પર સવાર થયેલો એક પુરૂષ તેની દ્રષ્ટિએ પડયો. તેની મુખાકૃતિ જોતાં માલુમ પડતું હતું કે આ પેલા રાજપુત્રનો વડીલ બંધુ હોવો જોઇએ. તે સવારી નજીક આવી એટલે

રાજપુત્રે તે યોગીના માનાર્થે સ્વારી ઊભી રાખી અને પોતે હાથી ઉપરથી નીચે ઉતરી પડયો અને યોગીને વંદન કર્યુ ત્યારે યોગીરાજ બોલ્યા: હે વીર, તારી મુખમુદ્રા ઉપરથી અનુમાન થાય છે કે તું આ નગરના મોહજીત રાજાનો પાટવી પુત્ર છે. રાજપુત્ર નમન કરીને બોલ્યો; હા મહારાજ. ફરી યોગી બોલ્યા, શું તારા કુટુંબમા હમણાંજ એક મહા શોકકારક બનાવ બન્યો છે એ તારા જાણવામાં નથી? હું માનું છું કે નહિ જ હોય અને તેથી જ તું કોઇ પરમ શુભ કાર્યાર્થે મોટા હર્ષભેર જતો હોય એમ માલુમ પડે છે જે પ્રસંગને લીધે મારા જેવા વનવાસી તપસ્વીને પણ મહાશોક થાય છે તેવો પ્રસંગ વીતેલો છતાં તું એવા કયા મહાન કાર્યે આટલા આનંદથી જાય છે? આટલું સાંભળવા છતાં તે રાજપુત્રના મનને જાણે કાંઇ પણ શોક ન થયો હોય તેમ પ્રફુલ્લિત વદને તે બોલ્યો: મહારાજ, હું જે કાર્યાર્થે જાઉં છું તે મહાન કાર્ય જ છે, આ સંસારમાં રહેલા એવા રંકથી માંડીને તે રાય પર્યંતના પ્રત્યેક ગૃહસ્થાશ્રમીએ પ્રાપ્ત થયેલા સાધુસંત યોગી, મહાત્મા, સંન્યાસી, પરમહંસ ઇત્યાદી નિરપેક્ષ પુરુષો (કશી પણ આશા વગરના) કે જેઓ કેવળ ભગવતપરાયણ જ હોય તેઓનું યથાશક્તિ આદર આતિથ્ય કરવું અને તેઓનો સત્‌સંગ કરવો એ પરમ ધર્મ કહેવાય છે. આ પાસેના ઉપવનમાં મારા પિતાશ્રીએ બનાવેલો બ્રહ્મનિષ્ટાશ્રમ છે ત્યાં એક મહાત્મા આવી ચડયા છે તેમના સન્માર્થે જાઉં છું. એ મહાત્મા કોઇ સમર્થ દૈવી જીવ હશે; કેમ કે એમના દર્શનની લાલસાએ હું નીકળેલો પણ પુણ્યના યોગે મને માર્ગમાં જ અનાયાસે આપે દર્શન આપી કૃતાર્થ કર્યો. હે યોગીન્દ્ર, કહો આપનું હું શું પ્રિય કરું ?

આવો ઉત્તર સાંભળી યોગી આશ્ચર્યમાં લીન થઇ ગયા અને બોલ્યા કે શું કહું; મારી જીહ્વા ઉપડતી નથી પણ ન જણાવું તો

અયોગ્ય કહેવાય. માટે જ પૂછું છું હે રાજપુત્ર, તારો લઘુ બાંધવ આજે પ્રાત:કાળથી વનમાં ગયો છે એ તારા જાણવામાં નથી ?

રાજપુત્ર - છે.

યોગેશ્વર - આ પડોશના વનમાં એક ભયંકર સિંહ સાથે તેને યુદ્ધ થયું. તેમાં તે કાળને વશ થયો છે. પણ ધન્ય છે એ વીરને કે મરતાં મરતા પોતાના શત્રુ સિંહને તેણે જીવતો રહેવા દીધો જ નહિ. એનો મરણકાળ નજીક હતો એટલામાં હું દૈવેચ્છાએ તેની સમીપે જઈ ચઢ્યો. ત્યારે મરતી વેળાની તેની દીન પ્રાર્થના ઉપરથી તેના શરીરને નિર્ભય સ્થળે મૂકીને હે રાજપુત્ર, એ કષ્ટકારક સમાચાર જણાવવા માટે હું અહીં આવ્યો છું એ સાંભળી રાજપુત્ર બોલ્યો: યોગીરાજ એ જ શોક સમાચાર છે કે કાંઈ વિશેષ વર્તમાન ? હે યોગીન્દ્ર ! આપ મને જણાવશો કે શોક કોનો અને કોણે કરવો ? કેવાં જીવોનો શોક કરવો જોઈએ તે વિષે રામાયણમાં બતાવ્યું છે કે:-

शोचिय विप्र जो वेद विहिना, तजि निज धर्म विषय लव लोना
शो चिय नृवहिजो नीतिनजाना, जेहि न प्रजा प्राण समाना
शोचिय वैश्य कृषण धनवान,जो न अतिति शिव भक्ति सुजान
शोचिय शुद्र विप्र अपमानी, मुरख मान प्रियज्ञान गुमानी.
शोचिय पुनिय पतिवंचक नारी, कूटिल कलह प्रिय इच्छाचारी
शोचिय बटु निवव्रत परिहरई, जो नहीं गुए आयसु अनुसरइ.
सब विधि शोचिय पर अपकारी, निज तनु पोषक निर्दयभारी,
शोचिय लोभनिर तरत कामी, सुर श्रूति निंदक परधन स्वामी

(ઉ. કાં.)

જે નિરંતર લોભમાં જ લાગેલા રહે તેમ જેઓ અતિશય કામી

છે તેમનો શોક કરવો ઘટે છે. અને જેઓ દેવોને નથી માનતા તથા દેવતાઓને નથી માનતા તેમનો પણ શોક કરવો ઉચિત છે.

રાજપુત્ર કહે, હે યોગીશ્વર, આટલા જીવો માટે શોક કરવો જોઈએ; કેમ કે એકંદરે દેવને પણ દુર્લભ મનુષ્યવતારને નિરર્થક ગુમાવીને પછી આથી ઉતરતી યોનીમાં પશુ કીટક આદિમાં જવાનું છે એટલા માટે એવા જીવોનો શોક કરવો ઘટિત છે. મારા ભાઈને માટે શોક કરવો વ્યાજબી નથી કેમ કે એ મોહજીત છે.

હે મહાત્મા ! આ જગતમાં અનેક જન્મે છે અને અનેક મરે છે વળી એક બાજુથી વિચાર કરતાં જણાય છે કે આ ચોરાશી લાખ યોનીના જીવો બધા મારા બંધુરૂપ છે. તો પછી મારે કોના માટે શોક કરવો ! યોગી બોલ્યા, હે રાજકુમાર, લાખ્ખો યત્ન કરવા છતાં પણ જે ફરીથી ન મળે એવો પોતાનો પ્રિય સહોદર મરણ પામે, અરે ! પોતાની બેલ ઊઠી જાય તેનો શોક તે ક્યા પુરુષને થયા વિના રહે ? એના કરતાં શોકકારક બીજું શું હોય ? જે બંધુ વગરનો છે તેની તો સર્વ દિશાઓ શૂન્ય છે. આખો જન્મારો તેઓનો પરસ્પર વૈરથી ચાલ્યો આવતો હોય અને એકમેકનું મુખ દીઠું ગમતું ન હોય છતાં બાન્ધવોમાંનો એક મરણ પામે તો તેનો બીજા બાન્ધવને અપાર શોક થાય. આપણા ઈષ્ટ યોગેશ્વર શ્રી રામચંદ્રને પણ લક્ષ્મણને શક્તિ વાગી તે વખતે કેટલો શોક થયો હતો તે જો:-

सूत वित नारिभवन परिवारा,
होहिजाहि जगधार हिं बारा.
अस विचारी जिय जागहु ताता,
मिलहि जगत सहोदर भ्राता.
यथा पख बितु खगपहित दीना,

मणि बिनु फणि करिवर करहीना.
असमम जीवन बंधु बिनु तोहीं,
जो जड दैब जिवा वै मोही.
(લં.કાં)

આટલું કહી મહાત્મા બોલ્યા, હે રાજપુત્ર ! તને તારા બન્ધુના મરણનો શોક ન થાય એ તો એક આશ્ચર્ય જેવી વાત ગણાય ! એ સાંભળી રાજપુત્રે કહ્યું:-

હે યોગીરાજ, તમે આવા મહાત્મા થઈને મોહ ભરેલા શબ્દો બોલો છો તેથી હું પણ બહુ જ વિસ્મય પામું છું. જે વસ્તુ નહિ બનવા જેવી હોવા છતાં બને તેના માટે આશ્ચર્ય અથવા મોહ થવો સંભવે પણ આ બાબત કંઈ જેવી તેવી નથી. કેમ કે આ ક્ષણભંગુર અસાર સંસારમાં નિયંતાના નિયમ પ્રમાણે જે થતું આવ્યું છે. અને થયા કરે છે તેમાં શોક શો અને કોના માટે શોક કરવો, જેવી રીતે આપે મને કોઈ અમુક પદાર્થ અમુક કાળ સુધી વાપરવાને સોંપ્યો હોય અને તેની અવધ પુરી થતાં આપ તે પદાર્થને પાછો માગી લ્યો તેથી શું મારે તેનો શોક કરવો? નહિ જ. એવી જ રીતે મનુષ્યનો જે દેહ પ્રાપ્ત થાય છે તે પણ એક ઈશ્વર નિયમાનુસારે પ્રાપ્ત થાય છે. તેનો અવધિ એટલે આયુષ્ય નિર્માણ થયેલું હોય ત્યાં સુધી રહે અને આયુષ્ય પુરું થતાં તે દેહ પડી જાય, મારા ભ્રાતાનું પણ આયુષ્ય પૂરું થઈ રહ્યું હશે અટલે એનો દેહ પડી ગયો હશે તેથી શોક શાનો? જે વિનાશી એટલે નાશવાન છે, તેનો નાશ અવશ્ય થશે જ. માટે એવી નાશવંત વસ્તુનો જે શોક કરે છે તેને શું કહેવાય! હે યોગેન્દ્ર, આપ કહો છો કે પોતાનો સહોદર અથવા બેલ જતાં કોને શોક ન થાય? પણ પ્રારબ્ધ રૂપી દોરાથી ગુંથાયેલો મરી જાઓ કે રહો પરંતુ જે બ્રહ્મનિષ્ટ છે; જેની વૃત્તિ બ્રહ્મમાં લીન થઈ રહેલી

છે વળી જે જાણે છે કે લાખો કરોડો પ્રાણી નિત્ય ક્ષણેક્ષણે મરણને શરણ થાય છે; જે જાણે છે કે આ ક્ષણભંગુર નાશવંત સંસારમાં સર્વ પદાર્થ નાશવંત છે. યોગીશ્વર શ્રી કૃષ્ણે સ્વમુખે પણ કહેલું છે તે આપ જાણતા તો હશો જ કે-

શ્લોક

जातस्य हि धुवो मृत्युर्ध्रुवो जन्म मृतस्य च
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि

(ગી.અ.૨,)

અર્થ:- જે ઉત્પન્ન થાય છે તે નિ:સંશય મૃત્યુ પામે છે માટે એ ઘટના અપરિહાર્ય અર્થાત્ ટાળી ન શકાય તેવી છે માટે હે અર્જુન, એવી નાશવંત વસ્તુઓને શોક કરવો તારે ઉચિત નથી.

હે મહાત્મા! અવિનાશી ચિરંજીવી તો માત્ર એક છે જેનો કદી પણ નાશ જ નથી. જે જાણે છે આ દેહ નાશને માટે ઘડાયેલો છે એવો ધીરાત્મા વિચારશીલ એ તુચ્છ સામે દ્રષ્ટિ પણ કરતો નથી; તો પછી તેના નાશનો શોક તો કરે જ શાનો? કેમ કે તે તો સુખ અને દુ:ખને સમાન જાણીને આ અસાર સંસાર સાગરને તરી જાય છે. આ પ્રકૃતિમંડરૂપ જગતમાં મિત્ર કે સ્નેહી જેવું કંઇ નથી. સહુ સગાં અને સ્નેહીઓ જ છે. મારી દ્રષ્ટિએ ક્ષણ ક્ષણમાં અસંખ્ય જીવોનો જન્મ અને નાશ જોઉં છું, તેમના મુવાનો મને શોક થતો નથી. તો પછી જેને આપ મારી બેલ કહો છો તેનો મારે શોક શા કારણે કરવો? શું બીજા જીવો મારા ભાઇઓ નથી? તમે અને આ જગતના સર્વ જીવો સર્વ, મારી બેલ જ છો. જેવી રીતે બીજાઓના મરણનો શોક નથી એવી રીતે તમે જેને મારી બેલ કહો છો તેનો પણ મને શોક નથી. આટલું કહી યોગાશ્રમના મહાત્મા શિષ્ય પ્રત્યે

કહેવા લાગ્યા. ભાઈ, જોયા સાચા વૈરાગી.

શિષ્ય- અહાહા! ગુરૂદેવ, આ આપના દષ્ટાંતથી મારાં રુંવાટા ખડાં થઈ જાય છે અને આંખો પાણીથી ભરાઈ જાય છે. જય ગુરૂદેવ-હવે આગળ કહો એટલે ગુરૂ કહેવા લાગ્યા કે એ રાજપુત્ર અને યોગેશ્વર બંને વાતો કરે છે. એટલામાં એક ભારે વાવાઝોડું આવ્યું એટલે ચોમેર દષ્ટિ ફેરવી રાજપુત્રે યોગીને કહ્યું.

હે યોગેન્દ્ર! આપ પેલા સામેના આંબા ભણી દષ્ટિ કરો. એ આંબો સુંદર અને પાકાં ફળોથી કેવો લચી રહ્યો છે! પણ જુઓ પેલો ધૂળ ઉડાળતો વંટોળીઓ લોકોનાં વસ્ત્ર ફફડાવતો અને આંખો મીચાવતો ધમધોકાર ચાલ્યો આવે છે. ઓ અરેરે તે આવી પહોંચ્યો. જુઓ, આખો આંબો ચોમેરથી ડોલવા લાગ્યો. અને એની ડાળીઓના ઓરંબા નીચા-ઊંચા થતા એકબીજામાં અથડાવા લાગ્યા. જુઓ, જુઓ, એ ડાળીઓ એકબીજામાં અથડાવાથી એમાંની કેટલીક કેરીઓની લુમો આંદોલન કરતી હોય તેમ આમથી તેમ ઝોલા ખાતી સામેની સરખી વયની બેનો સાથે અફળાવા લાગી; અને કેટલીક તો ધબોધબ નીચે પણ પડે છે. અહાહા! જોતજોતામાં તો ઢગલાબંધ કેરીઓ નીચે આવી પડી છે. ક્ષણવારમાં વંટોળીઓ ચાલ્યો ગયો, પવનનું જોર નરમ પડયું; ત્યારે મુખમુદ્રા પર ઉદાસીનતા દર્શાવીને તે મોહજીત રાજપુત્ર બોલ્યા, અરે આ શો કાળો કેર વર્તાઈ ગયો ? ક્ષણવારમાં શું થઈ ગયું ? હર હર કેટલો અનર્થ!

એ સાંભળી યોગીરાજ બોલ્યા, અરે રાજપુત્ર, આમ વાત કરતાં કરતાં તમને આ શું થઈ આવ્યું ? આપ આટલા બધા ઉદાસ શા માટે થઈ ગયા છો? એટલે રાજપુત્ર કહે, મહારાજ આથી વિશેષ

અનર્થ શો ? અને શોક શો ? આંબા ઉપર નજર તો કરો કે કેટલાં બધાં કુટુંબ પોતાનાં સહોદર વિનાનાં થઇ પડયાં છે! અરે ઊનાં ફળફળતાં અશ્રુબિંદુઓ ટપટપ નીચે પડે છે તે જોઈને કોનું હૃદય દ્રવિત થયા વિના રહેશે ? ઈશ્વરે વાચા નહિ આપેલી હોવાથી કરુણ વિલાપ નહિ કરતાં એ બિચારાં મૂંગે મોઢે માત્ર અશ્રુપાતથી જ પોતાના ખેદ અને શોક પ્રદર્શિત કરે છે. કોઈની એક બેલ ચાલી ગઈ છે, તો કોઈના પડખામાંથી બે-ત્રણ કે ચાર સહોદર ઊઠીઊઠીને ચાલતાં થઈ ગયાં છે. અરેરે તેમનો વિયોગ તેમનાથી કેમ સહન થઈ શકતો હશે ? એટલામાં મુનિ એકદમ બોલી ઉઠયા: હે રાજપુત્ર, તું આવી ભ્રમિત વાણી કેમ બોલે છે! વૃક્ષોના ફળોને તો સ્નેહ શો અને શોક શો! વળી તેમને અશ્રુપાત કેવો! એટલામાં રાજપુત્ર બોલી ઉઠયો: મહાત્માજી, આપ એમ કેમ બોલો છો કે વૃક્ષના ફળને આવું બધું શું ? યોગેશ્વર કહે, ભાઈ એ તો જડ છે અને એ બધાંની એ જ ગતિ છે. વખતે હમણાં બીજો વંટોળીઓ આવે તો ઉપર બાકી છે એ બધાંય નીચે તૂટી પડે પછી એમાં કોણ કોનો શોક કરે ?

રાજપુત્ર કહે- મોહવશ મુનિ આપને ધન્ય છે. આજે આપે મને કૃતાર્થ કર્યો. હે મહારાજ! એ બધાં જેવાં છે તો પણ આપણા કરતાં ઘણાં સારાં છે. કેમ કે નહિ કરવા જોગ મરણનો મિથ્યા શોક તેમને નથી; પરંતુ તે બધાની ગતિ જ્યારે એ જ છે ત્યારે આપણી ગતિ શું મારા ભાઈ કરતાં જુદી છે ? શું ! એ મુઓ અને આપણે અમ્મર છીએ. કોણ જાણે છે કે કયા વખતે એ નિચંતાનું તેડું આવશે ! નિયમસર વહેતી નદીના તટ પર એક જાતનાં બે વૃક્ષો ઝુકી રહ્યાં છે એટલામાં નદીમાં પુર આવ્યું. તેના ઘસારાથી તટની ભેખડ

ઘસાઇને પાણીમાં પડી તે સાથે પેલાં બે વૃક્ષોમાંનું એક વૃક્ષ પણ કડડડ કરતું તૂટી પડી પાણી સાથે ચાલતું થયું. યોગીરાજ, કહો હવે પેલું એક રહ્યું તેની શી દશા ? તેને પોતાના સાથી માટે કેટલો બધો શોક થવો જોઇએ ? તેઓ એક જ બીજમાંથી પેદા થયાં, એક જ સ્થળે ઊછરી મોટાં થયાં અને સાથે જ ફુલ્યાં ફાલ્યાં, પણ તેમાંથી એક જતું રહ્યું, તેનો વિયોગ પેલાથી કેમ સહન થઇ શકશે ? એટલામાં પુર વધારે આવવાથી બીજી બાજુની ભેખડ પડી અને તેના ઘસારાથી પેલું રહેલું વૃક્ષ પણ અંદર પડી ચાલતું થઇ ગયું. કહો યોગીરાજ, એમાં કોણે કોનો શોક કરવો ? માટે હે મહાત્મા, આપ યોગીપુરુષ થઇને મને અયોગીની પેઠે કેમ મોહમાં નાખવા જેવાં વચનો કહો છો ? આ સ્થૂલ દેહ વિષે અભિમાન માનનારાઓને જ શુભાશુભ છે. દેહાભિમાન વગરનાઓને કંઇ પણ પ્રિય અપ્રિય નથી, સુખે નથી, દુઃખે નથી, માટે મારા બંધુના વિષયમાં પણ ભલે ગમેતેમ થયું હોય તેની ચિંતા તજી આપ સુખેથી પધારો અને મને પણ રજા આપો જેથી હું મારા કાર્યાર્થે જાઉં.

રાજપુત્રનું આવું નિર્મોહિત્વ જોઇ યોગીરાજ તો દિગ્મૂઢ જ બની ગયા પછી તેને આર્શીવાદ આપી કહેવા લાગ્યા કે હે મોહજીત ! તને ધન્ય છે ને તારા મોહજીતના નામને પણ ધન્ય છે. ભાઇ, તું તારા કાર્યાર્થે સુખેથી જા. તારું કલ્યાણ થાઓ. તારો બંધુ કુશળ છે. આ શબ્દોથી કંઇ તેને હર્ષ ન થયો તેમ પહેલાં તેને શોક પણ નહોતો. તે તો પ્રણામ કરીને ચાલતો થઇ ગયો. આટલો ઈતિહાસ કહી યોગાશ્રમના મહાત્મા પોતાના શિષ્યને સંબોધીને બોલ્યાઃ હે ભાઇ, આ જગતનો સમાગમ એવો છે. શિષ્ય કહે, અહાહા ! ધન્ય છે ગુરૂદેવ ! આજે તો હદ થઇ, મહાત્મા કહે, સાંભળ, જરા એક

ભજન ગાઈએ.

(ભજન તાલ-બંઝારા)

દો દિનકા જગમે મેલા, સબ ચલાચલીકા ખેલા-દો દિન.
કોઈ ચલા ગયા કોઈ જાવે, કોઈ ગઠડી બાંધ સીધાવેજી,
કોઈ ખડા તૈયાર એકલા, સબ ચલાચલીકા ખેલા-દો દીન.
કર પાપ કપટ છલ માયા, ધન લાખ કરોડ કમાયાજી,
સંગ ચલે ન એક અધેલા, સબ ચલાચલીકા ખેલા-દો દિન.
સુત નાર માત પિતૃ:ભાઈ, કોઈ અંત સહાયક નહિજી,
ક્યાં ભરે પાપકા ઠેલા, સબ ચલાચલીકા ખેલા-દો દિન.
યહ નશ્વર સબ સંસારા, કર ભજન ઈશકા પ્યારાજી,
બ્રહ્માનંદ કહે સુન ચેલા, સબ ચલાચલીકા ખેલા-દો દિન.

હે શિષ્ય, આ બધો નાશવંત સંસાર ચલાચલીનો ખેલ છે એના માટે એક જગ્યાએ કહ્યું છે કે:-

॥ श्लोक ॥

श्चला लक्ष्मी श्चला प्राणा श्चले जीवीत मंदिरे ।
श्चला श्चले च संसारे धर्म एको हि निश्चल ॥

અર્થ- આ જગતમાં લક્ષ્મી નાશવંત છે. પાંચ જાતના પ્રાણ છે તે પણ નાશવંત છે. આ જીવિત દેહ છે તે પણ ક્ષણભંગુર છે. આ મોટી ઈમારતો પણ નાશવંત છે; અને ટૂંકમાં આખો સંસાર નાશવંત છે. ત્યારે ખરૂં શું ? તો धर्म एको हि निश्चल એક પોતાનો સ્વધર્મ એ જ નિશ્ચલ છે.

શિષ્ય- હે ગુરૂદેવ ! હવે કૃપા કરીને ચાલતો વિષય શરૂ કરો, કેમ કે મને એ સાંભળવાની બહુ જ ઉત્કંઠા છે.

ગુરૂ- હે ભાઇ ધન્ય છે ! મારા માનવા પ્રમાણે તું પણ કંઇ સંસ્કારી બનીશ ખરો ! ભાઇ તારું કલ્યાણ થાઓ. અસ્તુ ! તે રાજપુત્રના ગયા પછી યોગીરાજ વિચાર કરવા લાગ્યા કે, ગમે તેટલું મોહજીતપણું હોય પણ તે લાગે વળગે નહિ ત્યાં સુધી જ. ભાઇ મુવો તેમાં એને શું ! ભાઇ ગયો અને ભાગીઓ ગયો. ઊલટું તેને તો નિષ્કંટક રાજ્ય મળ્યું એટલે ભાઇના મરણથી એને શાનો શોક થાય. ઊપરથી કદાચ શોક બતાવે, તો પણ અંતરમાં તો ટાઢું હીમ જેવું હોય, એટલે વગર મોહ જીતે એ તો મોહજીત જ છે પણ સ્વામીના મરણનો ખરો શોક તેની સ્ત્રીને જ થાય. કેમ કે તે તેનું અર્ધુ અંગ કહેવાય માટે તે મોહજીતની સ્ત્રી કેવી છે તે જોઉં. એવો વિચાર કરી તે મહાત્મા નગરમાં પેઠા. માર્ગમાં એક સુંદર નવયૌવના તેમને સામી મળી. તેના હાથમાં એક છાબડી હતી ને પોતે આનંદભેર ચાલી આવતી હતી તેને યોગીશ્વરે પૂછયું કે- હે બાળા તું કોણ છે ! ને કયાં જાય છે ? આ નગરના રાજા મોહજીતનું રાજ્યમંદિર કયાં આવ્યું તે મને બતાવ. એટલે તે બાઇ ઊભી રહીને બે હાથ જોડી તે મહાત્માને નમસ્કાર કરીને બોલી: હે પરમ પવિત્ર મહારાજ, એ રાજ્ય કુટુંબમાંની હું એક દાસી છું, અને મારાં બાઇ કે જે મોહજીત રાજાના નાના પુત્રનાં ધર્મપત્ની છે, તેમને ભગવત્ સેવામાં ઉપયોગી થવા સારું જે સુંદર પુષ્પો જોઇએ છીએ તે લેવા માટે હું આ પાસેના ઉદ્યાનમાં જાઉં છું. એટલે યોગી કહે, શું એક મહાશોકકારક બનાવ બન્યો છે તે તારા જાણવામાં જ નથી કે ? દાસી કહે, એવો શોકકારક શો બનાવ છે મહારાજ ! મને કૃપા કરીને જણાવો. એટલે યોગીરાજે રાજપુત્રના મરણના સમાચાર કહી સંભળાવ્યા. તે સાંભળી દાસી બોલી : મહાત્મા ! એમાં મહાખેદકારક અથવા શોકજનક શું છે ? ન માનવાનો શોક અને

ન કરવાનો ખેદ તો આ સંસારની મિથ્યા માયામાં મોહિત થયેલાં હોય તેવાં અજ્ઞાની પ્રાણીઓને જ થાય. મહાત્મા કહે, પોતાના શિરછત્ર અને પોષણકર્તા અન્નદાતાના મરણથી જ્યારે શોક ન થાય તો એ નિષ્ઠુરતા જ કહેવાય. દાસી બોલી, મહારાજ, નિષ્ઠુરતા તો નિર્દયતામાં વસે છે અને એ તો અમે જ્યારે દુ:ખ દઈએ અથવા એમના દુ:ખ સમયે સહાય ન થઈએ ત્યારે મનાય; પણ આ તો તેથી ઊલટું જ છે. જીવ આ નાશવંત દેહનો ત્યાગ કરી કોઈ અવિનાશી સ્થાનમાં વાસ કરે એથી શોક કરવો એ તો એક હાંસીની વાત છે; કેમ કે આ જગતમાં જાયું તે જવાનું જ, ખીલ્યું તે કરમાવાનું જ. ચઢે તે પડે અને જન્મ્યું તે મરે, એમાં આશ્ચર્ય શું ! એના સંબંધમાં મોક્ષ ગીતામાં કહે છે કે:-

॥ श्लोक ॥

यदि नैव भवेल्लोके मृत्युः कस्यापि देहिनः ।
तदेद सर्वतो विश्वं पूरितं जंतुभिर्भवेत् ॥

અર્થ- જો આ લોકમાં કોઈ જીવનું મૃત્યુ ન થાય તો સંપૂર્ણ જીવોથી આ જગત ભરાઈ જાય; પછી નવા જન્મેલાઓને રહેવાને, ખાવાને, ભોગ ભોગવવાને અવકાશ જ મળે નહિ.

એટલા માટે હે મહારાજ, સર્વ જીવોને ભોગ ભોગવવાનો વખત મળવા માટે ઈશ્વરે મોત બનાવ્યું છે, તે બહુ જ સારું કર્યું છે. તેથી રોવું, પીટવું કે ખેદ કરવો એ અવજ્ઞાનની જ ઈન્દ્રજાળ છે. હે મહાત્મા, આ જગમાં જે જન્મે છે તે અવશ્ય મરે છે. કોઈ પણ એનાથી અગોચર નથી. દેવ, દાનવ અને માનવ સર્વ મૃત્યુના પંજામાં જ છે તેમાં દેવ લોકો કાળે મરે છે ત્યારે મનુષ્યો થોડા વખતમાં મરે છે, પણ બેઉ મરી તો જાય છે જ. બ્રહ્મા, સપ્તઋષિ,

ઇન્દ્રાદિ સ્વર્ગમાં રહેનારાને પણ કાળ ખાઇ જાય છે. મોટા-મોટા યોગેશ્વરોને, પંડિતોને તથા મહાન જ્ઞાનીજનોને ટુંકમાં આખા ભૂમંડળ વચ્ચે કોઇ પણ એ વિકાળ કાળથી બચેલું નથી, તો હે મહારાજ ! અમારા રાજાની તો આપ શી વાત જ કરો છો. હે યોગેશ્વર ! મારે ઊતાવળ છે. પણ ફિકર નહિ. આ પણ એક પ્રભુની જ ચર્ચા છે. મહારાજ એ કાળ કેવો છે તે વિષે એક ભજન હું આપને કહું છું. તે સાંભળો-

ભજન (તાલ-આશાવરી)

અહો પ્રભુ કાલ બડો બલકારી, જાકો ભોજન હય નરનારી;
બ્રહ્મા ઇન્દ્ર રુદ્રગણ ખાયે, ખાયે દૈત્ય હજારી,
બડે બડે પૃથ્વી કે રાજા, ખાયે જીમ તરકારી-અહો પ્રભુ.
સૂરજ, ચાંદ, સિતારે, નદિયાં, સાગર, પર્વત ભારી;
કાળ ચક્કરમેં સબ પીસ જાવે, અપની અપની વારી-અહો.
જલચર, નભચર, વનચર, ભૂચર, લઘુ, દીર્ઘ તનધારી,
સબ હી જીવ કાલકે મુખમેં, ઘુમ રહે દિન ચારી-અહો.
નામ તુમારો અમર નિરંતર, કાલ પાસ ભય હારી;
બ્રહ્માનંદ શરણમે તેરી કીજીયે, ભવ જળ પારી.-અહો.

દાસી કહે, હે મહાત્મા, જે વસ્તુ બનવાની છે તે તો અવશ્ય જ બનશે. તેના માટે કોઇ શોક કરે તે વૃથા જ છે જેવી રીતે કોઇ રાજાને ઘણા દેશ હોય તેમાંથી એકાદ નાનું ગામડું નાશ પામે તેનો શોક તે રાજા કરતો નથી. એવી જ રીતે આપણે પણ માની લેવું કે અંતર્યામી આત્મા ચરાચર વિશ્વમાં એ વ્યાપી રહેલો છે. તેમાં એકાદ દેહ ખંડિત થયો અને તે આત્મા પાછો નિજ રૂપમાં ભળી ગયો તેનો તે શોક શો કરવો ? હે મહારાજ, આ પૃથ્વીમાં દરેક જીવોને

કર્માધીન જીવવાનું છે. જેને જેટલું કર્મ ભોગવવાનું છે એટલું જ રહેવાય છે. કર્મફળ ભોગવી રહ્યા કે હજારો યત્ન કરવાં છતાં એક ઘડીવાર પણ રહી શકાતું નથી. હે મહારાજ, અચાનક સ્વજનો આવી જાય છે અને પાછાં અચાનક ચાલ્યાં જાય છે. એનો શોક જ્ઞાની જીવોએ કરવો ઉચિત જ નથી. આ સંસારમાં કોઈ જીવ કોઈનો સંગી વા સાથી છે જ નહિ. એકલો જ આવે છે અને એકલો જ ચાલ્યો જાય છે. હે યોગેશ્વર, મરવાનો શોક તથા ભય તો તેને જ રાખવો ઘટે છે કે જેઓને અમૂલ્ય મનુષ્ય દેહ મળવા છતાં આટલા સદુપદેશકો હોવા છતાં જેવો સત્સંગ કરી આત્માનું શ્રેય સાધી શકતા નથી. તેમને આ મનુષ્યદેહ છુટતાં કોઈ પશુયોનીમાં યા જંતુયોનીમાં જવાનું છે. તેવા જીવોએ શોક કરવો ઉચિત છે. અમારા રાજ્યપુત્રના માટે તો એ વાત જ નથી. કેમ કે એમનો તો આ ભૌતિક દેહ જો છુટી ગયો હશે તો એ દિવ્ય આત્મા પરમધામને પહોંચી ગયો હશે, કે જ્યાંથી જીવને પાછું આવવું પડતું નથી. માટે હે મહાત્મા ! અમારા રાજાના સંબંધમાં મિથ્યા શોક કરવો મૂકી દઈને આપ આપના સ્થાનકે પધારો.

દાસીના આવા નિર્મોહપણાના વચનોથી તથા તેના ઉચ્ચ બ્રહ્મજ્ઞાનથી મહાત્મા ચકિત થઈ ગયા અને બોલ્યા કે હે બાળા, તારા મોહરહિતપણાને ધન્ય છે ! તારું કલ્યાણ થાઓ. હે મોહરહિત, હે જ્ઞાન સંપન્ના, તું પાછી ન જતાં સુખેથી તારા કાર્યાર્થે જા. તારી સ્વામીનીનું સૌભાગ્ય અંખડિત છે, સત્ય અસત્યની ખાત્રી કરવાને મેં આ વાર્તા તને જણાવી હતી. એ સાંભળી દાસીએ તે સાધુને નમન કર્યું અને ફૂલ લેવાને ચાલતી થઈ ગઈ.

દાસીના ગયા પછી યોગી મહાત્માએ વિચાર કર્યો કે અરે !

આ તેના ઘરની પરિચારીકા, પણ કેટલું જ્ઞાન ધરાવે છે એને પણ કશો શોક કે મોહ થતો જ નથી. મને આવા વૈરાગી પુરુષને પણ એનાં વચનોથી વિશેષ વૈરાગ્ય વૃત્તિ જાગ્રત થઈ છે. વાહ ! ધન્ય છે ! વળી પાછો વિચાર થયો કે ગમે તેટલું તોય એ તો દાસી જ ને ! આંગળીઓથી નખ વેગળા તે વેગળા જ. રાજપુત્રના મુઆનો શોક દાસીને શેનો થાય ! એ તો આવી જ્ઞાનની વાતો કરે જ એમ વિચારી આગળ ચાલતા થયા. તે રાજમંદિરમાં જઈ મોહજીતની સ્ત્રીને મળ્યા.

સાધુને જોતાં જ રાજપુત્રની સ્ત્રીએ અતિ આદરપૂર્વક આસન આપ્યું અને ત્યાં પધારેલા યોગી મહાત્મારૂપ અતિથિનું પૂજન કરવાની તૈયારી કરવા માંડી. એ જોઈ મહાત્મા ગભરાયેલે અને ઉદાસ મુખે બોલ્યા. હે રાજવધૂ ! હે સુશીલા ! તારે આ સમય પૂજન કરવાનો કે અતિથિ સત્કારવાનો નથી કારણ કે દુર્ભાગ્યયોગે એ સઘળાથી દૂર થવાનો સમય તને પ્રાપ્ત થયો છે અને તે તું જાણતી જ નથી ? હે અંબે ! તારા સામું જોઈ મને તારા સૌભાગ્ય માટે બહુ જ શોક થાય છે. પરંતુ નિરુપાયે મારે માથે આવી પડેલું કર્તવ્ય બજાવ્યા સિવાય છુટકો ન હોવાથી હું અત્રે આવ્યો છું, એ સાંભળી શાંત ચિત્તે મોહજીતની ભાર્યાએ પૂછયું, હે ઉપાધિરહિત, એવું શું છે કે જે નિવેદન કરતાં આપ ખેદ પામો છો? જે હોય તે કૃપા કરીને નિ:શંકપણે કહો. ત્યારે યોગીરાજે મુખ ઉદાસ કરી આંખોમાં આંસુ લાવી મોહજીતના મરણના કૃત્રિમ સમાચાર અથ ઈતિ તેની સ્ત્રીને કહી સાંભળાવ્યા. અને અંતે જણાવ્યું કે હે પતિવ્રતા, તે શૂરો રાજપુત્ર જો કે સિંહરૂપ શત્રુના હાથે મરણ પામ્યો ખરો; પરંતુ મરતાં મરતાંએ તેને પોતાના તે શત્રુ ને જીવતો જવા દીધો નથી. મરવામાં

તેણ લગીરે ભીતિ રાખી નથી. પરંતુ માત્ર એક જ મોટી ચિંતા રહી ગઇ કે જેના માટે તેને કશું સમાધાન મળી ન શકવાને લીધે છેક છેલ્લી ઘડી સુધી તેને તે જ લાવતો હતો, અને ચિંતા તે માત્ર તારા સંબંધી જ હતી, કે મારી પ્રાણપ્રિયાની પછવાડે શી સ્થિતિ થશે. મારો અને એનો મેળાપ હવે કયાં થવાનો. તેણે તો અદ્યાપિ પર્યંત ઉત્તમ પતિવ્રત્યથી મારી પૂર્ણ સેવા કરી છે. પણ હું તેનાં કશો બદલો આપી શક્યો નથી. જે સ્ત્રી મારા વિના એક ક્ષણભર પણ રહી શકતી નથી તે હવે પછીની વિધવા અવસ્થા શી રીતે ગાળી શકશે! અરેરે! એના મનના સાન્ત્વન માટે એકાદ સંતાન પણ પછવાડે મૂકયું હોત તો તેને ચિંતા ઓછી થાત. તે પણ નથી હે હરિ! તે સ્ત્રી મારા મરણના સમાચાર સાંભળશે કે તુરત જ તેનાં ઉપર આભ તુટી પડશે. હું તો હવે ચાલ્યો તે ચાલ્યો. હે પરમેશ્વર ! હવે હું તેનું ચંદ્રવદન ક્યારે દેખીશ ! અરેરે ! તેને આ વર્તમાન કોણ જણાવશે ! આવી ઝંખના તે છેલ્લી ઘડીએ કર્યા જ કરતો હતો. એટલે મેં તેની પાસે જઈને બહુ બહુ રીતે આશ્વાસન આપ્યું અને સઘળા સમાચાર હું જઈને જણાવીશ, એવું મેં તેને વચન આપ્યું કે તરત તેના પ્રાણ સ્વધામ સીધાવા ગયા. તેને પોતાની આખર વખતે શ્રી હરિનું નામ ન લેતાં હે વહાલી, હે પ્યારી, હે મનમોહન એમ જ બોલ્યા કર્યું છે. એટલું કહી યોગીરાજ શાંત રહ્યા.

બધી બિના સાંભળી સંસારમાં રહેલી છતાં તે નિર્મળ સ્ત્રી કે જેના મનમાં આ સમાચારથી ખેદ કે શોક થયો ન હતો. તે ગંભીરતાથી બોલી: હે મહારાજ, આપ કહો છો તે સમાચાર કદી સત્ય હશે, પરંતુ મરતી વેળાએ મારા સ્વામીએ હે પ્રિય, હે પ્રાણપ્યારી એવા ઉદગારો કાઢયા હોય. અને આખર સુધી આ

હાડ માંસની અપવિત્ર એક નીચ સ્ત્રીનું જ સ્મરણ કર્યું હોય એ વાતને હું સત્ય માનતી જ નથી. કેમ કે આવી નાશવંત વસ્તુ ઉપર તો અવિદ્યાના અંધકારમાં લચીપચી રહેલા અને અસાર સંસારસાગરમાં ગળચિયાં ખાતા માયાના ભુલાવાથી મોહિત થયેલ પરમ અજ્ઞાન મનુષ્યોમાં જ આવો મોહ સંભવે. જેનું નિરંતર સ્મરણ અને આસક્તિ હોય તે જ મરણ વેળાએ આપોઆપ યાદ આવી જાય એ સાધારણ નિયમ છે અને તે પ્રમાણે મારા સ્વામીના મરણ સમયે જેની આસક્તિ નહિ તેનું સ્મરણ થવું કેમ સંભવે ! હે મહાત્મા, સ્ત્રી તો શું પણ પુત્ર, ધન, રાજ્યસુખ અને છેવટે સૌ પ્રાણીને અતિપ્રિય એવા પોતાના દેહ પ્રત્યે પણ તેમને આસક્તિ ન હતી તો મારા જેવી અધમતાને માટે તેમને આસક્તિ કેવી ! હર ! હર! એ સાધુ વીરને મરતી વેળાએ આ વિશ્વમાંની કોઇ વસ્તુનું સ્મરણ થવું સંભવતું જ નથી. મારા સ્વામી આ સંસારની અસાર માયાના મિથ્યાપણાને સારી રીતે જાણનારા અને તેના મોહમાં કદી નહિ ફસાનારા હતા. તે મોહજીત છે અને તેમાં દ્રઢ સંબંધથી તેમની અનન્ય દાસી જે હું તે પણ સંસારનું મિથ્યાપણું જાણતી હોવાથી તેમાંની કોઇ પણ વસ્તુની આસક્તિ વિનાની છું. યોગીરાજ, હું તો છું પણ અમારું આખું કુટુંબ મોહજીત છે. એમાંથી કોઈને પણ આવી નકામી મોહ મમતા અને એવું માયાનું આવરણ લાગશે જ નહિ.

આવો પ્રત્યુત્તર સાંભળી યોગીરાજ તો સ્તબ્ધ બની ગયા. તે સ્ત્રીને શોકાવેશમાં લાવવાને પોતે ઘણો જ પ્રયત્ન કર્યો પણ તે તમામ નિરર્થક ગયો, પછી જેમ તેમ કરીને પોતે લાવેલા સમાચાર સત્ય ઠરાવાને તે કંઇક બોલવા જતા હતા એટલામાં પાછી તે નિર્મોહા બોલી: હે મહારાજ ! તમારી વાતથી એક બીજું પણ

આશ્ચર્ય થાય છે કે તમો સંસારની તમામ આસક્તિ તજી દઈને એકાંત વનમાં વસો છો, કેવળ પરમાર્થ સાધક યોગમાર્ગનું અહોરાત્ર અવલંબન કરો છો. તે છતાં મારું પ્રિય સમજીને મને કહેવા આવ્યા છો, એ પણ એક આશ્ચર્યની વાત છે. વળી તે સાથે મને શોકાવેશમાં પડવાને સૂચવો છો એ શું યોગ્ય છે ? સમસ્ત શોક મોહનો અને કામક્રોધાદિક દુર્ગુણોનો ત્યાગ એ જ આપનું મંગળાચરણ હોવું જોઈએ અર્થાત્ એ જ તમારું કર્તવ્ય છે અને એ જ આપના યોગમાર્ગનો પ્રથમ ઉપદેશ છે. દરેક પ્રાણીએ શોકમોહાદિકથી મુક્ત થવું અને બીજાઓને તેવા થવા માટે ઉપદેશ આપવો એ સ્વભાવિક રીતે તમારું જ કર્તવ્ય છે. તેને ઠેકાણે તમે ઉલટા મને આ અલ્પ પ્રાણીના જેવું તુચ્છ બુદ્ધિનું કર્તવ્ય શીખવો છો એ શું યોગ્ય છે ? હે મહાત્મા, આ પ્રવાહી જગતમાં કોણ કોનો શોક કરે ! જેવી રીતે નદીના પ્રવાહના વેગથી જળના ઉછળવાને લીધે જે બુદબુદ (પરપોટા) થાય છે અને પાણીનો પ્રવાહ શાંત થતાં પાછા પાણીરૂપ થઈ જાય છે એવો આ જગતનો ખેલ છે. પરપોટા થાય છે, થોડીવાર ઊપર તરે છે અને પાછા ફૂટી જઈ પાણીરૂપ થઈ જાય છે. એમાં કોણ કોનો શોક કરે ! કેમ કે એ કાર્યક્રમ ચાલ્યા જ કરે છે. જૂના પરપોટા ભાંગી જાય છે અને બીજા નવા થાય છે. એનો શોક તો જેને મોહરૂપી પિશાચે ગ્રસી લીધા હોય તે કરે.

એ સાંભળીને યોગીરાજને કાંઈક બોલવાનો માર્ગ જડયો તેથી બોલ્યા: હે બાળા, તારું કહેવું સત્ય છે પણ શું એ પાણીના બુદબુદના જેટલો જ સંબંધ મનુષ્યમાં છે ! મનુષ્ય એ આખી સૃષ્ટિમાંના સર્વ પ્રાણીઓ કરતા શ્રેષ્ઠ છે. વિવેકી છે અને જ્ઞાનવાન

છે. એકબીજા સાથે વહેવારમાં, પ્રેમમાં, કર્તવ્યમાં અને પ્રીતી, અપ્રીતી, લોભ, લાભ, હાનિ, હર્ષ, શોક, મોહ, મમતા અને ભોગનો જ્ઞાતા, સુખ દુ:ખ ઇત્યાદીમાં સારી રીતે સમજનારો છે, તો તેની અને જડ પદાર્થોની સ્થિતિ કેવી રીતે સરખાવાય ? પોતાનું પ્રિય થવાથી પ્રત્યેક મનુષ્યને સ્વભાવિક જ હર્ષ અને અપ્રિય થવાથી સ્વભાવિક જ શોક થવો સંભવિત છે, જેને આશ્રયે રહીને તું આ રાજસુખ ભોગવે છે, રાણીપદે છે અને સર્વ આપત્તિથી મુકત છે. વળી જેના જીવનથી જ તારા જીવનું સાફલ્ય છે અને તું સૌભાગ્યવતી કહેવાય છે, જેના વિના તું આ સઘળા સુખ વૈભવ વિનાની છે, તેવા તારી સુખ સંપત્તિરૂપ મહાભાગ્યવંત સુકુમાર પતિના મરણથી તને અપાર શોક થવો જોઇએ. આવા પ્રસંગે શોક ન થવો એ જ આશ્ચર્યની વાત છે. મહાસતી સીતાએ પણ પોતાના પતિ રામને કહેલું છે કે:-

ચોપાઇ

तनु धन धाम धरणी पुर राजु, पति विहिन सब शोक समाजु;
भोग रोग सम भुषण भारु, यमयातना सरिस संसारु.

(અ.કાં)

જેવી રીતે જીવ વિનાનો દેહ તથા પાણી વિનાની નદી નિરર્થક છે, તેવી જ રીતે સદાચારી સ્ત્રીને પતિ વિનાનું જીવન પણ નિરર્થક છે. મહાત્મા કહે, હે બાળા, તું જણાય છે પતિવ્રતા અને પતિના મૂવાનો શોક થતો નથી. એ શું હસવા જેવી વાત નથી ? ગમે તેવા શૂન્ય હૃદયને પણ પ્રિય વલ્લભનું મરણ તો શોકાગ્નિથી પ્રજ્જવલિત કરી દે જ. પરંતુ તારી આવી સ્થિતિથી મને તારામાં માત્ર દંભી પ્રેમીપણું અને નિર્દયપણા સિવાય બીજું કંઇ જોવામાં

આવતું જ નથી. તારું બ્રહ્મજ્ઞાન પ્રપંચથી ભરપૂર, પ્રેમ રહિત છે. અને પતિપત્નીના જેવો ગાઢો સંબંધ આ જગતમાં બીજો કયો છે અર્થાત્ એક પણ નહિ. કેમકે જે સંબંધ અગ્નિ, સૂર્ય આદિ દેવતાઓની સાખે, બ્રાહ્મણોથી બન્નેનાં માતા પિતા અને સ્વજનોની સાક્ષીથી બંધાયેલો છે અને તે એટલો તો નિકટનો સંબંધ ધરાવે છે કે પરસ્પરનાં શરીર સાથે શરીર, મન સાથે મન અને આત્મા સાથે આત્મા એકતાને પામી લીન થઈ જાય છે. આમ હોવાથી તેઓના ભાગ્ય પણ જોડાયેલાં જ રહે છે. સ્ત્રી પુરુષ બન્ને મળીને દંપતીરૂપ એક જોડું છે. એવા જોડામાંથી એકાદ દૂર જાય તો પણ એકબીજાથી સહન થઈ શકે નહિ, તો પછી તે સદાને માટે છુટું પડી જાય એ શું ગમે તેવા કઠિન હૃદયને પણ શોક અને વિયોગના દુઃખથી દ્રવિત કરી નાખનારું નથી ? આ જગતમાંના સર્વ પદાર્થો પ્રેમરૂપ છે. પશુપક્ષી સર્વે પ્રેમવશ છે, અને પ્રેમ માટે પ્રાણદાન સદા તત્પર રહે છે. પ્રેમ જ આ જગતનું જીવન છે. પણ જે પ્રેમના શુદ્ધ સ્વરૂપને જાણી શકતું નથી તે જ અધોગતિને પામે છે. હારલ પક્ષીનું બાળ જન્મતાં જ કાષ્ટ સાથે પ્રેમ કરે છે, અને મરતાં સુધી તે તેને છોડતું નથી. જીરાફ દંપતીમાંથી બેમાંથી એક ખંડિત થતાં રહેલું પણ બળી મરે છે. અહા એ પ્રેમની બલિહારી છે. જ્યારે જ્ઞાન રહિત પશુપક્ષીઓમાં આટલો બધો પ્રેમ છે, તો પછી જ્ઞાનવાન મનુષ્યોમાં એકબીજાનો શોક ન થવો કેમ સંભવે ? પણ પંડિતાઈ ભરેલી તારી આત્મજ્ઞાનની વાતોનો અર્થ હું તો કેવળ તારા મનની નિષ્ઠુરતા જ માનું છું.

આટલું કહીને વળી તે યોગીરાજ કંઈક કહેવા જતા હતા એટલામાં તે રાજસુંદરી બોલી: હે તપોધન, સત્ય છે કે સંસ્કાર

અને અધિકાર વિનાના મિથ્યા બકવાદ કરનારા બ્રહ્મવાદીઓનાં અંતઃકરણ તેવાં હોય છે અને તેવા બીજાઓને પણ પોતે બનાવે છે. પરંતુ હે દેવ, મારું કહેવું તેવું નથી. હું તો જે સત્ય છે તે જ કહું છું. મારું અંતઃકરણ આપ કહો છો તેવું નિર્દય કે નઠોર નથી. તેમ હું વિવેકને ભૂલી નથી. કેમ કે આજ પર્યંત ભૂલથી કિંવા સ્વપ્નામાં પણ મેં તેવું નિર્દયતા ભરેલું કે નઠોરતા ભરેલું કાર્ય કીધું હોય એમ મને સાંભળતું નથી. જેમ કોઇ એક મનુષ્ય પ્રીતિપાત્ર હોવાથી પ્રેમપાત્ર મળ્યા વગર ઠારોઠાર પ્રેમ કરતો નથી, અને તેથી તેને પ્રેમશૂન્ય કહેનાર સત્યવકતા ગણાતો નથી, તેમજ મારું કહેવું છે. હું પ્રેમને જાણું છું, પ્રેમને ભજું છું, પ્રેમમાં લીન છું અને પ્રેમમાં જ એક થનારી છું. આપે સ્ત્રી-પુરુષ સંબંધ માટે જે જે કહ્યું તે સઘળું સત્ય છે પણ તે કયાં સુધી ? કે સ્ત્રી-પુરુષના તો શું પણ આ જગતના સઘળા સંબંધ અમુક સમય સુધીના જ નિર્માણ થયેલા હોય છે. જેવી રીતે ભાડાની ગાડીમાં બેઠેલાઓને તે ગાડી સાથેનો સંબંધ પૈસા આપે ત્યાં સુધીનો જ છે. જેમ દેવું પતવ્યા પછી લેણદાર અને દેણદારનો સંબંધ પૂરો થાય છે તેમજ પૂર્વનો ઋણાનુબંધ પૂરો થયો એટલે અહીંનો સંસારનો સંબંધ પણ પૂરો થાય છે. માટે હે યોગેશ્વર, પૂર્વના કોઇ ઋણાનુબંધથી આ જન્મે બંધાયેલો અમારો દંપતીરૂપ દેખાતો સંબંધ તે ઋણાનુબંધ પૂરો થવાની સાથે જ પૂરો થયો હોય તો તે માટે મારે શોક કરવો એ શું મૂર્ખતા નથી ? એ ઋણાનુબંધ જો પૂરો થયો હોય તો ગમે તેટલા ઉપાયથી પણ પાછો સંધાવો દુર્લભ છે. તો પછી શોક કરવાનું શું કારણ છે ?

મુનિ આ વાત સારી રીતે જાણતા હતા છતાં કુમાર પત્નીનું

જ્ઞાન જોવાને અજાણ્યા થઈને બોલ્યા : હે પુત્રી ! બેટા, વારંવાર તું સ્ત્રી-પુરૂષના સંબંધને પૂર્વના ઋણાનુબંધને કારણ ગણાવે છે તો એ ઋણાનુબંધ કેવો અને તેને લીધે શી રીતે સંબંધ જોડાય છે, તે મને કહે. એટલે મોહજીતની સ્ત્રી તેમને નીચે પ્રમાણે કહેવા લાગી.

હે યોગીરાજ ! આ સંસારમાં જન્મેલા પ્રાણીને આયુષ્યમાં નિર્વાહાદિક વ્યવહારોને માટે બીજાં અનેક પ્રાણીઓના પ્રસંગમાં આવવું પડે છે, તે વેળાએ તેઓ સાથે જે જે વૃત્તિથી વર્તવામાં આવે છે, તેવો પરસ્પરનો ઋણાનુબંધ બંધાય છે. ઋણ એટલે લેણદેણ, આપવું અને લેવું. તેનાથી જે થયેલું બંધન તે ઋણાનુબંધન કહેવાય છે. હું જેમ આપને મારા કાર્ય માટે કોઈ જાતનો પરિશ્રમ આપું અને પછી તેનો બદલો વાળું નહિ તો મારા માથે આપનું ઋણ રહે. તેનો બદલો પછી ઈશ્વરી સત્તા મારી પાસે આ દેહે નહિ તો બીજા દેહે પણ અવશ્ય વળાવે છે. એ પ્રમાણે પ્રત્યેક જીવનું સમજવું. તેમાં કોઈની દ્રવ્યની લેણાદેણી હોય તો કોઈની સુખદુ:ખની લેણાદેણી હોય. કોઈની વિદ્યાની હોય તો કોઈની બીજા પ્રકારની હોય. એવી રીતે દરેકનું ઋણ ચૂકવી આપવાને પ્રાણીઓ અનેક પ્રકારનાં સંબંધથી જોડાઈ જાય છે. પછી એક જાતનું લેણું દેણું પૂરું થઈ ગયું કે તરત તે એકબીજાને છોડી ચાલતા થઈ જાય છે, હે યોગીશ્વર, આ અપાર વિસ્તારવાળા વિશ્વમાં ઈશ્વરી સત્તા એ કાર્ય એવી અદ્‌ભુત રીતે પૂર્ણ કરાવે છે કે, જેનો પાર કોઈ પામી શકતું નથી, અને કાર્યમાં કિંચિત્ ભૂલ પણ આવતી જ નથી. જેનું કરેલું છે તેને જ આપોઆપ એ સત્તા અનાયાસે અચૂકપણે અપાવે છે. અને તેમાં કશો પક્ષપાત કે

અન્યાય થવા દેતી જ નથી. જેના સંબંધમાં પરમપૂજ્ય મારા સ્વામીએ મને અનેક ઈતિહાસો કહેલા છે, તેમાંનો એક હું આપને સંભળાવું છું.

વિશ્વપુરીમાં જીવરામ કરીને એક મહાત્મા બ્રાહ્મણ રહેતો હતો. તે નિત્ય પોતાનો વખત સ્નાન-સંધ્યા ભગવત્સેવા આદિ સત્કર્મોમાં જ વ્યતિત કરતો હતો. તે જીવ સુખી અને આનંદી હતો. જે કાંઈ અનાયસે આવી મળે તેના ઉપર જ પોતે સંતુષ્ટ રહેનારો હોવાથી તે કોઈની યાચના કરતો નહિ. તેની સ્ત્રી પણ બહુ જ સુશીલ અને પતિવ્રતા હતી. તે નિરંતર સ્વામીની સેવામાં જ તત્પર રહેતી હતી. હે યોગીશ્વર ! આપ જાણો છો જ કે અનન્ય ભાવે ભગવત્ચિંતન કરનારાઓના સઘળા વ્યવહારનો બોજો પ્રભુને જ માથે હોય છે. તેથી નિરંતર ભગવત્ સેવા કરનાર તે જીવરામ મહાત્મા હતા. તેમ ઈશ્વરકૃપાથી તેમને ચિંતા કરવા જેવું પણ રહેતું નહોતું. આવી રીતનો પવિત્ર ગૃહસ્થાશ્રમ ચલાવતાં તેમને કેટલાક કાળ વીતી ગયા, એટલામાં તેમની પતિવ્રતા સ્ત્રી સગર્ભા થઈ. પૂર્ણ માસ વીતતાં તેણે એક રત્ન સરખા પુત્રને જન્મ આપ્યો. બ્રાહ્મણે તેના જાતકર્માદિ સંસ્કારો કર્યા, યથાશક્તિ દાનપુણ્ય પણ કર્યું. ઊતરતી વયમાં ઘેર પુત્રનું પારણું બંધાયેલું જોઈ તેઓએ પરમ આનંદમાં દિવસો નિર્ગમન કરવા માંડયા. જીવરામ જ્યોતિષશાસ્ત્ર સારી રીતે જાણતા હતા તેથી તેમણે પુત્રનું ભવિષ્ય જાણવા સારું જન્મપત્રિકા કરવા માંડી. પુત્રના ગ્રહો એક કરતાં એક ઉત્તમ સ્થાને પડેલા અને વિદ્યાભુવન તથા ભાગ્યભુવન બહુ જ ઊંચા પ્રકારનું આવ્યું, તેથી એમને બહુ જ આનંદ થયો. પરંતુ સૌ પહેલાં આયુષ્યનો નિર્ણય કરવો જોઈએ. કેમ કે આયુષ્ય ન

હોય તો ઊંચા ગ્રહ અને ઊંચું ભાગ્ય શા કામનું ? માટે પહેલો તેનો નિર્ણય કરવાને ગણિત આરંભ્યું તો તેમની મતી કુંઠિત થઈ ગઈ. કેમ કે ગણિતમાં તત્કાળ શૂન્ય જ આવીને ઊભી રહી. તે જોતાં જ તેમના હૃદયમાં મોટો ધ્રાસકો પડયો, કારણ કે આવા મોટા ભાગ્યવાળો પુત્ર અલ્પાયુષી છે. હર, હર એ તો બહુ જ ખોટું, પણ કદાચ એમ નહિ હોય. રખેને ગણિતમાં કાંઈ ભુલતો હોઉં એમ ધારી તે ગણિત તેણે ફરીથી ગણવા માંડયું.

ગણિતમાં જો કિંચિત્ પણ ભૂલ રહી જાય તો તેનું ફળ ખોટું આવે છે. તેથી ફરીથી તેણે બહુ જ બારીકીથી તપાસી જોયું. પણ પરિણામ તે નું તે જ આવ્યું. આથી મન ખેદગ્રસ્ત થતાં તેણે તેના ભાગ્યવિદ્યા આદિ સઘળા ભવનો તપાસતાં તેને જણાયું કે મારો અને પુત્રનો સંબંધ માત્ર પુષ્કળ ધન વિષે જ દેખાય છે. તેથી આ પુત્ર મને અથાગ ધન મેળવી આપીને પછી તે પોતાના માર્ગે પડી જશે. શ્રીહરિની મરજી! થનાર હશે તે અવશ્ય થશે જ. તેમાં મારું કે કોઈનું શું ચાલે તેમ છે. આવી રીતે મનનું સમાધાન કરીને તેણે આગળ ગણિત ગણવું બંધ રાખ્યું.

જ્ઞાની હોવાથી જીવરામે પોતાના મનને વાળ્યું, તો પણ તેનું મોં પડી ગયેલું જોઈ સ્ત્રીએ પૂછયું: કૃપાનાથ! આપ કેમ ઉદાસ દેખાઓ છો? શું હમણાં અથવા ભવિષ્યમાં આપને કોઈ દુઃખ દેખાય છે? જો તેમ હોય તો આ દાસી પણ આપની સહચારીણી હોવાથી અર્ધની ભાગીદાર છે માટે તે જણાવી આપનું દુઃખ ઓછું કરો. એવાં સ્ત્રીનાં વિનિત વચન સાંભળી બ્રાહ્મણે કહ્યું: હે પતિવ્રતા! આ સંસાર જ આખો દુઃખરૂપ છે, તેમાં વળી હમણાં કે ભવિષ્યમાં દુઃખનું પુછવું જ શું! જે કાળે જે બને તે જોવું, અને

ભોગવવું. આવી રીતે વાતને દાબી દીધી, છતાં સ્ત્રી ચતુર હોવાથી, એમાં કંઇક તાત્પર્ય છે એમ સમજીને વારંવાર વિનંતી કરવા લાગી, ત્યારે તે બોલ્યો: હે સાધવી, હમણાં તને કહેવાનું કશું પ્રયોજન નથી. સમય આવ્યે મારી મેળે જ હું તને કહીશ. એટલે તે સ્ત્રી એ પોતાની હઠ મૂકી દીધી અને પોતાના કામમાં લાગી. એમ એક પછી એક દિવસો વીતતાં બાળક આઠ વર્ષનો થયો. એટલે વસંતઋતુમાં સારું મુહૂર્ત જોઇ જીવરામે તેને ઉપનયન એટલે જનોઇનો સંસ્કાર કર્યો અને પછી અધિકાર પ્રાપ્ત થયો હોવાથી સારી રીતે તેને વેદાધ્યન કરાવવા માડયું. બાળક બુદ્ધિશાળી અને યાદશક્તિવાળો હોવાથી થોડા જ સમયમાં વ્યાકરણ, જ્યોતિષ, ગણિતશાસ્ત્ર વગેરે સારી રીતે શીખી ગયો. આથી બ્રાહ્મણ ને સારી રીતે ખાત્રી થઇ એટલે પોતાની સ્ત્રીને એકાન્તમાં બોલાવીને કહ્યું:- પ્રિયે, આપણો આ ભાગ્યશાળી પુત્ર કે જેના જન્મ પછી આપણા ઘરે આપોઆપ સમૃદ્ધિ આવીને વસી છે, સઘળાં દુ:ખ દૂર ગયાં અને સ્વર્ગ સમાન સુખનો અનુભવ આપણે લઇએ છીએ. તે પુત્ર હવે સર્વ વિદ્યા ભણી રહ્યો છે. હવે એ ભલભલા પંડિતોને પણ પોતાની વિદ્યાના બલે હઠાવી શકશે, માટે એ કયાંય બહાર જાય નહિ એ તું શરત રાખજે. વળી એ ઘણો જ સ્વરૂપવાન છે તેથી તેના ઉપર કોઇની દૃષ્ટિ લાગવાનો પણ સંભવ છે. તેથી તારે તેની બરાબર સંભાળ રાખવી અને એ વાત હું પુત્રને પણ કહું છું, કે જેથી અજાણે ભૂલ થાય નહિ. પછી પુત્રને બોલાવીને તે બન્ને સમક્ષ કહ્યું: ભાઇ! તું હવે સર્વ વિદ્યા ભણી રહ્યો છે. હે દીકરા! તારી બ્રહ્મવિદ્યા કોઇનું માનભંગ કરવા અથવા કોઇને વાદમાં જીતીને યશ મેળવવાની નથી. માત્ર પોતાના કલ્યાણ અર્થે જ છે.

જો તું કહી શકે કે આપણા નિર્વાહને માટે છે તો તેમ પણ નથી. નિર્વાહને માટે મેં કેવી અયાચક વૃત્તિ ધારણ કરેલી છે તે હે પુત્ર! તું જાણે છે. તેમ છતાં વળી તારા ભાગ્યને લીધે ઇશ્વરે આપણને સર્વ વસ્તુ આપેલી છે તેથી તારે કોઇને કોઇ પણ પ્રકારની યાચના કરવી નહિ. તેમ અયાચકપણે મળતો પ્રતિગ્રહ પણ કરવો નહિ. તું સતપુત્ર હોવાથી મારી એ આજ્ઞા યથાર્થપણે પાળીશ એવી મને આશા છે. જીવરામે આટલી બધી ચોકસાઇ કરવાનું કારણ માત્ર એ જ હતું કે આ પુત્ર મારો ઋણી છે અને તે ઋણ પૂરું કરવાને આવેલો છે; માટે જો કોઇ જગ્યાએથી લાવેલું એ ઋણ કપાઇ જાય અને ઋણ ચુકવાઇ જવાથી તે છુટો થાય અર્થાત્ મરી જાય. આ કારણથી પોતે સાવચેતી રાખ્યા કરતો હતો. જો કોઇ જગ્યાએ બહાર જવાનો પ્રસંગ આવે તો પોતે તેને સાથે લઇને જ જતો હતો. એમ કરતાં કરતાં તે બાળક મટી તરુણ એટલે જુવાન અવસ્થામાં આવ્યો ત્યારે તેના પિતા પરમ આત્મનિષ્ઠ હોવાથી સંસારની માયા મિથ્યા માની કેવળ ભગવત ભક્તિ એ જ પોતાનું કર્તવ્ય સમજતો હતો. તેણે વિચાર કર્યો કે પુત્રને મેં સર્વ વિદ્યા ભણાવી પણ એને યોગ માર્ગમાં જોડી આત્મસાક્ષાત્કારનો અનુભવ કરાવ્યો નથી. ત્યાં સુધી મેં તેના પિતા તરીકેનું મારું કર્તવ્ય પુર્ણ કર્યું કહેવાય નહિ. એમ ધારી તેણે અભ્યાસ શરૂ કરાવ્યો. અભ્યાસ ચાલે છે એવામાં એક પ્રસંગ આવ્યો. જીવરામે એકાએક કોઇ કારણસર બહારગામ જવાનું આમંત્રણ આવ્યું. અભ્યાસ ચાલતો હોવાને લીધે તેને સાથે લઇ જવાય તેમ ન હતું એટલે ના ઇલાજે પોતે એકલો જવા તૈયાર થયો અને પુત્રને કયાંય બહાર ન જવા દેવા પોતાની પત્નીને પૂર્ણ ભલામણ કરી ચાલતો થયો. એક સંતે કહ્યું છે કે:-

દોહરો.

અપને મન કછુ ઓર હૈ, શ્રી હરિ કે મન ઓર;
ઓધૌંસે માધૌં કહૈ, જાુઠી મનકી દોર.

અહીં પણ એમ જ બન્યું. જે દિવસે જીવરામ મહાત્મા બહારગામ ગયા તે જ દિવસે એ વિશ્વપુરીમાં રાજાને ત્યાં એક વિદેશી પંડિત આવ્યો હતો, અને તેણે તે ગામના પંડિતો સાથે વાદ કરવાની માગણી કરી; એ પંડિત સર્વ વેદ શાસ્ત્ર સંપન્ન અને ઘણો વાચાળ હોવાથી અનેક દેશના પંડિતોને જીતીને આવેલો હતો. તેણે પોતાની વિદ્વતા માટે મોટું અભિમાન હતું. રાજાએ તેની માગણી સ્વીકારી, પણ તેના મનમાં મોટી ચિંતા થઇ કે એની સાથે વાદમાં ઉતરે એવો પંડિત મારી સભામાં કોઇ નથી. આ વિશ્વપુરી વિદ્યા અને વિદ્વાનોનું ધામ ગણાય છે માટે જો તેની સાથે વાદ કરવાની ના પાડીએ તો બધા ગામનો યશ ચાલ્યો જાય અને જો વાદમાં હારી જવાય તો પણ યશ જતો રહેશે. શ્રી હરિ કરે તે ખરું. હવે તો શ્રી પૂર્ણપુરૂષોત્તમ આ પુરીની લાજ રાખે ત્યારે. એમ વિચાર કરી બીજા દિવસે સભા ભરી અને આખી નગરીમાં ડાંડી પીટાવી કે વિશ્વપુરીમાં જે કોઇ વિદ્વાન હોય તેણે જરૂર સભામાં પધારવું. આ સમાચાર મળતાં સભા ભરાઇ અને તેમાં એકત્ર થયેલા રાજાના પંડિતોને તે વિદેશી પંડિતે હરાવ્યા એટલે પહેલા દિવસની સભા વિસર્જન થઇ. આખી પુરીમાં વાત ફેલાઇ કે વિશ્વપુરીની આજ પ્રર્યંતની સઘળી કિર્તિને એક પરદેશી પંડિત હરણ કરી જાય છે. ઘરોમાં, શેરીમાં, ચૌટામાં, વાટમાં, ઘાટમાં; લોકાને મુખે એ જ ચર્ચા ચાલી રહી હતી. એક શેરીમાં થઇ કેટલાક બ્રાહ્મણો એ વાત કરતા ચાલ્યા જતા હતા તેવામાં

એક જણાએ મહાત્મા જીવરામભાઈના ઘર સામો હાથ કરીને કહ્યું: અરે ભાઈ! પેલા ઘણા સમર્થ ગણાતા જીવરામ પંડિતજી પણ આજે એ પંડિતથી હારી ગયા કે શું? ત્યારે બીજો કહે, અરે નહિ પણ તે આજે સભામાં જ દેખાયા નથી. જુઓ આ સામે રહ્યું એ એમનું ઘર અને પેલા ઓટલા ઉપર બેસીને કંઈ વાંચે છે, તે એમનો પુત્ર. એ પણ તેના પિતા જેવો જ વિદ્ગાન છે એમ સંભળાય છે. પણ કોણ જાણે આવા ખરા પ્રસંગે બેમાંથી એકે શા કારણે નહિ આવ્યા હોય, પણ નિશ્ચે પંડિતજી આજે ઘેર નહિ હોય નહિ તો આ વિશ્વપુરીની લાજ જવા દે નહિ. હશે! પણ જોઈએ વારુ, કાલે પાછી સભા ભરાવાની છે તેમાં કેમ થાય છે.

માર્ગે જતા બ્રાહ્મણોની આ વાતચીત કંઈક પેલા બ્રહ્મપુત્રને કાને પડી, એટલે તેના મનમાં મોટો જુસ્સો થઈ આવ્યો અને તે વિચારવા લાગ્યો કે, મારા પિતા જેવા સમર્થ પુરુષને પણ હરાવી દે એવો તે વિદેશી પંડિત કોણ છે? તેને જોવો જોઈએ. કાલે જો સભા ભરાશે અને મારી માતુશ્રી આજ્ઞા આપશે તો હું તેને જોવાને જઈશ.

પહેલા દિવસની સભામાં સર્વ પંડિતો હાર્યા અને વાદ તો જેમનો તેમ ઊભો જ રહ્યો. એથી રાજા બહુ દિલગીર થયા. બીજે દિવસે ફરી સમય થતાં પાછી ફરી સભા ભરી અને વિશ્વપુરીમાંથી લોકોના જુથને જુથ તે જોવા સારુ આવ્યાં. પોતાની પડોશના સરખી વયના બ્રાહ્મણ બાળકોને જતાં જોઈ જીવરામભાઈ નો પુત્ર ઋણદત્ત પણ પોતાની મા પાસે આજ્ઞા માગવા લાગ્યો: માતુશ્રી! આ સૌ જાય છે, તેમના ભેળો હું સભા જોવાને જાઉં? માતા કહે, વહાલા પુત્ર! તારા પિતાએ તને બહાર જવાને ના કહેલું છે. કેમ

કે જો કદી તું બહાર જાય અને કોઇનો પ્રતિગ્રહ કરે; પુત્રે કહ્યું કે હું પિતાની આજ્ઞા લોપીશ નહિ. કોઇ ગમે તે વસ્તુ આપશે તે હું લઇશ નહિ. માટે મને જવા દો. પુત્રનો તેવો આગ્રહ જોઇ તેની માતાએ આજ્ઞા આપી એટલે તે રાજસભામાં ગયો અને વિદેશી પંડિત શા શા પ્રશ્નો કરે છે તે ઉપર લક્ષ રાખી ઊભો.

સભામાં એક બાજુ રાજા અને રાજવંશીઓ તથા બીજી બાજુ અનેક શાસ્ત્રોનું અધ્યયન કરેલા પંડિતો બીરાજેલા હતા. તેઓની સામે પેલા પરદેશી પંડિતનું મોટું આસન હતું. સભાસ્થાનની આસપાસ જોવા આવનાર જનોની બેઠક નિમી હતી. સભાનું કાર્ય આરંભતાં જ તે પંડિતે આગલા દિવસના પોતાના પ્રશ્નોનો પ્રસ્તાવ કરીને મોટા અભિમાન સાથે કહ્યું કે મારા પોતાના જ ઉપજાવી કાઢેલા આ પ્રશ્નો છે કે જે મારા વિચાર પ્રમાણે તે કેવળ સાધારણ જ છે. તેનો મને આ સભામાંથી યર્થાથ પણે ઉત્તર મળ્યો નહિ તો હવે બીજા પ્રશ્નો માટે પરિશ્રમ શા અર્થે લેવો? માટે હવે તો આ બધી સભાની સમક્ષમાં રાજાએ મને વિજયપત્ર આપી વિદાય કરવો એ જ સારું છે. આ સાંભળી બધી સભા મૌન થઇ રહી. એ જોઇને પેલો ઋણદત્ત એકદમ લોકોના ટોળામાંથી તે પંડિતના સામો જઇને બોલ્યો કે, આ કોઇ વિદેશી આડંબરવાળા મદોન્મત્ત અને ઉદ્ધત પંડિતનું વિનય અને વિદ્વતાથી રહિત એવું તથા બાલિશતાથી ભરેલું ભાષણ સાંભળી આ સૌ પંડિતજનો તો એનું પ્રત્યુત્તર કરવાના કામને જાણે અયોગ્ય લજ્જાસ્પદ ગણાતા હોય એમ મને ભાસે છે; અને એનો પ્રત્યુત્તર આપવાને માટે તેવો કોઇ બાળક જ અહીં હોય તો ઠીક એમ ધારી તેવા બાળકની શોધ કરવા માટે આમતેમ દૃષ્ટિ કરતા હોય તેમ હું જાણું છું. હે સભાજનો!

આ સર્વ મહાજનોની જીજ્ઞાસા યથાશક્તિ પૂર્ણ કરવાને બાળક એવો જે હું તે આ પંડિતના ભાષણના ઉત્તરમાં બે શબ્દો કહેવા માંગું છું. આજ્ઞા છે? ઋણદત્તનું આવું ચાતુર્યમય ભાષણ સાંભળી સૌ સભાજનોની, રાજાની અને પેલા વિદેશી પંડિતની દૃષ્ટિ પેલા બાળક તરફ દોરાઇ અને સૌ આશ્ચર્ય પામ્યા. વળી ઋણદત્ત બોલ્યા: મહારાજા વિશ્વપુરીપતિએ નગરમાં જે પંડિત આવવા વિશે પ્રસિદ્ધિ કરી તે પંડિતરાજ તે આ જ કે? હું પંડિતજીને પુછું છું કે કુટ વચનો કોઇ શુકપક્ષીને ગોખાવીને મોઢે કરાવ્યાં તે સૌના સાંભળતાં કડકડાટ બોલી જાય એથી શું તે પંડિત કહેવાય ? આતો કોઇ દાંભિક પંડિતજી છે. ખરા પંડિતો શું પોતાના મુખે પોતાની શ્લાઘા એટલે બડાઇ અને બીજાનો તિરસ્કાર કરતા હશે ? પંડીત એમ કહે કે અમુક વસ્તુ મેં ઉપજાવી ? ફલાણા પ્રશ્નો મારા જ રચેલા છે ? એમ મિથ્યા અભિમાની થવું એ શું પંડિતાઇ છે ? આવી રીતના ઉપરાઉપરી અનેક પ્રશ્નોમાં જ પ્રથમ તે પંડિતને દબાવી દીધો. પછી કહેવા લાગ્યા કે કહો પંડિતજી ! તમારા શા પ્રશ્નો છે ? એટલે વિદેશી પંડિત બોલ્યો: ૧ ઇશ્વર શું ખાય છે ? ૨ ઇશ્વર શું કરે છે ? ૩ ઇશ્વર ક્યારે હસે છે ? ૪ ઇશ્વર કયાં રહે છે ? હે બ્રહ્મપુત્ર ! આ ચાર પ્રશ્નોના આપ ઉત્તર કરી આપો. એટલે પછી આપનો વિજય થયો એમ કહેવાશે. અને હું મારા માર્ગે ચાલ્યો જઇશ. અને જો ઉત્તર નહિ કરી શકો તો તમારા રાજાએ મને માન સાથે વિજયપત્ર આપવું પડશે. એટલે ઋણદત્ત બોલ્યો, જરા નીતિ શીખો. ઊભા થાવ અને બેસવાને આસન આપો અને તમે સામા ઊભા રહો. કેમ કે નીતિ એવી છે કે જેને કાંઇ પ્રશ્ન કરવો હોય તેણે સવિનય નમ્રતાપૂર્વક સામા ઊભા રહીને પૂછવો જોઇએ, વિદેશી પંડિત સમજી ગયો કે આ જરૂર મારા પ્રશ્નોનો ખુલાસો

કરી આપશે. માટે એના આગળ હું મોટો નથી. એટલે પોતે ઊભો થઇ સામો ઊભો રહ્યો અને ઋણદત્તને આસન આપ્યું. સૌ સભાજનોના સાંભળતાં મોટેથી ઋણદત્ત બોલ્યા: આ પંડિતજીના ઉપજાવી કાઢેલા ગૂઢ પ્રશ્નોના ઉત્તરો દરેક જણ ધ્યાનપૂર્વક સાંભળો. એમનો પ્રશ્ન છે કે, ઈશ્વર શું ખાય છે ? તેનો ઉત્તર એ છે કે ઈશ્વર, યૌવન, ધન, સંપત્તિ, પ્રભુતા, બળ ઈત્યાદિક વસ્તુની પ્રાપ્તિ થવાથી મનુષ્યને અહંકાર થઇ આવે છે અને તેને વશ થઇ જવાથી મનુષ્ય પ્રાણી દુષ્ટ કર્મો કરવા તરફ વળે છે તેને અહંકાર કહેવામાં આવે છે માટે તે અહંકારના પ્રભુ ભક્ષણકર્તા છે. જેવી રીતે કાલની સભામાં વિવાદમાં જે તમોને જીતનો અહંકાર થયો હતો તેને પ્રભુ ખાઇ ગયા. કેમ કે આ વખતે તમે એક બાળકના સામા અહંકારરહિત થઇ ઊભા છો, આ જગ્યાએ તમારા અભિમાનનું ચાલી શકે તેમ નથી. માટે ઈશ્વર અહંકાર ખાય છે. હે પંડિત! આ સૃષ્ટિના આરંભથી તે અદ્યાપિ પર્યંત કોઇનો અહંકાર ચાલ્યો નથી. કેમ કે અહંકાર એજ શ્રીહરિનો ખોરાક છે. માળી જેમ પોતાની વાડીમાં પ્રતિદિન તપાસ રાખ્યા કરે છે અને જે વૃક્ષો ઉપર વધારે પુષ્પો ખીલે છે તેને પોતે ઉતારી લે છે એવી જ રીતે મનુષ્યો બગીચાના વૃક્ષો છે તેમને અહંકારરૂપી ફૂલો લાગે છે. તેમાં જે મનુષ્ય વૃક્ષ ઉપર અહંકાર ફૂલો વધારે ખીલેલાં હોય તેને ઈશ્વર માળી તુરત ઉતારી લે છે. તેથી પ્રભુનો ખોરાક અહંકાર છે, તમારો બીજો પ્રશ્ન એ છે કે: ઈશ્વર શું કરે છે ? તેનો ઉત્તર એ છે કે, ઈશ્વર મૂંગાને વાચા કરે છે. પાંગળાને પરવત ઉલંઘાવે છે. તરણાનો મેરુ કરે છે, મેરુનું તરણું કરે છે, ***રંકને રાજા બનાવે છે અને રાજાને રંક કરે છે.*** હે પંડિતરાજ ! તમારા તરફ જ જુઓ કે તમે દેશ દેશના વિજયપત્રો લઇને આવ્યો છો, અત્યાર સુધી ખૂબ હર્ષ ભેર

બેઠા હતા જે એક ક્ષણવારમાં નિસ્તેજ બની સામે ઊભા તે શું ઈશ્વરકર્તવ્ય નથી ? માટે ઈશ્વર પલમાં ચાહે તે કરે છે. તમારો ત્રીજો ***પ્રશ્ન એ છે કે ઇશ્વર ક્યાં રહે છે ?*** તેના ઉત્તરમાં સાંભળો, ઈશ્વર આખા વિશ્વમાં વ્યાપી રહેલા છે, એટલા માટે જ વિષ્ણુમય જગત અર્થાત્ આખું જગત ઈશ્વરમય છે, ઈશ્વર વિના કોઈ ઠામ ખાલી નથી. એટલા માટે નૃસિંહ અવતાર થયેલો છે કે જે સ્તંભમાંથી પણ નૃસિંહ ભગવાન પ્રગટ થઈ હિરણ્યાકશ્યપને માર્યો હતો. તે કથા હજુ સુધી ચાલુ જ છે. માટે ઈશ્વર જળમાં, સ્થળમાં, આકાશમાં કોઈ જગ્યાએ નથી એમ નથી. ***સર્વત્ર વ્યાપક ઇશ્વર છે.*** હવે તમારો ચોથો પ્રશ્ન એ છે ઈશ્વર ક્યારે હસે છે ? તેનો ઉત્તર એ જ છે કે આ જીવના બે-વચનીપણાથી ઈશ્વરને હસવું આવે છે. જીવનું બે-વચનીપણું ક્યું છે તેને માટે અથર્વવેદની ગર્ભોપનિષદમાં બતાવ્યું છે:-

पूर्वयोनी सहस्त्राणि चव दृष्टा चव ततो मया ॥
आहार विविधा भुक्ताः पिता नानाविद्याः स्तनाः ॥
जात श्चाहं मृतञ्चाह जातः पुनः पुनः ॥
अहो दुखोदध मग्नो न पश्यामि प्रतिक्रियां ॥
यदि योन्याः प्रमुच्येहं तत्प्रपद्ये महेश्वर ॥
यदि योन्याः प्रमुच्येहं तत्सांख्यं योगअभ्यसे ॥
यदियोन्याः प्रमुच्येहं ध्याये ब्रह्म सनातनम् ॥

અર્થ:- ગર્ભની અંદર રહેલો જીવ પરમેશ્વરની પ્રાર્થના કરે છે કે હે ઇશ્વર! પૂર્વ યુગમાં એટલે ગત જન્મમાં મેં હજારો નીચ ઊંચ યોનીએ ભોગવી છે, અને અનેક પ્રકારના આહાર કર્યા છે, નાના પ્રકારના અનેક માતાઓના સ્તનપાન કર્યા છે, તે સ્તનપાન કરતી વખતે તેનો પરસેવો પણ મુખમાં આવ્યો હશે. એવી રીતે અનેકવાર

જન્મ્યો અને અનેકવાર મર્યો પુનરપિ જનનં પુનરપિ મરણમ્, પુનરપિ જનની જઠરે શયનમ્ ।। વારંવાર જન્મવું; વારંવાર મરવું, વારંવાર માતાની જઠરાગ્નિમાં રગદોળાવું થાય છે, માટે હવે અહીંથી બહાર નીકળી એટલે બીજું કાંઈ ના કરતાં શ્રીહરિના આરાધનમાં જ બધું આયુષ્ય ગુજારીશ. હે પ્રભુ! આ માતાની જઠરાગ્નિના દુ:ખરૂપ સમુદ્રમાંથી મને બહાર કાઢો, કેમ કે આ જગ્યાએ તો મારા ઉદ્ધારનું સાધન કંઈ પણ મને દેખાતું નથી, મને આટલો વખત કાઢશો, તો ફરીથી અહીં ન આવવા માટે બહાર જઈને સાંખ્યનો વિચાર કરી યોગાભ્યાસ કરીશ અને જે સનાતન બ્રહ્મ છે તેનું જ ધ્યાન કરીશ અને એમાં જ એકરૂપ થઈ શકીશ.

એવી રીતે જીવ બહુ દુ:ખમય સ્થિતિમાં ઈશ્વરની પ્રાર્થના કરે છે અને પછી બહાર આવે છે એટલે એ તમામ ભૂલી જાય છે. સાંખ્યજ્ઞાન મેળવવાને બદલે મારા તારાની અહંતા મમતાવાળું રાગદ્વેષ રૂપી જ્ઞાન મેળવે છે અને પછી આવ્યો હતો. તેના કરતાં નીચ યોનીમાં જાય છે. એટલે ઈશ્વર બહુજ હસે છે. શાથી કે જ્યારે જીવ અંધારી કોટડીમાં દુ:ખી હતો ત્યારે દીન થઈ કાલાવાલા કરતો હતો. શ્રીહરિનો સ્વભાવ ઘણો દયાળુ હોવાથી તેના ઉપર દયા કરી એ દુ:ખમાંથી મુકત કર્યો. ત્યારે એથી પણ નીચી જગ્યામાં જવાની તૈયારી કરવા લાગ્યો. પછી ઈશ્વરને હસવું કેમ ન આવે! ઋણદત્ત પેલા કર્મલબ્ધ વિદેશી પંડિતને કહે છે કે હે પંડિતરાજ, તમારા આચરણોથી પણ ઈશ્વર હસતા હશે એમ મને ભાસ થાય છે. કેમ કે જ્યારે પંડિત થયા તો પછી વાદ શા? વિવાદ શા? હું આવો છું, મને વિજયપત્ર આપો, હું બહુ દેશના પંડિતને હરાવી આવ્યો છું, તે શું પંડિતોનો ધર્મ છે? માટે ***નામ પંડિતના રાખવા***

અને આડંબર દાંભીકપણાના ધરવાં; એથી પણ ઇશ્વર હસે છે. આટલું બોલીને પંડિત ઋણદત્ત મૌન થયો. એટલે પેલો કર્મલબ્ધ વિદેશી પંડિત ઋણદત્તના ચરણોમાં પડયો અને સર્વ સભાને વંદન કરી ચાલતો થઇ ગયો.

આવી રીતે બુદ્ધિવાન અને વિદ્યાવાન ઋણદત્તે વિજય મેળવ્યો! અને વિશ્વપુરીની કીર્તિ રાખી તેથી સભા મંડળમાં મોટો ધ્વનિ થઇ રહ્યો. ઝંખવાઇ ગયેલાં પંડિતોના મુખ હર્ષથી દીપવા લાગ્યાં અને રાજાએ સભામધ્યે મોટું સિંહાસન બીછાવી તે પર ઋણદત્તને સત્કારપૂર્વક બેસાડી સર્વ પંડિતોની સમક્ષ મોટા સમારંભથી તેનું પૂજન કર્યું. પછી અમુલ્ય વસ્ત્રો તથા મણિ-માણિકયના આભૂષણો તથા દક્ષિણારૂપે સોનામહોરોથી ભરેલા કનક થાળ લાવી આપવા માંડયો, ત્યારે તે બાળકે કહ્યું: રાજાજી! આમાંનું મારે કશુંએ જોઇતું નથી. જે કંઇ દક્ષિણારૂપે આપવું હોય તે આપની સભાના પંડિતજનોને આપો. એક વેળાના અન્ન સિવાય બીજો કશો પણ પ્રતિગ્રહ કરવાને મારા પિતાએ ના પાડેલી છે; અને તે અન્ન પણ અનાયાસે પોતાને ત્યાં આવી મળે તો જ ગ્રહણ કરવું, એવો મારો નિશ્ચય છે. આટલું કહી તે વિદાય થવા માટે ઊભો થયો. રાજાએ ઘણો આગ્રહ કરવા છતાં કશું પણ લેવાને તેણે ચોકખી ના પાડી ને એકદમ સભામાંથી ચાલવા માંડયું. ત્યારે રાજાએ તેને એક સુંદર સુખપાલમાં બેસાડીને છત્ર ચામરાદિક ઉપચારોથી તેને ઘેર પહોંચાડાવ્યો. આખી પુરીમાં જયજયકાર વર્તી રહ્યો અને જીવરામ પંડિતના પુત્રનાં સર્વત્ર વખાણ થવા લાગ્યાં.

હવે, ઘણી ખમ્મા પંડિતરાજને એવી નેકી પોકારવાની સાથે

પાલખી તેના આંગણા આગળ આવી ઊભી રહી એટલે ઋણદત્તની માતા બહુ આશ્ચર્ય પામી અને પોતાના પુત્રને કદી નહિ ધારેલું આ અપૂર્વ રાજમાન મળેલું જોઇને બહુ રાજી થઇ અને બહાર આવીને પુત્રને હર્ષભેર વધાવી લઇ ઘરમાં તેડી લાવી અને કહેવા લાગી કે ભાઇ તારા પિતાની ભણાવેલી સર્વ વિદ્યાને મેં તને નવ માસ ઉદરમાં રાખ્યો અને બહાર આવ્યા કેડે તારું લાલનપાલન કર્યું એ તમામ આજે ફળીભૂત થયું.

દોહરો

જનુની જણે તો ત્રણે જણ, દાતા ભકતા શૂર,
નહિ તો રેજે વાંઝણી, મત ગુમાવે નૂર.

હે પુત્ર! આપણે દાતાપણું તો ગરીબ સ્થિતિના લીધે રાખી શકીએ તેમ નથી. વળી શૂરાપણું ત્યાં કરવાનું છે કે જ્યાં કોઇ નિર્દોષ સ્ત્રીની લાજ જતી હોય અથવા કોઇ નિર્દોષી જીવ માર્યો જતો હોય યા કોઇ સજ્જનને કોઇ પીડતો હોય ત્યાં શૂરાપણાની જરૂર છે. પણ તે તો નામદાર અંગ્રેજ સરકારના રાજ્યમાં રામરાજ્ય સરખું ચાલે છે. વાઘ તથા બકરી એક સાથે રહે છે, વળી પિતાપુત્રનો એક જ ન્યાય છે એટલે શૂરાતનની હાલ જરૂર નથી માટે હે ભાઇ! આ તારી બ્રહ્મવિદ્યાથી શ્રી હરિને પામવાની ભક્તિ કરવી એ જ સૌ કરતાં ઉત્તમ છે, એમ કહી તે પતિવ્રતા સ્ત્રીએ ઉત્તમ પકવાન બનાવી પ્રેમથી પુત્રને જમાડયો.

ઋણદત્તને પહોંચાડવા આવેલાં પાલખી છત્ર ચામરાદિક લઇ સેવકો પાછા ફર્યા. ત્યાર પછી રાજાએ વિચાર કર્યો કે જે વિદ્વાન બ્રાહ્મણ બાળકે આવી આ વિશ્વપુરીની લજ્જા રાખી છે. તે મારી પાસેથી કંઇ પણ પારિતોષિક લીધા વિના વિમુખ જાય એ મારી

કીર્તિને મંદ કરનારું છે. આમ રાજા વિચાર કરે છે. તેવામાં અણધાર્યું કૌતુક થઇ આવ્યું. રાજાની આગળ એક દાસીએ આવી વિનંતી કરી કે પૃથ્વીનાથ, રાણીવાસમાં આપને મારા બાઇ સાહેબ બોલાવે છે, રાજા તુરત રાણી પાસે ગયો તો ત્યાં રાજપુત્રી પલંગમાં સુતી સુતી રડયા કરે છે અને રાણી તેને અનેક રીતે સમજાવે છે. રાજાને આવેલા જોતાં જ રાણી બોલી, લે બેન! તારા પિતાજી આવ્યા. તેમને હું તારા દેખતાં જ તારા માટે ભલામણ કરું છું, માટે રડવું મૂકી દે અને બેઠી થા. એમ કહી એ તે રાજા પ્રત્યે બોલી, કૃપાનાથ! આ પંડિતના ઝઘડામાંથી તો વળી આ ઇદં તૃતીયં થયું. કુંવારીનો એવો આગ્રહ છે કે એ બાળ પંડિત ઋણદત્ત સાથે જ મારું લગ્ન કરો. માટે હવે આપ એનું મન સંતોષ પામે તેમ કરો.

સભાનું કામ ચાલતું હતું. તે વખતે સભાની સામે આવેલા મહેલના ઝરુખામાંથી રાજકુંવરી સઘળું જોયા કરતી હતી, રાજકન્યા પણ પંડિતા હતી. જ્યારે ઋણદત્તના ભાષણનો પ્રારંભ થયો, ત્યારે તેના સૌંદર્ય અને વાકચાતુર્યથી તે મોહિત થઇ ગઇ અને તત્ક્ષણે પ્રતિજ્ઞા કરી કે, મનસા, વાચા અને કર્મણાએ પંડિત કુમારને જ વરી ચૂકી છું, એ વિના બીજા સર્વ પુરુષો મારે પિતા-ભ્રાતા સમાન છે. એમ નિશ્ચય કરી પોતાની માતા પાસે આવી હઠ લઇ રડવા લાગી. રાજા પણ ઋણદત્ત ઉપર બહુ જ પ્રસન્ન હતો અને તેથી એને હરકોઇ વાતે જેટલું અપાય તેટલું ઓછું છે. તેમાં વળી કન્યાનો આવો આગ્રહ જોઇને તો તે વધારે ખુશી થયો. ઋણદત્ત એક દિવસના અન્ન સિવાય બીજું કંઇ લેતો નહિ હોવાને લીધે તેને રાજપુત્રીનું દાન આપ્યું. ખાવાને માટે મગસના ચાર લાડુ બનાવી તેમાં ગુપ્ત દક્ષિણા તરીકે અકેક રત્ન કે જેની કિંમત જ ન થાય. એકેક રત્નથી અકેક બાદશાહી ઊભી થાય એવા ચાર રત્ન ચાર

લાડુમાં ઘાલી દીધાં.

આ તરફ ઋણદત્ત ભોજન કરીને જરા વિશ્રામ લેવા સૂઇ રહ્યો હતો, અને તેની માતા ઘરનું કામકાજ કરતી હતી, એવામાં એક રાજવંશી પુરુષે આવીને બૂમ મારી કે પંડિતરાજ ઋણદત્તજી ક્યાં છે ! એટલે તેની માતા બહાર આવીને બોલી કે એ સૂઇ રહ્યા છે. એટલે એક વાંસની છાબડી કે જેમાં માગસના ચાર લાડુ હતા તે આપીને કહ્યું: માતુશ્રી ! હું પ્રધાન છું અને મને રાજાજીએ મોકલ્યા છે. પંડિતરાજને માટે આ ચોખ્ખા ઘીનું પકવાન લઇ મને આપવા મોકલ્યો છે; અને આ એક પત્ર છે તે પંડિતરાજને આપજો. અનાયાસે પોતાના ઘેર આવીને કોઇ અન્ન આપી જાય તો તે લેવું એવી જીવરામ પંડિતની આજ્ઞા હોવાથી તે સ્ત્રીએ પકવાન અને પત્ર લીધો. ઋણ દત્ત થોડી વારે જાગ્રત થઇ મોઢું ધોઇ બેઠો. એટલે તેની માતાએ પેલા લાડુની છાબડી તેના આગળ મૂકી અને કહ્યું કે પુત્ર રાજાએ આ ચોખ્ખા ઘીનો પદાર્થ ખાવાને અને એક કાગળ મોકલ્યો છે. એટલે તે પુત્રે કહ્યું: માતુશ્રી હમણાં મૂકો પછી લઇશ. એટલે તુરત તેની માતાએ મૂકી દીધું. દૈવની અકળ ગતિ છે. તેને કોઇ કળી શકે તેમ નથી. ભાવિ કોઇ કાળે ટળી શકતું નથી.

દોહરો

कह मुनीश हिमवंत सुन, जो विधि लिखा लिलार,
देव दनुज नर नाग मुनि, कोड न मेटन हार.

(બા. કા.)

એ નિયમાનુસારે અહીં પણ બન્યું કે, જેવી તેની માતા કાગળ છાબડી મૂકવા ગઇ કે તરત ઋણદત્તે મોટી ચીસ નાખી એકદમ પેટમાં કોઇ અનિવાર્ય વ્યાધિ ઉપસ્થિત થયો અને એકદમ પ્રાણ

નીકળી જવાને તૈયારી કરવા લાગ્યો. પછી ઓ મા, મારો પ્રાણ ચાલ્યો. એટલું બોલતામાં એની મા બેબાકળી થઇ ગઇ અને પોતાના પુત્રનું માથું ખોળામાં લે છે એટલામાં મુખે ૐ તત્સત્ પરમાત્માને નમ: જયશ્રી સચ્ચિદાનંદ એટલું બોલી તુર્ત જ ઋણદત્ત મૌન થઇ ગયો. પ્રાણ નીકળી ગયો, તેની માતા ધ્રૂજવા લાગી, મોહજીતની સ્ત્રી બોલી: કહો યોગીરાજ; એ વેળાએ તેની પ્રેમાળુ અને પુત્ર પર પ્રાણ પાથરનારી માતાની કેવી દશા થઇ હશે? રે ! તેના પર બ્રહ્માંડ તુટી પડ્યું હશે. પુત્રની એવી દશા જોઇને તે પોતાનું મસ્તક તથા છાતી કુટવા લાગી અને ગમે તેવા કઠોર હૃદયવાળાને પીગળાવી નાખે એવું મહાન ધાડું રુદન કરવા લાગી પણ તેથી વળે શું ? આ વિલાપ સાંભળી આડોશીપાડોશી દોડી આવ્યાં અને એકદમ ઓચિંતું આ શું બન્યું તે વિષે શોક કરવા લાગ્યાં.

બધાં ભેગાં થઇ રોકકળ કરતાં હતાં એટલામાં જીવરામ પંડિત આવી પહોંચ્યા. ઘર આગળ શોકાતુર મનુષ્યોની મેદની જોઇ દૂરથી તેમના પગ પાણી પાણી થઇ ગયા કે મારે ઘેર આ શો ઉત્પાત. પણ પોતે તે પ્રથમથી જ જાણી લીધું હતું કે એકાદો દિવસ આપણો પુત્રવિયોગ કરનારો આવશે તેથી મનમાં ધાર્યું કે જરૂર પુત્રને કંઇ થયું હશે. ઘેર આવીને જુએ છે તો મૃતવત્ પુત્રને ખોળામાં લઇ પોતાની સ્ત્રી છાતીફાટ રુદન કરતી હતી. પોતે મહાજ્ઞાની હતો તેથી તેને કશો શોક થયો નહિ પછી પોતાની સ્ત્રીના મુખથી સર્વ વૃત્તાંત સાંભળી પેલા લાડુ જોયા તો દરેકમાં એક એક અમૂલ્ય હીરો નીકળ્યો, કે જેના પ્રકાશથી સામું પણ જોઇ શકાતું ન હતું. પછી પત્ર વાંચ્યો તો તેમાં રાજાએ પોતાની પુત્રીનું દાન દીધું હતું અને

પંડિતજીને બાર ગામ કન્યાદાનમાં લખી આપ્યાં હતાં. આ બીનાથી જીવરામ પંડિતને પોતાના વર્તેલા ભવિષ્ય માટે નિશ્ચય થયો અને એટલું જ બોલ્યા કે દૈવની ગતિને કોઇ ટાળી શકતું જ નથી. આ પુત્ર મારું ઋણ આપવાને જ અવતરેલો હતો તે હવે ઋણ અદા કરી સદાનું સગપણ છોડીને ચાલતો થઇ ગયો. પછી પુત્રનો છેલ્લો સંસ્કાર કરી તેણે ઉદાસીન વૃત્તિ ધારણ કરી પોતાની પત્ની સહિત ચાલવા માંડયું અને ત્યાં એકાગ્ર વૃત્તિથી ભગવત સેવન કરી આયુષ્ય પૂરું કર્યુ.

આટલો ઇતિહાસ કહી મોહજીતની પત્ની બોલી, હે યોગીરાજ, પૂર્વના પરસ્પરના ઋણાનુબંધ વડે એ સર્વે એકઠાં થયેલાં તે જીવરામ, તેની સ્ત્રી, તેનો પુત્ર, રાજા, રાજકન્યા અને પેલો કર્મલબ્ધ વિદેશી પંડિત; એ બધાં કેવી રીતે એકમેકના સાક્ષી તરીકે ઋણ અપાવી ચાલ્યાં ગયાં તે તમોએ સારી રીતે જાણ્યું હશે, માટે હે મહાત્મા, આ નાશવંત જગતમાં સઘળી સગાઇ આવી જ છે, તો પછી તમે જણાવેલા સમાચાર માટે પણ મારે શા અર્થે શોક કરવો જોઇએ ? એક એકના લેણદેણે આવી મળે છે અને લેણદેણ પૂરું થતાં સૌ સૌને માર્ગે પડે છે, તેથી એવી વિનાશી બાબતો ઉપર જેને હરખ યા શોક થાય તેને વૈરાગ્યવાન અથવા મોહજીત શી રીતે કહેવાય ? અમારે ખાસ જરૂર શેની છે? તે વિષે હું એક ભજન તમોને સંભળાવું છું. તે બરાબર સાંભળી તેનો વિચાર કરી જો જો. એટલે આપનો મોહ પણ નષ્ટ થઇ જશે,

ભજન (તાલ ધમાલ)

મુજે હૈ કામ ઇશ્વર સે, જગત રુઠે તો રુઠન દે,
કુટુંબ પરીવાર સુત દારા, માલ ધન લાજ લોકન કિ;

હરિ કે ભજન કરને સે, અગર છુટે તો છુટન દે. મુજે હૈ.
બૈઠ સંગતમેં સંતન કિ, કરું કલ્યાણ મૈં અપના,
લોક દુનિયા કે ભોગોમેં, મૌજ લુંટે તો લુંટન દે. મુજે હૈ.
પ્રભુ કે ધ્યાન કરનેકી, લગી દિલમેં લગન મેરે;
પ્રિત સંસાર વિષયોં સે, અગર તૂટે તો તૂટને દે. મુજે હૈ
ધરી શીર પાપકી મટકી, મેરે ગુરૂદેવને ઝટકી;
વો બ્રહ્માનંદને પટકી; અગર ફુટે તો ફુટન દે, મુજે હૈ.

આ નાશવંત જગતના ભોગોમાં જે લોકો મોજ કરે છે, તે મોજ કેવી છે તે વિષે અખા ભક્તરાજે કહ્યું છે:-

ચોપાઇ

श्वान हाडकु चुसे दुःखे, रुधीर वहै पोताना मुखे,
रातो रंग देखी मलकाय, पण ते कारण पोतामांय;
पडछंदो जन मान्यो नरे, जेम बोले तेम उत्तर करे,
अखा जीव तणी ए वजा, अजने ठामे पूंजे अजा.

જેવી રીતે ભૂસુ ગમે તેટલું ટીપીને અંદરથી ઝાટકતાં એક કણ પણ અનાજનો મળતો નથી, એવી જ રીતે આ દુનિયાના ભોગો છે અને એ ભોગોની મોજ તે પણ પોતાના મન વડે જ કરીને માની લીધેલા બ્રહ્મથી જ છે.

હે યોગીન્દ્ર, જે જીવના શોક મોહ છેદાઇ જાય છે તેમનું મન પ્રેમતરંગમાં તર્યા કરે છે.

એટલે યોગીરાજ બોલ્યા, હે મોહરહિતા, પેલા ઋણદત્તે એવડું ભારે ઋણ વળાવ્યું તે પૂર્વે કોણ હતો અને એનું ઋણ શી રીતે રાજા ઉપર થયું હતું તે મને સંભળાવો.

મોહજીતની સ્ત્રી કહે, હે મહારાજ, પૂર્વે વિશ્વનગર નામે એક મોટું શહેર હતું. તેમાં એક વૈશ્ય રહેતો હતો તેને પતિવ્રતા સ્ત્રી હતી. તેમના ઘરમાં અપાર દ્રવ્ય હતું. તેમને કશી સંતતિ નહોતી. તેથી તેઓ ધર્મમાર્ગે સારી રીતે દ્રવ્ય વાપરતાં હતાં. એમ કરતા કેટલાક કાળ જતાં તેમનાં પંચભૂતાત્મક શરીરો જીર્ણ થયાં એટલે તેમના મનમાં એક વિચાર થયો.

સોરઠો

હોય ન વિષય વિરાગ ભવન વસતભા ચૌથપન,
હૃદય બહુત દુઃખ લાગ જન્મ ગય ઉ હરિભક્તિ વિન.
(બા. કાં.)

મનહરી પદ અનુરાગુ, કરહુ ત્યાગ નાના કપટ,
મહા મોહ નીંસો જાગુ, સોવત વીતે કાલ બહું.

શેઠ તથા શેઠાણી બહુ જ હરિભક્ત હતાં. એટલે તેમને પવિત્ર તીર્થયાત્રા કરવાનો સંકલ્પ થયો. કોણ જાણે કાલે શું થશે. પાછાં ક્યારે અવાશે. કાળનો કંઈ ભરોસો નથી. માટે પોતાની તમામ સંપત્તિની તેમણે વ્યવસ્થા કરી અને માર્ગમાં વાપરવાને ઘણું જ દ્રવ્ય લીધા ઉપરાંત જ્યાં જોઇએ ત્યા હુંડીપત્રથી દ્રવ્ય મંગાવી લેવાય તેવી પણ યોજના કરી. બાકીની તમામ મિલકત વેચીને ચાર રત્નો ખરીદી લીધાં. તે એવાં હતાં કે જેમાંના એક એકની કિંમતથી એકેક રાજ્ય ઊભું થાય, તે બહુ સંભાળથી પોતાની સાથે યાત્રામાં લઈ લીધાં. વળી તે વણિક બહુ ધનપાત્ર હોવાથી તેણે તે શહેરના રાજાને ઘણાં નાણાંની કરેલી સહાયના બદલામાં રાજાએ તેને તામ્રપત્ર ઉપર બાર ગામનો એક પટ્ટો લખી આપ્યો હતો, તે પણ પોતાની પાસે રાખ્યો હતો. આવી રીતે ઘણા થોડા વજનમાં

સમાયેલી અતિ ભારે દોલતને સાથે લઈ તે દંપતી યાત્રાએ ચાલ્યાં. પુષ્કર, પ્રયાગ આદિ તીર્થો કરી કાશીપુરી તરફ જવા લાગ્યાં એવામાં માર્ગમાં કોઈ રોગના ઉપદ્રવને લીધે તેમની સાથેના નોકર-ચાકર મરણ પામ્યા. વળી કેટલાંક દાસદાસીઓ તેમને પડતાં મૂકી મોતના ડરને લીધે નાસી પણ ગયાં. તે દંપત્તી એકલાં પડ્યાં. આગળ માર્ગ વિકટ આવતો હોવાને લીધે અને ચોરાદિકનો ભય વધુ હોવાથી પોતાની પાસેનું જોખમ કોઈ રીતે યોગ્ય સુપાત્રને ત્યાં મૂકવાનો ઠરાવ કર્યો. કેમ કે ભય માયાના લીધે જ છે, કાયાને ભય નથી; એમ તે સારી રીતે સમજતાં હતાં. માટે જેમ બને તેમ પોતાનો ભય ઓછો કરવાને તેઓ ઈચ્છતાં હતા. તેમના માર્ગમાં ગંગા કિનારા પર એક તપસ્વીનો આશ્રમ દૃષ્ટિએ પડ્યો. તે ત્યાં ગયાં. ત્યાં એક પવિત્ર તપસ્વી આ સંસારને મિથ્યા સમજીને શ્રી હરિનું જ અહોરાત્રિ સ્મરણ કર્યા કરતા હતા. દંપતી બે ચાર દિવસ તે આશ્રમમાં રહ્યાં. તપસ્વી કેવળ નિસ્પૃહિ તથા પવિત્ર લાગવાથી પોતાનું દ્રવ્યરૂપી ભય તે મહાત્માને સોપવા માંડ્યું. તપસ્વીએ ઘણી ના કહી કે અણધારી ઉપાધિ હું વહોરવા માગતો નથી એમ ઘણા નકાર કર્યા છતાં દંપતી પગે પડીને પણ તે ચાર રત્નો તથા બાર ગામનો પટો-તામ્રલેખ એ બધું તપસ્વીને સોંપી તેઓ નિર્ભયપણે આગળ યાત્રાએ ચાલ્યાં. હોનાર સર્વ પદાર્થ આગળ મિથ્યા છે. થોડેક કાળે તપસ્વીને પોતાનો કાળ નજીક આવી પહોંચેલો લાગવાથી તેણે પરદેશ જતા મુસાફરની માફક સઘળી તૈયારી કરવા માંડી. પોતાની લાંબા સમયની સેવાના તુષ્ટિદાનરૂપે શિષ્યોને અનેક ગુપ્ત વિદ્યાઓ શીખવી તે નિશ્ચિંત થયા. એટલામાં તપસ્વીને પેલા શાહુકારનું દ્રવ્ય સાંભળ્યું તેથી તે મોટી ચિંતામાં પડ્યા. કેમ કે આવડું મોટું દ્રવ્ય સોંપાય એવું કોઈ સ્થાન તેણે

જણાયું નહિ. એમ કરતાં તેનો અવસાન કાળ છેક નજીક આવી પહોંચ્યો. એટલે તેણે પોતાના ચિત્તને યોગમાર્ગમાં જોડી દેવા એકાગ્ર કરવા માંડયું. પણ કેમે કરી ચિત્ત સ્થિર થયું જ નહિ. ઘડી ઘડીમાં પેલા દ્રવ્યમાં જતું રહે. મનમાં વિચાર થાય કે, અરેરે પેલો શાહુકાર હજુ સુધી આવ્યો નહિ અને વિના કારણે તેના ઋણમાં રહી જઇશ. પછી એ ઋણમાંથી શી રીતે મુકત થવાશે એમ બહુ જ વિચારો આવવા લાગ્યા. પછી આખરે નાઇલાજે તેણે પોતાના શિષ્યોને બોલાવ્યા અને કહ્યું, હે શિષ્યો, મારી પાસે પેલા શાહુકારનું અપાર દ્રવ્ય છે. તે તમો સૌ જાણો છો. આ સમયે માત્ર મને એક જ ચિંતા છે કે એ શાહુકાર પાછો આવશે ત્યારે તેનું દ્રવ્ય જેવુંને તેવું પાછું આપી તેના ઋણમાંથી મને કોણ મુકત કરશે ? કેમ કે મારા ગયા પછી તો તમે સૌ પોતપોતાને સ્થાને ચાલ્યા જશો, ત્યારે પછી તેના માટે શું કરવું ? એટલે તેમાંના એક શિષ્યે કહ્યું, ગુરૂદેવ જો આપને યોગ્ય લાગે તો આ પાસેના શહેરનો ધર્મદાસ વણિક જે વારંવાર આપની પાસે સત્સંગાર્થે આવે છે તેને એ દ્રવ્ય સોંપવામાં બાધ નથી. તે અતિ પવિત્ર મનનો છે અને ધનવાન પણ છે. તેથી એને સોંપાવામાં કશો વાંધો નથી. તે અવશ્ય પેલો શાહુકાર આવતાં જ તેને સોંપી દેશે. અને તેને સોંપવવા આ પાસેના આશ્રમમાં રૂણવકતા ઋષિ કે જે આપના સ્નેહી છે તેમને ભલામણ કરીએ. આ રસ્તો મને તો સુઝે છે. એટલે તુર્ત એ ઋષિને બોલાવી સઘળી બિના કહી બતાવી. ત્યારે સ્નેહના લીધે તે ઋષિએ તે દ્રવ્ય પેલા શાહુકારને સોંપવાનું માથે લીધું. આમ થવાથી તપસ્વીની ચિન્તા ઓછી થઇ પણ જરા મનમાં સંશય તો રહી ગયો, કે આટલી બધી લાંબી ખટપટને લીધે આખર તે દ્રવ્ય મુળ માલિકને મળી શકશે કે નહિ, તેનો ખરખરો કંઇક તેમના મનને

રહી ગયો, પછી વિચાર કર્યો કે હવે ગમે તેમ થાઓ એમ કરી સઘળી લોલુપતા છોડી દઇ ને એક ઇશ્વરમાં જ ચિત્તને સ્થિર કર્યું અને થોડા જ વખતમાં આ અનિત્ય દેહનો ત્યાગ કરી ઋષિનો આત્મા ચાલ્યો ગયો.

પછવાડેથી એ દ્રવ્ય ઋણવકતા ઋષિએ તે તપસ્વીના શિષ્યો દ્વારા ધર્મદાસ વણિકને ત્યાં પહોંચડાવ્યું; અને શાહુકાર આવ્યેથી તેને આપવાની ભલામણ કરી. પરંતુ શાહુકાર તો બિચારો તપસ્વીને ધન સોંપીને કાશીએ ગયો. ત્યાં પહોંચતાં જ થોડા દિવસમાં કાળ આવી પહોંચવાથી પત્ની સહિત મરણ પામ્યો. એટલે દ્રવ્ય પાછું લેવાને આવે જ કોણ ? પછી થોડે કાળે તપસ્વીનું ધન સંઘરનાર ધર્મદાસ તથા ઋણવકતા વિગેરે પણ કાળને આધીન થઇ ગયા. એવી રીતે એકબીજાનાં સંબંધમાં આવેલા પણ સઘળા સંસાર વાસનાથી મુકત થયેલા નહિ હોવાને લીધે પોતપોતાના કર્મ પ્રમાણે સારી નરસી યોનીઓ વિષે અવતર્યા. જે યાત્રાળુ વાણીઓ હતો તે પોતાની સ્ત્રી સહિત જીવરામ પંડિત થયો ત્યારે તેના ઋણમાં રહેલો જે તપસ્વી હતો તે તેનો પુત્ર ઋણદત્ત થયો. તપસ્વીનું દ્રવ્ય તેના મરણ સમયે સંઘરનાર ઋણવકતા ઋષિ તેના જામીન તરીકે તે દ્રવ્ય પાછું આપવાને વિદેશી પંડિત થયા. જેણે દ્રવ્ય રાખ્યું હતું તે ધર્મદાસ વણિક વિશ્વપુરીનો રાજા થયો, ને પછી તેઓએ પોતપોતાનો પૂર્વનો ઋણાનુબંધ કેવી રીતે ચૂકવ્યો તે હે યોગીરાજ, મેં આપને હમણાં જ નિવેદન કર્યું છે. વળી એ વણિકની એક વૃદ્ધ દાસી કે જે પોતના સ્વામીની આજ્ઞાથી વારંવાર તપસ્વીની સેવામાં રહેતી અને જેની સાથે તે ધર્મદાસ તપસ્વીની સેવાના અનેક પદાર્થો મોકલાવતો

હતો. વળી એ પણ પોતાની મેળે ઘણા ભાવથી તપસ્વીની સેવા કરતી તથા ઘણું કરીને તેના આશ્રમમાં જ રહેતી હતી. તે પૂર્ણ વિશ્વાસ પાત્ર હતી. વળી ઋષિ પાસે સત્પુરુષો આવતા જતા હોવાથી એ સત્સંગના પ્રભાવે તેનાં પૂર્વનાં તમામ પાપો નષ્ટ થઇ જવાથી તે દાસી અહીં રાજકન્યા થઇને અવતરી હતી. તે ઋણદત્તને પોતાના મનથી જ વરેલી હોવાને લીધે વગર લગ્ન થયે પણ તેની પછવાડે સહગમન કરીને તેના સત્કર્મની ભાગીદારણ થઇ. હે યોગીશ્વર, આથી આપને સમજાયું હશે કે આખા જગતનો કાર્યક્રમ પૂર્વના ઋણે કરીને જ ચાલી રહેલો છે.

આટલો વૃત્તાંત શ્રવણ કરી વિસ્મય થયેલા યોગીએ કહ્યું : હે રાજપત્ની ! તને ધન્ય છે અને તારા મોહજીત સ્વામીને પણ ધન્ય છે. કેમ કે તમારા નામ પ્રમાણે જ ગુણ છે, અને તમારા ગુણ પ્રમાણે જ નામ છે, એ મને યથાર્થ જણાયું. હે બાળા ! તારો સ્વામી સર્વથા કુશળ છે અને મેં તેના સંબંધમાં કહેલા મિથ્યા સમાચાર તારી પરીક્ષાના અર્થે જ છે. તારું કલ્યાણ થાઓ, અને તારું સૌભાગ્ય અખંડ તપો; એટલું કહી યોગેશ્વર ત્યાંથી ચાલી નીકળ્યા. પછી મોહજીતની બેનને ત્યાં જઇ તેને તેના ભ્રાતાના કૃત્રિમ મરણ સમાચાર કહ્યા, ત્યારે તે નીચે પ્રમાણે બોલી: હે યોગીરાજ ! આ સંસારમાં કોણ કોનો ભ્રાતા અને કોણ કોની ભગિની છે. કોઇ કોઇનું સગું અને સંગી નથી. મારા ભાઇનો હું શોક શો કરું ! કારણ કે આ સંસાર એક પથિકાશ્રમ (ધર્મશાળા) જેવો છે. અનેક પ્રવાસી આવે છે. રાતવાસો કરી રાત્રિના બે ઘડી આનંદ કરી પ્રભાત થતાં સૌ સૌના મૂળ સ્થાન પ્રતિ ચાલ્યા જાય છે. માત્ર આ બે ક્ષણનો જ મેળો છે. તેમાં આવર્જન અને વિસર્જન થયા જ કરે છે. એનો શોક શાને અર્થે કરવો. હે મહાત્મા ! કોઇ એક મનુષ્ય કંઇક કાર્ય પ્રસંગે

બહારગામ જતો હતો. ચાલતાં ચાલતાં છેક સાયંકાળ થવા આવ્યો, ત્યારે ખૂબ થાકી જવાથી તેણે ક્યાંક ઉતારો મળે તો રાતવાસો કરવાનો નિશ્ચય કર્યો. એવામાં એક ધર્મશાળા આવી. તેમાં તેના જેવા જ કેટલાક પંથીઓએ ઉતારો કરેલો તે જોઇ તેણે પણ પોતાનું સાહિત્ય જમીન પર મૂક્યું અને ધર્મશાળામાં પેસી એક બાજુ પર મુકામ કર્યો. જેમ જેમ વેળા થતી ગઇ તેમ તેમ અનેક પંથીઓ આવીને ત્યાં ઉતારો કરવા લાગ્યા. થોડીવારમાં તેઓ સાથે વાતચીત કરતાં પેલા મુસાફરને બધાં સાથે સ્નેહ બંધાયો. વાળુ વેળા થવાથી પોતાનું ભાતું છોડીને તેમાંથી આસપાસ ઉતરેલાઓને વહેંચી પોતે ભોજન લીધું અને બીજાઓએ પણ જેઓ સજાતીય એટલે એક જાતીના હતા તેમણે પણ એકમેકમાં વહેંચીને ખાવા માંડયું. પછી રાત્રિના સૌ પરસ્પર પોતાના સુખદુઃખની વાતો કરવા લાગ્યા. કોઇ હાસ્યવિનોદ અને ગાનતાન કરવા લાગ્યા. કોઇ દેશાંતરમાં જોયેલી અને સાંભળેલી અનેક ચમત્કૃતિઓ વિષે વાતો કરવા લાગ્યા, કોઇ બહુ જ થાકી જવાને લીધે એકદમ સૂઇ ગયા, તે ઘસઘસાટ ઊંઘવા જ મંડી પડયા. કોઇ બે પાંચ ભેગા થઇ શ્રી પરમાત્માનું કીર્તન કરવા લાગ્યા. એમ પુરુષો પુરુષ સાથે અને સ્ત્રીઓ સ્ત્રી સાથે વાતચીત કરતાં કુટુંબીજનોની માફક હેત દર્શાવવા લાગ્યાં. થોડીવાર થતાં સૌ વારાફરતી નિંદ્રાને વશ થઇ ગયાં. રાત્રિ સ્હેજે ચાલી ગઇ અને પ્હો ફાટતાં પહેલાં સૌ પથિકો ગ્રીષ્મઋતુનો તાપ થઇ જવાની બીકને લીધે એક પછી એકે ઊઠી પોતાના ખડીઆ ખભે ભરાવી પોતપોતાને રસ્તે ચાલવા માંડયું. એમ થોડીવારમાં બધું મુસાફરખાનું ખાલી થઇ ગયું.

હવે પેલો એકલો પંથી કે જે આગલે દિવસે બહુ થાકી ગયેલ હોવાને લીધે બહુ જ ઊંઘી ગયો, તેથી વહેલું ઊઠી શકાયું નહિ,

અને દિવસ ઊગ્યા બાદ જાગ્રત થયો. આંખ ઉઘાડીને જુએ છે તો સઘળે સુનકાર જણાયું. માત્ર કેટલાક કાગડાઓ અકારા શબ્દો કરતા રાતનું એંઠું પડેલું વીણી ખાવા આમથી તેમ ઉડાઉડ કરતા હતા, અને બેચાર શ્વાન ત્યાં ફરતાં હતાં. આવી રીતે તે અતિ વિશાળ અને સુંદર અરણ્યમાં આવેલું પથિકાશ્રમ રાત્રે જોયું હતું તેના કરતાં તદ્દન ઊલટું જ દેખાયું. પેલો પંથી એકદમ બાવરો બની જઈ રડવા લાગ્યો. અરેરે આ શું થઈ ગયું ! રાત્રિનો આનંદ ક્યાં જતો રહ્યો ! સર્વ પંથીઓ ક્યાં ચાલ્યા ગયા, એમને અને મારે રાત્રે એટલી બધી મિત્રાચારી-મેળાપ થયો છતાં મને તેમણે બોલાવ્યો પણ નહિ ! અરે મારી કોઈએ સંભાળ પણ લીધી નહિ, હાય ! હવે એકલો હું ક્યાં જઈશ, એમ ઝંખતો તે મોટેથી રડવા લાગ્યો, તે કેમે કર્યો છાનો રહે જ નહિ.

આટલું કહી તે મોહજીતની બેન બોલી : કહો યોગીરાજ ! કેવી એની દયામણી સ્થિતિ ! અને કેટલું બધું દુ:ખ અને શોક ! તે બિચારાને દિલાસો પણ કોણે આપ્યો હશે ? મને પણ એની સ્થિતિ સાંભળીને બહુ જ ખેદ થાય છે. એ સાંભળી યોગીરાજ બોલ્યા : ૐ એમાં દયા અને ખેદ શાનો ? એનો તે શોક શો ? એવી રીતે એ મુસાફર રડે અને ખેદ કરે એ તેની મૂર્ખતા કહેવાય. ધર્મશાળામાં વિસામાના અર્થે ઉતરેલા પંથીઓ તો રાત્રિ પછી ચાલ્યા જ જવાના. માટે એનો શોક શો અને મોહ શો ? એ બધા તો ઘડી બે ઘડીના મહેમાન કહેવાય. માટે એવા પ્રવાસીઓ માટે શોક કરવો એ કેવળ મૂર્ખતા જ કહેવાય. હે બાળા ! આમાં તો તેં મને શી ચમત્કારીક વાર્તા કહી.

વનવાસી મહાત્માનું આવું કથન સાંભળી રાજપુત્રીએ કહ્યું:

એ જ પ્રમાણે મહારાજ, જે આપે મારા બંધુના સમાચાર કહ્યા, તેમાં પણ આશ્ચર્ય કે શોક કરવા જેવું શું છે ? જેવો પથિકાશ્રમ, સમાગમનો સ્નેહ, પ્રેમ, મમતા, અર્થ, લાભ છે, તેવો જ આ સંસાર સમાગમનો પણ છે. જેવો એ મુસાફરોના વિયોગનો શોક કરવો મિથ્યા છે, તેવો જ સગા સંબંધીઓના વિયોગનો શોક કરવો મિથ્યા છે, જેવો તે પંથીઓનો સમાગમ પણ ક્ષણિક છે તેવો જ આ લોકના સંબંધીજનોનો સમાગમ પણ ક્ષણિક છે. આ જગત એક મોટું પથિકાશ્રમ અથવા ધર્મશાળા છે અને આ સર્વ મનુષ્યાદિક પ્રાણીઓ આ જગતરૂપી ધર્મશાળામાં રાતવાસો કરનારા પથિક છે. તેઓ કોઈ જુદે જુદે સ્થળેથી આવીને અહીં એકઠાં થાય છે. પોતપોતાનાં કરેલાં સારાં નરસાં અનેક કર્મોના પોટલા લઈ સંસારરૂપી મુસાફરખાનામાં ઉતરે છે. તે પોટલાં અહીંઆ ખાલી કરી બીજા નવાં બાંધી પોતપોતાની વાસના મુજબ ચાલ્યા જાય છે. શું આ કંઈ નવીન બાબત છે, કે જેથી શોક થાય ! હે મહારાજ, તમે, હું અને મારો ભ્રાતા, મારું આખું કુટુંબ, સર્વ આ અસાર સંસારના પ્રવાસી જીવો જ છીએ, તો તેમાં આપણે કોનો શોક કરવો ? વિચારદીપકમાં લખેલું છે કે:-

सायं समेत्यैकतरु विहंगमा:
प्रात: प्रयांतीह दिशं निजां निजाम् ।।
त्यक्त्वा यथान्योन्य मंगचतं
तयासर्वेसमायां तिच यांति बांधवा ।।

અર્થ- જેવી રીતે સાયંકાળમાં સર્વ દિશામાંથી આવીને પક્ષીઓ એક મોટા ઝાડ ઉપર ભેગાં થાય છે, રાત્રિ પર્યંત તે વૃક્ષપર નિવાસ કરી પ્રાત:કાળમાં પોતપોતાની મરજી પ્રમાણે ઊડી જાય છે, એવી જ રીતે માતા-પિતા, સ્ત્રી, પુત્રાદિ સર્વે બંધુજનો ભેગાં

થઇ પ્રારબ્ધ કર્મરૂપ રાત્રિ પર્યંત ગૃહરૂપ વૃક્ષ ઉપર નિવાસ કરી મૃત્યુરૂપ પ્રાતઃકાળમાં એક બીજા બંધુજનોરૂપ પક્ષીઓ છુટાં પડી આપોઆપ નવીન કર્મરૂપ વાસના દ્વારા નિર્મિત દિશામાં ચાલ્યાં જાય છે.

માટે હે યોગીરાજ ! એનો શોક તો અલ્પ પામર જીવને જ થાય. આ પ્રતિઉત્તરથી અતિ પ્રસન્ન થયેલા યોગીરાજ તે રાજપુત્રી મોહજીતને તેના ભ્રાતાના કુશળ સમાચાર કહી ત્યાંથી મોહજીતના પિતા પાસે ગયા અને તેણે પણ તેવા માઠા સમાચાર કહ્યા. ત્યારે રાજાએ તેનો આદર કરી અતિ વિનયપૂર્વક નીચે પ્રમાણે કહ્યું : હે મહારાજ, આ જગતરૂપી કૃષિકર્મથી (ખેતીથી) શું આપ અજાણ્યા છો. જેવી રીતે ઉષ્ણકાળના અસહ્ય તાપથી સારી પેઠે તપીને તરસી થયેલી પૃથ્વી પર વૃષ્ટિ થતાં જ ખેડુતો તેને ઉત્તમ પ્રકારે ખેડીને નરમ કરે છે અને પછી તેની ઇચ્છાનુસાર ધાન્યની વાવણી કરે છે. કેટલાક દિવસ બાદ એ વાવેલા બીજમાંથી ફણગા નીકળે છે અને ધીમે ધીમે વૃદ્ધિ પામે છે; વળી વાવેલામાંથી કેટલાંક બી નકામાં પણ જાય છે. ઉગીને વૃદ્ધિ પામેલાં બીજ પ્રથમ ફણગારૂપે પછી સોયારૂપે અને એમ ક્રમસહ છોડરૂપે થાય છે. એ છોડવા વરસાદના પાણીથી અને સુર્યના તાપથી મોટા થાય છે ત્યારે તેઓને દંતાર વગેરે ઓજારોથી ગોડવામાં આવે છે. ગોડતી વેળા તે ઘણાક છોડવા સમૂળ ઉખડી પણ જાય છે કે જે ફરીને તાજા થવા પામતા નથી. લીલા રહેલા છોડવાઓ કેટલીક મુદતે વધવા માંડે છે. વધી રહ્યા કેડે પ્રથમ તેમને કણસલાં આવે છે પછી તે કણસલામાં તુલ આવે છે. તુલ ઉડી જઇને કણસલાં દૂધથી ભરાય છે. એ દૂધના કણ બને છે. તે કણ પાકીને સૂકાવા માંડે છે કે તરત ખેડૂત દાતરડું લઇને તે છોડવાઓની કાપણી કરે છે. થયું! કપાઇને ભોંય પર

પડયા પછી સૂર્ય ના તાપથી સુકાઈ મરી જાય છે. અને તેમના પર આવેલાં કણસલામાંના કણરૂપ તેમની સંતતિ પછવાડે રહે છે. તે જીવડાંના ખાવામાં અથવા મનુષ્યોને આહારરૂપે તેમનો નાશ થઈ જાય છે અને તેમ કરતાં પણ જે બચવા પામ્યા તે પાછા આવતી ઋતુમાં વાવણીના કામમાં આવે છે. એ પ્રમાણે વારંવાર "પુનરપિ જનનમ્ પુનરપિ મરણમ્" થયા જ જાય છે. નાશ પામે છે, ઉગે છે, ફાલે છે, ફુલે છે, ફરે છે, જીવે છે, ને પાછાં નાશ પામે છે. એવો એ અન્ન પેદા કરનાર ખેડૂતની ખેતીનો ઈતિહાસ છે. એના જેવી જ એક બીજી મોટી ખેતી છે. જે નિરંતર થયા જ કરે છે. ખેતીમાં જેમ બીજ છે તેમ મનુષ્યરૂપ ખેતીમાં પણ વાસનારૂપી બીજ છે. એ બીજ રોપાતાં જ ઊગે છે, અર્થાત્ વાસના થતાં જ જન્મ થાય છે. પછી વરસાદરૂપ સ્તન પાનથી છોડરૂપ દેહ વૃદ્ધિને પામે છે. તેમાં બાળકો પર આવતા હોળી, બળીયા, ઉટાંટિયાં વગેરે રૂપ હળથી કે દંતારથી ગોડાય છે. ગોડાતા કેટલાંક બાળકરૂપ છોડવાનો નાશ પણ થઈ જાય છે. વળી તેમાંથી બચેલા આગળ વધીને જુવાન થાય છે, જે પરણે છે, તેમને સંતતિરૂપ ફળ આવે છે. પછી સૂર્યના તાપરૂપી અને પ્રકારના રોગો પેસી જાય છે એટલે કાળરૂપી ખેડૂત રોગરૂપી દાંતરડા વડે કાપી ભોંય પર પાડે છે. થયું ! એ ગયા અને પછવાડે એમની પ્રજારૂપ રહેલા ફળથી પાછી નવી ખેતી થાય છે, જન્મે છે ને મરણ પામે છે. એ નિત્યનો ક્રમ છે. મારો પુત્ર, મારું કુંટુંબ, તમે, હું અને આખાં જગતમાંના પ્રાણીમાત્ર એ સંસાર ખેતીના જ છોડવા છીએ માટે કાળરૂપ ખેડુત એકવાર અવશ્ય આપણી કાપણી કરશે જ તો પછી તેમાં કોને માટે આપણે શોક કરીશું તે કહો ! કોઈ વહેલું તો કોઈ મોડું પણ કાળના દાંતરડાના ભોગ તો થવાના જ. જેવી રીતે ખેડૂત બીજને જમીનમાં વાવે છે,

ઊગ્યા પછી તેની બરાબર સંભાળ રાખે છે અને અકંદરે આખી ખેતીને પ્રાણસમ જાળવી રાખે છે. પછી ફૂલીફળીને સુકાતાં તે પોતે તમામનો નાશ કરી નાખે છે એવી જ રીતે આ ઈશ્વરી લીલામાં પણ સમજી લેવું. પ્રભુ પોતે જ દરેકને જન્મ આપે છે, પોતે જ તેનું પોષણ કરે છે, રક્ષણ કરે છે અને વખત આવે પોતે જાતે જ તેનો નાશ કરી નાખે છે. તો પછી આપણે શા વાસ્તે સુખ દુ:ખ માનવા ? દુ:ખ થવાનું કારણ માત્ર આટલું જ છે કે આ જગતના પાણીના પરપોટો જેવા ક્ષણિક સુખનો તેઓની જીભે જબરો સ્વાદ લાગ્યો છે અને તેથી કૂવાના દેડકાની માફક ક્ષણભંગુર સુખોને અને નાશવંત ભોગોને કે જે અસત્ય છે તેને સત્ય માને છે.પછી તેનો નાશ થતાં પોતાના ઉપર દુ:ખના ગાડે ગાડાં ઠલવાઈ ગયાં માનીને બહુ દુ:ખ માને છે. એ શું હે જગમોહિત, તમને કૌતક ભરેલું જણાતું નથી ?

એ સાંભળી યોગીરાજ સંતોષ પામ્યા અને તેના પુત્રનું કુશળ જણાવી ત્યાંથી મોહજીતની માતા પાસે ગયા અને તેને પણ એ જ પ્રમાણે માઠા સમાચાર કહ્યા. માતાએ ઋષિનો સત્કાર કરી આદરપૂર્વક વિનયથી કહ્યું: યોગીરાજ ! આપે એમાં નવીન વાત શું જણાવી. આપ જાણતા જ હશો અને આપે જોયું પણ હશે કે કૂવાના ઉપર કૂવામાંથી પાણી કાઢવાની રેંટમાળ કેવી છે, એક ફરતા મોટા રેંટ ઉપર સેંકડો માટીના ઘડાઓને અથવા લોખંડના ડોલકાંઓને માળા પહેરાવેલી હોય છે. તે ચક્રની અર્થાત્ પૈડાની ગતિથી ફરે છે, તે કૂવામાંના પાણી સુધી પહોંચેલી હોય છે, તે ફરે છે ત્યારે એક બાજુથી તેમા ગોઠવેલા ઘડા વા ડોલકાં ઊંધે મોઢે નીચે ઉતરે છે અને તેમાં પાણી ભરાઈને બીજી બાજુ સુલટે મોઢે

ઉપર આવે છે, જે ખાલી થઈને પાછા ઊંધા મોઢે નીચે જાય છે વળી પાછા ભરાઈને ઉપર આવે છે અને ઠલવાઈ જાય છે આવો ક્રમ સતત ચાલુ જ હોય છે. એનાથી જેમ આપણને કંઈ આશ્ચર્ય થતું નથી, તેમ આ જગત પણ એ રેંટમાળ જેવું જ છે. તેમાં પ્રાણીઓની વારંવાર એક દેહમાંથી બીજા દેહમાં અવતરવા મરવારૂપ ભરનીગળ થયા જ કરે છે. તેમાં આશ્ચર્ય પામવા જેવું છે શું ! તમે, હું અને આ તમામ જીવો એ ઘટમાળના જ ઘડાઓ છીએ. ઘટમાળથી માળામાં જ્યારથી પરોવાયાં ત્યારથી જ ફરવાના અને ફરવા લાગ્યાં એટલે ભરવાનાં અને ભરાયા એટલે ખાલી થવાનાં જ, પણ એ ઘટમાળામાંના કોઈ ઘડાની માળા સાથે બાંધવાની દોરી કદાચ તૂટી કે છૂટી જાય તો તે ઘડો માળામાંથી છુટો પડી અગાધ જળમાં જઈને પડે છે. પછી તેને ભરાવું કે ઠલવાવું પડતું જ નથી તેમજ આ જગત ઘટમાળમાંના ઘડારૂપી જીવોની વાસનારૂપ દોરી તૂટી જાય તે જીવરૂપ ઘડો પરમાનંદ અથવા સચ્ચિદાનંદરૂપ મહાસાગરમાં જઈને પડે અને ત્યાં સદાનું સુખ ભોગવે પછી તેને ભરવાનો કે ઠલવાવાનો કદી પણ વારો આવતો જ નથી. એ વાસનારૂપ દોરી તોડવાનો સુગમ ઉપાય એ જ છે કે સંતપુરૂષોનો સમાગમ કરી શુદ્ધ જ્ઞાન મેળવી આત્મા પરમાત્માની એકતા કરવી એ સિવાય ત્રણે લોકમાં વાસના રૂપ દોરી તોડવાનો ઉપાય છે જ નહિ. માટે હે યોગીરાજ, આપણે પણ આવું જાણ્યું તો પછી એ ભરનીગળના દુ:ખમાંથી છૂટવાનો ઉપાય સાધવો મૂકીને તેમાંના ભરાતા ઠલવાતાઓની મિથ્યા ચિંતા ક્યાં સુધી કરીએ ? માટે એ બધું છોડીને આપ પણ ન્યારા થાવ. આપને તે વળી આ શી ઉપાધી ! પ્રભુને ભજો અને વાસનાને તજો અને સાર-ગ્રાહી થાઓ એટલે આપને પણ જેના માટે ખેદ થાય છે તે

નહિ થાય, અર્થાત્ મટી જશે.

આવો ઉત્તર સાંભળી વિસ્મય થઇ ગયેલા યોગીરાજ મોહજીતની કુશળતા જણાવી ત્યાંથી મોહજીતના એક અતિ પ્રિય મિત્ર પાસે ગયા. તે મિત્ર તે યોગીના મુખથી મોહજીતના મરણ સમાચાર સાંભળતાં જ બોલ્યો : અહો ! શું મારો મિત્ર મળ્યા વગર મને મૂકીને ચાલ્યો ગયો. હશે; પણ એમાં એનો કંઇ દોષ નથી. કેમ કે તે પરતંત્ર હતો પણ તે ત્યાં મારી વાટ જોશે, માટે હું પણ થોડા વખતમાં ત્યાં જઇશ. એ સાંભળી યોગીરાજ બોલ્યા, ભાઇ ! તમો એ શું બોલ્યા, એ હવે ક્યાં હશે કે તમને મળશે. તે તો મરણ પામ્યો. તેનો આત્મા દેહ તજીને ચાલ્યો ગયો. હવે તે મળવાની શી આશા ? એટલે તે મિત્ર બોલ્યો : આપ યોગી છતાં મને આવો પ્રશ્ન કરો છો ! વિપરીત લાગે છે. એ પ્રશ્ન મોહાંધપણાનો છે. આપ તો યોગી છો અને યોગમાર્ગ એ એવી ગુહ્ય અદૃશ્ય પારલૌકિક વસ્તુઓ જાણવાને સાધનરૂપ છે. છતાં આપ ગમે તે પ્રકારથી પૂછો છો તો સાંભળો.

મરણ કોને છે ? મરણ એટલે શું ? આ દેહનો અને આત્માનો દૂધ-પાણી જેવો ઘાડો સંબંધ છે તે મટીને તેમનો વિયોગ થવો એને જ માત્ર મરણ માનવામાં આવે છે, પરંતુ મરણ થવું એટલે સમૂળો નાશ થવો એમ માનવું એ સંસારી જીવોની અંધતા જ છે. ખરેખર તે અવિદ્યાનો જ પ્રતાપ છે. દેહમાં અદૃશ્યપણે વ્યાપી રહેલો આત્મા અજર, અમર, અવિનાશી છે એનું મૃત્યુ થતું જ નથી. વાસ્તવિક જોતાં આ જગતમાંની કોઇપણ વસ્તુનો નાશ થતો જ નથી. કેવળ રૂપાંતર કે સ્થાનાંતર જ થાય છે. પણ તે અવિદ્યાએ અથવા તો ચર્મચક્ષુએ કરી જણાતું નથી. તેથી જ નાશ માનવામાં

આવે છે. માટે એ સત્ય નથી જ. જેવી રીતે આપણું ઢોળેલું અથવા વરસાદથી પૃથ્વી પર પડેલું પાણી સુકાઈ જાય છે, ત્યારે તેનો નાશ થઈ ગયો એમ કહીએ તો અસત્ય નહિ; પણ ખરું જોતા તો તે મિથ્યા ભાસ જ છે. એવી જ રીતે મૃત્યુ પણ છે. ઝીણી દૃષ્ટિથી વિચારીએ તો જમીન પર પડેલું પાણી વરાળરૂપ થઈને સૂર્યના તાપથી આકાશમાં મેઘમંડળમાં જઈ રહે છે તે પાછું સમય થયે વૃષ્ટિરૂપે વાદળાં થઈ જમીન ઉપર પડે છે. એ જ પ્રમાણે આ જગતમાંની પ્રત્યેક વસ્તુઓનું રૂપાંતર જ થાય છે, પણ નાશ થતો જ નથી. જેમ એ સર્વ વસ્તુ રૂપાંતરને આધીન છે તેમ મારા મિત્રે પણ આ માંસાદિકના બનેલા મળમય દેહને તજી દઈ તેમની રૂડી કરણી પ્રમાણે કોઈ ઉત્તમ દેહ ધારણ કર્યો હશે. અને તે પવિત્ર સ્વર્ગીય ભૂમિમાં સુખેથી વસી મારૂં કલ્યાણ ઈચ્છતો હશે. માટે હે યોગીરાજ, આ સંસારમાં અવતરવું અને મરવું એ માત્ર જીવના રૂપાંતર જ છે શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને કહેલું છે કે :-

॥ श्लोक ॥

वांसासि जीर्णानी यथा
विहाय नवानि गृहाणाति नरोऽपराणि ॥
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि
संयाति नवानि देहि ॥

અર્થ :- જે પ્રમાણે પુરુષ જૂનાં વસ્ત્રો ઉતારી નાખી નવાં વસ્ત્ર પહેરે છે તે જ પ્રમાણે આત્મા જૂનાં શરીરોનો ત્યાગ કરી નવાં શરીરો ધારણ કરે છે.

તેથી કાંઈ આત્માનો નાશ થતો જ નથી એ તો આ જગતમાં દરેક વિભૂતિઓથી નિર્લેપ છે. એને આકાર નથી, એ શુદ્ધ છે,

સચ્ચિદાનંદ છે, એને જન્મવાનું નથી તેમ મરવાનું પણ નથી. એ તો દેહના જ ધર્મો છે તે થયા જ કરે છે.

હે યોગેશ્વર, દેહ નાશ પામે છે, દેહ ઉત્પન્ન થાય છે, માટે એ દેહનો ધર્મ છે. આત્માનો નથી. એ નિયમ કોઈનાથી મટાડી શકાય તેમ છે જ નહિ. તમે , હું અને આખું વિશ્વ એ નિયમને આધીન છીએ. તેથી મારા નિમિત્તે પણ સમય આવ્યે પંચતત્ત્વના દેહનો ત્યાગ કર્યો હશે. તેથી હું પણ આ દેહનો ત્યાગ કરી જઈશ ત્યારે મને મળશે જ. હે મહાત્મા, આપ આટલી ઉપાધી લઈને શા માટે ફરો છો ? એમ કહી મહાત્માને નમસ્કાર કરી તે ચાલ્યો ગયો.

આવી રીતે યોગીએ મોહજીતના આખા કુટુંબની ઘણી યુક્તિપૂર્વક પરીક્ષા કરી લેવા છતાં તેના માઠા સમાચારથી કિંવા અનેક પ્રકારના મોહમય બોધથી કોઈપણ મનુષ્ય શોકવાન અથવા મોહવાન થયું નહીં. તેથી આશ્ચર્ય પામી તે સર્વને મોહજીતની કુશળતા જણાવીને યોગીરાજ એકદમ પાછા પોતાના આશ્રમ તરફ વળી ગયા. રાજકુમાર મોહજીત તેમની રાહ જોતો બેઠો હતો. તેને જોતાં જ એકદમ શ્વાસ ભરાઈ ગયેલાની પેઠે તે બોલ્યા: અરે રાજપુત્ર ! ગજબ થઈ ગયો. રે સત્યાનાશ વળી ગયું. તું તો અહીં નિરાંતે બેઠો છે પણ તારે ઘેર તો કચ્ચરઘાણ વળી ગયો છે. અરેરે ! આખો નીભાડો બેઠો રહ્યો. હર હર, લોકો દોડાદોડ કરી રહ્યા છે, અને જે બચ્યાં તે આ વનમાં નાસી આવ્યાં છે. તેઓ કેવળ નિરાધાર અને વસ્ત્રરહિત થઈ રહેલાં છે અને તેઓ કહે છે કે કોણ જાણે કંઈક ઈશ્વરી કોપ થવાથી મહાઅગ્નિ પ્રગટ થયો અને તેમાં આખું નગર, સર્વ પ્રજા, રાજમંદિર અને રાજારાણી સર્વ આખું કુંટુંબ બળીને ભસ્મીભૂત થઈ ગયું છે. હજુ મોટી બીક રહે છે કે એ વૃદ્ધિ

પામેલો નાશકારક અગ્નિ આખા નગરને દહન કરીને રખેને અહીં વન સુધી આવી ન પહોંચે ! એવી હજી બીક રહે છે. હરિ હરિ ! એ કેવી અવદશા ! અને કેટલું દુ:ખ ! તે મહાઅગ્નિમાં બળતાં તેઓને કેટલો મોટો સંતાપ થયો હશે ! એ સૌ કરતાં પણ મને તારો બહુ ખેદ થાય છે કેમ કે હવે તું નિરાધાર અને એકલવાયો થઇ ગયો. તારા માતાપિતા, સ્ત્રી, ભાઇ-બહેન વગેરે તમામ નાશ પામ્યાં. અરે પ્રભુ ! ક્ષણવારમાં તારી સર્વ દિશાઓ શૂન્ય થઇ ગઇ. અહા ! કેવી પ્રારબ્ધની ગતિ ! આટલું કહી યોગી બહુ ઉદાસી ભરેલા મુખે ઊભા રહ્યા. ત્યારે તેમના મુખના બહુ ખેદકારક સમાચાર સાંભળવા છતાં પણ જેને કશો ખેદ કે આશ્ચર્ય થયું જ નહિ. તે શાન્ત ચિત્તે બોલ્યો : હે યોગીરાજ ! આટલો બધો ઉત્પાત શા વાસ્તે કરો છો ? આવા એકાંતમાં રહેવા છતા, આધિ, વ્યાધિ ને ઉપાધિનો ત્યાગ કરવા છતાં, આપને આટલો બધો શોક અને મોહ જોઈ મને બહુ જ હાસ્ય થાય છે. હે મહાત્મા, એવો કયો બનાવ છે કે જેથી આપ આટલા બધા બહાવરા બની ગયા છો ! આપને આ ભ્રમ શો ? કોના માટે આટલી બધી ચિંતા કરો છો ? મારી ફિકર મને નથી અને આપ આટલા બધા ઉદાસીન શા માટે થાવ છો ? એ બધાનો નાશ થઇ ગયો એમાં શી નવાઇ થઇ ગઇ ? નહિ બનવા જેવી શી વાત બની છે કે જેથી તમે ચિંતાતુર થયા છો ? શું આપ મહાત્મા છતાં આ સંસારચક્કીથી અજાણ્યા છો ? પ્રથમ એક લૌકિક વાર્તા આપને કહું છું. તે ઉપર વિચાર કરી જુઓ અને પછીથી ખેદ કરો.

કોઈ એક કબીર નામના મહાત્મા એક નગરમાં હરિસ્મરણ કરતા નિ:સ્પૃહતાથી ફર્યા કરતા હતા. એવામાં એક શેરીમાં થઇ કોઈ મહોલ્લામાં તે જઇ ચઢ્યા. ત્યાં એક ઘરમાથી ઘરરર ઘરરર શબ્દ તેમને સંભળાયો. એ શું થાય છે તે જાણવા માટે પોતે કાન

ઘરી ત્યાં આગળ ઊભા રહ્યા તો તેમને માલુમ પડયું કે પાસેના ઘરમાં એક સ્ત્રી એકીટસે ઘંટી ફેરવી રહી હતી. તેનો એ અવાજ હતો. તે સ્ત્રી પોતાની ડાબી જમણી બંને બાજુ ઘઉંથી ભરેલી બે ટોપલીઓ મૂકીને દળતી હતી. જ્યારે તે જમણા હાથથી ફેરવતા થાકે ત્યારે ડાબા હાથે અને ડાબાથી થાકતાં જમણા હાથે એમ સપાટાબંધ ઘંટી ફેરવ્યે જતી હતી. અને જે હાથ છૂટો રહે તે હાથ વડે ઘઉં અંદર ઓર્યા જતી હતી. આ બનાવ જોઈ તે સંત મહાત્મા એકદમ ઉદાસ થઈ ગયા; અને મોટેથી રડવા લાગ્યા. તેમને માર્ગ વચ્ચે રડતા જોઈ જતા આવતા સેંકડો લોક ભેગા થયા; અને તેમને રડવાનું કારણ પૂછવા લાગ્યા. મહાત્મા કોઈપણ ઉપાયે છાના રહે જ નહિ, તેમ કોઈને ઉત્તર પણ આપે નહિ. આથી લોકોને બહુ આશ્ચર્ય લાગ્યું. ચોમેરથી તે મહાત્માને જોવા માણસો આવવા માંડયા દરેક તેમને પૂછવા લાગ્યા પણ કોઈ જાતના ઉત્તર સિવાય તેમણે તો રડવાનું જ જારી રાખ્યું. આમ કરતાં કેટલીકવાર પછી એક દંડધારી સ્વામી અર્થાત્ સંન્યાસી મુખે શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણ, એવો ઉચ્ચાર કરતા ત્યાં આવી પહોચ્યાં. હજારો લોકોની મેદની વચ્ચે થઈ ને તે રડનાર મહાત્મા પાસે જઈને ઊભા અને તેમને રડવાનું કારણ પૂછયું, એટલે જેમ કોઈ રડતા બાળકને છાનું રાખવાને હજારો સ્ત્રીઓ અનેક ઉપાયો કરે છે છતાં તે છાનું રહેતું નથી પણ તેને પોતાની માતા ખોળામાં લઈ ધવરાવતાં તુરત તે છાનું રહી જાય છે તેવી જ રીતે એ મહાનુભાવ દંડી સ્વામીને જોતાં જ તે કબીર મહાત્માએ હાથ ઝાલી નમન કર્યું અને તુરત છાના રહી પોતાના રડવાનું કારણ કહેવા લાગ્યા : હે મહારાજ ! આ હજારો લોકો ઊભા છે પણ તેમા હું મારા રડવાનું કારણ કોને જણાવું ? કેમ કે મારી વાત સમજી શકે એવું આમાં કોઈ નથી.

અને કહેવાથી મારું કહેલું વૃથા જાય. પણ આપ જ્યારે સર્વ રહસ્ય જાણનાર મળ્યા છો તો કહું છું. હે મહારાજ, પેલી બાઈ ક્યારના ઘઉં દળે છે. તેની નાશકારક ક્રિયા જોઈ મને તેના જેવી જ પેલી મોટી ઘંટીની મહાવિનાશકારક ક્રિયા સાંભળી આવે છે અને તેની અંદર કચડાઈ પીસાઈ જતા પ્રાણીઓ પર મને બહુ જ દયા આવી જવાથી એકદમ રડવું આવી ગયું.

આવું સાંભળતાં જ તે દંડી સ્વામીએ તે સંતને અતિશય ધન્યવાદ આપી હૃદય સાથે ચાંપ્યા અને પછી ઉભેલા લોકોને મોટેથી બૂમ પાડી કહ્યું કે:-

દોહરો

ચલતી ચક્કી દેખકે, દીયા કબીરા રોય;
દો પટ્ટન કે બીચમેં, સાબીત રહ્યા ન કોય.

અરે લોકો ! આ સંત મહાત્માની મોટાઈનાં હું શાં શાં વખાણ કરું. અહા ! શું એમનું દયાળુ હૃદય ! શી એમની પરોપકાર બુદ્ધિ ! અહો ! આવા મહાત્માઓ નિરંતર જગતના કલ્યાણ માટે જ જીવીત ધારણ કરે છે. આપણા સર્વના ઉપર તેમનો કેટલો મોટો ઉપકાર થયો છે અને કેવો અમૂલ્ય ઉપદેશ તેમણે આપણને આપ્યો છે. એક વિચિત્ર વિપરિત ક્રિયા જોઈને તેમને રડવું આવે છે. એ વિપરીત ક્રિયા તે પેલી સ્ત્રી કંઈક દળે છે તે જ. લૌકિક પ્રકાર જોતાં તો તેમાં આપણને કશું આશ્ચર્યકારક વા દિલ દુખાય તેવું દેખાશે નહિ પણ જ્ઞાન બુદ્ધિથી વિચાર કરી જોતાં માલમ પડશે કે ઘંટીની ક્રિયા તો આ સર્વેમાંના કોઈથી અજાણી નથી; પણ એને સૂક્ષ્મ રીતિથી તપાસતાં તો જેવી રીતે કોઈ મનુષ્યને ઓળખવા માટે તેનું આબેહુબ ચિત્ર આલેખેલું હોય છે તેમ આ પણ છે, જેવી આ

ઘંટી છે તેવી જ બીજી કાળરૂપ ઘંટી છે તે ઘણી મોટી છે, જેટલાં સાધનો આ નાની ઘંટીમાં જોઇએ છે તેટલાં સાધનો મોટી ઘંટીમાં પણ છે અને તે વળી બહુ વિચિત્ર પ્રકારનાં છે. પ્રથમ ઘંટીમાં નીચલું અને ઉપલું એવા બે પથ્થરના પડ છે ત્યારે આ કુદરતી ઘંટીમાં દેશ અને કાળ રૂપ બે પડ છે ***(દેશ એટલે પૃથ્વી અને કાળ એટલે વખત-સમય)*** પ્રથમ ઘંટી જેમ નીચલા ખીલડાને આધારે ફરે છે, તેમ આ કુદરતી ઘંટી ઈશ્વરરૂપ ખીલાને આધારે ફરે છે અર્થાત્ આ બન્ને પડને નિયમમાં રાખનાર પોતે ઈશ્વર જ રહેલા છે. જેવી પ્રથમ ઘંટીને ઉપલા પડમાં વચ્ચે માંકડી છે તથા ઉપર ગાળો છે એવી જ રીતે આ કુદરતી ઘંટીને દિવસ અને રાત્રિ એ ગાળા રૂપે છે અને એ બેની જે સંધી છે તે માંકડી છે. તે ઈશ્વરરૂપ ખીલામાં ભરાઇને ફરે છે. પ્રથમ ઘંટીને જેમ ફેરવવાને હાથો (ખીલડો) છે તેમ કુદરતી ઘંટીને ફેરવવાને ઈશ્વરીસત્તારૂપ જબરો હાથો છે. પ્રથમની ઘંટીને જેમ હાથો પકડી તે બાઇ ફેરવ્યા કરે તેમ આ કુદરતી ઘંટીને ફેરવનાર મહાકૃતાન્ત કાળ છે અર્થાત્ મૃત્યુદેવતા એકીટસે ફેરવ્યા જ કરે છે. પ્રથમની ઘંટીમાં જેમ બે બાજુ પર ઘઉંથી ભરેલાં બે દોડિયાં છે તેમ આ કુદરતી ઘંટીમાં સંસાર રૂપી દોડિયું અર્થાત્ ટોપલી છે તેમાં જીવ રૂપી ઘઉં ભરેલા છે. તેને મૃત્યુ દેવતા મુઠીએ ને મુઠીએ જીવરૂપી દાણાઓને ઓરે જ જાય છે અને એકીટસે ઝપાટાબંધ ફેરવ્યા જ જાય છે અને ફેરવનાર મૃત્યુ દેવતા એક ક્ષણભર વિસામો પણ લેતા નથી. આ જગતમાંના અનેક પ્રાણીઓ તેમાં ઓરાયા જાય છે. અહો ! આ ક્રિયા કેટલી ત્રાસદાયક અને ભયંકર છે, આજે ઘણી સુક્ષ્મ બુદ્ધિવાળા તથા સર્વ પ્રાણીઓના હિતેચ્છુ એવા મહાત્માઓ પ્રત્યક્ષપણે જુએ છે તેથી તેઓના દયાળુ હૃદયોમાં આપણે કૂવાના દેડકાઓ જેવા જગતને જ સત્ય અને સર્વ સુખનું

ઠામ છે એવું માની બેઠેલા છીએ તેવા પામર જીવો માટે બહુ દયા ઉપજે છે તેમ ખેદ થાય છે એ માટે મહાત્માઓ જ્યારે એ વાતો કોઈને જણાવી શકતા નથી વા જણાવવા છતાં કોઈ સાંભળતું નથી, ત્યારે તેઓને બહુ દુ:ખ થાય છે અને તેથી તેઓ રુદન કરે છે અથવા તો પછી મૌન ધારણ કરીને એકાન્તમાં જઈને વસે છે. આ સંત મહાત્માને પણ એ સંબંધે આપણા ઉપર અપાર દયા આવવાથી રડવું આવ્યું છે. તેઓ કહે છે કે અરે આ સર્વે પ્રાણીઓ કેમ અજ્ઞાનસાગરમાં ડુબે છે. આ કાળરૂપ ઘંટીના ગળામાં ઓરાયા છતાં તેઓ કેમ બચવાનો ઉપાય શોધતા નથી. શું તેઓ સંસારચક્કીનું પરાક્રમ જોવા છતાં અંધ છે કે શું ? અરેરે આવા અજ્ઞાનમાં ડુબી જઈને છેવટે આ જીવ નાશ જ પામશે.

એટલું કહી ફરીથી તે દંડી સ્વામી બોલ્યા: અરે ! ઓ મનુષ્યો, આ અમુલ્ય ઉપદેશ છે. એ સંસારચક્કીના ગાળામાં આ લોકના સર્વ પ્રાણીઓ સાથે તમે, હું અને એ મહાત્મા આદિ સર્વ ઓરાઈ ચુકેલા છીએ. માટે ચેતો, હજુ પણ સમય છે તેથી ચેતો, ગમે તેમ કરીને પણ બચવાનો ઉપાય કરો. આળસ મૂકી દો, ઉતાવળા નિર્ભયસ્થાને પહોંચી જાવ. તમે કહેશો કે નિર્ભયસ્થાન ક્યાં છે તો તેના સંબંધમાં આ સંત મહાત્મા આપણને ફરી ફરીને આ ઘંટીનું જ ઉદાહરણ સૂચવે છે. ગાળામાં પડેલા સઘળા કણનો કચ્ચરઘાણ કરી નાખનારી ઘંટીની એવી નાશકારક ક્રિયામાં પણ એક બીજો ચમત્કાર જોવામાં આવે છે. જુઓ, જુઓ, પેલી સ્ત્રી હવે દળી રહી. તેણે લોટ સાફ કરવાને ઘંટી ઉફરી કરી છે. (ઉપરનું પડ ઊંચું કરવું તે) જુઓ, ઓ અજ્ઞાની જીવો, જરી તમારાં જ્ઞાનચક્ષુઓ ખોલીને જુઓ. ઓ માયામાં લપટાયેલા, જરા તમારાં ચર્મચક્ષુ ખોલીને જુઓ. તે ઘંટીના પેલા ખીલડાની આસપાસ સેંકડો દાણા

આખા અણિશુદ્ધ એકઠા થઈ રહેલા છે. જેમને ઘંટી એટલી જોસભેર ફરવા છતાં કંઈ પણ ઈજા થઈ નથી. અર્થાત્ તેમનું મૃત્યુ નથી. બચ્યા છે તેનું કારણ એ જ છે કે તેઓએ ખીલડાનો દૃઢ આશ્રય લીધો છે એટલે એમને તે ઘંટીનાં પડ કશું કરી શકે તેમ નથી. માટે હે મનુષ્યો, અરે પામર જીવો ! આ સંસારચક્કીના ખીલડા રૂપે કોણ છે ? પરબ્રહ્મ, પરમાત્મા, અંતરયામી, સચરાચર વ્યાપી, અવિનાશી પ્રભુ છે. તેથી એ ઈશ્વરરૂપ ખીલડાનો આશ્રય પકડી લ્યો. નહિ તો દળાઈને લોટ થઈ જશો. દરેક આશાઓની, વાસનાનો ત્યાગ કરો અને એ શ્રીહરિને જ શરણે જાવ. એના જ બનો, એના બનેલાઓનો જ સંગ કરો, શ્રુતિ પણ કહે છે કે જે પરબ્રહ્મના આનંદને જાણે છે, એ આનંદને અનુભવે છે તે કોઈ કાળે કોઈથી ડરતો નથી અને તે જ બચ્યો છે, તે જ જીવ્યો છે, તેનો જ મોક્ષ થયો જાણો. એટલું કહી તે બન્ને મહાત્માઓ શ્રીહરિનો જયદવનિ કરી ચાલતા થઈ ગયા અને તે સર્વ લોકો તેમના સદુપદેશનું આચરણ કરી પરમ કલ્યાણને પામ્યા.

રાજપુત્ર મોહજીત કહે, એ મારું સઘળું કુટુંબ, રાજ્યસભા, પ્રજાજનો, હું અને તમે એમ સર્વ એ કાળ ચક્રમાં અથાત્ સંસારચક્કીના ગાળામાં ઓરાયેલા છીએ અને સર્વનો સમય આવી પહોંચતાં એકાએક જ ચાલ્યું જવાનું છે. એમાં જે શ્રીહરિરૂપ ખીલડાનો આશ્રય કરશે તે જ નિર્ભય થશે. માટે આ જગતની સઘળી મિથ્યા લોલુપતા મૂકી દઈને આપ ક્ષણવાર કંઈક ભગવત્‌ચર્ચા કરી આપની સાથે થયેલા આ અલભ્ય સમાગમને સફળ કરો.

એટલું કહી રાજપુત્ર મોહજીત છાનો રહ્યો ત્યારે તેના આવા

નિર્મોહપણાથી અતિશય સંતુષ્ટ થયેલા તે યોગી મહાત્માએ અતિ પ્રસન્નતાથી તેને ઉપરાઉપરી અનેક આશીર્વાદ આપ્યા અને પોતે તેના કુટુંબની પણ પરીક્ષા લઈ આવ્યા હતા, તે વાત કહેવા સાથે તે સર્વ કુશળ છે, એમ જણાવીને તેઓને બહુ ધન્યવાદ આપવા લાગ્યા. પછી તે રાજપુત્ર તેમને વંદન કરી ઘોડા ઉપર બેસી પોતાના નગર પ્રતિ ચાલ્યો ગયો. આ રીતે વિદેહી રાજકુટંબનો અદ્‌ભુત ઈતિહાસ કહી યોગાશ્રમના મહાત્મા શિષ્ય પ્રતિ કહેવા લાગ્યા: હે ભાઈ, એ રાજકુટુંબીજનોના જેવી સ્થિતિ થાય ત્યારે જ ખરો વૈરાગ્ય થયો એમ કહેવાય. એજ પૂર્ણવૈરાગ્યનું સ્વરૂપ છે એમ કહી મહાત્મા મૌન થયા.

શિષ્ય- હે ગુરૂદેવ ! આજના વૈરાગ્યમય ઉપદેશથી મારું હૃદય ભરાઈ આવે છે, અહા, શું ! આ જગત બધું કાળરૂપી ઘંટીના ગાળામાં જ ઓરાયું છે ! આ ઉપરથી તો મને પણ આ અસાર સંસાર મિથ્યા જ લાગવા માંડયો, બધું ઋણાનુંબંધે મળી ગયું છે તે ઋણ પૂરું થતાં સૌ સૌને માર્ગે પડી જશે. ત્યારે આ બધી મોહજાળ તો મિથ્યા જ છે કે ! વાહ ધન્ય છે ગુરૂદેવને ! એમ બોલતાં તે એકદમ ઉભો થઈ ગુરૂના ચરણે પડયો, અને કહેવા લાગ્યો કે હે મહારાજ, આપના ચરણમાં પડેલા પામર જીવને એકાએક આજે વૈરાગ્યની લહેરોમાં મૂકી દીધો છે. જે જગતને હું આજ સુધી આનંદનું સ્થાન માનતો હતો, તે આજના ઉપદેશથી મૃગજળ જેવું મિથ્યા ભાસે છે. હે ગુરૂજી, હવે મને કશું ગમતું નથી અને એક ભ્રમિત મનુષ્યના જેવી મારી સ્થિતિ થઈ છે.

ગુરૂ- હે ! શિષ્ય તારું કલ્યાણ થાઓ. હવે તું શ્રી હરિનું સત્ય સ્વરૂપ જાણવાને અધિકારી થયો, એનું નામ જ બ્રહ્માકાર વૃત્તિ

અથવા વૈરાગ્ય કહેવામાં આવે છે. હે ભાઇ, હવે તને થોડા વખતમાં આનંદનો અનુભવ થશે.

શિષ્ય - અહો ગુરૂદેવ ! આનંદ શાને કહેવામાં આવે છે અને તે શી રીતે થાય છે તે કૃપા કરીને જણાવો.

ગુરૂ - હે શિષ્ય ! જ્યારે સર્વેશ્વર પરમાત્મા પ્રભુનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે પરમ આનંદ થાય છે. અને તેના માટે નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ કરવો પડે છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, જે આનંદ યોગીને સમાધિકાળમાં થાય છે. તે આનંદનું સો કરોડ મુખે પણ વર્ણન થઇ શકે તેવું નથી. તે આનંદનો અનુભવ વાણી વડે કહ્યો જાય તેમ નથી જેથી તેનો અભ્યાસી જ તેને જાણે છે.

શિષ્ય - હે દયાવાન ગુરૂદેવ, તે સમાધિના અભ્યાસ વિષે મને ક્યારે સમજાવશો?

ગુરૂ - હે પ્રિય શિષ્ય, પ્રથમ જ્ઞાન અને પછી કર્મ એ નિયમે હવે તું જ્ઞાનવાન બન્યો છે જેથી હવે હું તને યોગનો તમામ વિષય કાલે સમજાવીશ તે જાણી તે પ્રમાણે અભ્યાસ કરવાથી તને તે આનંદનો સંપૂર્ણ અનુભવ થશે. હવે મારે સાયંસંધ્યાનો સમય છે જેથી એક ભજન ગાઇને ઊઠીશું.

ભજન (તાલ ધમાલ)

અગર હૈ મોક્ષકી વાંછા તો છોડ દુનિયાકી યારી હૈ
કોઇ તેરા ન તું કીસકા સબી મતલબ કે હૈ સાથી,
ફસા ક્યોં જાલ માયા કે કાલ શીરપેં સવારી હૈ. અગર
બેઠ સંગતમેં સંતનકી રૂપ અપને કો પહચાનો.

તજો મદ લોભ હંકારા કરો ભક્તિ પિયારી હૈ. અગર.
બસો એકાંતમેં જાકર ધરો નિત ઘ્યાન ઈશ્વરકા.
રોક મનકી ચપલતાઈ દેખ ઘટમેં ઉજારી હૈ. અગર.
જલાકર કર્મકી ઢેરી તોડ માયા કે બંધનકો,
બ્રહ્માનંદમેં મીલો જાકર સદા જો નિર્વિકારી હૈ. અગર.

પછી ૐ જયગુરૂદેવ એમ બોલી મહાત્મા પગથીઆંવાળે રસ્તે ઉતરી નદી પર સ્નાનાર્થે ગયા અને શિષ્ય પોતાના સ્વગૃહે ગયો.

ઈતિ શ્રી ગુરૂ શિષ્ય સંવાદ વૈરાગ્યસાર નિરૂપણ નામં
ત્રીજો વિશ્રામ સંપૂર્ણ.

જય ગુરૂદેવ

જ્ઞાનમાર્ગ વર્ણન

શ્રી ઇશ્વરપ્રાર્થના

શિખરણી છંદ

कीधा छे में दोषो, नहि प्रभु तमे लक्ष धरशो
कृपा भावे मारो, नहि कदी परीत्याग करशो
महा कष्टो मारां, प्रभु तम विना कोण हरशे
कुपुत्रो तो थाशे, तदपी न कुमाता कदी थशे
स्वयंभु छो स्वामी, नव कदी रहे गुप्त तमथी
तमे अंतर्यामी, विनती करीये रे विनयथी
विना तारा कोई, नहि पतित उद्धार करशे
कुपुत्रो तो थाशे, तदपि न कुमाता कदी थशे
नमु छुं साष्टांगे, प्रभु शरण आवी हुं तमने
नहि राखो स्वामी, तम चरणथी दुर अमने
सहु मनना दोषो, प्रभु तम कृपाथी सुधारशे
कुपुत्रो तो थाशे, तदपि न कुमाता कदी थशे

બીજા દિવસે પ્રાતઃકાળમાં શિષ્ય જલદી ઊઠી શૌચ સ્નાનાદિકથી પરવારી એક સારા ફુલનો હાર તથા મેવો વિગેરે

લઈ ગુરૂઆશ્રમ પ્રત્યે જાય છે. એટલામાં નદીથી સ્નાન કરી બે માણસો આવતા તેને સામે મળ્યા. તેમાં એક ભગવું કૌપીન તથા હાથમાં કમંડળ ધારેલા સ્વામીજી હતા અને એક ગળામાં તુલસીની માળા તથા કપાળમાં તિલકવાળા ભગતરાજ હતા. એક બીજાને અચાનક ભેટો થતાં નમસ્કાર કર્યા પછી સ્વામીજી કહેવા લાગ્યા.

સ્વામી- ભાઈ, એ સબ પૂજનકા સાધન લેકર કહાં જાતા હૈ.

શિષ્ય- હું મારા ગુરૂ આશ્રમે સત્સંગાર્થે જાઉં છું.

સ્વામી- સત્સંગ સે ક્યા લાભ હોતા હૈ સો તો કહો. ક્યા દુનિયા સત્સંગ સત્સંગ કી બૂમ માર રહી હૈ.

શિષ્ય- સ્વામીજી સત્સંગ કીયે બીના જ્ઞાન નહિ હોતા ઔર જ્ઞાન બીના મોક્ષ નહિ મીલતા ઐસા ધર્મ શાસ્ત્રકા નિયમ હૈ.

સ્વામી- ક્યા સાધુ હોનેસે ભી મોક્ષ નહિ હોતા ભલા ?

શિષ્ય- સાધુ તો શું પણ કોઈ ઉપાયે જ્ઞાન વિના મોક્ષ જ નહિ.

ભગત- ભાઈ, તમો કહો છો કે બીજા કોઈ સાધુને મોક્ષ નથી. તો શું ભજનો ગાઈને ભક્તિ કરવાથી પણ મોક્ષ નથી.

શિષ્ય- સત્સંગ વિના જ્ઞાન નથી અને જ્ઞાન વિના કર્મ નથી અને કર્મ વિના ફળ નથી એવો ઉપદેશ અમારા શ્રી સદ્‌ગુરૂનો છે.

અંતરમાં જ્ઞાનરૂપી અજવાળું થયું નથી. ત્યાં સુધી ભક્તિ શી વસ્તુ છે તે સમજાશે નહિ અને પરિશ્રમ વેઠ્યા વિના જ્ઞાન મળતું નથી. જેમ નાનો છોકરો પરિશ્રમ વેઠીને દશ પંદર વરસો સુધી મહેતાજીની પાસેથી શિક્ષણ લે છે, ત્યારે જ પોતે વિદ્વાન થાય છે

એવી જ રીતે જ્ઞાન મેળવવાને સારું પણ કોઈ જ્ઞાની ગુરૂ કરવા પડે. તેમની તન, મન ધનથી સેવા કરવી પડે ત્યારે તે જ્ઞાન આપે. પછીથી ભક્તિ એ શી વસ્તુ છે તે સમજાય. બાકી તો આખી જીંદગીની જીંદગી આથડી મરે તો પણ કંઈ વળે નહિ. એક ઠેકાણે કબીરજી કહી ગયા છે કે-

જીને આપકો જોયા નહિ, દીલ દાગકો ધોયા નહિ,

મન મૈલ કો ધોયા નહિ, કપડા રંગ્યા તો ક્યા હુવા.

જે સાધક સદ્‌ગુરૂની દેખરેખમાં રહી શકે છે તે જ સાચો અધિકારી બની શકે છે. કામ, ક્રોધ, લોભ, મોહ એ વિકારોને અંતરમાંથી દૂર કરે છે તેનાથી જ સદ્‌ગુરૂની દેખરેખમાં રહી શકાય છે. ખાલી તાળીઓ કુટવાથી કે કપડાં પહેરીને ડોળ કરવાથી નથી બનતું. એક વખતે કોઈ ગધેડાને વાઘનું ચામડું મળી આવ્યું. તે પોતે ઓઢી લઈ ને બધા જાનવરોને હું વાઘ છું વાઘ છું એમ કહી બીવડાવવા લાગ્યો. એવામાં જંગલમાંથી સાચો સિંહ નીકળી આવ્યો. તેને લાગ્યું કે મારા વનમાં આ વળી બીજો વાઘ કેવો ? એમ ધારી એકદમ તરાપ મારી બનાવટી વાઘની (ગધેડાની) ગરદન પકડી ત્યાં તો ગધેડો નીકળ્યો. એટલે ભાઈ ને ચૂસી નાખીને વનમાં ચાલતો થઈ ગયો. આવી જ રીતે અત્યારનો જમાનો દેખદેખી ભક્તિનો તથા ધર્મનો ખાલી ઢોંગ કરે છે અને બિચારા ભોળા લોકોને ભરમાવે છે એવા ઇંદરવર્ણા જેવા દેખાવથી શું વળે તેમ છે. આથી ખરું સત્ય શું છે તે સમજી શકાતું જ નથી. એક સંત કહે છે કે-

સાખી

જપ માળા છાપા તિલક, સરે ન એકો કામ;
મન કાચે નાચે વૃથા, સાચે રાચે રામ.

સ્વામીજી, આપે ભગવાં તો પહેરી લીધાં પણ સંતોષ શી વસ્તુ છે તે તો જાણ્યું જ નહિ. વિવેક તો નાસી જ ગયો છે. આશા તૃષ્ણા તો ઊભાં જ છે. આથી તો તમારી સાધુતા લજવાય છે. કેમ કે નમ્રતા, ક્ષમા, દયા, સંતોષ એ બધા સાધુતાના શણગાર છે. એમાંનું તો એકે ચિન્હ દેખાતું જ નથી. આથી લાગે છે કે બધું દેખાદેખી કરી લીધેલું છે અને બધે એવું જ ચાલે છે.

તમો એમ ના ધારતા કે હું સાધુઓને અને કીર્તન ગાનારા ભક્તોને નહિ માનનારો નાસ્તિક છું. જેથી નિંદા કરું છું એવું નથી. પણ જે કરે તે સમજીને કરવા કહું છું કેમ કે દેખાદેખી ગાડરીઓ પ્રવાહ ચાલ્યા કરે છે. જેથી ખરું સત્ય ખોવાતું જાય છે અને દંભ પાખંડ વધ્યે જાય છે. તેમાં ખરા સાધુઓને તથા ખરા ભક્તોને કોઇ ઓળખતું નથી. જેથી ગોળ અને ખોળ એક જ ભાવે વેચાય છે. સત્ય ખોવાય છે તેથી ધર્મ જાય છે અને ધર્મ જવાથી માનવજીવન પશુ સમાન બની જાય છે. સાધુ ભક્તોનું પાલન કરવું એ મનુષ્ય માત્રનો ધર્મ છે. પણ તે કેવા-વિચારો રહિત, દયાવાન, સંતોષી, મીઠી વાણીવાળા, પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસવાળા, એવાઓનું પાલન કરવું અને દેખાદેખી કરનારાઓ કામી, કપટી, લોભી એવાઓને આશરો આપવો એ દૂધ પાઇને સર્પ ઉછેરવા જેવું થાય છે. દરેકના જીવનચરિત્રો તપાસીને પછી તેમનાથી પ્રસંગ પાડવો. એટલું બોલી પોતે શાંત થયા.

સ્વામીજી - અરે પંડિતજી, તું તો બડા જ્ઞાની દીખતા હૈ. તું

કહાં રહેતા હૈ ઔર ઈતના જ્ઞાની કીસ તરહસે હુઆ ભલા ?

શિષ્ય- અમો અહીં જ રહીએ છીએ અને તન, મન, ધનથી અમારા સદ્‌ગુરૂની સેવા કરવાથી આ જ્ઞાનનો અધિકાર મળ્યો છે.

સ્વામી- ભલા તુમ્હારા ગુરૂકા સ્થાન કીધર હૈ ઔર કૈસા સ્થાન હૈ ઓ તો કહો.

શિષ્ય- અમારા ગુરૂદેવ આ સામે ઊંચી ટેકરી ઉપર ઝાડીની ગુફા દેખાય છે તે શ્રી યોગાશ્રમમાં રહે છે અને તે આશ્રમ સંસારના ત્રિવિધ તાપથી તપી ગયેલાને આનંદ મેળવવાનું મહાન પવિત્ર સ્થાન છે. જેમાં ઋતુ ઋતુનાં જેવાકે પક્ષીઓ, કોયલો, મોર, બપૈયા, તેતરો, પોપટો વગેરે પોતાની મધુરી અને મીઠી વાણી વડે સાંભળનારને બહુ આનંદ આપે છે વળી તે આશ્રમમાં દેશ વિદેશથી આવનાર સત્‌સંગીજનો સત્‌સંગઝરાનાં નિર્મળ જળ પીને પોતાની જ્ઞાન તૃષાને શાંત કરે છે વળી યોગાભ્યાસીઓને અષ્ટાંગ યોગ સાધવાને માટે આ સ્થાન બહુ જ સુંદરતાવાળું છે. સહેજે આશ્રમના ચોગાનમાં દાખલ થતાં જ બધા માયિક વિચારો વેરાઈ જઈ ઈશ્વર આરાધન કરવાની તિવ્ર ઈચ્છા જાગ્રત થાય છે એવો એ દૈવી ભૂમિનો ચમત્કાર છે.

સ્વામીજી- પંડિત, તું ઈતના જ્ઞાની હૈ તો તેરા ગુરૂજી તો બહોત જ્ઞાની હોગા. હમકો તુમ્હારે ગુરૂજીકા ઔર તુને વર્ણન કીયા સો આશ્રમકા દર્શન કરાવોગે ક્યા ?

શિષ્ય- ભલે તમારી ઈચ્છા હોય તો ચાલો મારી સાથે જ.

સ્વામીજી- ભગત તું ભી ચલેગા ક્યા ?

ભગત- હાં જી. આપ જ્યાં કહેશો ત્યાં ચાલવાને તૈયાર છું.

મારાં એવાં ક્યાથી ધનભાગ્ય કે એવા પવિત્ર મહાન સંત પુરુષનાં દર્શન થાય. ત્રણે જણા ભગત, સ્વામીજી અને શિષ્ય સાથે સાથે આશ્રમ ઉપર આવ્યા. ત્યાંના મધુરા મધુરા વાયુથી અને પક્ષીઓના કિલકિલાટથી આનંદનો પાર રહ્યો નહિ. મહાત્માશ્રીને સ્નાનાર્થે ગયેલા જાણી શિષ્ય ગુરૂદેવના સારુ પ્રાત:સંધ્યાની જરૂરીયાતોવાળી વસ્તુઓની તૈયારી કરવા લાગ્યો. થોડી વારમાં ગુરૂદેવ સ્નાન કરી આવ્યા. તેમને આવતા દેખી ત્રણે જણાએ ઊભા થઈ નમસ્કાર કર્યા. શિષ્ય પ્રત્યે ગુરૂ બોલ્યા, ભાઈ આ બન્ધુઓ અહીં શાને અર્થે આવેલા છે ?

શિષ્ય - ગુરૂદેવ, એ ભાઈઓ આપશ્રીની પાસે સત્સંગાર્થે આવ્યા છે.

ગુરૂ - તેમને એક બાજુ બેસવાને કહો. અને તેમના સ્વાગતમાં લાગો. ભાઈ, આપણા સ્થાનમાં આવનારની યથેચ્છ સેવા કરવી એ આપણો સંત પુરુષોનો ધર્મ છે. હું મારા અભ્યાસમાં બેસું છું. મને ઉઠયા બાદ તેમને બોલાવજો એમ કહી પોતે સમાધિમાં બેઠા.

સ્વામીજી- અરે ભગતજી, મેં બહુતસેં તીર્થોમેં ફીરા લેકીન ઐસી સુંદર જગા કોઈ ભી નહિ દેખી. જરા દેખ તો ખરા વો નદીકે સામે કિનારે ઝાડીકી ઘટામેં કોયલ કૈસી ટહુકાર કરતી હૈ. સુનકે અધિક આનંદ હોતા હૈ.

ભગત- સ્વામીજી, હું પણ આજે જ અહીં આવ્યો. આપનો ઉપકાર માનું છું કે આપે આવી દૈવીભૂમિનાં તથા પવિત્ર સંતપુરુષનાં દર્શન કરાવ્યાં. આમ બન્ને જણા વાતો કરે છે એવામાં મહાત્માશ્રીએ હરિૐ જય સદ્ગુરૂદેવ એવો મુખે ઉચ્ચાર કરી સમાધિમાંથી ઊઠયા અને આસનથી ઊભા થઈ જરા આઘાપાછા

ફરી શરીરનો પરિશ્રમ દૂર કરી બાજુ પર બીજા આસને બેઠા એટલે સ્વામીજી તથા ભકતરાજ બન્ને નમસ્કાર કરી વિવેકપૂર્વક સામે બેઠા. મહાત્માશ્રીએ બન્નેને આવવાનું કારણ પૂછયું. એટલે સ્વામીજી બોલ્યા: મહાત્માજી, આ જો આપકા શિષ્ય હૈ સો બડા વિદ્વાન દીખતા હૈ, લેકીન ઊનકી કોઈ કોઈ બાતોમેં હમકો બહોતસી શંકા હોતી હૈ.

મહાત્મા- કયા કયા શંકા હોતી હૈ સો કહો જીસકા અચ્છી તરહસે નિર્ણય કીયા જાયગા.

સ્વામી- હમ વીસ પચ્ચીસ વરસોંસે સાધુ બનકે ફીરતે હૈ મગર અભી તક કિસીને નહિ કહા જો સાધુ હોનેસે ભી મોક્ષ નહિ હોતા હૈ ઔર એ પંડિત બોલતા હૈ કિ જહાં તક જ્ઞાન નહિ હોતા હૈ વહાં તક કુછ ભી નહિ મીલ શકતા તો વો જ્ઞાન ક્યા હૈ ઔર કોન દેવેગા ? એ જ્ઞાન કિસ તરહસે હોતા હૈ ? સો આપ મુઝકો કૃપા કરકે બતાઈએ.

ભગત- મારે પણ મહાત્માજી એ જ પૂછવું છે કે હું ત્રીસ ચાલીસ વરસથી કીર્તન ભક્તિ કરું છું. છતાં હજુ પ્રભુ સંબંધે કાંઈ પણ સમજાયું નથી. તો શું આ કીર્તન ભક્તિ ખોટી હશે ? અને જો તેમ હોય તો પછી ખરું શું છે તે આપ મને દયા કરીને સમજાવો.

મહાત્મા- ભગતજી, કીર્તન ભક્તિ જરા પણ ખોટી નથી પરંતુ પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરીને પછીથી થાય તો જ એ સાચી નહિ તો એમનું કંઈ નહી.

ભગત- તો પ્રભુ એ જ્ઞાન શું વસ્તુ છે ? અને તે કોણ આપી શકશે ? તે આ સેવકને સારી રીતે સમજાવો.

મહાત્મા- હરિહરિ- વીસ પચ્ચીસ વરસોથી સાધુ બનીને ફર્યા, ત્રીસ ચાળીસ વરસથી ભજનો ગાઈને ભક્તિ કરી, તો પણ જ્ઞાન એ શું વસ્તુ છે, ક્યાંથી મળે છે તે પણ જાણી શક્યા નથી. પછી સાધુતાને તથા ભક્તિને નિંદે જ. એમાં કાંઈ નવાઈ જેવું નથી. કેમ કે જ્ઞાન વિનાના તમામ કર્તવ્ય નિષ્ફળ છે. સ્વામીજી ! તથા ભગતજી ! અમારા શ્રી સદ્ગુરૂ દેવે જ્ઞાનની વખાર બતાવી છે તે હું તમોને ઉઘાડી આપું છું તેમાંથી લઈ લેજો.

ગઝલ-તાલ-ધમાલ

અગર હૈ જ્ઞાનકો પાના તો, ગુરૂકી જા શરન ભાઈ,
જટા શિરપેં રખાનેસે, ભસમ તનમેં રમાનેસે,
સદા ફળમૂળ ખાનેસે, કભી નહિ મુક્તિકો પાઈ-અગર.
બનો મૂરત પૂજારી હૈ, તિરથ યાત્રા પિયારા હૈ,
કરો વ્રત નેમ ભારી હૈ, ભરમ મનકા મીટે ભાઈ-અગર.
કોટી સૂરજ શશી તારા, કરે પરકાશ મિલ સારા,
બીન ગુરૂ ઘોર અંધારા, ન પ્રભુકા રૂપ દર્શાઈ-અગર.
ઈસ સમ જાન ગુરૂદેવા, લગા તન મન કરો સેવા,
બ્રહ્માનંદ મોક્ષપદ મેવા, મિલે ભવબંધ કટ જાઈ-અગર.

જો તને જ્ઞાનની જરૂર હોય તો અનન્ય ભાવે સદ્ગુરૂના શરણમાં જા. સદ્ગુરૂનું શરણ લીધા વિના ભલે માથે મોટી જટાજુટ રાખીને ફરો, પગથી તે માથા સુધી ભભૂતિ ચોળો, સદાયે ઉપવાસો કરી ફળમૂળનો જ આહાર કરો પણ ગુરૂશરણમાં રહ્યા વિના મોક્ષનો માર્ગ નહિ મળે. ભલે મૂર્તિઓના પૂજારી બનો અગર તો અડસઠ તીર્થો ફરો, કાશી, મથુરાં, દ્વારકાંની યાત્રાઓ કરી આવો પણ મનથી ભ્રમણા મટવાની જ નથી. બહાર જગત ઉપર કોટી સૂરજો,

કોટી ચંદ્રો, કોટી તારાઓ ઉગીને એક સામટો પ્રકાશ કરે તો પણ અંતરમાં તો ગુરૂજ્ઞાન વિના અંધારું જ રહેવાનું. અજ્ઞાનરૂપ અંધારાને દૂર કરવા માટે બહારનો પ્રકાશ કામ આવતો જ નથી.

કક્કા કર સદ્ગુરૂનો સંગ, હૃદયકમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળુ થાય, મોક્ષ તણો મારગ દેખાય.

સદ્ગુરૂના સદ્બોધથી જ અંતરમાં જ્ઞાન થાય છે માટે તનથી, મનથી, ધનથી સદ્ગુરૂને ઈશ્વરતુલ્ય જાણી સેવે તેમના વચનોમાં વિશ્વાસ રાખે, આજ્ઞા પ્રમાણે વર્તે, અનન્ય ભાવ બાંધીને એક જ ગુરૂને શરણે રહે તો મોક્ષરૂપી મેવો મળી જાય. જેને ખાવાથી ત્રિવિધ તાપ દૂર થઈ જાય. બીજા કોઈ ઉપાયે ભવરોગ મટે તેમ છે જ નહિ. સ્વામીજી આપકા ગુરૂ કૌન હૈ ?

સ્વામી - હમ તો જાનતે હિ નહી જો ગુરૂ કૌન ચિડિયાકા નામ હૈ.

મહાત્મા - તો એ દિક્ષા કિસને દીયા થા ?

સ્વામી - હમ આપે હી સાધુ બન ગયે થે. હમારી ઓરત ગુજર ગઈ ઔર કરજા હો ગયા તો સાધુ બનકે ચલ દિયા.

મહાત્મા - તો ફિર સબકો કૈસે કહેતે હો કે સાધુ હોવે બીન મોક્ષ હૈ નહિ ? ક્યા કોઈ શાસ્ત્રકા પ્રમાણ હૈ તુમારે પાસમેં ?

સ્વામી - શાસ્ત્ર તો હમારે બાવેને ભી નહિ દેખા તો ફિર હમ કૈસે દેખાવે.

મહાત્મા - ભગતજી તમારા ગુરૂ કોણ છે.

ભગત - મારા ગુરૂ ચેતનદાસજી કરીને હતા. તેમણે મને ઘણા

વરસો ઉપર કંઠી બાંધેલી.

મહાત્મા - તેમણે ગુરૂબોધ શો આપ્યો તે યાદ છે કે?

ભગત - તેમણે કંઠી બાંધીને મને કહેલું, દેખ બચ્ચા પરધનકુ પથ્થર સમાન જાનના, પરસ્ત્રીકો માતા સમાન માનના ઔર ભગવાનકા ભજન ગાના. ત્યારથી જ હું ભજનો ગાતાં શિખ્યો છું. પ્રભુ મને કંઠી બાંધીને ગયા પછી દશબાર વરસો થયાં મળ્યા જ નથી.

મહાત્મા - શાથી મળવા આવતા નથી ? વધારે નહિ તો બાર માસે એક વખત પણ શિષ્યની ખબર લેવી જોઇએ. જેમ પાણી સિંચ્યા વિના બગીચો સુકાઇ જાય છે. તેમ સદ્‌ગુરૂની દેખરેખ વિના શિષ્ય સુધરેલો પણ પાછો બગડી જાય છે. તમારી સેવામાં કે ભાવમાં કંઇ ખામી જોઇ હશે તેથી નહિ આવતા હોય.

ભગત - ના, પ્રભુ તેમ નથી પણ એમના ઉપર સરકારનું પકડવાનું વારંટ છે તેથી અમારા ગામમાં આવતા જ નથી.

મહાત્મા - સંત પુરુષને વળી વોરંટ કેવું ? તેમણે સરકારનો શું ગુનો કર્યો હતો ?

ભગત - એક અમારો ગુરૂભાઇ હતો, તેણે તેમની સેવા સારી ઊઠાવવા માંડી, એટલે તે જ્યારે આવે ત્યારે તેને ત્યાં જ ઊતરતા. તેની સ્ત્રી સારી દેખાવડી હતી, તે તેમની સેવામાં જ રહેતી હતી, એટલે તેની સાથે તેમણે પ્રેમ જોડચો. તે વાત મારા ગુરૂભાઇના જાણવામાં આવી એટલે તેની બીકના લીધે રાત્રે છાનામાના તેના ઘરમાં પૈસા, દાગીના તથા તે બાઇને લઇ ને નાસી ગયા. સવારમાં સરકારથી તપાસ થઇ અને પછી વોરંટ કાઢચું છે તેથી અહીં આવતા

નથી.

મહાત્મા- હરિ હરિ ! કેવા ગુરૂ ! કેવો ગુરૂબોધ ! એક સંત કહે છે કે "લોભી ગુરૂને લાલચુ ચેલા, ઘોર નરકમેં ઠેલમઠેલા." ચેલાઓ જાણે કે જે કંઇ કર્તવ્યોનું પાલન કરવાનું હોય તે અમારા વતીથી ગુરૂઓ જ કરી લે તો અમારે વગર મહેનતે મુક્તિ લેતાં ફાવે. ત્યારે ગુરૂઓ જાણે છે કે શિષ્યો અમોને ખૂબ પૈસા આપી સેવા કરે તો ઠીક જેથી બેઠા બેઠા એશઆરામ કરીએ આવી રીતે બેઉ ઠગાય છે. ભગતજી, એવા વિદ્યાહીન મૂર્ખ લોકોને ગુરૂ કરવાથી શું જ્ઞાન મળે ?

ભગત- બાપુ ત્યારે શું કરીએ ! સંત સાધુઓ કહે છે કે નુગરા નહિ રહેવું એટલે ગમે તેની કંઠી બાંધવી પડે ને ?

મહાત્મા- ગમે તે વાડામાં ભરાઇ જવું ? ગમે તેવા મૂર્ખાઓને ગુરૂ કરી લેવા ? અને તેમના સેવક બનવું એમ તો સંત સાધુ નથી કહેતા ને ?

ભગત- પ્રભુ, તો પછી શાસ્ત્રો વાંચીને જ જ્ઞાન કેમ ના લેવું જોઇએ કે જેથી એવા લોકોથી તથા જુદા જુદા વાડાઓથી કશો પ્રસંગ જ પાડવો પડે નહિ.

મહાત્મા- એમ કદી જ બને નહિ. કેમ કે શાસ્ત્રોનું જ્ઞાન છે તે સમજવા પૂરતું છે. તે જ્ઞાન વડે અંતરમાં પ્રકાશ ના થાય. તેના માટે તો ગુરૂજ્ઞાન જ જોઇએ. સદ્‌ગુરૂના વચનોમાં વિશ્વાસ રાખી તેમના ઉપદેશનું પાલન કરે તો જ આ સંસારસાગર તરી શકાય.

ભગત- એવો કંઇ આધાર હશે કે ગુરૂ કર્યા વગર ચાલે જ નહિ ? અને ખાસ કરીને ગુરૂના ઉપદેશથી જ અંતરમાં જ્ઞાનનો પ્રકાશ

થાય ?

મહાત્મા- હા. આગળના ઘણા ઋષિમુનિઓના દાખલા વેદો, ઉપનિષદોમાં છે. છાંદયોગ ઉપનિષદમાં લખેલું છે કે નારદમુનિને ચૌદ વિદ્યાનું જ્ઞાન હતું છતાં જ્યારે સનતકુમારને ગુરૂ કર્યા ત્યારે જ આત્મસાક્ષાત્કાર થયો. ઈન્દ્રરાજાએ સો અશ્વમેધ યજ્ઞ કર્યા ત્યારે ઈન્દ્રપદ મળ્યું. પણ આત્મજ્ઞાનને માટે તો બ્રહ્માજીને ગુરૂ કરી બોધ લીધો. ત્યારે જ તે ગુરૂજ્ઞાનથી આત્મદર્શન થયાં. યોગવશિષ્ઠમાં લખેલું છે કે મંકી ઋષિએ અનેક તીર્થોમાં ભ્રમણ કર્યું તો પણ કંઈ જ્ઞાન થયું નહિ. જ્યારે વશિષ્ઠને ગુરૂ કર્યા ત્યારે જ આત્મસાક્ષાત્કાર થયો. વળી લખેલું છે કે જન્મથી જ વનમાં જઈને તપ કરવાથી શુકદેવજીને આત્મબોધ ના થયો. જ્યારે જનક રાજાને ગુરૂ કરી બોધ લીધો ત્યારે જ આત્મજ્ઞાનનો અધિકાર મળ્યો, રામ જેવા મહાન સમર્થ દૈવી પુરુષોને પણ ગુરૂ કરવા પડેલા છે. કોઈપણ મહાન પુરુષો થયા હશે. તથા હશે અને થવાના હશે તે તમામ ગુરૂબોધથી જ સદ્‌ગુરૂનો બોધ લીધા વિના જો સત્યને શોધવા જશે તો તેને કદી જ સત્યનો અનુભવ થશે નહિ. તુલસીકૃત રામાયણમાં લખે છે કે.

ચોપાઇ

ગુરૂબીન ભવ તરૈ ન કોઇ, જો વિરંચી શંકર સમ હોઇ.

બ્રહ્મા કે શંકર જેવા હશે તો પણ ગુરૂ વિના આ ભવસાગર પાર પહોંચી શકાશે નહિ. માટે ગુરૂની જરૂર દરેકને છે. પણ તે કેવા ગુરૂ જોઈએ તેની નિશાની છે તે જાણી લ્યો. વધારે નહિ તો બતાવું છું તેટલા ગુણ તો જરૂર હોવા જ જોઈએ.

(૧) બની શકે તેટલું ઇંદ્રિયનિગ્રહપણું હોવું જોઇએ. અર્થાત્

શબ્દ,સ્પર્શ, રૂપ,રસ,ગંધ એ પાંચ વિષયોમાં વૈરાગ્યવૃત્તિ હોવી જોઇએ.

(૨) જેની વાણી મીઠી, અને મધુરી સહુને પ્રિય લાગે તેવી હોવી જોઇએ.

(૩) વધારામાં શાસ્ત્રોક્ત જ્ઞાન હોવું જોઇએ. અને તે જ્ઞાન મુજબ પોતાનું નિત્ય કર્તવ્ય હોવું જોઇએ. આગળના ઋષિમુનિઓ જ્ઞાન અને ક્રિયા બન્નેનું સાથે જ પાલન કરી ગયેલા છે. માટે ક્રિયા વગર જ્ઞાન નિષ્ફળ છે, અને જ્ઞાન વિના ક્રિયા નિષ્ફળ છે. વધારે નહિ તો આટલા ત્રણ ગુણો તો અવશ્ય જોવા જ પછી ગુરૂ કરજો. ***(પહેલું પાત્ર પરખો પછી સંગ કરો.)*** નહિ તો દૂધના દાઝયા છાશથી બીવા જેવો પ્રસંગ આવશે. કોઇ દુર્ગુણી ગુરૂ કરવાથી કડવો અનુભવ થશે, તો આખી જીંદગી સારાને પણ નહિ માનો. તેથી પ્રથમ તેને તપાસો. રહેણી કરણી જુઓ. પછી સંબંધ બાંધો. સંબંધ બાંધ્યા કેડે તેના વચનોમાં પૂર્ણ વિશ્વાસ રાખો અને તનથી, મનથી, વાણીથી એક થાવ. જુદાપણું રાખવાથી વચમાં પડદો રહેશે. બહાર પડદો રહેશે તો અંતરમાં પણ રહેશે. અંતરમાં પડદો રહેવાથી આત્મદર્શન નહિ થાય. ગુરૂઓ તો ઘણા. કુળનો ગોર હોય તે ગુરૂ, વિદ્યા ભણાવનાર માસ્તર તે પણ ગુરૂ, કોઇ ઠગી જાય તે પણ ગુરૂ. એવા ગુરૂઓ બહુ છે પણ આ ***(મોહ માયામાંથી મનને પાછું વાળી ઇશ્વરી માર્ગે વાળી આપે એવા સદ્‌ગુરૂ એક જ હોય તે)*** ગુરૂ વિનાનું જીવન હરાયા ઢોર જેવું હોય છે, વ્યભિચારીણી સ્ત્રી જેવું છે. ભલે ગરીબ હો કે તવંગર હો, રંક હો કે રાજા હો, ચાર વર્ણમાં ગમે તે વર્ણના હો, બાળક હો કે વૃદ્ધ હો પણ ગુરૂ તો સાથે જોઇએ જ. જેમ સ્ત્રી ઉમ્મરલાયક થઇ એટલે

એને લાયક વરને સોંપી દેવી પડે છે, એવી જ રીતે આપણે બ્રહ્મચર્ય આશ્રમમાંથી વિદ્યા ભણીને ગૃહસ્થાશ્રમમાં પેઠા કે તુરત સદ્‌ગુરૂનું શરણ લેવું જ જોઈએ. અહીં તો મન સ્વતંત્ર રહી પાપ માર્ગે જ દોરાશે. સદ્‌ગુરૂ કરેલા હશે તો તેમના દર્શનથી, અને બોધવચનોથી મન પાપાચરણમાં ભરાઈને સ્વતંત્ર કુછંદી નહિ બને. જે સ્ત્રી મન, વાણી ,કાયા એ એક જ પુરૂષને આધિન રહીને તેને પ્રભુ તુલ્ય માની સેવે તે પતિવ્રતા કહેવાય. એમ જે શિષ્ય તે ભાગ્યશાળી ગણાય. તમે કહેશો કે તમારા બતાવ્યા જેવા ગુણવાળા ગુરૂ ના મળે તો? તેના જવાબમાં કહેવાનું કે પ્રભુ મહાન દયાળુ છે. માટે આપણું નિષ્પાપી હૃદય જોશે તો ઘેર બેઠાં ગુણવાન સંતપુરૂષ મળી આવશે. સંતો પ્રભુના દાસ છે તેથી પ્રભુ જ તેમને તમારે ત્યાં મોકલી આપશે. અગર તમને તેમની પાસે મોકલાવશે, વળી કોઈ કહેશો કે ગુરૂઓને તન,મન,ધન એ ત્રણે કેમ અર્પણ કરવાને કહેલું હશે? તો તેનું કારણ એ છે કે જીવ માત્રનો એ ત્રણમાં જ મોહ બંધાય છે તે મોહપાશ છોડાવવા માટે જ ગુરૂને અર્પણ કરવા કહેલું છે તથા તે ત્રણ વડે ગુરૂની સેવા ઉઠાવવાની છે. એમ ન માનવું કે તન એટલે શરીર ગુરૂને આપ્યું એટલે તે તેનો દુરૂપયોગ કરે. મન ગુરૂને આપ્યું એટલે તે મન ગમે તેવા ખોટા વિચારોમાં લાગે. ધનના ત્રણ ભાગ છે (પુત્ર, સ્ત્રી; લક્ષ્મી.) તે ધન ગુરૂને આપ્યું એટલે ગુરૂ તેનો દુરઉપયોગ કરે. જે દુરઉપયોગ કરે તેવાને તો ગુરૂ જ ના કરાય અને જે બતાવેલા ત્રણ ગુણવાળો સંત હશે તેને ત્રણે સોંપી દેશે તો પણ એ તો સદ્‌ઉપયોગ જ કરશે. તન શરીરને સારુ અભ્યાસી બનાવશે. ધન-લક્ષ્મીથી સારાં કર્મ કરાવશે. ખોટા માર્ગે જવા નહિ દે. પુત્રોને સારો બોધ કરી સારી લાઈને વાળશે. સ્ત્રીને સારો બોધ આપી સેવાભાગિની બનાવશે.

એમ જ્યાં સદ્‌ગુણી સંત હોય ત્યાં કાંઇ શંકા રાખવી નહિ અને જ્યાં શંકા રાખવા જેવું હોય ત્યાં ત્રણે અર્પણ થાય નહીં. તેટલા જ માટે પ્રથમ સારી રીતે તેના ગુણો તપાસવાને કહેલું છે. પછી આપણું મન જો શંકાશીલ હશે તો નહિ જેવા ઝીણા ઝીણા દોષો પણ દેખાશે. માટે નજીવા દોષો ગુરૂનામાં જોવા તે પણ ઠીક નથી. તેથી ગુરૂ કરવા તન, મન, ધનથી સેવા કરવી અને તેમનાં સદ્‌વાક્યોના પાલન વડે સંસારમાંથી નિર્મોહી થવું એ જ ગુરૂશરણમાં રહ્યાનું સાચું ફળ છે. જે ગુરૂઓને ના માનતા હોય તેમને ધર્મમાર્ગનું સ્વપ્નું પણ આવશે નહિ અને આખી જીંદગી હરાયા ઢોરની માફક ગુમાવીને માનવદેહ જેવા ઉત્તમ દેહને પશુ કોટિનો અધિકારી બનાવશે. કેમ કે અત્યારનો વાણીવિલાસી અધુરિયા ઇંગ્લિશ ભણતરવાળો ઉછાંછળો જમાનો ગુરૂ શું શિષ્ય શું ? એ તો બધી ઠગબાજી છે એમ માનનારો છે. ગુરૂ શિષ્યનો અર્થ લોપ થયો છે. અરે ઓ ઘમંડી લોકો, ન માનતા હોય તો પાછલાં ખાતાં (વેદાન્ત) તપાસી જુઓ એટલે માલુમ પડશે. પાછલાં ખાતાને પણ ન માનતા હોય તો તાજા ચોપડા ઉઘાડી જુઓ. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ વગેરે ગુરૂવાળા હતા કે નુગરા ? તે તમામ સદ્‌ગુરૂના બોધથી જ આગળ વધી શક્યા છે જેથી ગુરૂશિષ્યપણાની જૂની પ્રથાને ખાસ માનવા જેવી જ છે, છેક કાઢી નાખવા જેવી નહિ. ગુરૂના આગળ જે પ્રથમ ત્રણ ગુણો બતાવ્યા છે એવી જ રીતે શિષ્યનામાં પણ ગુણોની જરૂર છે.

૧. મન, વચન, કાયાએ ગુરૂના વચનનું પાલન.

૨. તન, મન, ધનથી શ્રદ્ધાપૂર્વક નિષ્કામપણે ગુરૂસેવા.

૩. સાધારણ નજીવા દોષો નહિ જોવાપણું. કેમ કે સાધારણ દોષો જો ગુરૂનામાં હોય તો શિષ્ય તેને નમ્રતા પૂર્વક જણાવીને કાઢી નંખાવી શકે છે અને શિષ્યને વ્યાજબી લાગતા હોય તો ગુરૂઓએ તજી પણ દેવા જોઇએ.

૪. દરેક વ્યવહારિક અને પરમાર્થિક કાર્ય ગુરૂની સલાહ લઇને કરવાપણું. શિષ્યોએ પણ આ ચાર ગુણો તો અવશ્ય રાખવાના જ છે. એટલા ગુણના આપણે પાલનકર્તા થયા નથી ત્યાં સુધી ગુરૂ કરવાને લાયક નથી, એમ જાણવું.

ભગત તથા સ્વામીજી, અત્યાર સુધીના તત્વબોધમાં તમારા બન્ને પ્રશ્નોનો ઉત્તર થઇ ગયો. જ્ઞાન ક્યાંથી મળે તેનું ઠેકાણું તમોને બતાવ્યું. જ્ઞાન કેવી રીતે મળશે તેની તમામ રીત પણ તમોને ચોખ્ખી સમજ પાડીને બતાવી.

જ્ઞાન થવાની નિશાની

જ્યારે આપણામાં આપોઆપ જ એમ સમજવામાં આવે છે કે અહો મારામાં કેટલું અજ્ઞાનનું બળ છે કે જે વડે કરીને જન્મ, જરા,મૃત્યુ વગેરે મહાન દુ:ખોને ભોગવતો છતાં આ સંસારમાંથી મારા આત્માના ઉદ્ધારને અર્થે કંઇ પણ કરતો જ નથી. બાલ્યાવસ્થા રમતગમતમાં ગુમાવી, જુવાનીનો અમૂલ્ય સમય લૌકિક અને પારલૌકિક બન્ને સાધનો સાધવાનો સમય ગુમાવીને કેવળ ધનના સંગ્રહમાં, પુત્રોના પ્રેમમાં અને સ્ત્રીઓના કામ વિલાસમાં આનંદ માની બેઠો છું. (સંત તુલસીદાસ કહે છે કે)-

દોહરો

અરવ ખરવ સમ દ્રવ્ય મિલે, ઉદય અસ્તકો રાજ,

તુલસી હરિકે ભજન વિન, સબી નરકકો સાજ.
સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ દોય,
સુત દારા અરૂ લક્ષ્મી, પાપીકે ઘર હોય.

અર્થ : અબજોગણું ધન મળે, સૂર્ય ઊગે છે ત્યાંથી તે અસ્ત થાય છે ત્યાં સુધીનું (આખી પૃથ્વીનું) રાજ્ય મળે તો પણ તે (હરિના ભજન વગર) આત્મકલ્યાણના સાધન વિના તમામ નર્કતુલ્ય (અધોગતિએ લઈ જનારું) છે જેથી તુચ્છ વિષયોમાં જ રચ્યો પચ્યો રહ્યો છું એ કેટલી બધી મારી ભૂલ થાય છે. એમ સમજવા લાગે ત્યારે જાણવું કે હવે મને કંઈક જ્ઞાનનો અનુભવ થવા લાગ્યો છે. શક્તિહિન ઇંદ્રિયોને શિથિલ કરી નાખનારી વૃદ્ધાવસ્થા આવશે તે વખતે કંઈ સાધન બની શકશે નહિ છતાં જે લોકો એમ માને છે કે જુવાનીમાં જેટલું બને તેટલું સુખ વૈભવ ભોગવી લીધા પછી આગળ ઘડપણમાં ગોવિંદ ગાઈશું. તેમના વિચારો આગ લાગ્યા કેડે કૂવો ખોદાવીને અગ્નિ હોલાવવા જેવા છે; જેથી યુવાસ્થામાં જ વહેવારિક અને પરમાર્થિક બન્ને સાધનો સાધી લેવાં જોઈએ. જો નાવમાં હાંકનારો સુકાની સારો હોંશીયાર બેઠો હોય, પવન બરાબર ચાલતો હોય, તો પછી તેમાં જોવાનું જ શું રહે ? જલદી સામે કાંઠે પહોંચી જાય એવી જ રીતે યુવાવસ્થા હોય, સદ્‌ગુરૂ બોધ આપનાર હોય, અંતરમાં વૈરાગ્યવૃત્તિ જાગ્રત થઈ હોય તો પછી તેને ભવરૂપ સમુદ્રમાંથી મોક્ષરૂપ સામે કાંઠે જતાં વાર જ શી ? આહાર, નિંદ્રા, ભય, મૈથુન આ ચાર બાબતો પશુ, પક્ષી અને માણસો તમામ સરખી રીતે ભોગવે છે. પણ આત્માનું કલ્યાણ સાધવાનો પુરુષાર્થ એજ મનુષ્યમાં વધારા રૂપે છે, તો જે જીવ તે પુરુષાર્થ નથી સાધતો તે પશુ, પક્ષી અને મનુષ્યમાં કંઈક જ ફેર નથી. માનવશરીર બધાથી ઉત્તમ શાથી

ગણવામાં આવ્યું હશે ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેવાય છે તે ચારે મનુષ્ય કોટીમાં પ્રાપ્ત થાય છે તેથી માનવદેહ ઉત્તમ કહેવાય છે એવા ઉત્તમ સ્થાનનો અધિકાર મળ્યો તો પણ તેને વિષયોના જ આહાર વિહારમાં ગુમાવી નાખે છે તે પોતાના પાસેનો પારસમણી આપી દઈને તેના બદલામાં કાચના ટુકડા ખરીદ કરે છે એમ સમજવું, સ્વર્ગસુખ લેવું હોય તો તે મનુષ્યદેહથી જ લઈ શકાશે. તો એવા સુખને છોડીને મોક્ષ માર્ગને મૂકીને એવાં સાધનો સાધે છે તે મનુષ્ય મટીને દેવ થવાને બદલે કોઈ પશુ કોટી તૈયાર કરે છે. બધા વિચારો મન સાથે કરીને જે સદ્ગુરૂનું શરણ પકડી લે છે તે જ આત્મોન્નતિ સાધી શકે છે. આપણે કહેશો કે શું ધર્મસાધકો નથી ! તો હું કહીશ કે છે. પણ તે રેલ્વેના પાસ જેવા છે. નિષ્કામી બહુ જ ઓછા. સકામી બહુ. કેમ કે જેમાં લોક બડાઈ મળે.

દ્રષ્ટાંત :

કોઈ એક (દોઢ ડાહ્યાભાઈ) ઉતાવળે ઉતાવળે રેલ્વે સ્ટેશન પર આવ્યા. અને સ્ટેશનમાં દાખલ થવા લાગ્યા એટલે ટિકિટ માસ્તર કહે છે કે ક્યાં જાવ છો ? ભાઈ કહે અંદર ગાડી પાસે. માસ્તર કહે પાસ જોઈએ. પછી પોતે એક આનાનો પાસ લઈને ગયા. ગાડીમાં બેસવાનું મન થવાથી બેસી ગયા. જંકશન સ્ટેશન આવ્યું ત્યાં પોતે ઊતરીને ચાલવા લાગ્યા. ટિકિટ માસ્તર કહે, ટિકિટ ? એટલે પોતે કાઢીને આપી. માસ્તર કહે, આ તો પ્લેટફોર્મનો પાસ છે, ટિકિટ લાવો નહિ તો ડબલ ચાર્જ આપવો પડશે. ભાઈ બોલ્યા, બધો જ આકાર ટિકિટના જેવો છે ને નહિ ચાલે ? માસ્તર કહે, અંદરના આંકડા તપાસો એટલે માલુમ પડશે.

લાવો ડબલ ચાર્જ. એમ કહી ભાઇ ને રેલ્વે પોલીસને સોંપી દીધા. અને સૂચના કરી કે બેવડું ભાડું આપ્યા વિના તમારાથી જઇ શકાશે નહિ.

સિધ્ધાંત :- દરેક ધર્મસાધકો રેલ્વેના પાસ જેવા દેખાવ પૂરતાં આચરણો બહારના દેખાવમાં જગતને દેખાડે છે. કોઇ સંધ્યાગાયત્રી કરે છે અને પછી એટલું અભિમાન ધરાવે છે, અમારા જેવું કોઇ પણ કરતા નથી, ત્યારે કોઇ ગીતા વગેરેના પાઠ કરીને એમ માને છે કે અમે કરીએ છીએ તેવું કોઇ નહિ કરી શકતા હોય. કથાકારો, વ્યાખ્યાનકારો એક બીજાને બોધ કરી એટલું ઘમંડ રાખે છે કે આખું જગત મૂર્ખ. જ્ઞાનનો પાસ તો આપણી જ પાસે છે. કેટલાક નોવેલના વાંચકો તથા લેખકો માને છે કે જગતભરની અક્કલનો ઇજારો આપણે જ રાખેલો છે. કેટલાક તીર્થોમાં ફરી આવીને અભિમાન રાખે છે કે મોક્ષનો પટો આપણે જ લાવ્યા છીએ. ત્યારે કેટલાક કીર્તિ દાન કરનારા ધારે છે કે અમુકને અમુક રકમ ન આપી હોત તો એનું ભાંગી જ પડત, આવી રીતે દરેક ધર્મનું પાલન કરે છે ખરા પણ મહીં ઊંડાણમાં અભિમાન બેઠેલો જ હોય છે. દંભ, પાખંડ મહીં રમતા જ હોય છે. આ માનવ ગાડીના પાસમાં ધર્મક્રિયાઓમાં અભિમાનના આંકડા લાખાયા હશે તો તે ધર્મના સ્ટેશને રોકાશે જ. પછી તેને નીચ કોટી રૂપ ડબલ ચાર્જ ભરવો જ પડવાનો. માટે જે ધર્મકામ થાય તે નિષ્કામ ભાવથી નિરભિમાનથી મીઠી વાણીથી જ થવાં જોઇએ. ઉપર મુજબનાં કર્તવ્યો થાય ત્યારે જાણવું કે હવે મારામાં જ્ઞાને વાસ કર્યો છે અને એવા જ્ઞાનથી જે જે સાધનો તથા કાર્યો કરવામાં આવે છે તે જ મોક્ષને પમાડે છે. તેનું જ આવાગમન ટળે છે.

ભગત - મહાત્માજી, ત્યારે કીર્તનો ગાઈ ને જે ભક્તિ કરવામાં આવે છે તે શું ઠીક નહિ જ ?

મહાત્મા - નવધા ભક્તિમાં કીર્તન ભક્તિની ગણના છે ખરી પણ તે જ્ઞાન થયા કેડે ઈષ્ટ દેવ તરીકે કે વ્યક્તિને માનવામાં આવે છે અને તેનામાં પૂજ્યભાવ થાય, તેના ગુણોનું ગાન કરતાં મનને એટલો બધો આનંદ આવે છે કે પોતાને દેહની શુદ્ધિ પણ રહેતી નથી. એવી એકતાથી જે ભજનો ગાઈને કીર્તન ભક્તિ કરે છે તે ઠીક છે. જેવી રીતે તુકારામ, સુરદાસ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુલસીદાસ એ બધા ખરા જ્ઞાનવાન ભક્તો મહાન પ્રેમીઓ પ્રભુના નામમાં રંગાઈ ગયેલાં કામ, ક્રોધ, લોભ, મોહ, છળ, કપટ, દંભ, પાખંડ વગેરે વિકારોથી રહિત. હાલમાં પણ પોતે જાતે એ આગળના ભક્તો જેવા થઈ ને કીર્તન ભક્તિ કરો તો સાચી. નહિ તો ખાલી ઢોંગ. કીર્તન ભક્તિનું ફારસ.

સ્વામી- મહારાજશ્રી એ સંન્યાસી દીક્ષા લેના, સાધુ બનના એ ચાલ ક્યા સચ્ચા હૈ કે જૂઠા ?

મહાત્મા- પુરાણા ચાલ જો ઋષિ મુનિઓને નિકાલા હૈ સો ઠીક હૈ, લેકિન ઉસકા નિયમ બીગડ ગયા હૈ. ઉનકો સુધારનેકી જરૂરત હૈ.

સ્વામી- ક્યા નિયમ બીગડા હે સો કૃપા કરકે બતાઈએ.

મહાત્મા- વેદાન્તમેં જો વર્ણાશ્રમ ધર્મ દીખાયા હૈ. પ્રથમ બ્રહ્મચર્ય, દુસરા ગ્રહસ્થ, તીસરા વાનપ્રસ્થ, ચૌથા સંન્યાસી. પહિલા આશ્રમમેં વિદ્યા શીખની ચાહીએ, દુસરા આશ્રમમેં શીખી હુઈ વિદ્યાકા ઉપયોગ કરનેકે લીયે ગ્રહસ્થાશ્રમ ચલાના ચાહીએ.

યોગ્ય જોતવાન અપના કુલકી કુલિન સ્ત્રીસેં વિવાહ કરકે પ્રજોત્પત્તિ કરના. બાલબચ્ચોંકે પોષણકે કારણ ધર્મ કમાઇ કરકે ગુજારા ચલાના, સાથ સાથ ધર્મકા પાલન કરતે જાના. ઇસ રીતિસેં ગૃહસ્થાશ્રમ પૂરા કરકે ફિર વાનપ્રસ્થાશ્રમ ધારણ કરના. જીસમેં અપના વ્યવહારિક કાર્યોમાં અપની પ્રજાકો લગા દેના ઔર આપ ધીરે ધીરે સબ વ્યવહારસેં મમત્પ (મોહ) કમી કરતે જાના. ઇસ તરાંહસે વાનપ્રસ્થાશ્રમ પુરા કરકે ફિર સંન્યાસ દિક્ષા લેના ચાહીએ. અપના ખાનપાનકા બન્દોબસ્ત અપને પુત્રહી કીયા કરે ઔર આપ તમામ સંસારકે કારોબારસે અલગ હોકર એકાન્તમે બેઠ કર દેહકી મુક્તિકે લિયે ગુરૂ ઉપદેશ મુજબ ઇશ્વરકા આરાધના કીયે જાના. દેખો જૈસે કરોળીઆ નામકા જંતુ અપની લાળસેં જાળા બનાતા હે. સબ જાળ ફૈલાતા હે ઔર ફિર આપ હી સમેટ લેતા હે, ઇસ તરાસેં અપને સંકલ્પસે ગૃહસ્થાશ્રમકા જાળા ફૈલાના ઔર એ જાળ વાનપ્રસ્થાશ્રમમેં સમેટતે જાના સો સંન્યાસ આશ્રમમેં ફીર સંસારકી કોઇ વાસના રહેના ન ચાહીયે. સાધુ બનનેકા યેહી કારણ હે ઔર કુછ નહિ. સબ વિષયોસેં મન ઉપરામ હો જાવે. પૂર્ણ વૈરાગ્ય લગ જાવે તો આપ હી મોહ દૂર હો જાતા હૈ, જીસકા મોહ મીટ જાતા હે ઉસકો ફીર સાધુ બનનેસે ક્યા લાભ હૈ ઔર ન બનનેસે ક્યા હાનિ હૈ. ઔર જીસકો કુછ બાતકા જ્ઞાન હૈ હી નહિ ઉસકો ખાલી સાધુ બનકે ભટકનેસે ભી ક્યા લાભ હૈ. અપને પોષણકે લિયે સંસારિયોંસે ભિક્ષા માંગના ઔર ખાકે પડે રહેના ઐસા પરાવલંબી સાધુકા જીવન ક્યા કામકા હૈ. સાધુ હોકર ભી સ્વતંત્ર રહેવે સો બાત ઠીક હે. સંસારી લોગોકો તત્ત્વોપદેશ દેના, ધર્મ કે કામમેં પ્રેરના, ઔષધી બિના પૈસે બતાના ઐસા ઉપકાર સંસારિયોંકો કરકે ઇનકે પાસસે ખાનપાનકો લેના ઠીક હે. હાલ ઐસા સાધુ

બહોત કમ હૈ.

સ્વામી- મહાત્માજી, કંઈ લોગ કહેતેં હૈ કે, ગેરવા રંગકા વસ્ત્ર પહેનનેસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ઓ તીનોં આ જાતા હૈ સો બાત જુઠ્ઠી હૈ ક્યા ?

મહાત્મા- એસા ગરવા કપડાં ધારન કરનેસે કુછ નહિ હોતા હૈ. દેખો હમ તુમસે પૂછતા હૈ ઉસકા ઉત્તર દેના અગર કોઈ પુરુષ સ્ત્રીકા પોષાક પહન લેવે તો વો સચ્ચી સ્ત્રી બન જાતી હૈ ? નહિ જ. તો કોઈ સ્ત્રી પુરુષકા પોષાક ધારણ કર લેવે, વો પુરુષ બનતા હૈં ? નહિ જ.

ઐસી સબ બાત સમજ લો. જો જીવ સદ્‌ગુરૂકા સમાગમ કરતા હૈ ઉન્હીંકો જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તીનો મિલતા હૈ. ખાલી ભગવા પહેરકે બીના સમજે ભટકનેકો ચલા જાતા હૈ વો તો ધોબીકે બૈલકી માફક ન તો ઘરકા ન તો ઘાટકા ઐસા હો જાતા હૈ. ફિર ખાલી તીર્થોમેં ઔર દેશોદેશ ઘુમના, કોઈ ખાલી મંદિર દેખકે ઉસમેં પૈઠ જાકર ઈનકે માલિક બનકે બૈઠ જાના, ફિર લક્ષ્મીકી જમાવટ કરના, સ્ત્રીયોંકા આવરજાવરસે વિષયોંમે લગ જાના, દેવોકા નામ લેકર ટીપ કરના, ફિર આપ અચ્છી અચ્છી રસોઈ પાકર મૌજ કરના. રાત દિન પડે રહેના વો સાધુતા નહિ માની જાતી. ઐસે સાધુ નહિ હૈં. સાધુતાકા કચરા હે. ઐસે ગેરવા રંગકે વસ્ત્ર પહનનેસે ક્યા લાભ હૈ. વસ્ત્રોંસે જ્ઞાની વૈરાગી નહિ બન શકતા, જૈસે રાજા જનક, હરિશ્ચંદ્ર, અમરીશ એ સબ ગૃહસ્થાશ્રમી રાજા લોગ ભી ઉપનિષદોંમે સાધુ માને ગયે હે. જીસકા શોક મોહ સબ મીટ ગયા હૈ. નિર્મોહ નગરીકે રાજા મોહજીતકા રાજ્ય-કુંટુંબ હી મહાન નિર્લોભી, નિર્મોહી, નિરભિમાની, નિષ્ક્રોધી, નિષ્કામી સબ

સાધુરૂપ હી થા.

સ્વામી- ગુરૂજી, માફ કરના. અબ મેરે તમામ સંશય નષ્ટ હો ગયેં અબ તો આપકા ઉપદેશ ચાહીએ ઔર કુછ નહિ.

મહાત્મા- ભગત, તમારે શું ઇચ્છા છે તે કહો.

ભગત- ગુરૂદેવ, આ સંસાર વગડામાં ભૂલા પડેલા મુસાફરોને સીધો રસ્તો બતાવી શરણાગતોનું પાલન કરો બસ એ જ ઇચ્છા છે.

સ્વામી- બહોતસેં તીર્થોમેં ફિર સબમેં પરમશ્રેષ્ઠ તીર્થ શ્રી સદ્‌ગુરૂકા સમાગમ હે સોં આજ હમકો પ્રાપ્ત હુવા હૈ. તો હમ ધનભાગ્ય માનતે હૈ. અબ કૃપા કરકે આપકા ઉપદેશામૃતકા પાન કરાવો. યહી પ્રાર્થના હૈ.

મહાત્મા- ભાઇઓ, આ ઉપદેશ સાંભળો પછી તેનું મનન કરો અને પછી તે પ્રમાણે આચરણ કરશો તો તમારા સર્વ મનોરથો પૂર્ણ થશે.

(દરેક મનુષ્યે સારાં કર્મો કરતા રહેવાની જરૂર છે.)

ભગત- મહારાજશ્રી, કર્મ એટલે શું ? તે આપ કૃપા કરીને સમજાવો. કંઈ લોકો કહે છે કે મારા કરમમાં લખેલું હશે તે થશે. એની કશી ખબર પડતી નથી.

મહાત્મા- ભાઈ કર્મોની ગતિ બહુ જ ગહન છે એમ જાણવું. આ શરીર જડ છે તેમાં ઇશ્વરી ચેતન શક્તિના પ્રતાપથી ક્રિયા ઉત્પન્ન થાય છે, મનવડે, વાણીવડે અને શરીર વડે. એનું નામ જ કર્મ કહેવામાં આવે છે એના ત્રણ પ્રકારના ભેદ ઋષિમુનિયોએ બતાવ્યા છે. (૧) કર્મ (૨) વિકર્મ (૩) સુકર્મ. તેમાં શરીરની

રક્ષાને અર્થે ખાન પાનાદિક ક્રિયા થાય છે તેને ખાલી કર્મ કહેવાય છે અને જે ક્રિયા બીજા જીવોને દુ:ખ દેવામાં આવે છે, તેમની હાનિ કરવામાં આવે છે. તેને વિકર્મ કહેવામાં આવે છે અને જે ક્રિયા વડે પોતાના આત્માનું તથા બીજા જીવોનું હિત થાય છે. તેને સુકર્મ કહેવામાં આવે છે. સુકર્મથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. વિકર્મથી પાપની પ્રાપ્તિ થાય છે. અને કેવળ કર્મથી નતો પાપ થાય છે નતો પુણ્ય થાય એમ જાણવું. સુકર્મથી જીવ ઉચ્ચકોટિ દેવપણાને પામે છે અને વિકર્મથી જીવ અધોગતિ નીચદશાને પામે છે અને ખાલી કર્મથી પાપ પુણ્ય બન્નેના મિશ્રિતપણાને લઈને આ મૃત્યુ લોકમાં જ ભમ્યા કરે છે. સુકર્મથી જીવ સુખ પામે છે વિકર્મથી જીવ દુ:ખ પામે છે કર્મથી ન તો સુખી ન તો દુ:ખી એવી મધ્યમ દશામાં જીવ પડ્યો રહે છે. સુકર્મમાં પણ બે ભેદ છે. સકામ અને નિષ્કામ. ભોગોની ઈચ્છાવાળા જીવો સકામ કર્મ કરે છે અને મોક્ષની ઈચ્છાવાળા જીવો નિષ્કામ કર્મ કરે છે. સકામ કર્મથી વાસનાનો વધારો થાય છે અને નિષ્કામ કર્મથી અંત:કરણની શુદ્ધિના લીધે વૈરાગ્યનો વધારો થાય છે. વૈરાગ્યના વધારાથી સત્સંગમાં તથા સદ્ગુરૂના વચનોમાં વિશ્વાસ બેસે છે અને તેથી તેને જ્ઞાન થાય છે જ્ઞાનથી કર્મ કરાય છે અને કર્મથી મોક્ષ થાય છે. કર્મના ભેદ ત્રણ છે. શરીરથી, વાણીથી અને મનથી. જે ક્રિયા હાલમાં થઈ રહેલી છે તેને ક્રિયામણ કહેવાય છે જે આવતા દિવસે થશે તેને સંચિત કહેવાય છે. જે ક્રિયા ગયા દિવસે કરી તેને પ્રારબ્ધના રૂપમાં ગણવી. ભલું કે બુરુ પ્રારબ્ધ કર્મ સારાં વા નઠારા કર્મથી સુધરી તથા બગડી શકે છે. જેમ કે ગયા દિવસના ખાધેલા ખોરાકથી થયેલું અજીરણ આજની લાંઘણ (ઉપવાસ) થી સારુ થઈ જાય છે એવી જ રીતે પ્રારબ્ધ કર્મ સારાં નરસાં ક્રિયામણોથી ફેરવાય છે. સુકર્મથી પ્રારબ્ધ

બંધાયું હોય અને તેને વિકર્મથી ભોગવે તો તે કર્મનું ફળ હોય ત્યાં સુધી સુખ ભોગવે છે પછી તે ફળ ભોગવાઈ રહ્યા કેડે દુ:ખી રહે અને સુકર્મ કર્યે જાય તો પછીથી જરૂર સુખી થાય. પ્રારબ્ધ જેનાં સારાં હોય તો તેમણે ફરીથી ક્રિયામણ સારાં કરવાથી હશે તે કરતાં પણ ઉચ્ચ દશાને પામશે અને જેનાં ખરાબ પ્રારબ્ધ હશે તે પણ સુકર્મ કરવાથી ચાલુ સ્થિતિમાં સુખ વૈભવો ભોગવશે તેથી દરેકે સુકર્મ સારાં કર્મ કરવાં.

સ્વામી- ગુરૂજી, એ ભલા બુરા કર્મોસે જીવકા કભી છુટકારા હોતા હૈ કિ નહિ. જો હોતા હોય તો વો ક્યા ઉપાય કરનેસે હોવેગા ! સો કૃપા કરકે જણાઓ.

મહાત્મા- જહાં તક જીવ નિષ્કામ ભાવસે અષ્ટાંગ યોગકા અભ્યાસ નહિ કરતા હૈ, વહાં તક ઉસકો સંસાર ચક્રમે ભ્રમણ કરના હી પડતા હૈ. જબ નિષ્કામ હોકર ભલી પ્રકારસે યોગાભ્યાસ કરતા હે સો જીવકી તાત્કાલિક મુક્તિ હો જાતી હૈ.

સ્વામી- ગુરૂજી, મુક્તિ કા સાધન આપ નહિ દીખાવોગે તો ફિર હમ પામરોકા ઉદ્ધાર કોન કરેગા ? આપકી હી કૃપા હોના ચાહિએ.

ભગત- ગુરૂદેવ, મુક્તિનાં સાધન સાધવાને તો આ જીવો મનસા, વાચા અને કર્મણા આપની શરણમાં પડયા છે તો હવે અમે કામધેનુ ગાયનું દૂધ તજી દઈને શું આંકડાનું દૂધ ખોળવાને જઈશું ? તે બને જ નહિ. હવે તો આપ ધીરેથી સાદી ભાષામાં આ બાળકોને મુક્તિના માટે ચોખ્ખી રીતે અષ્ટાંગ યોગનો તમામ વિષય બતાવો કે જે વડે અમો અભ્યાસ કરી આ માનવદેહની સફળતા પામીએ. ઉપદેશ તો બહુ મળે પણ અનુભવસિદ્ધ

બતાવનાર આપ જ સમર્થ છો.

મહાત્મા- બંધુઓ, પ્રથમ યોગ વિશે તમામ પ્રકારનું જ્ઞાન તમોને કરાવું છું તેને બરાબર ધ્યાન દઈને સમજી લ્યો. કેમકે પ્રથમ જ્ઞાન પછી કર્મ. એ નિયમને લઈને તમોને પહેલો જ્ઞાન વડે અનુભવ કરાવું પછી ક્રિયામાં જોડીશ.

કેટલાક શુષ્ક જ્ઞાનીઓ કહે કે અષ્ટાંગ યોગ શા માટે સાધવો. જ્ઞાનથી જ મોક્ષ થાય છે તેમને કહેવાનું કે અમુક દવાથી અમુક વ્યાધિ મટે છે તેથી તે દવા લાવવી પછી લાવીને ઘરમાં મૂકી રાખવાથી કાંઈ રોગ જશે ? નહિ જ. તેને પીવે, પરેજી પાળે તો જ વ્યાધિ જાય. નહિ તો સો વરસ લગી પડી રહે તો પણ રોગ જાય નહિ. એવી જ રીતે કર્મ કર્યા વગરનું લુખું જ્ઞાન પણ શું કામ આવે ? કંઈજ નહિ. માટે કર્મ કરવા રૂપ યોગ સાધવો જોઈએ. વળી વિશેષ કારણો બતાવું છું તે સાંભળો.

જે માણસો અખંડિત યોગાભ્યાસનું પાલન કરે છે, તેમને શારીરિક રોગો કદી જ સતાવતા નથી. શરીર નિરોગી રહે છે. મનની તમામ ચંચળતા મટી શાન્ત થાય છે. યોગાભ્યાસી વિના આહારે પણ જીવન ટકાવી શકે છે. આયુષ્ય બહુ જ લાંબુ ભોગવી શકે છે. એક ઠેકાણે બેઠાં બેઠાં અનેક દેશોના, સમુદ્રના, પર્વતોના નમુનાઓ જોઈ શકે છે. શરીર તેજસ્વી તથા હલકું બનાવી શકે છે. પોતાની ઈચ્છા મુજબ દરેક વસ્તુઓ મેળવી શકે છે. વળી સાથોસાથ મોક્ષ પણ મેળવી શકે છે. આગળના યોગીઓ જાલંધરનાથ, મછંદરનાથ, ગોરખનાથ, કંથડનાથ વિગેરે તથા પાતંજલી, તથા જગદ્‌ગુરૂ શ્રી શંકરાચાર્ય મહારાજ વિગેરે જે અજબ સિદ્ધિઓનું બળ બતાવી ગયા છે, તે તમામ અષ્ટાંગ યોગના

અભ્યાસ વડે જ. હાલમાં પણ દેશ વિદેશ તમામ ઠેકાણે યોગવિદ્યા ફરતી રહે છે. તમામ ધર્મ સંપ્રદાયોમાં યોગવિદ્યા રહેલી જ છે તેથી મનુષ્યદેહનું સાચું સાધન સાધવું હોય તો યોગનું આચરણ કરવું.

-: હવે યોગનો અર્થ સાંભળો :-

જે ક્રિયાથી પ્રાણની અને અપાનની એકતા કરવામાં આવે છે તેનું નામ યોગ. ચિત્તની અને આત્માથી એકતા કરવામાં આવે છે તેનું નામ યોગ. જીવ અને ઈશ્વરની એકતા કરવામાં આવે છે તેનું નામ યોગ. (યોગ એટલે ભેગું થવું.) (વિયોગ એટલે જુદા થવું.) વાસના બળે અનાદિ કાળથી પુરુષ પ્રકૃતિનો વિયોગ પડી ગયો છે તેને એક કરવાની ક્રિયા તેનું જ નામ યોગ છે. આ જમાનાના વાણીવિલાસીઓ વાક્‌પંડિતો, આચરણ વગરના લુખ્ખા જ્ઞાનીઓ યોગના બહુ જ પ્રકાર (વિભાગ) બતાવે છે, પણ ખરી રીતે તેના બે જ પ્રકાર છે (૧) હઠયોગ (૨) રાજયોગ. હવે આગળ જે શારીરિક તથા માનસિક જુદા જુદા ફાયદાઓ બતાવ્યા છે. તે તમામ યોગનાં જુદાં જુદાં અંગોનું પાલન કરવાથી થાય છે માત્ર વાણી વડે કહી બતાવવાથી નહિ. જેવી રીતે અંધારાવાળા મકાનમાં બેઠા બેઠા દીવાની વાતો કરવાથી પ્રકાશ થઈ જતો નથી પણ દીવો કરવાથી જ અંધારુ દૂર થાય છે એવી જ રીતે પાછલાં મહાન ખરાબ કર્મો તથા દરિદ્રતા તમામ આત્મિક, ભૌતિક, દૈવિક એ ત્રિવિધ તાપની ઉપાધિઓ યોગાભ્યાસથી ગુરૂની તન, મન, ધનથી નિષ્કપટભાવે શુદ્ધભાવથી પ્રેમપૂર્વક સેવા કરી તેમના ઉપદેશ મુજબ યોગનો અભ્યાસ કરવાથી ટળી જાય છે. એમ જરૂર માનવું. પોતાના યોગી ગુરૂના બતાવ્યા મુજબ યોગના અંગેનું પગથીએ પગથીએ આચરણ કરતા જવાથી બતાવેલી સિદ્ધિઓના અધિકારી

થવાય છે.

યોગનાં તમામ પુસ્તકોનો સાર લઈ અમારા યોગી ગુરૂના અનુભવ સિદ્ધ ક્રિયા અમો શીખીને જે અનુભવ પોતાને થયો છે તે જ અહીં બતાવું છું. આ અનુભવસિદ્ધ યોગનું જ્ઞાન છોડીને આગળ ફાંફાં મારવાથી કાંઈ વળશે નહિ. જેથી દરેકે જો યોગ્યાભ્યાસનો સાચો રસ્તો લેવો હોય તો અમારો અનુભવસિદ્ધ લખેલો ગ્રંથ છે, તેમાં શ્રદ્ધા રાખી ધીરેથી આચરણ કરવાની જરૂર છે. યોગભ્યાસનું પાલન દરેકે આળસરહિત તથા ઈન્દ્રિયજીત થઈને કરવાનું છે. કેમકે વિષયાસક્ત મન એકદમ યોગમાર્ગમાં લાગતું નથી. તેને ધારણાના બળે વશ કરવાનું છે. યોગને સાચે માર્ગે કોણ ચાલી શકશે ?

જેના ગુરૂ યોગી હશે, ગુરૂની કૃપાનો પાત્ર બન્યો હશે તે, જેને વિષયોમાં વૈરાગ્ય થયો હશે તે, જેને યોગાભ્યાસ કરવાની તીવ્ર ઈચ્છા જાગી હશે તે, દરેક સાધકે પોતાના ધંધા રોજગારમાંથી છુટયા કેડે સાંજ સવાર કોઈ એકાન્ત જગામાં જઈ ને બહાર અગર સગવડ હોય તો પોતાના મકાનમાં કોઈ જુદો ખંડ પાડીને તેમાં એકએક બબ્બે કલાક બતાવેલા નિયમો મુજબ અભ્યાસ કરનાર, જરૂર યોગનો અધિકારી બનશે, અને તનથી મનથી ધનથી જરૂર સુખી રહેશે.

વળી કોઈ કહેશે કે યોગ સાધતાં ગાંડા બની જવાય, પેટમાં દરદ થઈ જાય, આંખ કાન કોઈ ઈન્દ્રિયને નુકશાન થઈ જાય તેથી એવાં ભયવાળા સાધનો ન કરીએ, તેથી શો વાંધો આવે તેમ છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે જેને શરીરે નિરોગી રહેવું હોય, સાધારણ થઈ ગયેલા રોગો મટાડવા હોય, પોતાના મુળ સ્વરૂપનાં (આત્માનાં) દર્શન કરવાં હોય, જેને ઈચ્છિત વસ્તુઓ મેળવવાની

ભાવના હોય તેમને યોગ સાધવો જરૂરનો જ છે. જો આ કહેલા શબ્દોમાં વિશ્વાસ ન હોય તો ગીતાનો છઠ્ઠો અધ્યાય જો જો. યોગવસિષ્ઠ જો જો. રામાયણનો ઉત્તરકાંડ જો જો, એટલે ખાત્રી થશે. જ્ઞાની અને કર્મી કરતાં યોગી શ્રેષ્ઠ છે માટે હે અર્જુન, તું યોગી થા. એમ શ્રી કૃષ્ણભગવાન ગીતાજીમાં કહે છે. જેવી રીતે મદોન્મત્ત થયેલો હાથી અંકુશ વિના વશ થતો નથી, એવી જ રીતે હે રામ, વિષયોમાં અશક્ત થયેલું મન પણ યોગની યુક્તિ વિના વશ થતું નથી. માટે યોગનો અભ્યાસ કરો. એમ વસિષ્ઠ શ્રીરામને કહે છે. બધા દાખલા આપતાં પુસ્તક ભરાઈ જાય અને એનો પાર આવે નહિ. માટે સંક્ષિપ્તમાં જ કહું છું કે આગળના પ્રમાણો લઈને પણ યોગનો અભ્યાસ કરવો જરૂરનો છે. શાથી કે મન, પ્રાણને આધિન છે અને પ્રાણ ક્રિયાને આધિન છે. જેથી દરેક નરનારીએ અવકાશને અનુસરી બની શકે તેટલો અભ્યાસ જરૂર કરવો. મોક્ષગીતામાં સ્વામી બ્રહ્માનંદજી લખે છે કે આ જગતમાં તત્ત્વજ્ઞાન જેવું બીજું કોઈ નથી. વિદ્યા સમાન બીજાં નેત્રો નથી, અને યોગબળ જેવું બીજું બળ નથી. રામાયણમાં તુલસીદાસજી લખે છે કે:- ધર્મથી વૈરાગ્ય થાય છે અને યોગથી જ્ઞાન થાય છે અને જ્ઞાન વડે મોક્ષ થાય છે એમ વેદો વખાણ કરીને કહે છે જેથી યોગનો અભ્યાસ કરવો.

બંધુઓ તમોને જ્ઞાનના અધિકારી જાણી આ મેં તમોને જ્ઞાનનો ઉપદેશ કર્યો છે હવે મારે સાયંસંધ્યાનો સમય થયો છે જેથી એક ભજન ગાઈ આપણો સમાગમ સમાપ્ત કરીશું. તમોને જો યોગાભ્યાસ વિષે જાણવાની જીજ્ઞાસા હોય તો કાલે સવારે આવજો:-

મંગલઃ તાલ

યહ જગ સ્વપના હૈ રજનીકા, ક્યા કહે મેરા-મેરારે.
માત તાત સુત દાર મનોહર, ભાઈ બંધુ અરૂ ચેરારે.
અપને અપને સ્વારથકે સબ, કોઈ નહિ હૈ તેરારે ॥૧॥
જીનકે હેત કરે ધન સંચય, કર કર પાપ ઘનેરારે.
જબ યમરાજ પકડ લે જાવે, કોઈ ન સંગ ચલેરારે ॥૨॥
ઊંચે ઊંચે મહલ બનાયે, દેશ દીગંતર ઘેરારે.
સબહી ઠાઠ પડા રહ જાવે, હોત જંગલમેં ડેરારે ॥૩॥
અત્તર ફુલેલ મલે જીસ તનકો, અંત ભસ્મકી ઠેરારે.
બ્રહ્માનંદ રૂપીબીન જાને, ફીરત ચૌરાસી ફેરારે ॥૪॥

(શ્રી સદ્ગુરૂદેવની જય બોલાવી સર્વે ઊભા થયા)

(ઈતિશ્રી ગુરૂ-શિષ્ય સંવાદ ચોથો વિશ્રામ)

(જ્ઞાનમાર્ગ સમાપ્ત)

ૐ

જય ગુરૂદેવ

યોગમાર્ગ વર્ણન

શ્રી ઇશ્વરપ્રાર્થના

લલિત છંદ

प्रणमु हुं परं ब्रह्मदेवने, सुमती आपशो सर्वदा मने
दीन तणां करो नित्य पोषणो, भवपती प्रभु प्रार्थना सुणो
अनुग्रहो करो छो तमे सदा, नव वली शके पाड तो कदा
प्रभु करो सदा भक्त रक्षणो, भवपती प्रभु प्रार्थना सुणो
अनीति दूस्कृति में कीधी अति, शरण छुं मने द्यो रुडी मति
दूर करो दयानाथ दुर्गुणो, भवपती प्रभु प्रार्थना सुणो
भ्रमित छुं प्रभु भ्रान्ति सागरे, तुज बिना नहि हाथ को धरे
सबल सतु छे तुं दयातणो, भवपती प्रभु प्रार्थना सुणो
भवपती संकटने समे, सहनशीलता आपशो तमे
अति दया करी दुःखने हणो, भवपती प्रभु प्रार्थना सुणो
तम दया थकी पूर्णता मले, तम दया थकी दीनता टले
नव जुवो तमे जीव दुषणो, भवपती प्रभु प्रार्थना सुणो

બીજા દિવસે શોચ સ્નાનાદિકથી પરવારી સ્વામીજી શિષ્ય, અને ભક્તરાજ શ્રી યોગાશ્રમમાં જવાની તૈયારી કરવા લાગ્યા.

ભગત- સ્વામીજી, આપણે કંઈ લઈ લેવા જેવું છે? હોય તો કહો.

સ્વામી- હા, પૂજનની સબ સામગ્રી લે લો.

ભગત- આપણે તેમને મન વડે કરીને ગુરૂ જ માની લીધા છે, તો પછી બહારની પૂજાની સામગ્રીની શી જરૂર છે?

સ્વામી- એસા કુછ હો સક્તા હૈ કયા? ખાલી મનકા લુખ્ખા ભાવસે કુચ્છ ના બને. અગર અપને મનસે માન લિયા કિ અબી મિષ્ટાન ભોજન ખાયા, તો ક્ષુધા મીટ જાયગી કયા? નહિ જ. ઈસી તરાહસે સભી જાનો. પૂજનકી સભી વસ્તુ ભાવપૂર્વકસે લે લો. ઓર ચલો દેર હોતી હૈ.

કહેવા મુજબ ગુરૂપૂજનની તમામ સામગ્રી ફુલહાર વિગેરે મંગાવી લઈ તાકીદે શ્રી યોગાશ્રમે આવી ગયા.

મહાત્માશ્રી સમાધિમાં બેઠેલાં છે. શિષ્ય આશ્રમ પરિચર્યા કરવા લાગ્યો. બન્નેને એક બાજુ બેસવાને ઈશારત કરી. એટલે આશ્રમની બાજુ પર ઊભા રહી બન્ને જણા દૈવીલીલા જોવા લાગ્યા. ભગવાન શ્રીસૂર્યનારાયણદેવ ઉદય પામી જગતના જીવોને આહલાદ આપી રહ્યા છે. મહિસાગરદેવના નિર્મળ નીર ગંભીરતાથી પશ્ચિમ દિશા તરફ વહી રહ્યાં છે. સારસ, બગલા, બતકો વગેરે જળચરો પોતાનો ચારો મેળવી આનંદપૂર્વક મધુરાં શબ્દો બોલી રહ્યાં છે. વનપક્ષીઓ પોતાનો ચારો લેવા સારુ ચોતરફ ઉડાઉડ કરી રહ્યાં છે. ફૂલ ઝાડોના ઉપર નવીન ફૂલોની સુવાસ લેવાને ભમરાઓ ગુંજાર કરી રહ્યા છે. આશ્રમનું તમામ વાતાવરણ શાન્તિમય થઈ રહ્યું છે. મધુરો મધુરો વાયુદેવ પોતાની શિતળ

લહરીઓ ફેરવ્યા જાય છે. દૈવીલીલા નિહાળતાં બન્ને મશગુલ થઇ ગયા છે, એટલામાં મહાત્માશ્રીના મુખનો ૐ જય શ્રી સદ્‌ગુરૂદેવનો અવાજ તેમના કાન પર અથડાયો. પોતે આસનથી ઊભા થઇ આસપાસ પરિભ્રમણ કરવા લાગ્યા. થોડીવાર પછી પોતે આસન પર બેઠા. શિષ્ય સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરી બાજુ પર ઊભો રહ્યો. ભગત તથા સ્વામીજી ભાવપૂર્વક ગુરૂપૂજન કરી હાર પહેરાવી ફળ મેવાની પ્રસાદી ધરાવી સદ્‌ગુરૂદેવની જય બોલાવી સામે બેસી ગયા ગુરૂ શાન્તપણેથી બોલ્યા: ભાઇઓ તમે આવી ગયા?

શિષ્યો- હા ગુરૂદેવ, હવે કાલના અમે પૂછેલા પ્રશ્નોના ઉત્તરની રાહ જોઇ રહ્યા છીએ, અષ્ટાંગ યોગની તમામ વિધિ અમોને શાન્તપણે સમજાવવાને કૃપા કરો કે તે બોધ વડે આ બ્રહ્મજાળમાં સપડાયેલા અમો નિકળવાને અભ્યાસનો આરંભ કરીએ.

ગુરૂ - હે ભાઇઓ, તમામ યોગના પુસ્તકોનો સાર લઇ મારા અનુભવસિદ્ધ યોગમાર્ગનું વર્ણન કરું છું. જે વડે તમોને યોગસિદ્ધિ સહેજે પ્રાપ્ત થશે. મનની તમામ ભટકણને શાન્ત કરી આ અનુભવસિદ્ધ યોગનું આચરણ કરવાથી સાધક ઈચ્છિત પદાર્થનો અધિકારી થશે. યોગનાં પુસ્તકો ઘણાં છે તેમાં આ એક વધારારૂપે નથી. પણ પોતે અનુભવ કરી બીજાઓને યોગાભ્યાસનો ખરો માર્ગ બતાવવાને ખાતર જ આ બોધ છે. યોગ વિષયનાં પુસ્તકોનો અમોએ કરેલો અનુભવ તે પુસ્તકોનાં નામ (શ્રી યોગરસાયણ, શ્રી યોગકલ્પદ્રુમ, પાતંજલયોગ દર્શન, હઠયોગપ્રદિપિકા, યોગાભ્યાસ, યોગકૌસ્તુભ, યોગતત્વ માનસયોગ, યોગબીજ, રાજયોગ, નાનકપંથમાં યોગ) આટલા ગ્રન્થો યોગમાર્ગના તપાસ્યા અને તેમાંનો સાર લીધો. પણ યોગી ગુરૂને શરણે રહી

જ્યારે અભ્યાસ કરવાનો શરૂ કર્યો, ત્યારેજ આનંદ આવ્યો. તમામ વાસનાઓનો લય થતો જાય છે, માટે પુસ્તકો તમામ જોવાં પણ આચરણ તો અનુભવી ગુરૂની દેખરેખ તળે જ કરવું સારુ છે. મારા પંદર વરસના અભ્યાસમાંથી જે કંઇ ગુરૂપ્રસાદી મળી છે તે જ જણાવું છું. તેનું વિવેકસર પાલન કરશો તો ધર્મ,અર્થ,કામ,મોક્ષના અધિકારી થશો. એમાં જરાયે સંશય નથી. યોગાભ્યાસીને પ્રથમ ચાર સાધનો મેળવવાની જરૂર છે.

૧. સ્ત્રી આદિ વિષયોનો બની શકે તેટલો ત્યાગ.

૨. યોગસાધનાની તમામ સામગ્રીની અનુકુળતા.

૩. યોગી ગુરૂનો સમાગમ અને તેમની મન,તન,ધન,વડે નિષ્કપટભાવે સેવા. કેમ કે તેથી તેમનો પ્રેમ સાધકનામાં જલદી ઉતરે છે. પોતે પ્રેમભાવથી અનુભવી સાધનો બતાવે.

૪. નિષ્કામભાવથી ઇશ્વરભક્તિમાં મન લાગી રહેવું. યોગ સાધનામાં યોગી લોકોને આ પ્રથમ સાધવાનાં ચાર દ્વાર છે, તે ઇશ્વરની કૃપા વિના સાધી શકતા નથી. યોગના આઠ પ્રકાર છે તેથી તેને અષ્ટાંગ યોગ કહેવામાં આવે છે. તેને અહીં બતાવું છું.

- : યોગના આઠ અંગ :-

૧. યમ- પાંચ પ્રકારથી. અહીંસા, સત્ય, અસત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

૨. નિયમ- પાંચ પ્રકારના. શૌચ, સંતોષ, જપ, તપ, ઇશ્વરભજન.

૩. આસન- સાધકને ૪ સિદ્ધાસન, પદ્માસન, શિર્ષાસન,

વીરાસન અહીં જરૂર પૂરતાં જ.

૪. પ્રાણાયામ - અહીં એક જ ભસ્ત્રીકા.

૫. પ્રત્યાહાર - ઈન્દ્રિયોં પર કાબુ.

૬. ધારણા - ધારણાની એકતા એ જ.

૭. ધ્યાન - મનની રુચિ પડે તેવાં.

૮. સમાધિ - બે પ્રકારથી. રાજયોગ-હઠયોગ.

મહાત્મા - હે પ્રિય બંધુઓ, ગઈ કાલના પૂછેલા પ્રશ્નમાં તમારા યોગનો જ તમામ અભ્યાસ શીખવવાનો છે. જેથી હું તે વિષે યોગનાં આઠે અંગો સહિત છુટી રીતે સમજાવું છું. તે તું તથા સ્વામીજી તથા ભગત વિગેરે મળી લક્ષપૂર્વક સાંભળો. આઠ અંગો પૈકી યમ અને નિયમ એ બે અંગોનું તેના પાલનના ફળ સહિત ગયા વિશ્રામમાં વર્ણન કરવામાં આવેલું છે જેથી હવે તે વિષે કહેવાપણું રહેતું નથી.

હે શિષ્ય : આ બન્ને ભાઈઓને પણ તે યમ-નિયમ વિષે પુરતી સમજ તું પાડી આપજે. હવે યોગનું જે ત્રીજું અંગ, આસન છે ત્યાંથી શરૂ કરું છું, તે ધ્યાન દઈ બધા મળી સાંભળો. હાલના વિજ્ઞાનશાસ્ત્રના પ્રમાણથી તે સમજાવું છું.

યોગાભ્યાસની ઈચ્છાવાળાએ ભલી પ્રકારથી પ્રથમ યમ અને નિયમોનું પાલન કરી પછીથી આસન સિદ્ધ કરવાનો અભ્યાસ શરૂ કરવાનો.

-: ૩ યોગસાધકને આસન :-

આસનો ચોરાશી છે. કેમ કે જેટલી જીવ જાતિ છે, તેટલાંની

જુદી જુદી બેઠકને અનુસાર આસનો છે. યોગાભ્યાસી ને બધાં આસનોમાંથી જરૂરીયાત પુરતાં લેવાના છે.

૧. પદ્માસન- ધ્યાન તથા મંત્ર જાપ વખતે.

૨. સિદ્ધાસન- પ્રાણ ચઢાવતી વખતે.

૩. શિર્ષાસન- શરીરની આરોગ્યતા માટે.

૪. વીરાસન- સાધારણ બેસવા માટે છે.

પદ્માસન એક કલાકથી તે એક પહોર સુધી એક આસને બેસી શકાય તેટલું વધારવું.

સિદ્ધાસન એક કલાકથી તે બે કલાક સુધી બેસી શકાય તેટલું વધારવું.

શિર્ષાસન પા કલાકથી તે અડધા કલાક સુધી રહી શકાય તેટલું વધારવું.

વીરાસન સાધારણ બેઠકનું છે, જેથી મરજી મુજબ રાખવું.

-: આસન કરવાની રીત :-

પદ્માસન - જમણા પગને ડાબા પગની સાથળ ઉપર મૂકવો. અને ડાબા પગને જમણા પગની સાથળ ઉપર મૂકવો. દષ્ટિને નાકની અણી કે પછી ભ્રકુટિમાં જોડવી. હાથ બન્ને સંપુટ કરી ખોળામાં જ મૂકવા. પાછળથી સીધા રહેવું.

સિદ્ધાસન - ડાબા પગની એડીને બે આંગળ ગુદા તરફની જગ્યા છોડીને બે આંગળ લિંગના તરફની જગ્યા છોડીને બરાબર વચમાં ગોઠવવી. લિંગ તથા ગુદાની વચમાં એડી બરોબર

જમાવવી. અને જમણા પગને ડાબા પગની સાથળમાં ગોઠવવા. દૃષ્ટિ તથા હાથ બતાવ્યા પ્રમાણે જ રાખવા, એડી જરા પણ ખસી શકે નહિ, એક જોરથી દબાવી રાખવી. શરીરનું વજન એડી ઉપર જ રહેવું જોઇએ.

શિર્ષાસન- સીધી ભીંતની દિવાલ સાથે કરવાનું છે. એક કપડાનું ગુંછળું(ઉઢાણ) વાળીને દિવાલથી ચાર આંગળ દૂર મૂકવું. પછી તેના ઉપર માથું મૂકીને પગ દિવાલ સાથે સીધા રાખી દેવા, અને ઊંધે મસ્તક થવું. માથું નીચું અને પગ ઊંચા. માથું ઉઢાણા ઉપર બરોબર ગોઠવવું. પગ દિવાલ સાથે સીધા ગોઠવવા. શરીર એકદમ ઢીલું મૂકી દેવું. શ્વાસ મુખથી લેવો નહિ. નાકથી જ લેવો. આંખો બંધ રાખવી. બોલવું નહિ. શરૂઆતમાં એકલાથી ન થાય તો બીજાની મદદ લેવી. આપણે માથું નીચે મૂકીએ પછી મદદગાર પાછળથી પગ ઊંચા કરી ભીંત સાથે રાખી આપે. આઠ દિવસ મદદ લેવી પડશે. પછી તો આપોઆપ હાથ ટેકા રૂપે બે બાજુ કાન આગળ મૂકવા. મદદમાં ભાઈ, મિત્ર, પુત્ર અને કોઈ ના હોય તો પોતાની સ્ત્રી ગમે તેની મદદ લેવી.

આ આસન પાંચ મિનિટથી તે અડધા કલાક સુધી વધારવાનું છે. પોતાના મકાનમાં કોઈ દેખે નહિ તેવી રીતે કરવાનું છે. સવારમાં દિશા જંગલ જઈ આવીને પછી કરવાનું. રાતના જમ્યા પહેલાં કરવું જોઇએ. લખવાથી સમજ ન પડે તો તેના અભ્યાસી પાસેથી શીખી લેવું.

-: આસનના ફાયદા :-

છ મહિના અખંડિત દરેક આસન કરતાં શારીરિક તથા

માનસિક નીચે લખ્યા પ્રમાણે ફાયદા થાય છે.

પદ્માસનથી - મન સ્થિર થાય છે વિચારો પવિત્ર ઈશ્વર ભક્તિવાળા થાય છે વૈરાગ્યવૃત્તિ રહ્યા કરે છે.

સિદ્ધાસનથી - પ્રાણવાયુ સ્થિર થાય છે, વિષયવૃત્તિ શાન્ત થાય છે, મનમાં આનંદ રહે છે, શરીર બળવાન તથા તેજસ્વી અને દિવસે દિવસે હલકુ બનતું જાય છે.

શિર્ષાસનથી - શારીરિક બહુ પ્રકારનાં રોગો મટી જાય છે. દમ,ક્ષય,ઉધાન,હીસ્ટ્રીયા,ઝાડાનો બંધકોશ વગેરે છ માસના લાંબા અભ્યાસે મટી જાય છે. માથાના સફેદ વાળ કાળા થઈ જાય છે. આંખોની દ્રષ્ટિ વધે છે. લોહી બગાડ મટીને રક્તશુદ્ધિ થાય છે. પેટના,માથાના,છાતીના સર્વે દરદો શિર્ષાસનથી મટી જાય છે. સ્ત્રીઓને પણ શિર્ષાસનથી બહુ ફાયદા થાય છે, ગર્ભ ધારણ ન હોય ત્યારે કરવાનું છે. (સગર્ભાએ નહિ) લોહીવા, ધાતુ જવી, કમ્મરનો દુખાવો, માથાની બિમારી, પેટ, પેઢામાં વધેલી મેદ વગેરે મટી જાય છે, જેથી દરેક સ્ત્રી પુરુષોએ આ આસન કરવાથી દવાઓના પૈસા નહિ ખર્ચવા પડે. વૈદો તથા ડાક્ટરોની ઓશીયાળી નહિ વેઠવી પડે. વખતોવખત દવાખાનામાં ગુમાવ્યા કરતાં પોતાના મકાનના એક ખુણામાં બતાવેલા ટાઈમ પ્રમાણે નિત્ય શિર્ષાસન કરવું જોઈએ. આ આસન અમારા અનુભવસિદ્ધ કેટલાય દરદો સારા કરાવેલાં છે. જેથી દરેકે શ્રદ્ધાપૂર્વક કરવા જેવું છે. સારા શરીરવાળાને પણ ખાસ કરીને રોજ સાંજ સવાર પા કલાક કરવાનું છે, કારણ કે ભવિષ્યમાં પણ બનતા સુધી કશું દરદ થાય નહિ અને આરોગ્યતા સચવાયે જાય.

-: ૪ પ્રાણાયામ :-

એકાન્ત જગામાં નીચે સારુ આસન બીછાવી તે ઉપર શાન્તપણે બેસી પ્રાણાયામ કરવો. પ્રાણાયામના બે વિભાગ છે,

(૧) લોમ-વિલોમ. એને યોગી લોકો "ભસ્ત્રીકા" પ્રાણાયામ કહે છે.

(૨) "ચંદ્ર ભેદન" તેમાં ભસ્ત્રીકા યોગાભ્યાસમાં થાય છે અને ચંદ્રભેદન સંધ્યા ઉપાસનામાં થાય છે. અહીં ભસ્ત્રીકાનો વિધિ કહું છું.

પ્રાણાયામની ત્રણ રીતિ છે.

૧. પૂરક- શ્વાસને અંદર ભરવો તે,

૨. કુંભક- ભરેલા વાયુને અંદર રોકી રાખવો તે.

૩. રેચક- રોકેલા વાયુને ધીરેધીરે બહાર કાઢવો તે.

પદ્માસનવાળી સીધા ટટાર બેસવું. દષ્ટિને ભ્રકુટિમાં જોડવી. શરૂઆતમાં પ્રથમ ડાબી નાસીકાથી વાયુ તાણવો અને તુરત જમણી નાસીકાથી કહાડી નાખવો. પાછો જમણીથી ખેંચી ડાબીથી કહાડી દેવો. એમ દશ વખત ઉપટપાલટ કરીને અગીયારમી વાર ડાબી નાસીકાથી જ ખેંચીને અંદર પૂરક કરી દેવો. શકિત મુજબ કુંભક કરીને ધીરે ધીરે જમણી નાસીકાથી રેચક કરી દેવો. પાછા પહેલાંની માફક દસ વાર ઉલટપાલટ કરીને અગીયારમી વખત જમણી નાસીકાથી પૂરક કરવો. શક્તિ મુજબ કુંભક કરી તે ડાબીથી આસ્તેથી રેચક કરી દેવો. જેમ લુહારની ધમણ ચાલે છે, તેમ શ્વાસને પણ ઉપટપાલટ કરવો. એક વખતે જમણી નાસીકાથી પૂરક થાય તો બીજી વખતે ડાબીથી પૂરક થાય. એમ વારાફરતી

કરવો. જે નાસીકાએ રેચક થાય તે જ નાસીકાથી ફરી પૂરક થવો જોઇએ. તેમાં ભૂલ થવી જોઇએ નહિ. વાયુ અંદર પૂરક કરીને મન વડે એક, બે ત્રણ એમ ન તો ઉતાવળા કે ન તો ધીરા, મધ્યમ રીતે ગણત્રી કરતા જવું. આને યોગી લોકો માત્રા કહે છે. શરૂઆતમાં પચીસ, પચાસ, સો એમ થોડે થોડે નિત્યના અભ્યાસે માત્રાઓનો વધારો કરતા જવું. એકી વખતે નહિ. જ્યારે બસો સુધીની ગણત્રી થાય, ત્યારે જાણવું કે હવે પદ્માસનની સિદ્ધિ પ્રાપ્ત થઇ. ચાર છ માસે પદ્માસનનો અભ્યાસ પૂરો કરીને પછીથી સિદ્ધાસને બેસીને પ્રાણાયામ કરવો. જ્યારે બીજા ચાર છ મહિના અભ્યાસ થશે ત્યારે ત્રણસો સુધીની માત્રાની ગણત્રી પણ થઇ જશે. મન સ્થિર થાય છે પ્રાણાયામ કુંભકનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે, માત્રાની ગણત્રી કરવી જ જોઇએ. ત્રણસોની આસપાસની થાય ત્યારે જાણવું કે હવે પ્રાણાયામ સમાધિને લાયક ઉત્તમ થયો. બહુ દોડનાર અંતે થાકીને બેસી જાય છે, એવી જ રીતે વાયુને બન્ને બાજુ ઉલટપલટ કરવાથી બહુ ટાઇમ સુધી કુંભક રહે છે.

-: ઉત્તમ પ્રાણાયામના ફાયદા :-

શરીરમાં જે લોહી ફરે છે તે છાતીના નીચેના ભાગમાં ફેફસામાંથી તૈયાર થઇ નીકળે છે, તે ફેફસામાં વાયુથી જ ઊંચા નીચા ધમણની માફક થયા કરે છે. પ્રાણાયામની ક્રિયાથી ફેફસામાં તથા બીજી વાયુવાહિની નાડીઓમાં તાજો વાયુ પુરાવાથી તમામ અવયવો તેજસ્વી બને છે. એક અમેરિકાનો યોગી કહે છે કે, હે મરણાધિન મનુષ્યો ! તમે પ્રાણયામનો અભ્યાસ ખૂબ સારી રીતે ખંતથી કરો અને પ્રાણને કબજે કરવાની વિધિને શીખો, કેમ કે

શ્વાસને નિયમિત કરવાથી તમને આલોક અને પરલોક બન્ને સુખનો લાભ થશે. પ્રાણાયામથી તમારું સંપૂર્ણ આરોગ્ય સચવાઇ રહેશે અને તમારું શરીર તમારે કબજે થશે. અને છેવટમાં પરમ આનંદની પ્રાપ્તિ થશે. આટલી ઉત્તમતાવાળી આરોગ્યતાની ક્રિયા છોડીને દવાઓના ડોઝ પીવા એ દીવો લઇને કૂવે પડવા જેવું છે.

પ્રાણાયામથી શરીર હલકું થાય છે, તેજસ્વી બને છે. મગજના તમામ જ્ઞાનતંતુઓ ખીલી ઊઠે છે. ઉદર વ્યાધિ હોય છે તે નાશ પામી જાય છે.

વેદો અને ઉપનિષદોમાંથી સાર એ નીકળે છે કે- "બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું પ્રાણ નામનું કોઇ તત્વ છે. તે તત્ત્વમાંથી પ્રાણી પદાર્થ રૂપે જણાતું આ સમગ્ર જગત ઉત્પન્ન થયું છે. પ્રાણવડે તેઓ આયુષ્ય ભોગવે છે, અને લય થયા પછી પ્રાણમાં જ સમાય છે. (અહીં આકાશતત્ત્વને પ્રાણતત્વ સાથે મેળવી દીધું છે.) દેહની મનાદિ તમામ ઇંદ્રિયો કરતા તે શ્રેષ્ઠ છે. મનાદિ ઇંદ્રિયો પ્રાણી સૂઇ જાય છે ત્યારે પ્રાણમાં જ સમાય છે અને પ્રાણી ઉઠે છે, ત્યારે પ્રાણમાંથી મનાદિ ઇંદ્રિયો પ્રગટે છે. મરણ વખતે પણ મનાદિ ઇંદ્રિયો પ્રાણમાં લય પામતી જાય છે.

ત્યારે આ પ્રાણતત્વ એ જીવાત્મા છે ? -ના-જીવાત્મા ચૈતન્યનો અંશ છે. આ જડતત્વ છે. પ્રકૃતિનો અંશ છે. પ્રાણતત્વને જીવાત્માનો ઘોડો કહીએ, તો કહેવાય.

સૃષ્ટિની ઉત્પત્તિમાં અને લયમાં પ્રાણને કંઇ સંબંધ છે ? હા- સાંભળો. સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં, પ્રાચીન અને અર્વાચીન તત્વવેત્તાઓનો એવો મત છે કે- આ સૃષ્ટિ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. પ્રકૃતિના બે મુખ્ય દ્રવ્યો છે. ***આકાશ અને બીજુ પ્રાણ.***

વાસ્તવિક જોતાં આકાશ જ દ્રવ્યરૂપ છે અને પ્રાણ ગતિરૂપ છે. આકાશ કારણ દ્રવ્ય અને પ્રાણ સૃષ્ટિનું ચાલક દ્રવ્ય; અથવા આકાશ ઉપાદાન કારણ અને પ્રાણ સૃષ્ટિનું નિમિત્ત કારણ. આકાશ માટીરૂપ અને પ્રાણ કુંભારરૂપ. આકાશનો પ્રાણની સાથે સંયોગ થાય છે, ત્યારે જ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે; અને આકાશનો પ્રાણ તત્વથી વિયોગ થાય છે, ત્યારે સૃષ્ટિનો લય થાય છે. પ્રાણ સૃષ્ટિને ઉત્પન્ન કરે, સૃષ્ટિનું પાલન કરે અને સૃષ્ટિનો લય કરે.

આકાશ સંબંધી થોડી વાત કરીએ - આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ, અને જળમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ, એ વાત તમો જાણતા હશો. એટલે-આકાશ-વાયુ-તેજ-જળ પૃથ્વી અનુક્રમે ઉત્પન્ન થયાં છે. પ્રાણીપદાર્થમય તમામ જગત, આ પંચ મહાભૂતોની કૃતિ છે. તેથી તે તમામ આકાશ તત્વમાંથી ઉત્પન્ન થયાં છે. અર્વાચીન પદાર્થવિજ્ઞાનના મત પ્રમાણે, દરેક જડ પદાર્થો ઈથરના બનેલા છે. તેમની ઉપર પ્રાણીની ક્રિયા એટલે પ્રાણના સંસ્કાર થયા પછી, જુદા જુદા પદાર્થો ઉપયોગમાં આવે એવા બન્યા છે. મન પણ ઈથરના સૂક્ષ્મ પરમાણુઓનું બનેલું છે, અને પ્રાણથી સંસ્કારી થયું છે. આ પ્રમાણે પ્રાણને અને મનને નિકટનો સંબંધ છે. પૃથ્વીની આસપાસ ૪૫ માઈલ સુધી જે જાડું વાતાવરણ છે, જેને આપણે હવા કહીએ છીએ, તે પણ આાકાશતત્વની કૃતિ છે. વાયુ રૂપી પદાર્થ અને પ્રવાહી પદાર્થો પણ, આકાશમાંથી ઉત્પન્ન થયા છે. ચંદ્ર-સૂર્યાદિ તારામંડળ અને શની, મંગળ, બૃહસ્પતિ વિગેરે ગ્રહો પણ, આકાશ તત્વમાંથી બન્યાં છે. આકાશતત્વ જ્યારે તેના મૂળ સ્વરૂપમાં હોય છે, ત્યારે સ્થૂલ ઈંદ્રિયોથી જાણી શકાતું નથી. તેના પરમાણુઓ ઘણા જ સૂક્ષ્મ હોય છે. આ પરમાણુંનું બીજું નામ ઈથર છે. તે સર્વ વ્યાપી

છે; કારણ કે આકાશ સર્વત્ર વ્યાપીને રહેલું છે. સૃષ્ટિની ઉત્પત્તિ સમયે, જેમ સમગ્ર જગત્ આકાશમાંથી ઉત્પન્ન થાય છે; તેમ પ્રલય કાળે સમગ્ર જગત્ આકાશતત્વમાં લય પામે છે. (આકાશતત્વ પછી પ્રકૃતિમાં લય પામે છે.)

પ્રાણતત્વ - આ તત્વ જગત્નું ચાલક તત્વ છે-જગત્ને ગતિ આપનાર તત્વ છે. આ પ્રાણતત્વ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયું છે, એમ ઉપર કહ્યું. દાળના મસાલા જુદા જુદા વાસણમાં ભર્યા હોય, તે તમામને યોગ્ય રીતે દાળમાં નાંખીને, દાળને સ્વાદિષ્ટ બનાવનાર જેમ રસોઇઓ છે; તેમ આકાશતત્વના અણુઓને ગોઠવીને, ઘાટ તથા રૂપ આપવાનું કામ પ્રાણતત્વ કરે છે. ઘાટ તથા રૂપ આપ્યા પછી, તેમને પોષણ આપવનું કામ, તથા તેમને ગતિમાં રાખવાનું કામ પણ પ્રાણ કરે છે, ખેંચવાનું અને છોડી દેવાનું કામ પણ પ્રાણ કરે છે. જ્યાં પરમાણુઓ જરા ચલાયમાન થાય, એટલે જ્યાં ગતિ હોય છે, ત્યાં પ્રાણ હોય છે. તેથી આગળ વધીને જોઇએ તો-જોવું, સાંભળવું વિગેરે ક્રિયાઓ પણ પ્રાણથી જ થાય છે. લોહી વહેવું, હૃદય ધડકવું, વિચાર કરવો, મનના સંકલ્પો કરવા, વગેરે ગતિઓનું ઉત્પત્તિ સ્થાન પ્રાણ છે.

ભૌક્તિક શક્તિઓ (ફીજીકલ ફૉર્સીસ) નું મૂળ પ્રાણ છે, એટલું જ નહિ પણ-આ સિવાય રસાયણિક પદાર્થોમાં રહેલી રસાયણિક શક્તિઓ (કેમીકલ ફોર્સીસ) અને હસ્તાદિ ઇંદ્રિયોમાં રહેલી ઇંદ્રિય શક્તિઓ (ઓરગેનીક ફૉર્સીસ) અને એવી બીજી અનેક શક્તિઓનું મૂળ પ્રાણતત્વ છે.

આકાશતત્વઅને પ્રાણતત્વ બેઉ સરખી રીતે કામ કરતાં હોય, ત્યાં સુધી જ સૃષ્ટિની સ્થિતિ હોઇ શકે; અને જેમ જેમ પ્રાણની

પ્રવૃત્તિ ઓછી થાય, તેમ તેમ સૃષ્ટિનો લય થતો જાય. જેવું બ્રહ્માંડે તેવું જ પિંડે. એટલે આ શરીર પણ આકાશતત્વ અને પ્રાણતત્વનું જ બનેલું છે. તે બે તત્વો સરખી રીતે કામ કરે. ત્યાં સુધી જ આરોગ્ય -આયુષ્ય વિગેરે અનેક સુખો પ્રાપ્ત થાય; અને જ્યારે પ્રાણ તત્વ ઘટી જાય-પોતાની પ્રવૃત્તિ કમી કરે; ત્યારે શરીરમાં નાના પ્રકારના રોગ ઉત્પન્ન થાય અને પરિણામે લય (મોત) થાય.

હવા અને પ્રાણતત્વ - આ પ્રાણતત્વ સર્વત્ર વ્યાપીને રહ્યું છે, છતાં તે હવામાં વિશેષ પ્રમાણમાં છે. જેમ જેમ હવા ખુલ્લી હોય, તેમ તેમ આ પ્રાણતત્વ તેમાં વિશેષ પ્રમાણમાં હોય છે. હાલની સુધરેલી દુનિયા સ્વીકારે છે કે-ઓક્સીજન, હાઈડ્રોજન અને નાઈટ્રોજન એમ ત્રણ પદાર્થો હવામાં છે. *

યોગીઓ તેથી આગળ વધીને કહે છે કે " હવામાં એક ચોથો પદાર્થ પણ છે, અને તેનું નામ પ્રાણતત્વ છે. " હવા દ્વારા આ તત્વ પ્રાણીઓમાં પેસે છે. મનુષ્ય, પશુ, પક્ષી અને એવાં બીજાં પ્રાણીઓમાં, તથા વૃક્ષાદિ વનસ્પતિમાં આ તત્વ વ્યક્ત છે; અને પથ્થરાદિ જડ પદાર્થોમાં તે છે. ખરું, પણ અવ્યક્ત છે. આ પ્રાણતત્વ હવામાં રહેલું છે પણ તે હવા નથી. જ્યાં હવા ન હોય ત્યાં પણ આ તત્વ હોય છે. હવામાં પ્રાણતત્વ ન હોય તો ગમે એટલી હવા લીધા છતાં, જીવી શકાય નહિ. આ પ્રાણતત્વ થર્મોમીટર, બૅરોમીટર, ગૅલ્વેનોમીટર વગેરે માપથી મપાઈ શકાતું નથી, તેથી પશ્ચિમના કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓ આ પ્રાણતત્વને હજી સ્વીકારતા નથી.

* (ઓક્સીજન મનુષ્ય, પશુ, પક્ષી અને એવાં બીજાં હાલતાં ચાલતાં પ્રાણીઓને જીવન આપે છે અને નાઈટ્રોજન વૃક્ષો, વેલીઓ આદિ વનસ્પતિને જીવન આપે છે.)

ઓક્સિજન અને પ્રાણતત્વમાં ફેર શું ? -આ બેઉ પદાર્થો પ્રાણીના શરીરમાં એક સાથ પેસે છે, તો પણ રુધિર ઓક્સીજનને શોષી લઇને શુદ્ધ થાય છે, અને જ્ઞાનતંતુઓ પ્રાણ તત્ત્વને શોષી લઇને શુધ્ધ અને મજબૂત થાય છે. ઓક્સીજન યુક્ત રુધિર જેમ શરીરના સર્વ અવયવોને પોષે છે, તેમ શરીરમાં શોષાયેલું પ્રાણતત્વ શરીરના તમામ જ્ઞાનતંતુઓને પોષે છે, અને બળવાન બનાવે છે. રુધિરમાં મળેલો ઓક્સીજન જેમ ઘડી ઘડીમાં ખપી જાય છે, તેમ જ્ઞાનતંતુઓમાં મળેલું પ્રાણતત્વ વારંવાર ખપી જાય છે. એટલે પ્રાણીના જીવનને ઓક્સીજનની અને પ્રાણતત્વની વારંવાર જરૂર પડે છે. તેથી જ પ્રાણીઓ ભોજન વિના બે પાંચ દિવસ રહી શકે; પણ હવા વિના ઘડી રહી શકતા નથી. ઓક્સીજન રુધિરને શુદ્ધ કરીને, શરીરને આરોગ્ય આપે; તો પણ શરીરનો નિયંતા પ્રાણ સમજવો. પ્રાણની યથાર્થ વ્યવસ્થા હોય, તો જ શરીર અને તેની અંદર રહેલા સર્વ સુવ્યવસ્થ રહી શકે; અને પ્રાણની અવ્યવસ્થા હોય, તો શરીર અને તેની અંદર રહેલા સર્વ અવ્યસ્થા થઇ જાય. એક મોટા એન્જીનને ચલાવવું હોય, ત્યારે પ્રથમ તેના ગવર્નરનું ચક્કર ફેરવવું પડે છે. પછી બીજાં ચક્કર અનાયાસે ચાલે છે તે પ્રમાણે જ મનુષ્ય જીવનનું પ્રાણ મુખ્ય ચક્કર છે. બાળક જન્મે છે કે તુરત, દીર્ઘ શ્વાસ લઇને પ્રાણતત્વ મેળવે છે; અને માણસ મરી જાય છે, ત્યારે ડચકાં ખાઇને પ્રાણતત્વને બહાર કાઢી નાંખે છે. ફાંસી દેવામાં આવે છે, ત્યારે પણ કેદીના ગળાને ગુંગળાવીને, પ્રાણતત્વને શરીરમાં આવતું બંધ કરે છે. પ્રાણનો આવિર્ભાવ થતાં જન્મ, અને પ્રાણનો અભાવ થતાં મૃત્યુ.

પ્રાણતત્વની વધારે જરૂર કોને ?- શારીરિક પરિશ્રમ કરનારને

? કે માનસિક પરિશ્રમ કરનારને ? જ્ઞાનતંતુઓ કોઈ અજબ ચીજ છે. તેમને મજબૂત કરવામાં પ્રાણતત્વનો જેટલો વ્યય થાય છે, તેના કરતાં તેમને જ્ઞાનવાન બનાવવામાં પ્રાણતત્વનો વિશેષ ક્ષય થાય છે. એટલે માનસિક પરિશ્રમમાં પ્રાણતત્વનો અધિક ક્ષય થાય છે. તેથી જ માનસિક પરિશ્રમ કરનારને પ્રાણતત્વની વિશેષ જરૂર રહે છે. મનનો પ્રત્યેક વિચાર પ્રાણતત્વનો ક્ષય કરે છે. તેમાંએ ચિંતા, ક્રોધ, શોક, ઈર્ષ્યાદિ-વિકારો પ્રાણતત્વનો અધિક ક્ષય કરે છે. આટલા માટે જ યોગને રસ્તે ચાલ્યા આવનારને, યોગશાસ્ત્ર પડકાર કરીને કહે છે કે-" તમે સાત્ત્વિક રહેજો, અને દિનપ્રતિદિન સાત્વિકતાની અને શાંતિની વૃદ્ધિ કરજો." વકીલો, વિદ્યાર્થીઓ, સ્કૂલમાસ્તરો, ગવૈયાઓ, રાજકર્તાઓ, દિવાનો અને એવા બીજા માનસિક ભાર ઉપાડનારા મનુષ્યોએ, પ્રાણતત્વ અવશ્ય પિછાણવું જોઈએ.

વિશ્વમાં પ્રાણતત્વ વિશેષ ક્યાં છે ? - હવામાં અને સૂર્યના પ્રકાશમાં આ તત્વ વિશેષ પ્રમાણમાં છે. શુદ્ધ જળમાં છે, પણ સૂર્યના પ્રકાષના કરતાં અને શુદ્ધ હવાના કરતાં ઓછું છે. આપણા આહારમાં પણ તે છે; પણ સૂર્યના પ્રકાશમાં, વાયુમાં અને શુદ્ધ જળમાં તે છે, તેના કરતાં ઘણું જ ઓછું છે. આહારમાંથી પ્રાણતત્વને જુદુ પાડવાની તકલીફ છે.

શરીરમાં પ્રાણનો મુખ્ય ભંડાર ક્યાં છે ? - માથાના બ્રહ્મરંધ્રમાં, મગજમાં અને કરોડના ભાગમાં તેનો મુખ્ય ભંડાર છે. ચેતન જ્ઞાનતંતુઓમાં પાણી જેવા સૂક્ષ્મ પદાર્થની સાથે તે શરીરમાં આમતેમ ફરે છે. ચેતના ઉત્પન્ન કરનાર તંતુઓ સાથે, પ્રાણને નિકટ સંબંધ છે. આ તંતુઓ મગજ અને બરડાની

કરોડમાંથી અનુક્રમે ૧૨ અને ૩૧ નીકળે છે. જે તંતુઓ બહારના પદાર્થોનું જ્ઞાન મગજને આપે છે તે ***જ્ઞાનતંતુઓ*** કહેવાય છે; અને તે જ્ઞાન મગજમાં પહોંચ્યા પછી, તે પ્રમાણે ક્રિયા કરનાર તંતુઓ, ક્રિયાતંતુઓ કહેવાય છે. આ બે પ્રકારના તંતુઓનું સામાન્ય નામ જ્ઞાનતંતુ છે. આ જ્ઞાનતંતુઓ આખા શરીરમાં રહીને લાગણી, ઇચ્છા, ક્રોધ, વિતર્ક, સંસ્કાર, ભાવના વિગેરે વ્યાપારો ચલાવે છે. ક્રિયાતંતુઓ બરડાની કરોડમાં રહેલી દોરડીની સાથે જોડાયેલાં હોય છે. જ્ઞાનતંતુઓના ઘુંચળાને ચક્રો કહેવામાં આવે છે. બેટરીમાં વીજળી એકઠી કરી રાખીને, જેમ જુએ તેમ તેના ઉપયોગો થાય છે; તેમ યોગીઓ પ્રાણતત્વને ચક્રોમાં એકઠું કરે છે; અને જુએ તેમ વાપરે છે.

પ્રાણ અને શરીર - શરીરનો મુખ્ય આધાર પ્રાણ છે, લિંગદેહનો મુખ્ય ભાગ પ્રાણ છે. પ્રાણથી જ સ્થૂલ દેહનાં હલનચલનાદિ બની શકે છે. શરીરના અવયવોને યથાર્થ કર્મોમાં પ્રેરવા, લોહી શુદ્ધ રાખવું તથા તે તમામ ક્રિયાઓ દ્વારા, મનને શુદ્ધ અને સ્વસ્થ રાખવું, તે પ્રાણનું કામ છે. પ્રાણ પોતાની સ્વાભાવિક ગતિ તજીને આડોઅવળો ચાલવા માંડે, ત્યારે જ રોગોની ઉત્પત્તિ થાય. ઘણી વખત ઉધરસ એ પ્રાણની વિકૃતિના પ્રથમ દર્શનરૂપ બને છે. પ્રાણની વિક્રિયાથી વીર્યનો ભંગ થાય છે; અને તાકાતનો નાશ થાય છે. તેથી જ વૈદ્યો માંદાને ભૂખ્યા રહેવાની અને શુદ્ધ હવામાં વસવાની ભલામણ કરે છે. આથી આગળ વધીને આ વિષયમાં નજર નાંખીએ તો જણાય છે કે - પ્રાણતત્વથી સ્થૂલ દેહને જેટલો લાભ થાય છે, તેના કરતાં લિંગદેહને વધારે લાભ થાય છે. એટલે-પ્રાણતત્વથી માનસક્ષેત્ર ઊંચા પ્રકારનું થાય છે. અને અપ્રકટ શક્તિઓ પ્રગટ થાય છે.

વાઇ, ફેફરું, હીસ્ટીરીઆ વિગેરે મગજના વ્યાધિઓ પ્રાણાયામ દ્વારા પ્રાણ સંસ્કાર પામતાં હઠી જાય છે.

પ્રાણ, ચૈતન્ય અને પરમાણુ - ગાંડાની ઈસ્પિતાલમાં પૂરેલા એક મનુષ્યનું, અને એક વિદ્વાનનું ચૈતન્ય સરખું હોય છે. ચૈતન્યમાં ભેદ નથી; પણ વિદ્વાનના મગજના અણુઓમાં અને ગાંડાના મગજના અણુઓમાં ભેદ હોય છે. તાત્પર્ય - મગજના અણુઓના ભેદથી, એક ગાંડો અને બીજો વિદ્વાન્ ગણાય છે. વિશ્વામિત્ર રાજઋષિ મટીને બ્રહ્મઋષિ થયા, એટલે વિશ્વામિત્રના રાજઋષિપણાના પરમાણુઓ બદલાઈને, બ્રહ્મઋષિપણાના પરમાણુરૂપ બન્યા. મિત્ર મટીને શત્રુ થયો, તે પણ તેમજ, શત્રુ મટીને મિત્ર થયો તે પણ તેમજ. એટલે તેઓએ તેમના મગજનાં પરમાણુઓ બદલાવ્યાં. આથી એમ સિદ્ધ થઇ શકે છે કે- પરમાણુઓની શુદ્ધિના પ્રમાણમાં ચૈતન્ય પોતાના સામર્થ્યને પ્રગટાવી શકે છે. મનુષ્યના પરમાણુઓને અને જ્ઞાનતંતુઓને શુદ્ધિ આપવામાં, પ્રાણતત્વ જે કાર્ય કરે છે, એવું કાર્ય કોઇ કરી શકતું નથી.

પ્રાણ અને મન - આગળ આકાશ દ્રવ્યના વિવેચનમાં જણાવ્યું છે કે ઇથરના સૂક્ષ્મ પરમાણુઓમાંથી મન બન્યું છે, અને પછી તેમાં પ્રાણના સંસ્કાર થતાં, તે ગતિમાન બન્યું. એટલે મનને ગતિ આપનાર પ્રાણ એટલે-પ્રાણનો નિગ્રહ થાય, કે તરત મનનો નિગ્રહ થઇ જાય. શરીરને ગતિ આપનાર પણ પ્રાણ છે. પ્રાણનો નિગ્રહ થતાં શરીરનો નિગ્રહ પણ થઇ જાય છે. જેણે પ્રાણ ઉપર સત્તા મેળવી છે, તેણે પોતાના મન ઉપર તથા શરીર ઉપર સત્તા મેળવી છે, એમ સમજી લેવું.

પ્રાણ અને આધ્યાત્મશક્તિ - પશ્ચિમના વિદ્વાનો કહે છે કે- "શ્વાસ પ્રશ્વાસની ક્રિયા ઉપર આરોગ્યનો ઘણો આધાર છે" અહીંના ઋષિઓ કહે છે કે શ્વાસ પ્રશ્વાસની ક્રિયાથી એટલે પ્રાણાયામની ક્રિયાથી, માત્ર આરોગ્ય જ નહિ, પણ તેથી મનોનિગ્રહ થાય છે, મનની પ્રસન્નતા વધે છે, અને મનની શક્તિઓ વિકાસ પામે છે. બુદ્ધિની નિર્મળતા થાય છે. ગુપ્તવિદ્યાઓ અને ગુપ્તશક્તિઓ પ્રગટે છે. સદાચાર વધે છે અને પરિણામે અધ્યાત્મ ઉન્નતિ સધાય છે. જેમ દુરબિનથી અને બીજાં સૂક્ષ્મદર્શક યંત્રોથી દષ્ટિની શક્તિ વધે છે; તેમ પ્રાણાયામની સિદ્ધિથી, મન સમાધિની ભૂમિકા સુધી પહોંચે છે; અને જ્યાં મન, વાણી આદિ ઇંદ્રિયો ન પહોંચી શકે; ત્યાં સુધીના તમામ દશ્યો યોગી જોઇ શકે છે.

પ્રાણ અને સૂર્ય ચંદ્ર - સૂર્ય માત્ર તેજનો ગોળો જણાય છે ખરો, પણ તેમાંથી પ્રાણનો પ્રવાહ નિરંતર ચાલ્યા કરે છે, સૂર્યના પ્રકાશમાં રહેનારાં-મનુષ્ય, પશુ, પક્ષી અને વનસ્પતિ પ્રાણથી જીવે છે. ચંદ્રમાંથી પ્રાણપ્રવાહ વિશ્વને પોષે છે. સૂર્યનો પ્રાણપ્રવાહ ગરમ હોય છે, અને ચંદ્રમાંથી વહેતો પ્રાણ શીતળ હોય છે. પ્રાણીઓની પ્રકૃતિને ઉષ્ણ અને શીતળ બેઉ પ્રકારના પ્રાણની જરૂર હોય છે. મનુષ્યની જમણી નાસીકા સૂર્યનાસીકા કહેવાય છે અને ડાબી નાસીકા ચંદ્રની કહેવાય છે. મનુષ્યમાં સૂર્યનો પ્રાણ વધારે છે ? કે ચંદ્રનો પ્રાણ ? તે જોવું હોય, તો નાસીકામાંથી વહેતો પ્રાણ પ્રવાહ તપાસી જોવો.

પ્રાણની વિશેષ સત્તા- આગળ કહ્યું છે કે તમામ શક્તિઓને પોષનાર પ્રાણ છે. પિંડ અને બ્રહ્માંડ પ્રાણથી ભરપૂર છે. પ્રાણ ?

એ વિશ્વમાં પ્રસરેલો એક મહાસાગર છે. એમ કહીએ તો કાંઈ ખોટું નથી, તે હિસાબે આપણા શરીરમાં રહેનારો પ્રાણ, આ મહાસાગરની અનંત લહરીઓમાંની એક લહરી છે; આ લહરી અગર મોજું આપણે કબજે થાય, તો આપણું શરીર અને મન અનાયાસે આપણે સ્વાધીન થાય. અભ્યાસમાં આગળ વધતાં, વિશ્વનો વ્યાપક પ્રાણ પણ આપણે કબજે આવે; કારણ કે વિશ્વની તમામ વ્યાપક શક્તિઓ પ્રાણના જ ભિન્ન ભિન્ન રૂપો છે. જેમને પ્રાણતત્વનું જ્ઞાન થાય, તેમને બ્રહ્માંડની તમામ શક્તિઓનું જ્ઞાન થાય અને તે તમામ શક્તિઓ વશ વર્તે.

હવા મફત- પણ મફતની કિંમત કોને હોય ?-દવાના પૈસા અને વૈદ્યોની ઓશિયાળ ન ગણીએ, તો પણ હંમેશાં દવોઓ માટે વૈદ્યોને ત્યાં કલાકોના કલાક સુધી બેસી રહેવું. હંમેશાં દવાઓ પીવી. થયેલા રોગની ચિંતા કરવી, થયેલા રોગની માવજતમાં સંબંધીઓને પીડવા, પ્રાપ્ત ધંધાને અને ધર્મને તજવા, તથા પરવશ થઈ ને પથારીમાં પડ્યા રહેવું, આ તમામ દુઃખ મનુષ્ય જખ મારીને ભોગવે છે. આવાં દુઃખ ભોગવવા કરતાં, હંમેશાં મનુષ્ય અરધો અરધો કલાક, શુદ્ધ હવામાં જઈ ને, દીર્ઘ શ્વાસ પ્રશ્વાસ વડે જીવનતત્વને-પ્રાણતત્વને પોતામાં ગ્રહણ કરે; તો અનેક વ્યાધિઓને આ શરીર મંદિરમાંથી ચાલ્યા જવું પડે; અને નવા વ્યાધિઓને શરીરની અંદર પેસવાનો પરવાનો મળે નહિ. સૃષ્ટિ સૌંદર્યથી મનોહર લાગતાં, હૃદયમાં તત્કાળ પ્રસન્નતા ઉપજાવનારાં, અને નવું જીવન આપનારાં વૃક્ષો અને વેલોવાળાં જંગલો અગર નદીતટો ઈશ્વરનાં દવાખાના છે. ત્યાં દવા(હવા) મફત મળે છે. આવા સુગમ રસ્તાને પડ્યો મેલીને, વાંકે રસ્તે

ચાલવું, ને પછી કર્મનો વાંક કાઢવો. એ અજ્ઞાન સિવાય બીજું કાંઈ નથી. તમારે ધંધારોજગારનો ઘણો ત્રાસ હોય, તો પણ આફત માટે જેમ દ્રવ્ય એકઠું કરો છો, તેમ આરોગ્ય માટે (ધંધાને ઘડીવાર દૂર મૂકીને) પ્રાણતત્વ એકઠું કરવું જોઇએ.

પ્રાણ અને આકર્ષકશક્તિ- પ્રાણમાં આકર્ષકવાનો ખાસ ગુણ છે- વસ્તુ, વિચાર, હવા સર્વને તે આકર્ષી શકે છે. મેસ્મેરિઝમ અને પ્રાણવિનિમયના ખેલ પ્રાણથી થાય છે. યોગીઓ પોતાની દૃષ્ટિ દ્વારા અનેકને આંજી નાંખે છે. સાપ પોતાની દ્રષ્ટિ દ્વારા પ્રાણને પ્રેરીને આસપાસના નાના જંતુઓને આકર્ષી શકે છે.

પ્રાણ અને શ્રદ્ધા - મુંબઈ ન જોઇ હોય, તો પણ મુંબઇથી આવતા જતા લોકોના કહેવા ઉપર વિશ્વાસ રાખીને, મુંબઇની હયાતી માનવી જ પડે. મુંબઇ જનારો અમદાવાદને સ્ટેશન જઇને, સ્ટેશન માસ્તરને કહે કે -"મુંબઇ બતાવો, તો ટિકિટ લઇને ગાડીમાં બેસું." તે સાંભળીને સ્ટેશનમાસ્તર ચકિત થાય, એટલું જ નહિ પણ પેલો મુસાફર; સ્ટેશનમાં અને સ્ટેશનમાં રખડયા કરે. સ્ટેશનમાસ્તરના કહેવા ઉપર વિશ્વાસ રાખીને, મુંબઇની ગાડીમાં તે બેસે, તો જ મુંબઇ પહોંચે. તે પ્રમાણે આ પ્રાણનો વિષય પણ શ્રદ્ધાનો છે. શાસ્ત્ર અને યોગીઓ કહે, તેમાં શ્રદ્ધા રાખીને યોગાભ્યાસમાં આગળ વધીએ તો જ આપણને પ્રાણતત્વોનો અનુભવ થાય-તો જ આપણને પ્રાણ-તત્ત્વનો લાભ થાય.

પ્રાણ અને સંધ્યા, તથા સંધ્યા અને સૂર્ય- સૂર્ય અને પ્રાણને કેવો સંબંધ છે, તે સંબંધી આપણે ઉપર કહ્યું છે. પ્રાણતત્વનો આટલો બધો મહિમા સાંભળીને, આપને પ્રાચીન ઋષિઓની સમજણનો ઉમદા ખ્યાલ આવશે. ઋષિઓએ સંધ્યાની ક્રિયાદ્વારા

ત્રણે વર્ણોને, પ્રાણ અગર પ્રાણાયામની ક્રિયા સાથે, બાળપણથી - ઉપવીત સંસ્કાર થાય ત્યારથી જ - અનાયાસે જોડી દીધા છે. મુસલમાનો નમાઝ પઢે છે, પારસીઓ, પાદરીઓ, જૈન અને એવા બીજા કેટલાકએક સમાજો, સંધ્યાવંદન જેવી ક્રિયાઓ કરે છે ખરા, પણ તેમાં પ્રાણતત્વના આકર્ષણનું અગર પ્રાણાયામ જેવી ક્રિયાનું નામનિશાન નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-એવા ત્રણ વર્ણોમાં ઉત્પન્ન થયા છતાં, જેઓ સંધ્યાવંદનનો અનાદર કરે છે; અગર સંધ્યાવંદનની ક્રિયાને જેવી તેવી સમજે છે, તેઓ ઊંચે ચડીને નીચે પડતાં જણાય છે; તેઓ સમજુ થઈને પોતાનું કર્તવ્ય ચૂકે છે. આજથી જ તે કાર્ય હાથ લ્યો, તો પણ ફાયદો થશે.

પ્રાણાયામનો અધિકાર કોને ?-પ્રાણાયામનો અધિકાર શૂદ્રાદિ સુધી છે. સ્ત્રીઓને પણ તે અધિકાર છે.

અફસોસની વાત - આ દેશના અંગ્રેજી ભણેલા (સોએ અઠ્ઠાણુ ટકા) હિંદુઓ પ્રાણાયામને નાક થોભવાના ફારસરૂપ સમજ્યા, અને યોગવિદ્યાને ઢોંગરૂપ સમજ્યા; એટલે તે તમામથી ભડકીને દૂર નાઠા; ત્યારે-યુરોપ અમેરિકાના અંગ્રેજો પ્રાણાયામ અને યોગના ઉંડાણમાં ઉતર્યા. તે સંબંધી હિંદમાં હજી કોઈ કાંઈ જાણતા હોય, તો તે જાણી લેવા હિંદ આવ્યા. પોતે જે કંઈ જાણ્યું, તે પ્રમાણે અભ્યાસ કરવા લાગ્યા, અને પોતાને જે અનુભવ થયો, તે અનેક પુસ્તકો દ્વારા જગત્‌ને વિદીત કરવા લાગ્યા. આ દેશના અંગ્રેજી ભણેલા (સોએ પંચાણુ ટકા) વકીલાતમાં હોંશિયાર થયા, તો તેઓએ ત્યાં જ પોતાનું અમૂલ્ય જીવન ખરચી નાખ્યું. ડોકટર થયા તેમણે દવાખાનામાં જ, કારભારી થયા તેમણે રાજકારભારમાં અને વેપારી થયા તેમણે વેપારમાં જ-પોતાનું અમુલ્ય જીવન ખરચી

નાખ્યું; માસ્તરો બન્યા તેમણે નિશાળોમાં જ મગજ-આયુષ્ય-જીવન-ખાલી કરી નાંખ્યું; પણ- ***"આ માનવ શરીર શું છે? તેમાં હું બોલું છું, તે કોણ છે? આ માનવ મુસાફરી શા હેતુથી છે?"*** વિગેરે બાબતનો વિચાર કદી કર્યો નહિ. ધંધાના અંધારીઆ ઓરડામાંથી બહાર નીકળીને, આધ્યાત્મિક સૃષ્ટિનું કદી અવલોકન કર્યું નહિ. આચાર્યોની અને પંડિતોની પણ, સોએ પંચાણુ ટકા આ જ દશા છે. તેઓએ કદી જાણ્યું ઘણું; પણ જગતને શું આપ્યું? આરોગ્ય અને ઇશ્વર-બેઉના લાભ કરી આપે-એવી આ યોગવિદ્યા તેઓએ ખેડી નાંખવી જોઇએ, તેનાં ફળરૂપ અનેક પુસ્તકો જગત્માં જ્યાં ત્યાં વાંચવાં જોઇએ. છે એવું કયાંઇ? આ અફસોસની વાત નથી? ***લૌકીક ઐશ્વર્ય યોગ પાસે તુચ્છ છે;*** છતાં જે ધનવાનો યોગનાં આવાં સાદાં પુસ્તકોનો ફેલાવો કરવામાં મદદરૂપ થાય તેમને અવશ્ય ધન્યવાદ ઘટે છે. હજી સમજે તો પણ ઘણું છે.

હવે આપણે શ્વસનવિદ્યા સંબંધી વાત કરીએ- શ્વાસ લેવા તથા શ્વાસ મૂકવાની ક્રિયાનું જ્ઞાન, એક ઉત્તમ વિદ્યા છે. આ વિદ્યા કળા વડે સર્વોત્તમ લાભને આપનારી કરી શકાય છે. સવારથી સાંજ સુધીમાં આપણે અનેક ક્રિયાઓ કરીએ છીએ, પણ તે ક્રિયામાં જ્યારે કળાને ભેળવવામાં આવે છે; ત્યારે તે ક્રિયા બળવાન, શોભાવાળી, ઉત્તમ ફળને પ્રગટાવનારી અને આકર્ષક થાય છે. ખાવું, પીવું, બેસવું, બોલવું, ચાલવું, સુવું વિગેરે ક્રિયાઓ કળા વિના શોભતી નથી; એટલું જ નહિ, પણ ઊલટું નુકશાન કરે છે. જ્યારે દરેક ક્રિયા કળાથી મુકત થાય છે, ત્યારે અનેક લાભને પ્રગટાવે છે.

ખાવાનું જ્ઞાન સૌને છે; પણ ખાવાના જ્ઞાનની સાથે કળા-કેવી રીતે ખાવું તે-ઘણા જ થોડા મનુષ્યો જાણે છે. તેને પરિણામે ઘણા માણસો, રઘવાયા કૂતરાની માફક ભટકતે ચિત્તે, મોટા મોટા કોળિયા ભરે છે, ***અને તે ચાવ્યા ન ચાવ્યા કરીને, ગળે ઉતારે છે. પરિણામે જઠરાગ્નિ બગડે છે, અને અનેક રોગ ઉત્પન્ન થાય છે. જે પુરુષ સ્વચ્છતાપૂર્વક, ભાણે બેસીને, પ્રસન્ન ચિત્તે ભોજન કરે છે; દરેક કોળિયાને બરાબર ચાવ્યા વિના ગળે ઉતારતો નથી; તે પુરુષ પોતાની પાચનશક્તિને સાચવી રાખીને આરોગ્યતાનાં સુખ ભોગવે છે.***

આટલી વાતથી આપને ખાત્રી થઇ હશે કે - દરેક ક્રિયાને ઉત્તમ પ્રકારે કરવાની વિધિ હોય છે. આ વિધિનું નામ કળા છે. શ્વાસ લેવા મૂકવાથી ક્રિયાની વિધિ જેઓ જાણતા નથી, તેઓ મરજી પ્રમાણે શ્વાસ લે છે, અને મૂકે છે. તેને પરિણામે તેઓ નાના પ્રકારના રોગના ભોગ થઇ પડે છે. શ્વાસ લેવા મુકવાની ક્રિયાનું બીજું નામ ***શ્વસનવિદ્યા.*** વિદ્યા ઘણા પ્રકારની હોય છે, પણ તેમાં શ્વસનવિદ્યા અલૌકિક છે. શ્વસનવિદ્યા જેમને સાધતા આવડે, તેમની પાસે શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિનાં દ્વાર ખુલ્લાં થઇ જાય છે. આર્ય ઋષિમુનિઓએ આ શ્વસનવિદ્યાને જેટલી ખેડી છે, અને જેવી ખેડી છે; તેટલી અને તેવી ***કોઇ દેશના સંતોએ ખેડી નથી.*** ભરતખંડમાં ખેડાયેલી આ શ્વવસનવિદ્યા, એટલી સર્વોત્તમ પંક્તિમાં બિરાજે છે કે - હવે તેમાં લેશ પણ સુધારો કરવાની જરૂર રહી નથી.

શ્વાસ લેવા મૂકવાની વિદ્યાને, યોગશાસ્ત્રમાં “પ્રાણાયામ” નામના અંગ સાથે સંબંધ છે. પૂર્વે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો

ઉપનયન ધારણ કરતા હતા; તે પ્રજાને આ વિદ્યાનો અભ્યાસ કરવાની સૂચના ઉપનયન સંસ્કાર સાથે જ આપવામાં આવતી હતી. આ સૂચના જેઓ ઉપાડી લેતા-તેમાં રસ લેતા-તેમાં પ્રગતિ કરતા; તે દ્વિજો કાળે કરીને યોગી થતા. તેઓ જ્ઞાન, ઐશ્વર્ય વિગેરેથી શોભતા હતા. મોટા ચક્રવર્તી રાજાઓ તેમના ચરણમાં પડતા હતા. સંધ્યાવંદનની ક્રિયામાં પ્રાણાયામનો સમાસ કર્યો છે; પણ તે પ્રાણાયામનું નાનામાં નાનું સ્વરૂપ છે- તે પ્રાણાયામની છાયા છે. આ ઠેકાણે એમ કહેવું જોઇએ કે-જે વિદ્યાના ઉંડાણમાં ઉતરવા દરેક દેશના તત્વવિદ્ પુરુષો મથી રહ્યા છે; તે વિદ્યાને આ દેશના પોતાને સુધરેલા માનનારા ભ્રમિત લોકો હસે છે. પ્રાણાયામ કરવો એટલે નાક પકડવું, આવી વંદનીય ક્રિયામાં તેઓ આટલું જ જોઈ શકે છે. એક જંગલી મુસલમાન પણ સમય થતાં નમાજ પઢીને, પોતાની ચિત્તવૃત્તિને શાંત કરે છે. જૈનો અવૈદિક ગણાય છે, છતાં સમાગાદિ ક્રિયાઓ કરીને, પોતાના મનની શાંતિને ઠેકાણે લાવે છે. ત્યારે એક ભણેલો હિંદુ, તેમાંએ વળી બ્રાહ્મણ-ચિત્તવૃત્તિને ઠેકાણે લાવનારી પ્રાણાયામ જેવી મુખ્ય ક્રિયાને નિંદે, એ અફસોસની વાત છે.

પ્રાચીન આર્ય વિદ્વાનોને અને અર્વાચીન પ્રાશ્ચાત્ય વિદ્વાનોને બીજા વિષયોમાં ગમે એટલા મતભેદ હશે, પણ *"પ્રાણ એ જ જીવન છે,"* તે બાબતમાં સૌ એકમત છે. એટલે શ્વાસપ્રશ્વાસની ક્રિયા ઉપર જ જીવનનો આધાર છે. શ્વાસપ્રશ્વાસની ક્રિયા વિરમી જતાં જીવનનો અંત આવે છે, એમ સૌ માને છે. માત્ર મનુષ્યો જ નહિ, પણ પશુ, પક્ષીઓ અને વનસ્પતિ પણ શ્વાસપ્રશ્વાસની ક્રિયાથી જીવી શકે છે. પ્રાણી જન્મે છે ત્યારથી શ્વાસપ્રશ્વાસની ક્રિયા શરૂ થાય છે; તે મરે છે ત્યારે તેની આ ક્રિયા વિરમે છે. આ તો

સામાન્ય જ્ઞાન છે. આટલું જ્ઞાન તો સુધરેલા નાસ્તિક લોકોને અને વગડાના જંગલી લોકોને પણ છે. યોગશાસ્ત્ર આથી વિશેષ શીખવે છે. યોગશાસ્ત્ર કહે છે કે "યોગીઓ અમુક સમય માટે શ્વાસપ્રશ્વાસનો અભાવ કરીને જીવી શકે છે. અમુક સમય માટે તેમને જમીનમાં દાટી દ્યો, તો પણ તેઓ જીવી શકે છે." યોગીઓ કઇ વિદ્યાથી જીવી શકે છે ? તે પ્રશ્નના જવાબમાં જાણવું ઘટે છે કે પ્રાણી માત્ર લુહારની ધમણની માફક જેઓ શ્વાસપ્રશ્વાસ કરે છે, પણ જેઓ શ્વાસપ્રશ્વાસની ક્રિયાને અમુક રીતે કેળવે છે; તેઓ પ્રથમ આરોગ્યતાનો લાભ લે છે, અને પછી યોગનો લાભ લે છે.

અત્યારની વિદ્યાને અને અત્યારના ધંધારોજગારને ઝીણી નજરથી તપાસીએ, તો ખાત્રી થાય છે કે - આ જીવલેણ પ્રવૃત્તિના પૂરમાં આપણો સાચો લાભ તણાઇ ગયો છે. આપણે ભણવામાં અને ધંધામાં તલ્લીન રહીને, આપણે ખબર ન પડે તેવી રીતે, આપણું આરોગ્ય અને આયુષ્ય ખોઇ નાખીએ છીએ. આરોગ્યને માટે અનેક ભાષણો, અને અનેક પુસ્તકો થયાં. મોટા મોટા ગામોમાં હેલ્થ ઓફિસરો નિમાયા. ગામનો કચરો ઉપાડવા મોટર ગાડીઓ થઇ, ગામે ગામ દવાખાનાં થયાં, ફરવા હરવા માટે બગીચા થયા; પણ આરોગ્યનો આંકડો તપાસીએ, તો ખાત્રી થાય, કે લોકો દિનપ્રતિદિન રોગોથી ઘેરાતાં જાય છે. ગામડાના જંગલી લોકો સ્વભાવિક શ્વાસપ્રશ્વાસ કરવાથી આરોગ્ય ભોગવે છે; અને સુધરેલા લોકો બગીચામાં ફરવા જાય છે, તો પણ માંદા રહે છે. યોગ્ય રીતે શ્વાસપ્રશ્વાસ કરવાથી શરીર આરોગ્ય થાય છે એટલું જ નહિ, પણ માનસિક શક્તિઓ, નિતીબળ, વિવેકશક્તિ, આત્મસંયમ, શાંતિ, અને સુખ વગેરે વધે છે.

શરીરમાં ક્યાં ક્યાં અવયવો શ્વસનવિદ્યા માટે ખાસ ઉપયોગી છે ? -શ્વસનલિકા (નાક) અને ફેફસાં.

નાક - યાદ રાખવું ઘટે છે કે - મુખ જમવા માટે તથા બોલવા માટે છે. શ્વાસ લેવા મૂકવા માટે મુખ નથી. ***મુખદ્વારા લીધેલી હવા બહારના રજકણોથી મેલી અને ઠંડી હોય છે.*** ઠંડી હવા ફેફસાને સોજા ચડાવે છે અને ન્યુમોનિયા જેવા રોગને ઉત્પન્ન કરે છે. સાધારણ પાણીમાં અને પાણીની વરાળ કરીને વરાળના બનાવેલા પાણીમાં જેટલો ફેર છે, તેટલો સાધારણ હવામાં અને નાક દ્વારા લીધેલી હવામાં ફેર છે. આ હવા ફેફસાં જેવાં કોમળ અવયવને પહોંચાડવાની હોવાથી, તે હવા નાક દ્વારા શુદ્ધ કરવાની અને ત્યાં જ ગરમ કરવાની ગોઠવણ કરી જણાય છે.

શ્વાસનલિકામાં નાક, કંઠ અને તેની નીચેના ભાગનો સમાવેશ થાય છે. શરીરમાં હવાને દાખલ કરવા માટે નસકોરાં રૂપી બે નળીઓ છે. તે ગળામાં થઇને જીભના મૂળ પાસે ગળાની નળીને મળે છે. નાકના વાળથી તથા નાકના વાંકાચૂંકા લાંબા રસ્તાથી હવા ગળાઇ-ચળાઇ-ને ગળામાં પેસે છે. વળી નાકમાં લાલ ગરમ પડદા છે. તે પડદાનો સ્પર્શ થતા હવા ગરમ થાય છે. તે હવા ફેફસાંને વિશેષ અનુકૂળ પડે છે. શ્વાસ લેતી વખતે નાકના વાળમાં ભરાઇ રહેલો કચરો, પ્રશ્વાસ દ્વારા નાકમાંથી નીકળી પડે છે, અગર ગુંગા રૂપ બનેલા કચરાને હાથ કાઢી નાખે છે.

મુખદ્વારા શ્વાસપ્રશ્વાસ કરવાથી, નાકનાં નસકોરાં અવાવરુ પડી રહેશે. જેમ અવાવરુ ઘર અગર રસ્તા દિન-પ્રતિદિન કચરાથી ભરાતા જાય છે; તેમ નાકના અવાવરુ નસકોરાં દિનપ્રતિદિન કચરાથી ભરાતાં જાય છે અને પરિણામે અનેક રોગ ઉત્પન્ન થાય

છે.

હવે આપણે જ્ઞાનતંતુ સંબંધી થોડો વિચાર કરીએ-

જ્ઞાનતંતુવ્યૂહ - આ રચનાને અંગ્રેજીમાં (નરવસ સીસ્ટમ) કહે છે. જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો એમ બે પ્રકારની ઇંદ્રિયો છે; તેમ તંતુઓ પણ બે પ્રકારના છે. એટલે જ્ઞાનતંતુઓ અને ક્રિયાતંતુઓ. મગજ અને બરડાના પોલાણમાં જ્ઞાનતંતુઓનો જથ્થો વિશેષ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને જાણવાના વ્યાપાર, મગજ અને બરડાની કરોડમાં આવેલા જ્ઞાનતંતુઓ વડે થાય છે, બાહ્ય જગત્‌ની સાથે અભિમાની જીવાત્મા, આ પ્રકારના જ્ઞાનતંતુઓ વડે જ કામકાજ કરી શકે છે. મગજમાંથી અને બરડાની કરોડમાંથી વહેતા જ્ઞાનતંતુઓ તારના દોરડાં જેવા છે, અને મગજ તાર ઓફિસ જેવી છે.

યાદ રાખવું ઘટે છે કે - જેમ વીજળીના પાવર વિના તારનાં દોરડાં નકામાં છે, તેમ પ્રાણ તત્વ વિના જ્ઞાનતંતુઓનો પથારો નકામો છે-ક્રિયા રહિત છે. એટલે જ્ઞાનતંતુઓને ચમક આપનાર પ્રાણતત્વ છે. ***પ્રાણતત્વના સામર્થ્યનું સ્વરૂપ અને વેગ વિદ્યુતના પ્રવાહને મળતો આવે છે.*** પ્રાણતત્વ ન હોય, તો હૃદય ક્રિયા કરી શકતું નથી. રુધિર શરીરમાં હરતુંફરતું બંધ પડી જાય છે. ફેફસાં શ્વાસપ્રશ્વાસની ક્રિયા કરી શકતાં નથી. શરીરના જુદા જુદા અવયવોનો વ્યાપાર બંધ પડી જાય છે. મગજ વિચાર કરતું અટકી જાય છે. ***આથી ખાત્રી થાય છે કે પ્રાણ તત્વને શરીરમાં ગ્રહણ કરવાની ઘણી જ અગત્યતા છે; અને પ્રાણ ગ્રહણ કરવા માટે પ્રાણાયામ પણ તેટલો જ ઉપયોગી છે.***

મગજ :- મગજના ત્રણ ભાગ છે.

૧. મુખ્ય મગજ (અંગ્રેજીમાં તેને સેરીબ્રમ).

૨. ગૌણ મગજ અથવા નાનું મગજ (સેરીબેલમ).

૩. અધઃસ્થિત (મેડયુલા ઓબ્લૉંગેટા) કહે છે.

મુખ્ય મગજ - ધોળા અને ભુરા રંગના માવા જેવા પદાર્થથી મગજ બનેલું હોય છે. કપાળથી માંડીને ખોપરીના ઊપલા; આગલા, મદય અને સહેજ પાછલા ભાગનો મુખ્ય મગજમાં સમાવેશ થાય છે. બુદ્ધિના અગર માનસ વ્યાપારો આ મગજમાં થાય છે.

ગૌણ મગજ - ખોપરીનો નીચેનો અને પાછલો ભાગ ગૌણ મગજમાં સમાયો છે. અવયવોનું હલનચલનાદિ વ્યાપારનું અધિપતીપણું ગૌણ મગજમાં છે.

અધઃસ્થિત - એ કરોડનું શિખર છે. એટલે કરોડ ત્યાંથી શરૂ થાય છે. આર્ય ઋષિઓ અધઃસ્થિતને "મેરુદંડ"ના નામથી ઓળખાવે છે. આ મગજમાંથી અને મુખ્ય મગજમાંથી, અસંખ્ય જ્ઞાનતંતુઓ મસ્તકના વિવિધ ભાગમાં વિસ્તરી રહ્યા છે. તેમાંના કેટલાએક ઇંદ્રિયોના ગોલકો સુધી પહોંચ્યા છે. કેટલાક છાતી સુધી, કેટલાએક શ્વાસનલિકા સુધી પહોંચેલા છે. બરડાની કરોડ જ્ઞાનતંતુઓનો લાંબો સમૂહ છે. શરીરના સર્વ અવયવો સાથે સંબંધ રાખનારા અસંખ્ય જ્ઞાનતંતુઓ તેમાંથી નીકળીને આખા શરીરમાં પ્રસરી રહ્યા છે. કરોડરજ્જુ તારના મોટા મુખ્ય દોરડા જેવી છે. અને તેમાંથી નીકળતા જ્ઞાનતંતુઓ તે મુખ્ય દોરડાની શાખાઓ જેવા છે.

ચક્રો:-આ જ્ઞાનતંતુઓનાં, શરીરના અમુક અમુક ભાગમાં, ગુંચળાં થઈ ગયેલાં છે. ***આ ગુચળાંને યોગીઓ ચક્રો કહે છે.*** આ ગુંચળાંનો નસો વડે એક બીજા સાથે સંબંધ હોય છે. આ ચક્રોમાંથી અનેક સુક્ષ્મ રેષાઓ નીકળીને શરીરના જુદા જુદા અવયવો સુધી, તથા રક્તવાહિનીઓ સુધી પહોંચી હોય છે. આવા ચક્રો સાત છે.

૧. આધારચક્ર- તેનું બીજું નામ ચતુર્દલચક્ર છે. આ ચક્ર શરીરના ગુદાસ્થાન અને જનનેંદ્રિયની મધ્યમાં છે. ચક્રના અધિપતિ ગણપતિ છે, આ ચક્રમાં ભગવતી જ્યોતિષ્મતી કુંડલિની છે.

૨. સ્વાધિષ્ઠાનચક્ર- તેનું બીજું નામ ષટ્દલચક્ર છે. આ ચક્ર શરીરમાં નાભિસ્થાનથી નીચે લિંગના પશ્ચિમ ભાગ ઉપર આવેલું છે. તેના અધિપતિ બ્રહ્મા છે.

૩. મણિપૂરકચક્ર- આ ચક્રનું બીજું નામ દશદલચક્ર છે. શરીરમાં તે નાભિની નીચે છે. તેનો અધિપતિ દેવ વિષ્ણુ છે. માનસિક વ્યાપારોનું મુખ્ય સ્થાન મગજ છે, તો પણ યોગીઓ કહે છે કે - મન મણિપુરક ચક્રમાં રહે છે. મગજની માફક આ ચક્ર પણ ધોળા ભૂરા રંગના માવા જેવા પદાર્થનું બનેલું છે. પ્રાણમાંથી જે જીવનતત્વ શરીરમાં શોષાય છે, તેનો સંચય આ ચક્રમાં થાય છે. તેથી આ ચક્રને જીવનતત્વનો કોશ પણ કહેવામાં આવે છે.

નાભિચક્રનો ભાગ પણ મગજના જેવો જ કોમળ છે. પેટમાં પાટુ વાગતાં ઘણીવાર માણસ મરણ પામે છે, અગર ભારે ઈજા પામે છે. સૂર્ય જેમ આખા જગતને પ્રકાશ અને ચૈતન્ય આપે છે, તેમ નાભિચક્ર આખા શરીરના સર્વ અવયવોને પ્રાણતત્વરૂપે

શોઝાએલું જીવનતત્વ પૂરું પાડે છે. મગજશક્તિ પણ જીવનતત્વ માટે નાભિચક્રનો આધાર રાખે છે.

૪. અનાહતચક્ર - આ ચક્રનું બીજું નામ દ્વાદશદલચક્ર છે. તેનું સ્થાન હૃદય છે. તેનો અધિપતિ દેવ શ્રી શંકર છે.

૫. વિશુદ્ધિચક્ર - તેનું બીજું નામ ષોડશદલચક્ર છે તેનું સ્થાન કંઠમાં છે. શરીરમાં પેસતા અન્ન, જળ અને હવાને તે શુદ્ધ કરે છે. તેનો અધિપતિ દેવ રુદ્ર છે.

૬. આજ્ઞાચક્ર - તેનું બીજું નામ દ્વિદલચક્ર છે. તેનું બીજું નામ બિંદુસ્થાન પણ છે. તેનું સ્થાન ભ્રકુટિમાં છે.

૭. બ્રહ્મચક્ર - તેનું બીજું નામ સહસ્ત્રદલ ચક્ર છે. તેનું સ્થાન મસ્તક છે. તેમાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા રહે છે.

(કેટલાએક બ્રહ્મચક્રને ચક્રમાં ગણતા નથી. વળી બીજાઓ સોમને ચક્રમાં ગણે છે.)

હવે આપણે આપણા મૂળ વિષય તરફ આવો. પ્રાણવાયુ ફેફસામાં પૂરતાં વચ્ચે વચ્ચે ખડકા ખાતા હો, વચ્ચે વચ્ચે અટકી જતા હો, તો તે ટેવ છોડવા જેવી છે. ડાબા નસકોરાથી (ઇંડાથી) પૂરક કરો, તો જમણા નસકોરાથી (પિંગળાથી) વાયુ બહાર કાઢી નાંખવો, અને જમણા નસકોરાથી પૂરક કરો, તો ડાબા નસકોરાથી રેચક કરવો. જે નસકોરાથી હવા લ્યો, તે નસકોરાથી હવા કાઢશો નહિ.

ઇંડા અને પિંગલામાં ફેર શું ? - ઇંડાનો દેવ ચંદ્ર છે. ચંદ્રનો ગુણ શીતળતા છે. ઇંડા દ્વારા લીધેલો વાયુ શરીરમાં શીતળતા પ્રવર્તાવે છે. ***પિંગલાનો દેવ સૂર્ય છે.*** સૂર્યનો ગુણ ઉષ્ણતા છે.

પિંગલા દ્વારા લીધેલો વાયુ શરીરમાં ઉષ્ણતા પ્રવર્તાવે છે. આ વિષયને પ્રાશ્ચાત્ય શાસ્ત્રીય ભાષામાં કહીએ, તો જમણા છિદ્ર દ્વારા ગ્રહણ કરવામાં આવતા વાયુથી, કરોડરજ્જુની જમણી બાજુએ ***સબળ વિદ્યુત્નો પ્રવાહ ચાલે છે*** અને ડાબા છિદ્ર દ્વારા ગ્રહણ કરવામાં આવતા વાયુથી, કરોડરજ્જુની ડાબી બાજુએ, નિર્બળ વિદ્યુત્ના પ્રવાહ વહે છે.

કેલીફોર્નીયાની મેડિકલ કોલેજના ડૉ. એટ્રકિન્સ અને એવા બીજા અનેક મેડિકલ ઓફિસરો આ વાતમાં સંમત છે. રસ શાસ્ત્રની પરિભાષામાં આ વાત ફરીથી કહીએ તો - જમણા છિદ્ર દ્વારા ગ્રહણ કરવામાં આવતા વાયુમાં શરીરમાં પુરુષતત્વનો અધિક સંગ્રહ થાય છે; અને ડાબા છિદ્ર દ્વારા ગ્રહણ કરવામાં આવતા વાયુમાંથી, શરીરમાં સ્ત્રીતત્વનો અધિક સંચય થાય છે. ચંદ્રતત્વના કરતાં સૂર્યતત્વ ***પુરુષતત્વ અગર ઉષ્ણતા*** જેમના શરીરમાં વધારે પ્રવેશ કરે છે, તે મનુષ્યને ગરમીના વિવિધ વ્યાધિઓ થાય છે; અને સૂર્યતત્વના કરતાં ચંદ્રતત્વ (શીતલતા) જેમના શરીરમાં વધારે પ્રવેશ કરે છે, તે મનુષ્યને શરદીના વિવિધ વ્યાધિઓ થઈ આવે છે. આ બન્ને તત્વો જ્યારે શરીરમાં સમાનપણે વ્યાપી રહ્યા હોય છે, ત્યારે જ મનુષ્ય ઉત્તમ આરોગ્યતા ભોગવી શકે છે. આટલા માટે જ ડાબા નસકોરાથી હવા લેવી; અને જમણા નસકોરાથી હવા બહાર કાઢવી, અને જમણા નસકોરાથી હવા લેવી; અને ડાબા નસકોરાથી તે હવા બહાર કાઢવી. આ પ્રમાણે વારંવાર કરવાથી, બેઉ નસકોરાંની શક્તિ સમાન ભાવે વધે. પરિણામે સૂર્યતત્વ અને ચંદ્રતત્વ શરીરમાં સમાન ભાવે રહે. પ્રાણાયામની આ વિધિનું નામ લોમવિલોમ

પ્રાણાયામ કહેવાય છે. જ્યારે આ નાડીઓ અનિયમિત થાય ત્યારે રોગ થાય. શાંતિથી જરા વિચાર કરો, તો ખાત્રી થશે કે-પૂર્વેના આર્ય ઋષિઓએ લોમવિલોમ પ્રાણાયામ મનસ્વીપણે શોધી કાઢ્યો નથી, પણ પ્રકૃતિશાસ્ત્રના ગુઢ નિયમોનો વિચારપૂર્વક અભ્યાસ કરીને, અનુભવપૂર્વક શોધી કાઢ્યો છે. આ બાબતમાં કોઈને શંકા થાય, તો અનુભવ કરવાનાં સાધનો તેમને સ્વાધીન છે. (એટલે બે દિવસ ડાબા નસકોરાથી જ હવા લે, તો શરદી થાય.)

હવામાં રહેલાં તત્વો - આર્ય શાસ્ત્રકારો કહે છે કે "સુર્યતત્વ અને ચંદ્રતત્વ હવામાં રહેલાં છે, એટલું જ નહિ, પણ પૃથ્વી આદિ પાંચ તત્વોનાં અણુઓ હવામાં વ્યાપી રહ્યાં છે." જળતત્વ એક જ પ્રકારનું દ્રવ્ય છે, તો પણ વરાળમાં તેના અણુઓના આંદોલનો વેગવાળાં હોય છે, પાણીમાં તેથી ઓછા વેગવાળા હોય છે અને બરફમાં તેથી પણ ઓછા વેગવાળાં હોય છે. એટલે-એક જ જળતત્વ વરાળ, પાણી અને બરફરૂપે ઓળખાય છે. તે પ્રમાણે પ્રાણતત્વ એક જ પ્રકારનું છે, તો પણ તેના અણુઓનાં આંદોલનોના વધતા ઓછા વેગ પ્રમાણે, તેના પાંચ પ્રકાર પાડવામાં આવે છે. જેમાં આંદોલનોનો અત્યંત વેગ હોય છે, તે અણુઓને આકાશતત્વ કહેવામાં આવે છે, જે આંદોલનોમાં તેથી ઓછો વેગ હોય છે, તે અણુઓને વાયુતત્વ કહેવામાં આવે છે, તેથી ઓછા વેગવાળાને તેજસતત્વ કહેવામાં આવે છે, અને તેથી ઓછા વેગવાળાને જળતત્વ અને સૌથી ઓછા વેગવાળાને પૃથ્વીતત્વ કહેવામાં આવે છે. આ દરેક પ્રકારનાં સૂર્યતત્વ અને ચંદ્રતત્વ સમાન ભાવે રહે છે ત્યારે જ આરોગ્યતા અનુભવાય છે. આરોગ્યતા પ્રાણતત્વને આધારે છે, અને પ્રાણતત્વ ***પ્રાણાયામના***

વિધિને આધારે છે. પ્રાણાયામ મુખ્યત્વે કરીને શ્વાસ લેવા-મૂકવાની ક્રિયાને આધિન છે.

પ્રાણાયામ અને પ્રકાશ - ઓજસઃ- વિદ્યુતશાસ્ત્રના નિયમ પ્રમાણે વિદ્યુત્ ઉત્પન્ન કરવા માટે એક બેટરી બનાવવામાં આવે છે. તેમાં તારનો સંબંધ હોય છે. તે તારને બે છેડા હોય છે. આ છેડાને પોલ કહેવામાં આવે છે. એકને ***પ્રબલ પોલ*** અને બીજાને ***નિર્બલ પોલ*** કહેવામાં આવે છે. પ્રબળ પોલનું બીજું નામ ***પોઝિટિવ પોલ*** અને નિર્બળ પોલનું બીજું નામ નેગેટિવ પોલ. પોઝિટિવ પોલ પદાર્થોને આકર્ષે છે અને નેગેટિવ પોલ પદાર્થોને ફેંકી દે છે. કદી આ બે છેડાને ભેગા કરવામાં આવે, તો તેમાંથી વીજળીના તણખા ખરે. પરિણામે તેમાંથી ઉષ્ણતા અને પ્રકાશ બેઉ ઉત્પન્ન થાય છે. આ બે છેડાની વચ્ચે એક કોલ્સો ગોઠવી દીધો હોય, તો તેના પરમાણુઓમાં ઉષ્ણતા ભરાઈ જાય. કોલસો ***તપી જાય,*** અને તેમાંથી પુષ્કળ તેજ ઉભરાઈ જાય.

આ પ્રમાણે જ આપણા શરીરમાં મગજ અને બરડાની કરોડમાં જે માવા જેવો પદાર્થ છે, તે બેટરી છે-વીજળી ઉત્પન્ન કરનારું યંત્ર છે. ***તેમાંથી નીકળતા જ્ઞાનતંતુઓ રૂપી અને ક્રિયાતંતુઓ રૂપી અનેક તારો, વીજળીના નિયમ પ્રમાણે આખા શરીરમાં પથરાઇ ગયા છે.*** તેના બળથી બહારનો વાયુ અંદર આવે છે, અને અંદરનો વાયુ બહાર જાય છે. આ બે છેડાઓનો સંબંધ, શરીરના ભિન્ન ભિન્ન ભાગોમાં હોવાથી, શરીરના દરેક સેંદ્રિય રજકણોમાં ઉષ્ણતા ઉત્પન્ન થાય છે. તેથી શરીર ગરમ રહે છે, શરીરમાં કોઈ પણ પ્રકારની વિષમતા-અશુદ્ધિ-ન હોય, તો આ ઉષ્ણતા શરીરમાં ઠેકઠેકાણે પ્રકાશી રહે છે. અશુદ્ધિ વિનાના

યોગીઓ દેદીપ્યમાન લાગે છે-તેજના અંબારથી ઘેરાયેલા લાગે છે. બેટરીમાંથી મળેલા પાવર જેમ ઘણા પ્રમાણમાં વેરાઈ જાય છે; તેમ મગજ અને બરડામાંથી મળેલી શક્તિ, બહારના વ્યાપારો દ્વારા શ્વાસોશ્વાસદ્વારા અને એ સિવાય બીજી અનેક ક્રિયાઓ દ્વારા, ઘણા પ્રમાણમાં વેરાઈ જાય છે અને શક્તિઓને ***વેરાઇ જતી અટકાવવા માટે જ, પ્રાણાયામનો વિધિ ઋષિઓએ સ્વીકાર્યો જણાય છે.*** પ્રાણનું રુંધન કરવું, મનની વૃત્તિઓ દ્વારા વ્યર્થ રીતે બહાર ચાલી જતી, શક્તિઓને સંયમ દ્વારા સ્થિર કરવી, નવી ઉપાધીઓ ન કરવી, આહાર તદ્દન ઓછો અને સાદો લેવો, વિગેરે ક્રિયાઓથી રજસ્ તમસ્ શરીરમાંથી એકદમ ચાલ્યા જાય છે. તેમાંના મૂળ પણ બળી જાય છે. જ્ઞાનતંતુઓમાં અને ક્રિયાતંતુઓમાં વિદ્યુતનું બળ એકઠું થઈને જ્યાં જ્યાં તંતુઓ આવીને મળે છે, ત્યાં ત્યાં દીવા પ્રગટે છે. ચક્રોમાં પણ અનહદ પ્રકાશ એકઠો થાય છે. બ્રહ્મરંધ્રમાં તો જાણે અનેક સૂર્ય ઉગ્યા હોય, એવો પ્રકાશ પડે છે. આ બધો પ્રકાશ અને તેનું અદ્‌ભુત તેજ, એ કેવળ પ્રાણાયામનું જ ફળ છે. પ્રાણાયામને મુખ્યત્વે કરીને શ્વાસ પ્રશ્વાસની ક્રિયા ઉપર આધાર રાખવો પડે છે.

પ્રાણવિદ્યા અને વિકારો અથવા વિષમતા - કુસંપ એ સર્વ પ્રકારના શારીરિક વ્યાધિઓનું, તેમજ માનસિક અવ્યવસ્થાનું કારણ છે; અને સમાનતા (સંપ) એ સુદૃઢ આરોગ્યનો તેમજ મનની અપૂર્વ શાંતિનો હેતુ છે. કુટુંબમાં, રાજ્યમાં, મનુષ્યોમાં, અને પશુઓમાં ગમે ત્યાં - જ્યાં વિષમતા પ્રવેશ કરે છે, ત્યાં દુ:ખ, અવ્યવસ્થા, કલેશ અને વિનાશ ઉત્પન્ન થયા વિના રહેતાં નથી. જ્યાં જ્યાં સમાનતાથી એટલે એક સંપથી-કાર્ય કરવામાં આવે

છે, ત્યાં ત્યાં સુખ, વ્યવસ્થા, આનંદ અને જીવનની સુદઢ સ્થિતિ હોય છે, તેથી ***યોગસાધકે પોતાના સંબંધવાળા સર્વમાં-શરીરમાં, મનમાં, કુટુંબમાં, સંબંધીઓમાં અને રાજ્યમાં કુસંપ ટાળીને સંપ જમાવવા પ્રયત્ન કરવો જોઇએ.***

આ બાહ્ય વ્યવહારની અસર આપણા મન ઉપર થાય છે, એટલું જ નહિ, પણ આપણે ગમે તેવા વિચાર કરીએ-સંકલ્પ વિકલ્પ કરીએ-તે તમામની અસર આપણા મન ઉપર થાય છે. એટલે પ્રાણમાં અને પ્રાણની અંદર રહેલા પંચ તત્વોમાં, તે વિકાર ઉત્પન્ન કરે છે. તેથી યોગસાધકો અન્યાયનો, ક્રોધનો, લોભનો, વેરનો, દ્વેષનો, નિર્દયતા વિગેરેનો અલ્પ સરખો પણ પ્રવેશ હૃદયમાં થવા દેતા નથી. આ વાત સામાન્ય સમાજ જાણતો નથી. તેથી જ તેઓ અનેક દુ:ખથી પીડાય છે.

આ પ્રમાણે યોગી જ્યારે શરીરના અને મનના સર્વ અણુઓમાં અને તેમના વ્યાપારમાં અવિરોધવાળી સ્થિતિ ઉત્પન્ન કરે છે અને બાહ્ય જગતમાં તથા બાહ્ય જગત્‌ના વ્યવહારમાં અવિરોધવાળી સ્થિતિ ઉત્પન્ન કરે છે, ત્યારે જ તે અપૂર્વ સુખનો અને અપૂર્વ શાંતિનો ભોક્તા થાય છે. આટલા માટે જ યમ અને નિયમને, પ્રાણાયામના અગ્ર ભાગમાં મૂક્યા છે. પ્રાણાયામ અને સમાધિ સિદ્ધ કરવા ઘણા માણસો ફાંફાં મારે છે, પણ યમ નિયમરૂપી બે પગ જેમના તૂટેલા હોય છે, તેઓ પ્રાણાયામની સીડી ઉપર ચડી શકતા નથી.

"અમારા મનની વૃત્તિઓ સ્થિર રહેતી નથી, અમને બરાબર ઊંઘ આવતી નથી, અમને ક્યાંય ચેન પડતું નથી." એવી બૂમ મારનારા આજકાલ ઘણા જોવામાં આવે છે; પણ તેઓ આવા

પ્રકારના સુખના અધિકારી નથી, તેથી આ સબળ સાધન તજીને, જ્યાં જળ નથી છતાં જ્યાં જળ જેવું દેખાય છે-એવા ઝાંઝવાના જળ તરફ તેઓ દોડે છે. તેઓએ વિધિપૂર્વક છ અગર બાર માસ લોમ-વિલોમ પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ, ***ખાવાપીવાની ચરી પાળી શકે નહિ, તે રોગીને માત્રાની દવાઓ અપાતી નથી. અને માત્રાની દવાઓ ન લે, તે રોગી નો રોગ સમૂળો નાશ પામતો નથી.*** તેમ યોગરૂપી માત્રાનું સેવન કરવું હોય, તો પ્રથમ તન અને મનને તપાસી જુઓ. પ્રથમ મલિનતા પડી હોય, તેને ફેંકી ધો.

યાદ રાખો કે- બ્રહ્મસૂત્ર પચીસવાર વાંચો અગર સાંભળો; પંચદશીનું પચાસવાર પારાયણ કરો; ગીતા ગોખીને મુખપાઠ કરો; મોટા સંતની સેવામાં રાત દિવસ ઊઠબેસ કરો; પણ તમારા મનનો કચરો તમારા સિવાય કોઈ બરાબર જોઈ શકશે નહિ; અને તે કચરાને કોઈ તમારા સિવાય કઢાવી શકશે પણ નહિ, હે બંધુઓ, પ્રાણાયામ વિષે આજે મેં તમોને જે બોધ કરેલો છે તે તમામ શાસ્ત્રોના સારરૂપ છે અને તેને વિજ્ઞાનથી સમજાવેલો છે હવે તમોને સમજાયું હશે કે પ્રાણાયામ જેવી બીજી કોઈ ક્રિયા નથી હવે આગળ પ્રત્યાહાર વિષે કહું છું તે લક્ષ દઈ ને સાંભળો-

(પ્રત્યાહાર)

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, આ પંચવિષયો છે તે વિષયોમાં તે તે ઇન્દ્રિય ખેંચાઈ જાય છે. માટે મનવડે કરીને ઇન્દ્રિયોને તેના વિષયોમાં અટકાવી દેવી તેનું નામ પ્રત્યાહાર છે. ***જે વિષયોને જીત્યા વિના જ યોગનો અભ્યાસ કરે છે તેનો યોગ ફુટેલા ઘડાની માફક ગલિત થઇ જાય છે.*** બધા વિષયોમાં પણ

સ્ત્રીનામક જે વિષય છે તે યોગ મારગે ચઢેલાને પણ પાછા પાડે છે. તો ચઢતા યોગીને તો ખાસ ધ્યાન રાખવાનું છે. દરેક વિષયો પ્રત્યે કાબૂ મેળવી પોતાનો અભ્યાસ અખંડિત કરે જવો.

(ધારણા)

કોઈપણ જગ્યા ઉપર મન સ્થિર કરવાની ક્રિયાનું નામ ધારણા છે. ધારણા કરવાના સ્થાન આગળના યોગીજનોએ બહુ બતાવેલાં છે, જેવા કે પર્વતનું શિખર, ઊંચા ઝાડની ટોચ, ઊંચા મકાનનો બુરજ, રાત્રિમાં દીવો, કોઈ તારામાં, ચંદ્રની અંદર, સવારમાં ઉગતા સૂર્યમાં, આથમતા સૂર્યમાં, છેલ્લી એક કલાક, સવારમાં પહેલી એક કલાક એમ મનની રુચી પડે તેમાં ધારણા કરવી. યોગી ગુરૂની ફોટાની અંદર ધારણા બહુ જ ફાયદાકારક છે. ધારણા કરવાને બેસવાનું સ્થાન એકાન્તમાં રાખવું. કોઈ દેખી શકે નહિ તેવું ચંચળ મન આસપાસ ડગી જાય કે લાવીને ધારણાની જગ્યામાં મૂકી દેવું (સ્થળ કરવું) એમ સતત પાંચ છ મહિના ધારણાનો અભ્યાસ કરતાં મન ધ્યાન કરવાને લાયક બની જશે. સાધક જેની ધારણા કરે તેનો તમામ હેતું પોતે કારણો સહિત જાણી શકે છે. યોગી ગુરૂના ફોટાની ધારણા કરવાથી ગુરૂનો યોગ પોતાનામાં પ્રવેશ થાય છે. ધારણાના ફાયદા યોગીજનોએ બહુ જ બતાવ્યા છે. પોતાને અનુભવથી તેની ખાત્રી થશે.

(૭) -: ધ્યાન :-

જેમાં ધ્યાતા, ધ્યાન, ધ્યેય એટલે ધારણા કરનાર પોતે, સામી ધારણાવાળી વસ્તુ, અને પોતાની દષ્ટિ, એ ત્રિપુટી (ત્રણે)ની એક્તા થાય તેનું નામ ધ્યાન. મન તેલની ધારા માફક સ્થિર થઈ જાય છે. તેનું જ નામ ધ્યાન છે. ધ્યાનની સિદ્ધિ થવાથી મનમાં

આઠે પહોર સંસારના દુ:ખસુખ મટી અંતરમાં આનંદ થાય છે. ધ્યાન સુધીના સાતમાં પગથીઆ સુધી વિવેકપૂર્વક પગથીએ, પગથીએ ચઢેલો સાધક અડધો યોગી બની જાય છે તેને પછી પાછા પડવાની ધાસ્તી રહેતી નથી. કેમ કે નિયમસર આગળ વધેલો હોય છે તેથી.

(૮) -: સમાધિ :-

જેમાં ચિત્તની એકાગ્રતા થઇ જવી તેને યોગી લોકો સમાધિ કહે છે. સમાધિ બે પ્રકારે થાય છે. (૧) રાજયોગથી (૨) હઠયોગથી, જ્યાં પ્રાણને મસ્તકે ચઢાવી સ્થિર કરવામાં આવે છે તેને હઠયોગ કહેવામાં આવે છે અને જેમાં મનની લીનતા કરવામાં આવે છે તેને રાજયોગ કહેવામાં આવે છે. અનુભવે એમ સમજાય છે કે બન્નેનું સાથે જ આચરણ કરવું જોઈએ. કેમ કે નામ જુદાં છે પણ ક્રિયામાં ફેર જણાતો નથી, પ્રાણને સ્વાધિન કર્યા વગર મન સ્વાધિન થતું જ નથી, અને મનની લીનતા થયા સિવાય દેહાધ્યાસ ટળતો નથી. રાજયોગના સાધનમાં ત્રણ પ્રકારની ક્રિયાઓ યોગીપુરુષોએ બતાવેલી છે. ત્રાટક, નાદશ્રવણ અને ખેચરી મુદ્રા.

પ્રથમ હઠયોગની ક્રિયા અનુભવસિદ્ધ બતાવું છું તે સાંભળો.

ભસ્ત્રીકા પ્રાણાયામ છ માસ અખંડિત એકાન્તમાં બેસીને કરવો પછી યોગના ચોથા અંગમાં પ્રાણાયામના બતાવ્યા પ્રમાણે ત્રણસો માત્રાની ગણતરી સુધી જ્યારે પ્રાણનો કુંભક રહે ત્યારે ત્રણ બંધ ખોધવા.

-: ત્રણ બંધ :-

***મુળબંધ*:**- ડાબા પગની એડીને લિંગની અને ગુદાની વચમાં

મદયભાગે જોરથી દબાવીને સિદ્ધાસનથી બેસવું.

ઊડીયાનબંધ - પેટની નાભિને જોરથી પીઠના તરફ તાણવી- પાછલી-કરોડ-મેરુદંડને અડે ત્યાં સુધી

જાલંધર બંધ - મુખની દાઢીને ગળાના કાકડા ઉપર દબાવીને ગોઠવવી તે.

મુળબંધકરવાથી પ્રાણવાયુ અને અપાનવાયુ બન્ને એક થાય છે. ઊડીયાનબંધ કરવાથી એક થયેલો વાયુ મેરુદંડમાં પેસીને ઉપર ચઢવા લાગે છે. જાલંધરબંધથી મસ્તકની નાડીઓમાં જતો વાયુ રોકાઈને બ્રહ્મરંધ્રમાં જાય છે. જેથી પ્રાણાયામ સાથે ત્રણ બંધની ક્રિયા શરૂ કરવી. રોજના અભ્યાસે ધીરે ધીરે પ્રાણવાયુ પ્રથમ મુળાધાર ચક્રમાં જશે. તે ચક્રનો માર્ગ સીધો કરીને આગળ સ્વાધિષ્ઠાન ચક્રમાં જાય છે, ત્યાંથી આગળ નાભિચક્રમાં જઈને સ્થિર થાય છે. નાભિચક્રના નીચે કુંડલિનીનું સ્થાન છે તે કુંડલી સાડા ત્રણ વાંટાવાળું નાડીનું ગુંચળું છે, તેમાંથી તમામ નાડીઓ નીચે ઉપર ગયેલી છે વળી બધી નાડીઓમાં મુખ્ય ત્રણ નાડીઓ જાણવાની છે.

૧. ઇંડા- ડાબી જેને ગંગા તથા ચંદ્ર નાડી કહેવામાં આવે છે.

૨. પીંગળા- જમણી જેને જમુના તથા સૂર્ય નાડી કહેવામાં આવે છે.

3. સુષુમણા- જેને સરસ્વતી તથા મધ્યમાં નાડી કહેવામાં આવે છે.

ત્રણ નાડીઓમાં સુષુમણા નાડી જ યોગની સિદ્ધિ કરાવવાવાળી છે. કુંડલીનું ગુંચળું સુષુમણા નાડીનું મુખ બંધ કરીને

પડી રહેલું છે એમ યોગી પુરુષો લખે છે તે નાભિચક્રમાં પ્રાણ જવાથી, તે અગ્નિના તાપથી, તથા લોમ વિલોમ પ્રાણાયામના ધક્કાથી કુંડલિની દૂર ખસી જાય છે અને સુષુમણાનો માર્ગ ખુલ્લો થઇ જાય છે એટલે ત્યાંથી પ્રાણવાયુ તમામ કફ પિત્તનું શોષણ કરતો આગળ હૃદયચક્રમાં જાય છે અને ત્યાંથી રોજના અખંડિત અભ્યાસે બ્રહ્મરંધ્રમાં જઇને સ્થિર થાય છે પછી ત્યાં સાધક પુરુષ ધ્યાનના બળે રોકી રાખીને પાછો સુષુમણા નાડીથી ધીરે ધીરે ઉતારીને બહાર કાઢી દે છે, (રેચક કરી દે છે) યોગીજનો એને બંકનાળ માર્ગ પણ કહે છે. કોઇ યોગીજનો નાભિચક્રનો પશ્ચિમ માર્ગ પણ કહે છે. રોજના પ્રાણાયામના અભ્યાસે ધીરે ધીરે પ્રાણવાયુ મસ્તકમાં ચઢી શકે છે. પ્રાણાયામ વખતે જ્યારે ત્રણસો માત્રાની ગણત્રી થાય છે. એટલો પ્રાણવાયુ અંદર રોકી શકાય તો પછી ભસ્ત્રીકા બંધ કરવો અને એકદમ જ ખેંચી અંદર પુરક કરી કુંભક કરી દેવો જેથી ધીરે ધીરે તમામ કફ જાળ સાફ કરતો કરતો રોજના અભ્યાસના બળે પ્રાણવાયુ મસ્તકમાં પહોંચી જશે, ત્યાં થોડો ટાઇમ રોકીને પાછો ઉતારી લેવો. આ ક્રિયા ચાલતી હોય તે વખતે ખોરાકમાં માત્ર દૂધ જ પીવાનું રાખવું. શાથી કે પેટનો ભાગ ખાલી રહેવાથી પ્રાણવાયુ જલ્દી ચઢી શકે છે. યોગના સાધકે ખોરાક જેમ બને તેમ ઓછો અને હલકો તથા એક જ ટાઇમ લેવાની જરૂર છે. વધુ નહિ. બીજા ટાઇમે રાતના ભુખ લાગે ત્યારે દૂધ પી લેવું. પ્રાણવાયુ મસ્તકમાં સ્થિર થઇ જાય છે ત્યારે ત્યાં અંતરદષ્ટિથી ચરાચર જગત અને ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ કાળની બીનાને પોતે જોઇ શકે છે, જેવી રીતે ઉંઘેલા માણસ સ્વપ્નમાં અનેક વસ્તુઓ દેખે છે એવી જ રીતે પોતે તમામ જગતની રચના તેના હેતુ (કારણ) સહિત જાણી શકે છે. લાંબા અભ્યાસે આખા શરીરનો

પ્રાણવાયુ મસ્તકમાં એકઠો થવાથી સંકલ્પબળે જેના અંદર પોતે જવા ધારે છે, તેમાં સુખથી જઇ શકે છે તથા ધ્યાનમાં બ્રહ્મજ્યોતિ (આત્મા) નાં દર્શનથી એટલો આનંદ મેળવે છે કે તે આનંદનું વર્ણન હું પોતે કરી શકતો નથી. માત્ર તેનો અનુભવી જ તે આનંદને જાણે છે. આ સિવાય હઠયોગના બીજા બહુ પ્રકાર હશે પણ અમારા અનુભવમાં જે જે આવ્યું છે તે જ અહીં બતાવેલું છે. જેથી બીન અનુભવવાળી ક્રિયામાં ન ફસાતાં આ અનુભવસિદ્ધ હઠયોગનું પાલન કરવાથી યોગીપુરૂષ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થનો અધિકારી બનશે. આહાર અને વિહાર એ બે બાબતો ઉપર પુરતું ધ્યાન આપવાનું છે. આ અનુભવ યોગની ક્રિયા છે. તે કોઇ યોગના પુસ્તકનો ઉતારો કરીને બતાવેલી નથી. પણ અમારા યોગી ગુરૂના ઉપદેશ અનુસાર સ્વયં (જાતે) અભ્યાસ કરી તમામ યોગનાં તત્વો બતાવવામાં આવેલાં છે. તેનો અભ્યાસ કરી અનુભવ લેવા જેવઙ.

(રાજયોગ)

રાજ્યોના ત્રણ વિભાગ આગળના યોગી પુરુષોએ બતાવેલા છે.

૧. ***નાદશ્રવણ.*** - એકાન્ત જગામાં પદ્માસનથી બેસવું સારા સુંવાળા લાકડાના દાટા (જેને યોગીએ કર્ણમુદ્રા કહે છે) થી કાન બંધ કરીને મનની વૃત્તિ એકાગ્ર કરી આંખો બંધ કરી દ્રષ્ટિને ભ્રકુટિમાં જોડી અનાહત નામના ચોથા ચક્રમાં નાદનો ધ્વનિ થાય છે. તે લક્ષ રાખીને સાંભળ્યા જવું. એ નાદ શરીરમાં ચાલતા વાયુ તથા લોહીના ફરવાની ગતિનો છે. એમાં ખાસ ખૂબી છે કે દિવસે દિવસે અભ્યાસના વધવાથી નાદ જુદા જુદા સંભળાતા જાય છે.

જેને યોગીઓ નાદાનુસંધાન પણ કહે છે. લાંબા અભ્યાસના યોગે એ નાદ મનને એટલો પ્રિય થઈ જાય છે કે જેવી રીતે વીણાના નાદથી મૃગ(હરિણ) દેહશુદ્ધિ પણ ભૂલી જાય છે તેવી જ રીતે સાધકને તમામ બાબતોનું વિસ્મરણ થઈને કેવળ નાદમાં જ આનંદ રહ્યા કરે છે. (યત્ર:યત્ર:મનોયાતિ તત્ર નત્ર સમાધય) જ્યાં જ્યાં મનની લીનતા ત્યાં ત્યાં સમાધિ. એ કહેવત અનુસારે પોતે અભ્યાસમાં બેસે ત્યાંસુધી મનની સ્થિરતા થઈ જાય છે. નાદના દશ પ્રકાર બતાવેલા છે તે સાધકને અનુભવે માલમ પડશે. પ્રથમથી તેનો ભેદ ખોલી નાખવાથી સાધકની કલ્પના વધી જાય છે અને તેથી કલ્પના વડે જ માની લે છે એટલે સાધનાનો માર્ગ બતાવવો, પણ તમામ તેનું ફળ કહી ન બતાવવું. કેમ કે જ્યારે ફળ સુદ્ધાંત બતાવી દીધું તો સાધકને પહેલાંથી જ માલમ પડી જાય કે અમુક અભ્યાસ અમુક રીતે થાય છે તેનું ફલ અમુક છે પછી પોતે તેનો અભ્યાસ જ કરતા નથી પણ બીજાઓને કરવા સારુ ફળ સહિત તેનો બોધ આપવા લાગી જાય છે. હાલમાં આ કારણથી જમાનો વાણીવિલાસી થઈ ગયો છે. નાદશ્રવણથી મનને બહુજ આનંદ આવે છે. જેથી રોજ વધું નહિ તો એક કલાક અભ્યાસ કરતા રહેવું. કાનના દાટા શરૂઆતમાં જોરથી બેસાડવા નહિ, લાંબા વખતના અભ્યાસે આયુષ્યની વૃદ્ધિ થાય છે. શરીરમાં ચાલતાં તત્વોનું ભાન થાય છે. મન થોડે થોડે વિષયવાસનાઓથી નિવૃત્તિ થતું જાય છે. વૈરાગ્યવૃત્તિ રહ્યા કરે છે, નાદાનુસંધાનમાં કેટલાય લાભ છે તે સાધન કરતાં અનુભવ થશે.

૨. *ત્રાટક* - કોઈ એકાન્તમાં સ્થિર ચિત્તથી બેસીને ઈષ્ટદેવની મૂર્તિમાં અગર ફોટામાં અગર જ્યાં મનની રુચિ પડે તેમાં પોતાની દૃષ્ટિ જોડવી. જેવી રીતે કોઈ નિશાનબાજ પોતાના નિશાનને તાકે

છે એવી રીતે પોતે આંખની પલક ના મારતાં એકી નજરે સામા જોઈ રહેવું. પ્રથમ શરૂઆતમાં આંખમાંથી પાણી નીકળવા લાગશે. પછી લાંબા અભ્યાસે બંધ જશે અને દૃષ્ટિ સ્થિર થઈ થશે. સામી વસ્તુમાંથી શા શા અનુભવો થાય છે તે સાધકે જોવા. એથી શારીરિક લાભ એ થાય છે કે મગજની ગરમી તમામ નીકળી જઈને દૃષ્ટિનું તેજ વધે છે. મનની અને આસનની સ્થિરતા થાય છે, જેથી આ સાધન પણ બને તો સાંજ સવારે એક એક કલાક કરવા જેવું છે.

૩. ખેચરી મુદ્રા - કોઈ અનુભવી વૈદ અગર ડૉક્ટર પાસે પ્રથમ જીભની તળેની ધોરી નસ કપાવવાનો અભ્યાસ કરવો. દર અઠવાડિયે એક વખત કાપ મુકવવો અને તેના ઉપર હરડાં તથા સિંધવ ખાર બન્ને વાટીને તેની ભૂકી દબાવવી એમ યોગીઓ બતાવે છે. (મારા માટે વૈદ ટીંચર આયોડિન લગાડતા હતા.) પહેલાંનો કાપ મટી જાય કે પછી બીજો કાપે તેના મુળમાં કરવો અને સાંજ સવારે જીભને દોહન તથા ચાલન કરવી જેથી લાંબી થાય અને કાપેલા ઘા ચોંટી જાય નહિ. ભેંસના આંચળને જેમ દુહે છે તે રીતે જીભ ઉપર ઘી ચોપડીને દોહન કરવું. (ખેંચીને લાંબી કરવી.) આસપાસ તાણવી તેને ચાલન કહે છે. જ્યાં સુધી જીભ પાછી વાળી તાળવાના ઘટીકાને અડી શકે નહિ ત્યાંસુધી છેદન, દોહન ચાલુ રાખવું. અત્યારના હોંશિયાર ડોકટરો એકી વખતે કાપી આપવા તૈયાર છે પણ તેમ કરવાથી ભારે જોખમ ખેડવું પડે છે ને આખરમાં જોઈતો લાભ મળતો નથી. જેથી થોડે થોડે ત્રણચાર માસે આ કામ પૂરું કરવું જોઈએ. જીભને ગળામાં જતાં નાડી અટકાવે છે માટે તેને છેદન કરવાની જરૂર છે. જીભ પાછી ઉલટાવી ગળાની અંદર ચઢાવી તાળવાના છિદ્રમાં પેસી જાય એટલે દોહન,

ચાલન કરવાનું કામ બંધ કરવું. ચાર આઠ દિવસે દોહન ચાલન એક વાર કરતા રહેવું. જેમ જેમ જીભ લાંબી થાય તેમ તેમ સાધકને વધુ ફાયદો પડે છે. પછી સાંજ સવારે પદ્માસન વાળી જીભ તળાવે ચઢાવવી. દષ્ટિને ત્રિપુટીમાં જોડી દઇ ને અવકાશને અનુસાર બેસવાનો અભ્યાસ કરવો, શારીરિક તથા માનસિક બન્ને પ્રકારના ફાયદા ખેચરીના સાધકને થાય છે તેમાં માનસિક ફાયદા અનુભવે જ જણાશે. હવે શારીરિક ફાયદા બતાવું છું. જેમ ચુલા ઉપર મૂકેલા વાસણમાં તાપના જોરથી વરાળ બનીને તેનું પાણી ઉપરના ઢાંકણને વળગે છે એવી રીતે જઠરાગ્નિના તાપથી લોહીના ગરમાવાની વરાળ મગજે અથડાય છે અને ત્યાં તેના પાણીનાં બિંદુઓ બને છે તે બિન્દુનો રસ એકઠો થઇ જીભ ઉપર આવે છે. જે વસ્તુ જીભને મળે તે હૃદયમાં જાય. હૃદયમાં ગયેલી વસ્તુનો ફેલાવો આખા શરીરમાં થાય છે. એ રસ તમામ સત્વોનું સત્વ છે, તેને રોજ પીવામાં આવે છે. તે રસથી શરીરની કાન્તિ તેજસ્વી બને છે, ભૂખ લાગતી નથી. આયુષ્ય લાંબુ થાય છે, ચિત્તવૃત્તિ શાન્ત રહે છે. જેણે ખેચરીનું સાધન નથી કરેલું તેને તે રસ અંદર શોષાઇને કફ બને છે. તે કફ કાંતો બહાર નીકળી જાય છે કે કાંતો સીધો જઠરમાં જઇ મળદ્વારે જાય છે. તેથી તેની અસર બીજાઓને થતી નથી. અને ખેચરીના સાધકને થાય છે. ખેચરીનો અર્થ પ્રથમ સમજી લેવાનો છે. ચર એટલે ચારો-ખોરાક, ઇંદ્રિયોમાં જીહ્વા ઇંદ્રિયનો ખોરાક. "ખે" નો અર્થ અદ્ધર એવો થાય છે. કેમ કે ભુચર, વનચર, જળચર અને ખેચર, કોઇ નભચર પણ કહે છે.

ખેચર એટલે જીવને ઊંચેથી મળનારો ખોરાક. ઘણા પ્રકારની મુદ્રાઓ યોગી પુરુષોએ બતાવેલી છે તે સહુમાં શિરોમણી ખેચરી

મુદ્રા જ છે. જે સાધક બરોબર રીતે તેનું સાધન કરે છે તે ધર્મ, અર્થ, કામ, મોક્ષનો અધિકારી થાય છે. એમ યોગીજનોનું કહેવું છે. ખેચરી મુદ્રાથી આઠ દસ દિવસ સુધીનો ખોરાક બંધ કરી અનુભવ કરી જોયો છે. દસ દિવસ સુધીનો આનંદ રહ્યા કર્યો છે. આગળની માલમ નથી. ગૃહસ્થાશ્રમી હોવાથી ઘરનાં માણસો કલેશ કરવાને કારણે અગીયારમા દિવસે સાધારણ રીતે ખોરાક લેવો પડેલો. પછી રોજ બપોરના સાધારણ ખોરાક લેવામાં આવે છે, મન આનંદિત રહે છે. જીભ તાળવે ચઢાવીને સિદ્ધાસને બેસીને પ્રાણાયામ વડે પ્રાણનો કુંભક કરતાં માલમ પડેલું છે કે રાજયોગ અને હઠયોગ બન્નેનું પાલન કરવાનું છે. ઉપર મુજબ ખેચરીનો અનુભવ થયેલો છે. આયુષ્યના વધારામાં તો હજુ આગળ સમજાય તે ખરું. કેમકે હાલમાં ઉમ્મર વરસ ૪૦ની છે. તમામ યોગ વિષયો અનુભવો કરીને જ બતાવેલા છે. તેથી સાધકે વિવેકપૂર્વક બતાવેલા યમનિયમોનું પાલન કરી પગથીએ પગથીએ ચઢશે તો પૂર્ણ યોગી થશે એમ સમજવું.

ધ્યાનના અંગમાં આગળના યોગીઓએ બે વિભાગ પાડેલા છે. સગુણ અને નિર્ગુણ. તેમાં જે મૂર્તિનું ધ્યાન કરતા મનની એક્તા થઈ જવી તે સગુણ ધ્યાન છે. સગુણ ધ્યાન વિશે આગળ કહેલું છે. (શિષ્યને ગુરૂએ પાસે બેસાડી શ્રીકૃષ્ણની મૂર્તિનું ધ્યાન કરાવેલ છે તે) અને કેવળ જ્યોતિરૂપ નિરાકાર ધ્યાનમાં મનનો લય થવો તે નિર્ગુણ ધ્યાન છે. ત્રાટકમાં તે વિધિ આવી જાય છે, તેથી અહીં બતાવેલ નથી. યોગના આઠ અંગો નોખા નોખા પાડીને તેના ફળ સહિત બતાવેલા છે, છતાં તેના સાધકને જો પૂરી ખબર પડે નહિ તો યોગી ગુરૂની પાસેથી તમામ યોગક્રિયા સમજી લેવી

અને પછીથી તેનો અભ્યાસ શરૂ કરવો.

યોગની વાતોથી સિદ્ધિ થાય તેમ નથી, કરવાથી જ થશે. જેથી સંસારની ખટપટમાંથી નવરાશ લઈ સાંજ સવાર એકએક કલાક યોગનો અનુભવ કરવો જરૂરનો છે. આ અનુભવયોગ પ્રકાશથી શારીરિક તેમજ માનસિક બન્ને ફાયદા થશે. એમ શ્રી યોગાશ્રમના મહાત્મા, સ્વામીજીને તથા ભગતજીને સંબોધીને બોલ્યા.

મહાત્મા- બંધુઓ, આ યોગનો ઉપદેશ તમામ યોગના પુસ્તકોનો શિરોમણી માનીને તેનું આચરણ કરજો. કેમ કે અનુભવસિદ્ધ બધી ક્રિયાઓ મૂકેલી છે એટલે કોઈ વાતે ડર રાખવા જેવો નથી. ભૂત-ભવિષ્યની વાતોનું ભાન થવું અને બીજાના મનની વાત સમજી જવી એ તમામ યોગીની સિદ્ધિઓ જ છે. જાલંધરનાથ, મચ્છંદરનાથ, ગોરખનાથ, શ્રી શંકરાચાર્ય વિગેરે જે ચમત્કારો બતાવી ગયા છે, તે તમામ યોગમાર્ગની જ સિદ્ધિઓ છે. માટે એમાં જે શ્રદ્ધા રાખી અખંડિત અભ્યાસ કરશે તે જરૂર સિદ્ધિનો લાભ લેશે. સાધકે એકદમ સિદ્ધિની ભાવના કરવી નહિ. દરેક અભ્યાસ વિધિસર આસ્તિક ભાવથી કર્યા જવો. પાછલાં કર્મોનો યોગથી વહેલો નાશ થઈ જાય તેથી તે કર્મોનો લય થતાં આપોઆપ જ યોગની સિદ્ધિઓ પ્રાપ્ત થવા લાગશે, વચમાં ડગી જવું જોઈએ નહિ. દેવતાઓની પ્રેરણાથી સાધકને પાછાં પડવાનાં ઘણાં બહાનાં આવી જાય છે. જેવી રીતે પ્રથમ અવસ્થામાં નિંદા, અન્નવસ્ત્રાદિકની તંગી, કુટુંબકલેશ, શરીરવ્યાધિ વગેરે બનવા છતાં પણ સાધક આગળ અભ્યાસ ચલાવ્યા જ જશે તો સિદ્ધિ રૂપે પાછા પડવાના કારણો બનવા લાગશે. જેમ કે લોકોમાં યશ, માનવપૂજા, દ્રવ્યની પ્રાપ્તિ, સ્ત્રીઓનો સમાગમ તથા પ્રેમભાવ,

શરીરની કાન્તિ તેજસ્વી થવી, ઇચ્છિત વસ્તુઓ આવી જવી એ પણ યોગમાર્ગમાંથી પાછાં પડવાનાં કારણો દેવોની પ્રેરણાથી જ બની જાય છે તેને પણ પોતે ન લેખવતા આગળ વધુ ને વધુ નિયમસર સાધના ચલાવે જાય છે તે જ આત્મદર્શનનો તથા મોક્ષનો અધિકારી થાય છે. ખોરાકમાં ઘઉં, ચોખા, મગ, બાજરી, ઘી, દૂધ, વગેરે સાધકને પથ્ય છે. યોગાભ્યાસીએ કુપથ્યનું કદી જ સેવન કરવું નહિ.

એક કહેવત છે કે સાધુ ભોગી નહિ અને યોગી રોગી નહિ. સાધુ ભોગી લાગે તો જાણો કે એ સાચો સાધુ નથી. મનથી વૈરાગ્ય થયા વગર જ સાધુ થયો છે એમ સમજવું અને યોગી રોગી લાગે તો જાણો કે પોતે અનુભવ વિનાના પુસ્તકો વાંચીને કરે છે અગર તો યોગી ગુરૂ વિના કરે છે આ બે કારણોથી જ રોગી થાય. નહિ તો રોગ હોય તે પણ મટી જાય તો પછી નવીન થાય શા માટે ? તમામ યોગનો સાર કહી બતાવ્યો તેનું વિવેકથી પાલન કરજો.

શિષ્યઃ- હે દયાસાગર ગુરૂદેવ, આપના મુખ કમળમાંથી ચાલતી ઉપદેશરૂપ અમૃતધારાએ તો અમારો માનવ ફેરો સફળ કરી નાખ્યો છે, હવે અમોને ગૃહસ્થાશ્રમીઓને પાલન કરવાનો નિત્યાચાર ઋષિમુનિઓના પ્રમાણોથી સમજાવવાને કૃપા કરો :

ગુરૂઃ- હે ભાઇ, હવે મારે સાયંસધ્યાનો સમય થયો છે તેથી તમોને નિત્ય નિયમ વિશે કાલે સમજાવીશ. હવે એક ભજન ગાઇને આપણો સમાગમ વિસર્જન કરીશું. એમ કહીને એક સમાધિ વિશેનું ભજન બોલ્યા.

ભજન-તાલ-બનઝારા

મહાદેવ કહે નિર્વાની સુન ગિરજા અમર કહાની ।।ટેક।।
જબ પ્રાણ અપાન મિલાવે તબ કુંડલિની ઉઠ જાવેજી ચડે સુન શિખરમેં પ્રાણી....સુન
જહાં ભમર ગુફા મુખદાઇ યોગીજન દયાન લગાઇજી સબ કાયા શુદ્ધ બિસરાની....સુન.
નહિ જીવ કલેવર માંહિ તબ કાળ આય ફિર જાઇજી કર શકે નહિ કછુ હાહિ....સુન.
તબ યોગી પ્રાણ ઉતારે બ્રહ્માનંદ અમર તન ધારેજી મમ વચન સત્ય કર માની....સુન.

ભજન પુરું થયું. શ્રી સદ્‌ગુરૂની જય બોલાવી મહાત્મા નદી પર સ્નાનાર્થે ગયા અને ત્રણે જણા પોતપોતાને મુકામે ગયા.

ઈતિશ્રી ગુરૂ-શિષ્ય સંવાદ નો યોગમાર્ગવર્ણન

નામનો પાંચમો વિશ્રામ સંપૂર્ણ.

જય ગુરૂદેવ

નિત્યાચાર - પાલન

શ્રી ઇશ્વરપ્રાર્થના

ભુજંગી છંદ

प्रभु पुर्ण विश्वास तारो अमारे,
महासंकटे रे चढो नाथ वारे ।
अमारी स्थितिओ तमे लक्ष धारो,
दयासागरा सत्य आधार तारो ।
खरा भेद तारा न कोइज पाम्या,
यथाज्ञान तर्को करीने विराम्या ।
अमो जाणीए शुं तमारा विचारो,
दयासागरा सत्य आधार तारो ।
तमे सत्य धार्यु हशे ते ज थाशे,
अमारुं विचार्यु सहु वृथा जाशे ।
तमारा गणी आप अमने उगारो,
दयासागरा सत्य आधार तारो ।
तमारुं रुडु ध्यान नित्ये करावो,
महाकष्टमां धैर्य पूरुं धरावो ।

क्षणभंगुर घाट छे रे अमारो,
दयासागरा सत्य आधार तारो ।
अमो पापीओ पामरो अल्प प्राणी,
कृतिओ नथी तुं थकी रे अजाणी ।
निवारो तमे कृरताना विकारो,
दयासागरा सत्य आधार तारो ।
अहंकार मिथ्या अभिमान मोटां,
करीए अमे मुर्खताथी ज खोटा ।
अरे रंकने रायनो एक आरो,
दयासागरा सत्य आधार तारो ।

બીજા દિવસે પ્રાત:કાળમાં શૌચ સ્નાનાદિકથી પરવારી ત્રણે શિષ્યો ભગત, સ્વામી, મુખ્ય શિષ્ય, ગુરૂદેવ માટે સારા ફૂલોના હાર તથા પ્રસાદમાં ઉત્તમ મેવા ફળ વિગેરે સાહિત્ય લઈ ત્વરાથી શ્રી યોગાશ્રમે આવી ગયા. ત્યાં મહાત્મા પોતાના નિત્ય નૈમિત્તિક કર્તવ્યોથી પરવારી તેઓની રાહ જોતા બેઠેલા હતા. ત્રણે જણાએ પાસે જઈ ફૂલહાર ચઢાવી ભેટ સામગ્રી આગળ ધરી વિવેકપૂર્વક સામે બેઠા.

મહાત્મા કહે: બંધુઓ, યોગીજનોને તમામ સિદ્ધિઓ આપોઆપ જ આવી જાય છે તે તમો જોઈ લો. આ મારી લાવેલી સામગ્રીનો બધા પ્રસાદ કરી વહેંચી ખાવ. સાચા સાધકે ખાનપાન તથા પૂજનની સિદ્ધિમાં કદી ફસાવું નહિ. જો ફસાયા તો ચાલતા અભ્યાસથી જરૂર પાછા પડી જવાશે. એમ કહેતાં મુખમુદ્રા ઉપર ગંભીર લાલી છવાઈ ગઈ. પછી શાન્તપણેથી બોલ્યા, ભાઈઓ, તમારા ગઈ કાલના પૂછેલા પ્રશ્નમાં નિત્યાચારના પાલન વિશે હું

સંક્ષેપમાં તમામ નિયમોનો ટૂંકસાર જણાવું છું. કેમકે હાલના પ્રવૃત્તિમય જીવનમાં વિસ્તારવાળો આચાર બની શકે તેમ નથી, જેથી આ બતાવેલ નિયમ તો જરૂર પાળજો જ. એટલા પાલનથી પણ તમારી આશાઓ પૂર્ણ થશે. પ્રથમ મુખ્ય બાબત એ છે કે દરેક શુભકાર્યમાં સ્વરનું પાલન કરી તે કાર્ય કરવું જેથી સફળ થાય. તે વિષે હું શિવ સ્વરોદયમાંથી કહું તે લક્ષપૂર્વક સાંભળો.

સ્વરોદય - આ સ્વરોદય જાણનારને તિથિ, નક્ષત્ર, ગ્રહ, દેવતા, ભદ્રા, વૈધૃતિ, વ્યતિપાત આદિ કોઈ જાતનો દોષ બાધ કરી શક્તો નથી. આમાં કોઈ પ્રકારનો કુયોગ નથી. જ્યારે શુભ સ્વર ચાલતો હોય ત્યારે સંપૂર્ણ સ્વર શુભ જ છે એમ ધારવું, આ દેહમાં અનેક રૂપોવાળી બહુ જ નાડીઓ વિસ્તરેલી છે. એની સંખ્યા બોત્તેર હજારની છે. મધ્ય ભાગમાં એટલે નાભિની તળે સર્પાકાર સુતેલી કુંડલિની શક્તિ છે. તેના અંદરથી મુખ્ય વીસ નાડીઓ ફુટેલી છે. તેમાંથી દસ નીચે ગઈ છે અને દસ ઉપર ગઈ છે. તેમાં ઉપર ગયેલી દસ નાડીઓ જાણવા જેવી છે. તેનાં નામ-ઇંડા, પીંગળા, સુષુમણા, ગાંધારી, હસ્તી, જીહ્વા, પૂષા, યશસ્વિની, અલંબુષા, કુંહું અને શંખિની. ડાબા નસ્કોરામાં ઇંડા અથવા ચંદ્ર નાડી. જમણા નસ્કોરામાં પીંગળા અથવા સૂર્ય નાડી અને મધ્યે ભાગમાં સુષુમણા છે. ડાબી આંખમાં ગંધારી, જમણી આંખમાં હસ્તી, જીહ્વા ડાબા કાનમાં, યશસ્વિની જમણા કાનમાં, પૂષા મુખમાં, અલંબુસા લિંગમાં, કુંહુ ગુદામાં, શંખિની દેહની મધ્યમાં. જે પ્રાણવાયુ ચાલે છે, તે ઇંડા, પીંગળા અને સુષુમણા ડાબી નાડી છે તે અમૃતરૂપ બધા જગતની પોષક છે. માટે દરેક શુભ કાર્ય ડાબી નાડીથી જ કરવું જોઈએ. કેમ કે તે સિદ્ધિદાયક છે. કંઈ બહાર

જવામાં નીકળતી વખતે ડાબી નાડી અને પ્રવેશ વખતે જમણી ચાલે તો જરૂર કાર્ય સિદ્ધ થાય છે, અકેકો સ્વર અઢી અઢી ઘડી વહે છે, મધ્ય સ્વર વહેતો હોય તો યોગાભ્યાસ વા ઈશ્વર ભજન વિના કંઈપણ કરવું નહિ. રાતે સૂર્ય સ્વર વધુ ચાલવો જોઇએ. જો રાત્રે ચંદ્ર સ્વર વધુ ચાલે તો શરદીનો રોગ થઈ જાય, દિવસે ચંદ્ર સ્વર વધુ ચાલવો જોઇએ. જો દિવસે સૂર્ય વધુ ચાલે તો જરૂર ગમે તે ગરમીનો ઉપદ્રવ થાય. માટે જો કુદરતી રીતે રાત્રે સૂર્ય નાડી ન ચાલે તો પોતે જાતે ચલાવવી. ડાબી નાસીકામાં ચીંથરાનો ડુચો જરીવાર દાબી રાખવો એટલે તે નાડી બંધ થઈ બીજી ચાલવા લાગશે. ચંદ્ર નાડી શીતળ છે અને સૂર્ય નાડી ગરમ છે. રાત્રિના દેહનો વ્યાપાર બંધ હોવાથી ગરમીનું પ્રમાણ ઓછું પડે તે વાસ્તે કુદરતી રીતે જ તે સૂર્ય નાડી ચાલ્યા કરે છે. આ દેહ પંચતત્વોથી બનેલો છે તેથી એ પાંચ તત્વોનું પ્રમાણે અંદર રહ્યા કરે છે. પ્રથમ વાયુ તત્વ, બીજું અગ્નિ તત્વ, ત્રીજું પૃથ્વી તત્વ, ચોથું જળ તત્વ અને પાંચમું આકાશ તત્વ. એક નાડી બદલાઇને બીજી ચાલે એટલામાં પાંચે તત્વ ફરી વળે અર્થાત્ અઢી ઘડીમાં પાંચે તત્વ ચાલી જાય છે. પ્રથમ થોડા દિવસ ચિત્ત એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવો. કેમ કે એકાગ્ર ચિત્ત વિના તત્વોની ઓળખાણ બરાબર પડતી નથી. જ્યારે ચિત્ત એકાગ્ર થાય ત્યારે એકાન્તમાં બેસી બે હાથના અંગૂઠા વડે બે કાન, બે આંગળીઓ વડે બે આંખો અને બાકીની બબ્બે આંગળીઓ વડે બે નાક બંધ કરી મુખ વડે શ્વાસ ખેંચી મુખ બંધ કરી ત્રિપુટીમાં જોવું એટલે જે તત્વ ચાલતું હશે તેવો રંગ દેખાશે.

પૃથ્વી તત્વનો પીળો રંગ, જળનો ધોળો, અગ્નિ તત્વનો લાલ, વાયુનો શ્યામ, આકાશ તત્વનો નીલ વર્ણ, પ્રાણવાયુ પણ

તત્વોની ગતિના પ્રમાણમાં જ ચાલે છે, માટે શ્વાસની ગતિથી પણ તત્વ ઓળખી શકાય છે.

શ્વાસ ચાલતો હોય એ જ ગતિથી ચાલવા દેવો અને હાથ વડે નાકમાંથી નીકળતા શ્વાસને જોવો. જો વાયુ તત્વ ચાલતું હશે તો આઠ આંગળ લાંબી સેડ વાગશે. અગ્નિ તત્વનો ચાર આંગળ, પૃથ્વી તત્વનો બાર આંગળ, જળ તત્વનો સોળ આંગળ. હવે વાયુ, આકાશ, અગ્નિ એ તત્વમાં શુભ કામ કદી કરવું નહિ. જળ તત્વ અગર તો પૃથ્વી તત્વ એ બે જ શુભ કામને માટે સારાં છે. જેને શુભ કાર્યને માટે બહાર જવું હોય તો જળ અથવા પૃથ્વી તત્વમાં ચંદ્ર નાડી ચાલતી હોય અને જાય તો જરૂર કાર્ય સિદ્ધ થાય. વળી જો કોઈ પરદેશીના સંબંધીમાં પ્રશ્ન કરે અને સૂર્ય નાડી ચાલતી હોય અને વાયુ તત્વ ચાલતું હોય તો તેને કહેવું કે તે બીજી જગ્યાએ જવાને ચાલી નીકળ્યો છે. જો પ્રશ્ન સમયે ચંદ્ર નાડી અને જળ તત્વ ચાલતું હોય તો તેને કહેવું કે તે માણસ આવે છે. જો ચંદ્ર નાડીમાં પૃથ્વી તત્વ ચાલતું હોય તો કહેવું કે તે ત્યાં ખુશીમાં છે; અને જો સૂર્ય નાડી ચાલતી હોય અને અગ્નિ તત્વ ચાલતું હોય તો જરૂર કહેવું કે તે બહુ જ બિમાર છે; અને સુષુમણા નાડી ચાલતી હોય અને આકાશ તત્વ ચાલતું હોય તો ચોખ્ખી રીતે કહી દેવું કે તે મરી ગયો, આ દેહમાં પૃથ્વી પચાસ પળ, જળ ચાળીસ પળ, અગ્નિ ત્રીસ પળ, વાયુ વીસ પળ, અને આકાશ પાંચ પળ, ક્રમથી દસ દસ પળ ઓછું હોય છે. જો સ્ત્રી ઋતુમાંથી નાહીને પછી પાંચ સાત એવા વિષમ દિવસોમાં રાત્રે બાર વાગ્યાના સમયે સ્ત્રીનો ચંદ્રસ્વર અને પુરુષનો સૂર્ય સ્વર અને જળ તત્વ ચાલે તે જ વખતે સંગમ કરે તો વંધ્યા સ્ત્રી પણ દેવરૂપ જેવા પુત્રને જન્મ આપે, એમાં જરા પણ ફેર નથી. વળી પોતાની સૂર્ય નાડી ચાલતી હોય

અને જો કોઇના સામી તકરાર થાય તો જરૂર જાણવું કે તેની પણ સૂર્ય નાડી ચાલે છે. તેથી ગમે તો સામું માણસ આપણાથી ન્હાનું હશે અથવા મોટું હશે, પુરૂષ હશે વા સ્ત્રી હશે પણ આપણાથી ન દબાતાં ઊલટું વધારે લઢવા તૈયાર થશે. એટલે પોતે જાણી લેવું કે બેઉની સૂર્ય નાડી અને આકાશ તત્વ ચાલે છે. માટે વધારે થશે એટલે પોતે એકદમ મૌન થઇ જવું. થોડી વાર કેડે પોતાની અથવા તેની બેમાંથી એકની નાડી બદલાયા કેડે તમો તેને ફાવે તેમ કહેશો તો પણ તે સાંભળી રહેશે. તત્વ દરેકનું સાથે ચાલે અને નાડી ફેર ફાર ચાલ્યા કરે. મહાત્મા કહે ભાઇ! આ મેં તને સંક્ષેપમાં સ્વરોદય જ્ઞાન કહ્યું. કેમકે જે મુખ્ય મુખ્ય બાબતો જેટલી જાણવા જેવી છે, એટલી જણાવી છે. દરેકની સિદ્ધિ ત્યારે જ થાય છે કે, પ્રથમ નાડીઓનું તથા તત્ત્વોનું સંપૂર્ણ જ્ઞાન થાય છે. નાડીઓની બરાબર ગતિ અને તત્વોની ચોકકસ ઓળખાણ એ નહિ સમજાય ત્યાં સુધી સ્વરોદય સાધ્ય થશે નહિ. હે શિષ્ય! આ મેં તમોને મનુષ્ય દેહ રૂપી નાવ વડે જન્મ મૃત્યુરૂપી ભવસાગર તરવાના સાધનો પ્રમાણ દષ્ટાંતોથી તથા સ્વાનુભવથી કહી બતાવ્યાં. તેને તમો અખંડિતપણે પાળ્યા જજો એટલે અવશ્ય મોક્ષ ગતિને પામશો. એમાં જરા પણ સંદેહ નથી. હે પ્રિય વત્સો, હવે મને શ્રી પુષ્કરરાજ તરફ(ચાલતા) યાત્રા નિમિતે જવાને સંકલ્પ થયો છે, માટે હવે આપણો આ લાંબો સંવાદ સમાપ્ત કરીશું. એ સાંભળતાં જ શિષ્યોની આંખમાં અશ્રુ આવી ગયાં, અને કહેવા લાગ્યા: હે ગુરૂદેવ, હવે અમને આપ વિના તત્ત્વોપદેશરૂપ અમૃતનું પાન કોણ કરાવશે? માટે હમો પણ આપની સાથે જ આવીશું. ગુરૂ કહે: ભાઇઓ, એમ ચાલે નહિ; વળી થોડા વખતમાં જ હું તો પાછો આવનાર છું.

(શ્રી નિત્યાચાર)

શિષ્ય- હે ગુરૂદેવ! હવે અમારે ઘેર રહીને શું કર્તવ્યો કરવાનાં છે, તે વિષે આપ સમજ પાડો, જે આપ બતાવશો તે પ્રમાણે જ આચરણ કર્યે જઇશું.

ગુરૂ- હે ભાઇ હું તમોને કેટલાક ઋષિ મુનિઓનો પાળેલો જ આચાર કહું છું. તેને તમે લક્ષ માં રાખજો અને તે પ્રમાણે આચાર પાળયા જજો. એટલે વ્યવહારિક ઉપાધિ રૂપી પ્રેતો તમારી પાસે આવશે નહિ. મનુસ્મૃતિમાં લખેલું છે કે, દરેક મનુષ્યે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવું. રાત્રિના ચાર પ્રહર તેમાં જે છેલ્લો પ્રહર છે તેને ઋષિ લોકો બ્રાહ્મમૂહુર્ત કહે છે. તે વખતે પથારીમાંથી બેઠા થઇ પાસે પાણીનો લોટો હોય તેમાંથી મુખ શુદ્ધ થવાને વાસ્તે પ્રથમ ત્રણ કોગળા કરવા, પછી ૐ કેશવાય નમ: ૐ માધવાય નમ: ૐ ગોવિંદાય નમ: એમ ત્રણ મંત્રો બોલી ત્રણ વાર આચમન કરી પછી પ્રથમ ગુરૂમૂર્તિનું ધ્યાન કરી આગળ કહી આવ્યા તે રીતિએ પોતાના ઇષ્ટદેવની માનસિક પૂજા કરવી. પૂજા થઇ રહ્યા બાદ એમના પાસે અનુજ્ઞા માગવી કે હે ત્રિલોકમાં ચૈતન્ય સ્વરૂપ ઇન્દ્રિયોના અધિષ્ઠાતા, અંતર્યામી પરમાત્મા તમારી આજ્ઞાથી હું પ્રાત:કાળમાં ઊઠીને બેઠો થયો છું. માટે હવે આપની પ્રસન્નતાને માટે જ હું આ નાના પ્રકારની વ્યવહારરૂપ સંસારયાત્રામાં વર્તન કરીશ. અને હે ઇશ્વર, જે કર્મમાં મને આપ પ્રેરણા કરશો તે તે કર્મ હું આપની આજ્ઞાનુસાર કરે જઇશ. પછી પૃથ્વીની પ્રાર્થના કરવી કે હે પરમાત્માની શક્તિરૂપી પૃથ્વી દેવી, ગમનાગમનથી મારા ચર્ણનો તારા ઉપર સ્પર્શ થશે તેને તું ક્ષમા કરજે. હાથના અગ્રભાગમાં લક્ષ્મીનો વાસો છે. મધ્ય ભાગમાં સરસ્વતીનો વાસો

છે. અને મૂળમાં બ્રહ્માનો વાસો છે. માટે સવારમાં પ્રથમ જમણા હાથનું દર્શન કરવું, પછી શાન્ત ચિત્તે પ્રાત: સ્મરણ કરવું. પ્રાત:સ્મરણનો પ્રકાર દરેક વિશ્રામને મથાળે જ મૂકેલો છે. તે મુજબ પરમેશ્વરની પ્રાત:કાળમાં પ્રાર્થના કરવી. પછી પથારીમાંથી વા પોતાના આસન ઉપરથી ઊભા થઇ શૌચક્રિયાએ જવું. તેને માટે જો ઘરમાં જ પાયખાનું હોય તો કોઈ વાતનો વિચાર નથી, અને જો મેદાનમાં જવાનું હોય તો જેમ બને તેમ દૂર જવું. જળપાત્ર મોટું રાખવું. અંગીરા મુનિ કહે છે કે, કોઇપણ મનુષ્યનો અવરજવર ન હોય તેવી જગ્યાએ જવું, કેમ કે જે ગુહ્ય ઇન્દ્રિયો છે તેને બરાબર ધોતાં ફાવે. કુવો, તળાવ, નદી, વાવ એવાં જળાશયોથી દૂર મળમૂત્રનો ત્યાગ કરવો. વળી ભૃગુ ઋષિ કહે છે કે મળત્યાગ કર્યા કેડે બે વાર માટી લગાવીને લિંગ ધોવું. પાંચ વાર માટી લગાવી ગુદાને ધોવી. દશવાર માટીથી બન્ને હાથ ધોવા. આપણાથી એટલું ન બને તો ખેર પણ લિંગ, ગુદા વગેરે પુષ્કળ પાણીથી તો અવશ્ય ધોવા જ. એ અવયવો સ્વચ્છ રાખવાથી મન, આખો દિવસ શુદ્ધ અને પવિત્ર રહે છે. તેમ ગુપ્ત રોગો થવાને પામતા નથી. સવારમાં પશ્ચિમ દિશા તરફ મુખ કરીને દિશાએ બેસવું, પાછલા પહોરે પૂર્વ તરફનું મુખ રાખી બેસવું. મધ્યાહ્ન કાળે ઉત્તર તરફનું મુખ રાખવું. રાત્રિએ દક્ષિણ દિશાનું મુખ કરીને બેસવું. અગ્નિ અથવા સૂર્ય વા ચંદ્ર એમના સામું કદી બેસવું નહિ. શૌચમાં અગર મૂત્ર ત્યાગમાં ઉપવિત (જનોઈ) ક્યાં આગળ રાખવી તે વિષે કહેલું છે કે શૌચકાળમાં ડાબા કાને ભરાવવી. મૂત્ર ત્યાગમાં જમણા કાને અને મૈથુન કાળમાં (સ્ત્રી સંગમ) ગળામાં નાખી દેવી. આટલી બાબતોમાં જો ભૂલી જવાય તો પ્રથમથી જનોઈનો પરિત્યાગ કરી બીજી નવીન નીચેનો મંત્ર બોલી પહેરી લેવી.

यज्ञोपवितं परमं पवित्रं प्रजापतेर्यत् सहजं पुरस्तात्
आयुष्यमग्नंतिमुंच शुभ्रं यज्ञोपवितं बलमस्तु-तेजः

જળપાત્રને હાથમાં ઝાલી રાખી મળમૂત્ર કરવું નહિ. મૂત્ર ત્યાગમાં, મળત્યાગમાં અને મૈથુન કાળમાં મૌન રહેવું તથા મનથી કશા વિચારો પણ કરવા નહિ. શૌચ ક્રિયાથી નિવૃત્ત થઇને દાતણ કરવું. તે વિષે નાગદેવ ઋષિનો મત છે કે દશ આંગળ લાંબુ દાતણ બ્રાહ્મણોએ કરવું, ક્ષત્રિઓએ નવ આંગળનું, વૈશ્યોએ આઠ આંગળનું અને શૂદ્રોએ સાત આંગળનું લાબું દાતણ કરવું. બને ત્યાં સુધી બાવળનું દાતણ કરવું. નહિ તો પછી કણજી, આંબો, લોન્દ્ર, અપામાર્ગ લીમડો, કદંબ આટલી વસ્તુઓને ઉત્તમ ગણેલી છે. માટે એમાંથી જે મળી આવે તેનું કરવું. દાતણ કરી રહ્યા પછી નીચેનો મંત્ર બોલવો:

॥ श्लोक ॥

आयुर्बलं यशो वचः प्रजा पशुत्वसूनिच ।
ब्रह्म प्रज्ञां च मेघां च त्वं नीदेहि वनस्पते ॥

અર્થ :- હે વનસ્પતે ! લાંબુ આયુષ્ય, પુષ્કળ બળ લોકોમાં વિમળ યશ, બ્રહ્મ તેજ, શ્રેષ્ઠ સંતતિ, અશ્વાદિક પશુ, વિપુલ ધન, વેદાધ્યયન, શ્રેષ્ઠ બુદ્ધિ તથા શાસ્ત્રનું પઠન પાઠન કરવાની શક્તિ; આટલી વસ્તુઓ તું અમારા ધારણ કર, આ શરીર અત્યંત મલિન છે, નવદ્વારોથી સદા ઝર્યા કરે છે, માટે શરીર શુદ્ધિને અર્થે દરરોજ સવારમાં સ્નાન કરવું. વાવડી, કુવા પર, તળાવમાં, નદી ઉપર અગર પોતાના ઘેર ગરમ જળથી પ્રકૃતિને રુચે તે પ્રમાણે નહાવું. સ્નાન વખતે નીચેના મંત્રથી તીર્થોનું આવાહન કરવું :

॥ श्लोक ॥

गंगे च यमुने चैव गोदावरि सरस्वति ।
नर्मदे सिंधु कावेरि जलेऽस्मिनसंनिधिं कुरु ॥

અર્થ :- હે ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, કાવેરી, સિન્ધુ; તમો સર્વ તીર્થો મારા સ્નાનાર્થે આ જળમાં આવીને નિવાસ કરો. ભોજન કર્યા કેડે કદી નાહવું નહિ. પછી પોતાના સંપ્રદાય પ્રમાણે લલાટે તિલક કરવું અને સ્વચ્છ જગ્યા ઉપર પવિત્ર આસન બિછાવી પોતાના ઈષ્ટ દેવની સંધ્યા કરવી અને પછી માનસિક પૂજા તથા ધ્યાન કરવું, પછી સંધ્યામાંથી પરવારી ભોજન કરવા બેસવું. જમવાનો નિયમ પૂર્વ દીશા તરફ મુખ રાખીને, બે હાથ, બે પગ અને મુખ એટલાં અંગ ધોઇને જમવા બેસવું. બનતાં સુધી દિવસમાં બે વાર જમવું. અન્ન બ્રહ્મરૂપ છે એમાં જે રસ છે, તે વિષ્ણુ રૂપ છે, અને એનો ભોકતા શંકરરૂપ છે, એમ ધારીને જે જમે છે તે અન્નના દોષોથી મુક્ત બને છે. પછી નીચેના મંત્રથી પીરસેલા અન્નના પાત્રની ચારે બાજુ મંડળ કરવું.

॥ श्लोक ॥

यातुधाना पिशाचाश्च कुराक्षेव तु राक्षसा ।
हरंतिर समन्नस्य मंडलेन विवर्जितम् ॥
ब्रह्मा विष्णुश्च रुद्रश्च श्रीर्हुताशन एवच ।
मंडलान्युपजिवंति तस्मातु कुर्वित मंडलम् ॥

આ મંત્ર બોલી (ॐ सत्यंत्वर्तेन परिषिचामि नमः) જરા હાથમાં પાણી લઈ અન્નને પ્રોક્ષણ કરવું. પછી અન્ન પાત્રની જમણી તરફ ॐ ભુપતયે સ્વાહા, ॐ ભુવન પતયે સ્વાહા, ॐ ભૂતાનાં પતયે સ્વાહા, એ ત્રણે મંત્રો બોલી થોડું થોડું ભેળું કરેલા

અન્નની ત્રણ આહુતિઓ પૃથ્વી ઉપર મૂકવી. તેના ઉપર જરા પાણી મૂકવું. જમી રહ્યા કેડે તે અન્ન ગાયને અગર કૂતરાને મૂકી દેવું. પૃથ્વી ઉપર ત્રણ આહુતિઓ મૂકી દઈને (ૐ અમૃતોપસ્તરણમસિ) એ મંત્ર બોલી આચમન કરવું, ૐ પ્રાણાય સ્વાહા, ૐ અપાનાય સ્વાહા, ૐ ઉદાનાય સ્વાહા, ૐ વ્યાનાય સ્વાહા, ૐ સમાનાય સ્વાહા એ મંત્રો બોલી પ્રથમ પાંચ આહુતિઓ પાંચ પ્રાણોને વગર બોલ્યે આપી દેવી. અર્થાત્ પાંચ કોળીયા મૌન ધારીને ખાઈ લેવા પછી રુચિ અનુસારે ભોજન જમી લેવું. જમ્યા બાદ પોતાની જીવિકાને અર્થે લાગવું અને જો ઉદ્યમ કરવાની આવશ્યકતા ન હોય તો મોક્ષ સંબંધી વેદાન્તના પુસ્તકોનું પઠન પાઠન કરવું. અત્રિઋષિ કહે છે કે દિવસે સૂવું નહિ, તેમ સ્ત્રીસંગમ પણ કરવો નહિ. કેમ કે દિવસે ઊંઘવાથી આયુષ્ય કમી થાય છે અને સ્ત્રીસંગ કરવાથી પૂણ્ય નાશ થાય છે. ઉજાગરો હોય વા શરીર રોગીષ્ઠ હોય તો સુવામાં બાધ નથી. એવી રીતે આખો દિવસ વ્યતિત કરી સાંજના વખતે ગામની બહાર કોઈ દેવાલયમાં અથવા એવી એકાન્તમાં ભાગોળે અથવા નદીના ઘાટ ઉપર ગમે ત્યાં ફરવાને જવું. કારણ કે પર્યટન કરવાથી તબિયત સારી રહે છે. પછી દીવા વખતે ઘેર આવી દીવો કરવો અથવા કરેલો દીવો હોય તો તેને નીચેનો મંત્ર બોલી નમસ્કાર કરવા :

॥ શ્લોક ॥

दीपो ज्योतिः परं ब्रह्म दीपो ज्योतिर्जनार्दनः
दीपो हरतु मे पापं संध्यादीपं नमोऽस्तुते ॥

અર્થ:- દીપકજ્યોત પરબ્રહ્મ સ્વરૂપ છે તથા જ્યોતિ સ્વરૂપ દીપક વિષ્ણુ સ્વરૂપ છે. માટે હે સંધ્યાદીપક, તમોને મારો નમસ્કાર

હજો.

જેના ઘરમાં સૂર્યાસ્તથી તે સૂર્યોદય સુધી આખી રાત્રી દીવો બળ્યા કરે છે તેને ત્યાં આયુષ્ય, સુખ, વૈભવ, લક્ષ્મી સદાય નિવાસ કરે છે એમ મરીચી ઋષિનું કહેવું છે. પછી જો અવકાશ હોય તો સ્નાન કરીને યા હાથપગ ધોઇને એકાન્તમાં બેસી સ્થિર ચિત્તે પોતાના ઈષ્ટ દેવનું માનસિક ધ્યાન કરવું. ત્યારબાદ યથારૂચિ હલકુ ભોજન ખાવું. કેમ કે રાત્રે શરીરમાં વાતનો વધારો હોય છે, એટલે અધિક ભારે પદાર્થ ખાવાથી અજીર્ણ થાય છે. ત્રણ ભાગની ભૂખવાળાએ એક ભાગનું અન્ન ખાવું, એક ભાગ પાણીથી ભરવો અને એક ભાગ અપાન વાયુ માટે ખાલી રાખવો. એવી રીતે હરહંમેશના જમનારને કોઇ દિવસ પિત્ત, કફ કે કોઇ રોગ સતાવતા નથી. જમી રહ્યા બાદ શ્રી હરિનું ભજન અથવા ધાર્મિક ગ્રંથોનું પઠન પાઠન કરવું. પછી જો પોતે ગૃહસ્થાશ્રમી હોય તો એકાદશી, અમાવસ્યા, પૂર્ણિમા, શ્રાદ્ધ તિથિ આટલી તિથિઓ વર્જીત કરી આઠ દિવસે એકવાર અગિયાર કેડે પોતાની સ્ત્રીથી યથાવિધિ સંભોગ કરી જળથી બન્ને જણે ઇંદ્રિયો ધોઇ અલગ અલગ સૂઇ જવું. ઓસીકાનો નિયમ દક્ષિણ દીશામાં કે પૂર્વમાં જ રાખવો. સુતી વખતે મુખ ચોકખું કરવું કારણ કે જો પાન સોપારી વગેરે મુખમાં રહે તો દાઢ દુઃખે, દાંત સડી જાય, મુખમાંથી દુર્ગંધ મારે, અવાળાં કુલે અને એવાં અનેક રોગોનો ઉપદ્રવ થાય. માટે પાણીથી કોગળા કરી સુવું. સુતી વખતે નીચેના મંત્રનો ત્રણવાર અથવા સાતવાર પાઠ કરવો :

॥ શ્લોક ॥

जले रक्षतु वाराहः स्थले रक्षतु वामन ।

अटव्यां नारसिंहश्च सर्वत पातु केशवः ॥

અર્થ- જળમાં વારાહ ભગવાન મારી રક્ષા કરો, સ્થળમાં વામન ભગવાન મારી રક્ષા કરો, વનમાં નરસિંહ ભગવાન મારી રક્ષા કરો, અને સર્વ સ્થળે હે કેશવ પ્રભુ, મારી રક્ષા કરો.

પછી (ૐ સર્વ ભૂત નિવારકાય સારંગાય સશરાય સુદર્શના યાસ્ત્ર રાજાય હુઠટ્ સ્વાહા) એ મંત્રનો ત્રણવાર પાઠ કરી ત્રણ તાળીઓ વગાડી સુખપૂર્વક સૂઈ જવું એટલે સ્વપ્ન વિગેરે કંઈપણ આવશે નહીં, અને નિર્વિકલ્પ સમાધિ જેવી નિંદ્રા આવી જશે.

હે શિષ્યો, આથી આચારનો વિધિ તો અધિક છે; પણ તમો કહેશો કે આ બધી ખટપટ તો ત્યાગી પુરુષના માટે છે, આપણાથી તો આટલો બધો આચાર પાળી શકાય નહિ, એમ ધારી સમૂળો ત્યાગ કરી ન દો એટલા માટે મુખ્ય બાબતો દરેકને આચરવા જેવી કહી છે. માટે યથાર્થપણે એનું પાલન કરજો એટલે અવશ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પદાર્થોને પામશો. હે ભાઈઓ, આ આપણા સંવાદનું જે શ્રવણ, મનન, પઠન પાઠન કરશે અને તે પ્રમાણે સંશયરહિત થઈ આચરણ કરશે તો જરૂર આ મનુષ્યદેહની હયાતિમાં દેવપણાના સુખને ભોગવશે, અને આ દેહ છુટયા બાદ મોક્ષ ગતિને પામશે. એમાં જરા પણ અયુકત નથી. હવે સાયંસંધ્યાનો પણ વખત થવા આવ્યો છે માટે આપણો છેલ્લો સમાગમ એક ભજન ગાઈ ગુરૂદેવના જયધ્વનિ સાથે વિસર્જન કરીશું. આવતી કાલે હું યાત્રા નિમિત્તે જવાનો છું.

ભજન (તાલ ધમાલ)

ભરોસા હૈ મુજે તેરા, તુંહી મેરા સહાયક હૈ.
સકલ દુનિયા કે અંદરમેં, અખંડિત રાજ્ય હૈ તેરા,

ચરાચર વિશ્વકા માલિક તુંહી, સબ ગુણ કે લાયક હૈ. ભરોસા.
જગતમેં જીવ હૈ જે, તેરે આધિનમેં સારે,
સબી નર દેવ દૈત્યનકા, તુંહી શિરતાજ નાયક હૈ. ભરોસા.
ધાર વિશ્વાસકો દિલમેં, શરણમેં જો પડે તેરી,
કરે સબ કામના-પૂરણ, ભોગ અરૂ મોક્ષદાયક હૈ. ભરોસા.
નહિ હૈ સાનકા તેરી, જગતમેં દુસરા કોઇ,
વો બ્રહ્માનંદ સબ જગકા, તુંહી કારણ વિધાયક હૈ. ભરોસા.

ઉપરોક્ત ભજન ગાઇ મહાત્મા ઊભા થઈ સર્વને ઘેર જવાને આજ્ઞા કરી, એટલે શિષ્યો આંખોમાં અશ્રુ લાવી, એકદમ ગુરૂના ચરણમાં નમન કરી પ્રાર્થના કરવા લાગ્યા. હે ગુરૂદેવ, જે કઇ અમારે જાણવા જેવું હતું તે સંપૂર્ણ રીતે જાણી લીધું. હવે કંઇ પણ પુછવા જેવું અથવા જાણવા જેવું રહ્યું નથી. હે ગુરૂ ! પૂર્વના પુણ્યપ્રભાવથી આપ જેવા પવિત્ર પુરુષનો અમોને સમાગમ મળ્યો જેથી અમો કૃતાર્થ થયા છીએ. હવે અમારે ઘેર જઈને આપે જે જે ઉપદેશ કર્યો છે તે સર્વ યોગાભ્યાસનું મનસા, વાચા, કર્મણા પાલન કર્યે જઇશું. હે મહાત્મા, અમારી એટલી આપ પ્રત્યે પ્રાર્થના છે કે સવારમાં અમને દર્શન દીધા વિના અત્રેથી ચાલ્યા જશો નહિ. ગુરૂ કહે, સારુ ભાઈ, તમો જરા વેળાસર આવજો. એમ કહી મહાત્મા સાયંસંધ્યા કરવાને સ્નાનાર્થે ગયા અને શિષ્યો મહા શોકવાન થઈ ઘર તરફ ચાલ્યા ગયા. બોલો સત્‌ગુરૂ દેવકી જય.

દોહરો

गिरीजा संत समागम, समन लाभ कछु आन,
बीन हरि कृपा सो होय नहि, गवहो वेद पुरान

(ઉ. કા.)

બીજા દિવસે શિષ્યો બ્રહ્મમુહૂર્તમાં ઊઠી શૌચ સ્નાનાદિકથી પરવારી પૂજાનું સાહિત્ય લઈ એકદમ ઉતાવળથી યોગાશ્રમ ઉપર આવ્યા. ગુરૂ સર્વ સાહિત્ય તૈયાર કરી શિષ્યના આવવાની રાહ જોઈ ઊભા હતા. એટલામાં શિષ્યો આવ્યા. ગુરૂને વંદન કર્યું. એટલે ગુરૂ એક બાજુએ સ્વચ્છ આસન બીછાવી બેઠા. પછી શિષ્યો પોતાના ગુરૂની પૂજા કરવા લાગ્યા. પ્રથમ પાદ પ્રક્ષાલન કર્યું, પછી ફૂલના હાર પહેરાવ્યા. ચંદન પુષ્પ વગેરે કર્યા બાદ આરતી ઉતારવા માંડી.

શ્રી ગુરૂ આરતી

જય ગુરૂદેવ દયાનિધિ દીનના હિતકારી-ગુરૂ દીનના હિતકારી.
જય જય મોહ વિનાશક ભવ બંધન હારી-જયદેવ ગુરૂદેવ.
બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ ગુરૂ મૂર્તિ ધારી-ગુરૂ મૂર્તિ ધારી,
વેદ પુરાણ બખાનત ગુરૂ મહિમા ભારી-જયદેવ ગુરૂદેવ.
જપ તપ તીરથ સંયમ દાન વિવિધ દીને ગુરૂ દાન વિવિધ દીને,
ગુરૂ બીન જ્ઞાન ન હોય કોટી જતન કીને-જયદેવ ગુરૂદેવ,
માયા મોહ નદી જલ જીવ બહે સારે-ગુરૂ જીવ બહે સારે,
નામ જહાજ બીઠાકર ગુરૂ પલમેં તારે-જયદેવ ગુરૂદેવ.
કામ ક્રોધ મદ મત્સર ચોર બડે ભારે-ગુરૂ ચોર બડે ભારે,
જ્ઞાન ખડગ દે કરમેં ગુરૂ સબ સંહારે-જયદેવ ગુરૂદેવ.
નાના પંથ જગતમેં નીજ નીજ ગુણ ગાવે-ગુરૂ નીજ નીજ ગુણ ગાવે.
સબકા સાર બતાકર ગુરૂ મારગ લાવે-જયદેવ ગુરૂદેવ.
ગુરૂ ચરણામૃત નિર્મળ સબ પાતક હારી-ગુરૂ સબ પાતક હારી,
બચન સુનત તમ નાસે સબ સંશય ટારી-જયદેવ ગુરૂદેવ.
તન મન ધન સબ અર્પણ ગુરૂચરણન કીજે - ગુરૂચરણન કીજે,

બ્રહ્માનંદ પરમપથ મોક્ષ ગતિ લીજે-જયદેવ ગુરૂદેવ.

એવી રીતે પૂર્ણ ઉત્સાહથી ગુરૂદેવની આરતી ઉતારી પછી પોતાની શક્તિ મુજબ ગુરૂને ભેટ ધરી. ગુરૂ કહે ભાઇ, આ સેવાથી હુ પૂર્ણ સંતુષ્ટ થયો છું એટલે હવે ભેટની મને જરૂર નથી. શિષ્યો ગળગળા થઇ ગયા અને ગુરૂદેવના ચરણમાં પડયા. ગુરૂએ તેઓને આશ્વાસન આપી કહ્યું: ભાઇઓ, હું યાત્રા કરી જલ્દીથી પાછો આવીશ. તમારો ગૃહસ્થાશ્રમ સુખપૂર્વક ચાલે અને તમારું કલ્યાણ થાઓ. સ્વામીજી બોલ્યા: મહાત્મા શ્રી, અબમેં અષ્ટાંગ યોગકા પાલન અવશ્ય કરુંગા પાલન અવશ્ય કરુંગા, સબ મેરેકો રહેનેકે લિયે કયા કરના સો બતાનેકી કૃપા કરો.

મહાત્મા - તુમ ઇસ ગામમેં જાકર રહો. દરરોજ એક ટાઇમ યહાં આના, અપના નિર્વાહકે લિયે સ્વતંત્ર બંદોબસ્ત કર લેના, ભીખ માંગકે પરાવલંબી નહિ હોના.

સ્વામી - ગુરૂજી, મેં સાધુ હું. ઐસા કયા પુરુષાર્થ કરું જો સ્વતંત્ર પણેસે રહ્યા જાય ? વિદ્યા ભી પઢા નહિ હું. જો આપ બતાવેં, એહી આજ્ઞાકા પાલન યે દાસ કર સકેગા.

મહાત્મા - ગામકે અંદર રામજીકા મંદિર હૈ ઉસમેં રહેના. સાયંકાળ તથા પ્રાત:કાલમેં ભગવાનકા પૂજન આરતી કરના. જો મીલ જાવેં ઉસમેં સંતોષ રખના. સ્ત્રીયોકે અવરજાવર સે કામાસક્ત નહિ હોના. લક્ષ્મીકી જમાવટ કરકે વૈભવશાળી નહિ હોના. સબસે હીલમીલ પ્રેમ ભાવસે વર્તના, સબ રીતીસે તુમ્હારા ગુજારા અચ્છી તરહસેં હોગા, જાવ યોગકા ભલી પ્રકારસે અભ્યાસ કરો, જય હોગા.

ભગત - ગુરૂદેવ, આપના ઉપદેશનો બદલો આ દાસ અનેક જન્મે પણ વાળી શકે તેમ નથી. તન, મન, ધનથી સેવા કરવાને

આ દાસ બંધાયેલો છે જેથી આપના આવ્યા બાદ હરહંમેશ એક ટાઈમે આપના દર્શનાર્થે આ દાસ આવશે. તો માગણી એ જ છે કે સેવા આપવાને કૃપા કરશો. હું ગૃહસ્થાશ્રમી છું. મારે યોગાભ્યાસ કરવાની વિશેષ લાગણી થઈ છે. તો ક્યાં ટાઈમે અને કેવી રીતે અભ્યાસ કરવો તે બતાવવાને કૃપા કરો.

મહાત્મા - એક પત્નીવ્રત સદાય બ્રહ્મચારી, એક ભોગતા સદાય ઉપવાસી કહેવત પ્રમાણે એક ટાઈમ ભોજન લેવું. દર અઠવાડીએ એક વખત સ્ત્રી સંભોગમાં ભળવું. વધારે નહિ. તેથી બન્નેના તન મનનો સુધારો થશે. બપોરના પોતાની જીવિકાના અર્થે પુરુષાર્થ કરવો. સાંજના એક બે કલાક યોગાભ્યાસમાં ગાળી સુઈ જવું, રાત્રિના પાછલા પહોરે પાંચ વાગ્યે ઊઠી જવું. શૌચ, દાતણ, સ્નાનથી પરવારી બે કલાક યોગના અભ્યાસમાં ગાળવા તેમાંથી ઊઠી ગમે તે કાર્યમાં લાગવું. તમામ સંસારી જનોથી હળીમળીને રહેવું. સંતોષનું પાલન કરવું. મોહ, ક્રોધ, લોભ, કામ એ સત્યમાંથી પાછા પડવાનાં કુદરતી સાધનો છે, તેથી તેને વશ થવું નહિ. જાવ, (જય શ્રી હરિ) મારો આશીર્વાદ છે. હે ભાઈ, આ મારા આવતાં સુધી આ આપણા યોગાશ્રમની બરાબર દેખરેખ રાખજો, હવે હું ચાલું છું. એટલામાં એક માણસે આવીને ખબર કહી કે મહારાજ, આપના ઘેર ભક્તમંડળ આવ્યું છે, તે આપને બોલાવે છે તેથી પધારો એટલે પોતે ગુરૂ તથા શિષ્યો સ્વગૃહે ગયા.

આ ગુરૂ શિષ્યના સંવાદનું જે શ્રવણ, મનન, પઠનપાઠન કરે તે તમામનું કલ્યાણ થાઓ.

(ઈતિશ્રી નિત્યાચાર નિરૂપણ નામ છઠ્ઠો વિશ્રામ સંપૂર્ણમ્)

વિવિધ ભજનો

ગુરૂજીની માળા

ગુરૂજીના નામની હો માળા છે ડોકમાં,
નારાયણ નામની હો માળા છે ડોકમાં : ટેક

૧. જૂઠું બોલાય નહી, ખોટું લેવાય નહી,
અવળું ચલાય નહી હો ... માળા છે ડોકમાં ... ગુરૂજી...
૨. ક્રોધ કદી થાય નહી, પરને નીંદાય નહી,
કોઈને દુભવાય નહી હો ... માળા છે ડોકમાં ... ગુરૂજી...
૩. પરને પીડાય નહી, હું પદ ધરાય નહી,
પાપને પોસાય નહી હો ... માળા છે ડોકમાં ... ગુરૂજી...
૪. સુખમાં છલકાય નહી, દુ:ખમાં રડાય નહી,
ભક્તિ ભૂલાય નહી હો ... માળા છે ડોકમાં ... ગુરૂજી...
૫. ધનને સંઘરાય નહીં, એકલું ખવાય નહી,
ભેદ રખાય નહી હો ... માળા છે ડોકમાં ... ગુરૂજી...
૬. બોલ્યું બદલાય નહી, ટેકને તજાય નહી,
બાનું લજવાય નહી હો ... માળા છે ડોકમાં ... ગુરૂજી...
૭. હરિહરાનંદન કહે, સત્ય ચૂકાય નહી,
નારાયણ વિસરાય નહી હો ..માળા છે ડોકમાં..ગુરૂજી.

આંખ મારી ઉઘડે ત્યાં

આંખ મારી ઉઘડે ત્યાં,
ગુરૂદેવ દેખું ધન્ય મારું જીવન, કૃપા એની લેખું. ટેક
રામ હરિ રામ હરિ રસના ઉચ્ચારે,
હરિનો આનંદ મારા અંતરમાં આવે ...ટેક
રામાયણ ને ગીતા મારી અંતરની આંખો,
ગુરૂએ દીધી છે મને ઉડવાની પાંખો ...આંખ
ગુરૂના ભકતો મારા સગા ને સંબંધી,
છૂટી ગ્રંથિ તૂટી મારી, માયાની બંધી ...આંખ
શુધ્ધ ભક્તિ હજો મારી પૂર્ણિમા જેવી,
સૌ સંતો આશિષ સદા દેજો એવી ...આંખ
રામ રસ જેને રૂદિયામાં ચાખ્યો,
તેને આ સંસારને મિથ્યા કરી નાખ્યો ...આંખ
ઈ રસ ધ્રુવ પ્રહલાદે રે ચાખ્યો,
ઈ રસ અમરીષે રૂદિયામાં રાખ્યો ...આંખ
ઈ રસને જાણે છે સુખદેવ જોગી,
એમ રે ભણે છે નરસૈયો ભોગી,
કંઈક જાણે છે એક નરસૈયો ભોગી....આંખ
આંખ મારી ઉઘડે ત્યાં ગુરૂદેવ દેખું,
ધન્ય મારું જીવન કૃપા એની લેખુ.
રામનું નામ મારે અઢળક નાણું,
હરિએ આપ્યું છે મને તરવાનું ટાણું.

મૂરખ માનવી

મુરખ માનવી પ્રભુ કાં ભજે નહી,

મોહમાં ફસાઇને તારી બુધ્ધિ કયાં ગઇ. ટેક
૧. મોહમાં માયામાં મચી રહ્યો છે, સત્ય ગણ્યો સંસાર,
ખૂબી આ દુનિયાની કેવી, સમજ્યો નહી લગાર,
ભોળો કાં થયો જંજાળમાં રહ્યો,
ફંદમાં ફસાઇને પ્રભુને ભૂલી ગયો : મૂરખ માનવી...
૨. ધન દોલતને માલ ખજાના, પુત્ર અને પરિવાર,
તુજ સંગાથે કાંઇ નહી ચાલે, વાડી કે ઘર બાર,
યમલોકમાં જશે, તારા પાંવ ધ્રુજશે,
પુણ્ય પાપ શું કર્યાં યમરાય પૂછશે : મુરખ ...
૩. ભાવ ભક્તિ જો કર્યા હશે તો, તુજને ભય નહી લગાર,
સંકટ વખતે કામ લાગશે, પ્રભુ નામ આધાર,
પ્રભુને ભજ્યા હશે, તો તે ઉગારશે,
સ્વર્ગ લોકમાં જઇ સુખે સુખ માણશે : મુરખ ...
૪. ભાવધરી પ્રભુને ભજી લે, મૂરખ મન નાદાન,
કૃષ્ણદાસની વિનંતી, એવી સહાય કરે ભગવાન,
સત્ય સાચું તો લહો, મુખે હરિ હરિ કહો,
પ્રેમ ભક્તિ આદરી, આનંદમાં રહો :
મૂરખ માનવી પ્રભુ કાં ભજે નહી,
મોહમાં ફસાઇને તારી બુધ્ધિ કયાં ગઇ.

સાંઇયાની વાતું

સાંઈયાની વાતું રે તમે સહી કરો,
ગુરૂનાં વચન લઇ રૂદે ધરો,
ગુરૂની શીખામણ સાંભળી,
તોય તમે એવા ને એવા રે...ટેક...

૧. ગુરૂ રે કર્યા પણ ગમ નહી,
ગુરૂ વિના જ્ઞાન કયાંથી આવે રે,
ગુરૂની શીખામણ પાળી નહી,
જેથી ફોગટ ફેરા ખાવે રે : સાંઇયા...
૨. ભગતિ વિના રે નર ભૂત છે,
સામો આવ્યો નહી સારો રે,
ધિક્કાર જાય એની જનેતાએ,
જનમારો વ્યર્થ ગુમાવ્યો રે : સાંઇયા...
૩. ભગતિ વિના રે પુરુષ પાવૈયો,
નર નારીમાં ન આવે રે,
ધીક ધીક આવ્યો આ સંસારમાં,
મનખો એળે ગુમાવ્યો રે : સાંઇયા...
૪. ભગતિ એને ધન્ય છે,
ધન ધન શૂરીના રે જાયો રે,
વૈકુંઠમાં પહોચ્યાં એના વધામણાં,
ચૌદે ભુવન માં છાયો રે : સાંઇયા...
૫. ભગતિ કહીએ રે શુધ્ધ વૈરાગ્યની,
જ્ઞાન જોઇ જોઇ આવે રે,
કહે રે કલ્યાણ જીવણદાસને,
ગુરૂ મારો ફેરો ટાળે રે : સાંઇયા...
સાંઇયાની વાતું રે તમે સહી કરો,
ગુરૂનાં વચન લઇ રૂદે ધરો,
ગુરૂની શીખામણ સાંભળી,
તોય તમે એવા ને એવા રે : સાંઇયા...

માં બાપને ભુલશો નહી

ભૂલો ભલે બીજું બધુ, માં-બાપને ભુલશો નહી;
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહી.
અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુંખડું;
એ પુનિત જનના કાળજા, પથ્થર બની છુંદશો નહી. ભૂલો...
કાઢી મુખેથી કોળીયા, મોંમાં દઇ મોટા કર્યા;
અમૃત તણા દેનાર સામે, ઝેર કદી ઉછાળશો નહી. ભૂલો...
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહી. ભૂલો...
લાખો કમાતા હો ભલે, પણ મા-બાપ જેના ન ઠર્યા;
એ લાખ નહી પણ રાખ છે, એ માનવું ભૂલશો નહી. ભૂલો...
સંતાનથી સેવા ચાહો તો, સંતાન છો સેવા કરો;
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહી. ભુલો...
ભીને સૂઇ પોતે અને, સૂકે સુવાડયા આપને;
એની અમીમય આંખને, ભૂલી ને ભિંજવશો નહી. ભુલો...
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર;
આ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહી. ભુલો...
ધન ખર્ચતાં મળશે બધું, પણ માતા-પિતા મળશે નહી;
એના પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહી.

રામનું નામ

જેના મુખમાં રામનું નામ નથી,
એનો મનુષ્ય તણો અવતાર નથી.
જેને હરિ કિર્તનમાં પ્રેમ નથી,
એને આ જગમાં વિશ્રામ નથી : જેના ...

જેના ઘરમાં નીતિ ધર્મ નથી,
એના ઘરનો કશોય મર્મ નથી : જેના ...
જેના ઘરમાં તીરથ ધામ નથી,
એને વૈકુંઠમાં વિશ્રામ નથી : જેના ...
જેને સેવામાં શાલીગ્રામ નથી,
એને આ જગમાં કોઈ સ્થાન નથી : જેના ...
તમે સમજો છો પણ શાન નથી,
તમને ખરા ખોટાનું ભાન નથી : જેના ...
જેના મુખમાં રામનું નામ નથી,
એનો મનુષ્ય તણો અવતાર નથી.

તમે ખોલો મુસાફીર ગઠડી

ભગતિ કો મારગ બહોત કઠીન હય,
દોરી પર ખેલે જેમ નટકી રે :
તમે ખોલો મુસાફીર ગઠડી.
૧. ગઠડીમેં કયા કયા ભરીયા રે ભાર,
જ્ઞાન ધ્યાન બીજી જકરી રે : તમે ખોલો ...
૨. બાળાપણમાં તું તો બહોત ખેલ ખેલાવતો,
જુવાનીમાં નવ કીધી જકરી રે : તમે ખોલો ...
૩. બાળાપણમાં રે તું તો કાંઈ કાંઈ ડરજે,
બુઢાપામાં બૂઢો લેશે લકડી રે : તમે ખોલો ...
૪. વણજ વેપાર બંદા અહીંયા અહીંયા કરી લે,
આગળ નથી મનવા હટડી રે : તમે ખોલો ...
૫. કહત કબીરા સુનો ભાઈ સાધો,
મુકામ પર પડી રહેશે ઠઠડી રે : તમે ખોલો ...

અબ સોંપ દીયા

અબ સોંપ દીયા ઈસ જીવનકા,
સબ ભાર તુમ્હારે હાથો મેં;
હૈ જીત તુમ્હારે હાથો મેં,
ઔર હાર તુમ્હારે હાથો મેં. ટેક.

૧. મેરા નિશ્ચય બસ એક યહી,
એક બાર તુમ્હે પા જાઉં મેં;
અર્પણ કર દૂં દુનિયા ભરકા,
સબ પ્યાર તુમ્હારે હાથો મેં : અબ...

૨. જો જગમેં રહુ તો ઐસે રહુ,
જ્યું જલમેં કમલ કા ફૂલ રહે;
મેરે સબ ગુણદોષ સમર્પિત હો,
કિરતાર તુમ્હારે હાથો મેં : અબ...

૩. યદિ માનવ કા મુજે જન્મ મિલે,
તો તુમ ચરણોકા પૂજારી બનું;
ઈસ પૂજક કી એક રગરગકા,
હો તાર તુમ્હારે હાથો મેં : અબ...

૪. જબ જબ સંસાર કા કેદી બનું,
નિષ્કામ ભાવ સે કર્મ કરું;
ફિર અંત સમય મે પ્રાણ તજું,
નિરાકાર તુમ્હારે હાથો મેં : અબ...

૫. મુજમે તુજમે બસ ભેદ યહી,
મેં નર હું તુમ નારાયણ હો;
મેં હું સંસાર કે હાથો મેં,

ઔર સંસાર તુમ્હારે હાથો મેં : અબ...

કાયા જીવને કહે છે

કાયા જીવને કહે છે રે, તમે સુણો મારા પ્રાણપતિ,
મુજને મેલીને ક્યાં ચાલ્યા, વગડામાં આથડતી : ટેક
૧. જીવ તમારે લીધે રે, ચાલું છું હું મદમાતી;
તમ વિના નહી મારે રે, આ દેહનો સંગાથી : કાયા...
૨. જ્યારે તમે તો જાશો રે, ત્યારે મારી તે શી ગતિ;
જ્યારે જાવું જ હતું ત્યારે, પ્રીત કરવી નહોતી : કાયા...
૩. ઘણાં લાડ લડાવ્યાં રે, ભેગી બેસીને જમતી;
હવે શીદ તરછોડો છો, આવી કેમ કરી મતિ : કાયા...
૪. કોઈ ગુરૂ મળીયા રે, અગમ અગાધ ગતિ;
કરશે બ્રહ્મ સ્વરૂપે, એ હું જાણતી નહતી : કાયા...
૫. તમારો ભેદ ન જાણ્યો રે, એવી તમારી અકળ ગતિ;
મારી કરણી ન જોશો રે, હું કર જોડી કરગરતી : કાયા...
૬. દાસ નારાણસીંગ કહે છે રે, માયા પછી રોતી રહી;
ગુરૂ ગોવિંદને ભજશે, તેની થાશે સદ્‌ગતિ : કાયા...

જીવ કાયાને કહે છે

જીવ કાયાને કહે છે રે, હું પંખી છું પરદેશી,
અમે ક્યાં સુધી રહીએ રે, નથી અહીંના રહેવાસી : ટેક
૧. તારા મોહના ફંદે રે, પડી છે અમને ફાંસી;
તારી વાસના લીધી રે, ફર્યા લક્ષ ચોર્યાસી : જીવ...
૨. ગુરૂએ સમજણ પાડી રે, જોયું સરવે તપાસી;
નીરખ્યા બ્રહ્મ સ્વરૂપને, નીજ રૂપ પ્રકાશી : જીવ...

૩. મારી કેડ જ મેલો રે, શાને કરો છો ઉદાસી;
તમને તીરથ કરાવીયાં, શ્રી ગંગાજીને કાશી : જીવ...
૪. થયા રૂપ અરૂપ રે, માયા ત્યારે દૂર ખસી;
ભળયુ તેજમાં તેજ રે, હરીમાં ગયા વસી : જીવ...
૫. દાસ નારાણસીંગ કહે છે રે, અચળ થયો અવિનાશી;
ગુરૂ ગોવિંદને ભજશે તે થાશે, અમરાપુરનો વાસી : જીવ...
એમ જીવ કાયાને કહે છે રે, હું પંખી છું પરદેશી;
અમે ક્યાં સુધી રહીએ રે, નથી અહીંના રહેવાસી : જીવ...

લેહ લગાડી..

એ...લેહ લગાડી રામને જપો, જાવું છે મરી,
જાવું છે મરી આ કાયા જાશે રે પડી :
લેહ લગાડી રામને જપો જાવું છે મરી : ટેક.
૧. ઘણે કષ્ટે આ પીંડ બંધાણો ગર્ભમાં ધરી,
માંડ કરીને મનખો પામ્યો, ચોર્યાસી ફરી : એ...લેહ...
૨. મેડી મંદિર માળીયા તારા રહેશે રે પડી,
આવી ઉત્તમ મનખા દેહી, તારી ધુળમાં ઢળી : એ...લેહ...
૩. તેડાં આવ્યાં શ્રી પ્રભુનાં કષ્ટની ઘડી,
જમ આવે તારું જોર નહી ચાલે, બાંધશે જડી : એ...લેહ...
૪. સગાં સરવે વીંટળાઇ બેઠાં, મરણની ઘડી,
કાઢો કાઢો સૌ કહે એને, રોકોમાં ઘડી : એ...લેહ...
૫. સંતની સેવા હરિની ભક્તિ, વાત છે ખરી,
હરિદાસ કહે પ્રભુને સમરો, તો જાશો તરી : એ...લેહ...

જુના ધરમ લ્યો જાણી

જુના ધરમ લ્યો જાણી મારા સંતો,
જુના ધરમ લ્યો જાણી રે હે જી. ટેક
૧. નદી કિનારે કોઇ જન ઊભો,
તૃષા નહી સમાણી હેજી,
કાં તો આળસુ અંગ એનું,
કાં તો સરિતા સૂકાણી મારા સંતો. જૂના...
૨. કલ્પતરૂ તળે કોઇ જન બેઠો,
ક્ષુધા ખૂબ પીડાણી હે જી,
નહી કલ્પતરૂ કાં બાવળીયો,
કાં ભાગ્ય રેખા ભેલાણી મારા સંતો. જૂના...
૩. સદ્ગુરૂ સેવે શિષ્ય ન સુધર્યો,
વિમળ મળી નહી વાણી હે જી,
કાં તો ગુરૂજી જ્ઞાન વિનાના,
કાં તો પાપી એ પ્રાણી મારા સંતો. જૂના...
૪. ચિંતામણી મળી પણ તોય,
ચિંતા નવ ઓલાણી હે જી,
નહી ચિંતામણી કાં એ પથ્થરો,
વસ્તુ નવ ઓળખાણી મારા સંતો. જૂના...
૫. ધન મળ્યું પણ મોજ ન માણી,
કહું કરમની કહાણી હે જી,
કાંતો ભાગ્ય બીજાનું ફળિયુ,
કાંતો ખોટી કમાણી મારા સંતો. જૂના...
૬. અમૃત મળયું પણ અમર થયો નહી,

પીવાની જાગૃતિ ન જાણી હે જી,
કાં તો ઘટમાં ગયુ નહી,
કાં તો પીવામાં આવ્યું પાણી મારા સંતો. જૂના...

૭. ભક્તિ કરતાં ભય દુ:ખ આવે,
ધીરજ નવ ધરાણી હે જી,
કાં તો સમજણ રહી છે છેટે,
કાં તો આળસુ પ્રાણી મારા સંતો. જૂના...

૮. ધરમ કરમને ભક્તિ કરે પણ,
ભેદ વિના ધૂળધાણી રે હે જી,
કહે ગણપત સમજી લ્યો સંતો,
પૂરી પ્રીત પ્રમાણી મારા સંતો. જૂના...

નામ જપન ક્યોં છોડ દીયા ?

ક્રોધ ન છોડા, ઝૂઠ ન છોડા, સત્યવચન ક્યોં છોડ દિયા ? ટેક
ઝૂઠે જંગમેં દિલ લલચાકર, અસલ વતન ક્યોં છોડ દિયા;
કોડીકો તો ખૂબ સમ્હાલા, લાલ રતન ક્યોં છોડ દીયા.
જિહિ સુમિરનતે અતિ સુખ પાવે, સો સુમિરન ક્યોં છોડ દિયા;
ખાલસ ઈક ભગવાન ભરોસે, તન,મન,ધન ક્યોં ન છોડ દીયા.

ધન ગુરૂ દાતા

ધન ગુરૂ દાતાને ધન ગુરૂ દેવા મારા
સદ્‌ગુરૂએ શબ્દ સુનાવિયા,
તો ગુરૂજીનો મહિમા એક પલપલ વખાણું રે,
પીંડ કેરા પ્રાયશ્ચિત જાયજી ; ટેક...
દેશ રે દેખાડયા ગુરૂએ, સુતી જગાડી મને,


અલખ ઘણી ઓળખાવિયા,
તો બૂડતી બેડલી મારા, ગુરૂજીએ તારીને,
મને જમડાના હાથથી છોડાવિયા : ધન...
ખાલ રે પડાવું મારા, શરીર તણી રે,
ઉપર રંગ સોનેરી ચડાવું રે,
મોજડી સિવડાવી મારા સદ્‌ગુરૂને પહેરાવું
તોય ગુણ ઓશીગણ નવ થાઉં રે : ધન...
ગૌદાન દીયો ભલે ભોમિદાન દીયોને,
આ કાયા કેરા કંચન મોલ લૂટાવું રે,
તો કાશી ખેતરમાં રે કન્યા દાન દીધાં રે,
તોય ન આવે મારા ગુરૂજીના તોલ રે : ધન...
સદ્‌ગુરૂ મળ્યા મારા ફેરા ટળ્યા ને,
અમને લક્ષ ચોર્યાસીથી છોડાવિયા,
ને વાગનાથ ચરણે બોલ્યા રૂખડીયોજી,
અમને મુક્તિના મારગ બતાવિયા : ધન...

સંતો ધોખા કાસુ કહિયે


સંતો ધોખા કાસુ કહિયે ;
ગુણમેં નિર્ગુણ નિર્ગુણમેં ગુણ હૈ, બાટ છાંડિ ક્યોં બહિયે. ટેક.
અજરા અમર કથે સબ કોઈ, અલખ કથા ના જાઈ.
જોતિ સ્વરૂપ બરણ નહિ જાકે, ઘટ ઘટ રહ્યો સમાઈ.
પિંડ બ્રહ્માંડ કથે સબ કોઈ, આદિ અરૂ અંત ન હોઈ.
પિંડ બ્રહ્માણ્ડ છાંડિ જે કથિએ, કહૈ કબીર હરિ સોઈ.

વિવિધ ભજનો પ્રકરણ સમાપ્ત..

realpatidar.com



શ્રી ઊમીયા માતાજી


realpatidar.com
સુનિયે ગુનકી બારતા, અવગુન લીજે નાહિ ।
હંસ ક્ષીરકો ગહત હૈ, નીર ત્યાગી સો જાહિ ।।
જીવનમાં હંમેશા સદ્‌ગુણની જ વાત સાંભળવી,
અવગુણની વાત કદી સાંભળવી નહિ.
જેમ હંસનો સ્વભાવ પાણી તથા દુધ ભેગા
આપો તો પણ તે દુધને જ ગ્રહણ કરે છે.